ઘડતર અને ચણતર



નાનાભાઇ ભટ્ટ

ઘડતર અને ચણતર

(એક કેળવણીકારની અનુભવકથા)

લેખક:
નાનાભાઈ ભટ્ટ



સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ.
લોકભારતી, સણોસરા.

ઘડતર અને ચણતર

(એક કેળવણીકારની અનુભવકથા)

: લેખક :

નાનાભાઈ ભટ્ટ

: પ્રસ્તાવના :

પંડિત સુખલાલજી



પ્રકાશક

સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ

લોકભારતી, સણોસરા.

મુખ્ય વિક્રેતા

બાલગોવિંદ કુબેરદાસની કું.

ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

પ્રકાશક

મનુભાઈ પંચોળી
સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ
લોકભારતી, સણોસરા.

પ્રથમ આવૃત્તિ, નવેમ્બર '૫૪. નકલ ૨૨૫૦
કિંમત ૩-૪-૦

મુદ્રક :
જયંતી દલાલ
વસંત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ



ખરો કેળવણીકાર

મહાભારતમાં અને બુદ્ધના ઉપદેશમાં સાચા બ્રાહ્મણત્વને લગતી બોધપ્રદ ચર્ચા છે. એમાં કુળ, રૂપ, શ્રુત, શીલ અને પ્રજ્ઞા એ પાંચ લક્ષણોને સાચા બ્રાહ્મણનાં લક્ષણ તરીકે વર્ણવ્યાં છે ખરાં, પણ તેમાં શ્રુત, શીલ અને પ્રજ્ઞાનું સ્થાન મુખ્ય છે; પ્રથમનાં બે લક્ષણ ન હોય તો ય પાછળનાં લક્ષણો સાચા બ્રાહ્મણને ઓળખવા પૂરતાં છે. શ્રુત, શીલ અને પ્રજ્ઞામાં પણ શીલ અને પ્રજ્ઞાનું સ્થાન મુખ્ય છે. પ્રાચીન કાળમાં સાચા બ્રાહ્મણને ઓળખવા માટે જે કસોટી ઋષિઓએ નક્કી કરેલી તે જ કસોટી વર્તમાન યુગમાં ખરા કેળવણીકારને ઓળખવા માટે કામની છે. બીજી રીતે કહીએ તો એમ કહી શકાય કે સાચો બ્રાહ્મણ અને ખરો કેળવણીકાર એ બે પદો યુગભેદનાં સૂચકમાત્ર છે; બન્નેનું તાત્પર્ય કે હાર્દ તો એક જ છે.

કેળવણીનું ક્ષેત્ર વિશાળ છે. એની વિવિધતા પણ નાનીસૂની નથી. તેથી એ ક્ષેત્રમાં કામ કરનાર કે એને વરેલા એવા કેળવણીકારો પણ અનેક અને અનેકવિધ હોવાના જ. યુગભેદે પણ એનું બાહ્ય સ્વરૂપ કાંઈક ને કાંઈક જુદું પડવાનું. એટલે કેળવણીકારોમાં પણ તારતમ્ય હોય જ. તળાવ, ટાંકું અને કુદરતી ફૂટતું ઝરણું એ ત્રણે પાણીનાં સ્થાન ખરાં; પણ તેમાં અંતર છે. તળાવમાં પાણીનો જથ્થો વધારે હોય તે ખરું, પણ તેનો આધાર બહારની આવક ઉપર છે. ટાંકામાં જળસંગ્રહ હોય તે પણ બહારના ભરણા ઉપર અવલંબિત છે; જ્યારે કુદરતી રીતે ફૂટતા અને વહેતા ઝરણાની વાત સાવ જુદી છે. એ ઝરણું નાનુંમોટું કે વેગીલું અગર મંદ હોઈ શકે, પણ તેની ધારા અવિચ્છિન્ન વહેવાની

અને તેમાં નવુંનવું પાણી આવ્યે જ જવાનું. માત્ર બહારની આવક ઉપર એનો આધાર નથી. એનો આધાર પેટાળની શક્તિ ઉપર છે. એવા જ અખંડ ઝરણાને શાસ્ત્રોમાં શિરોદક તરીકે ઓળખાવેલ છે; ચાલુ ભાષામાં જેને આપણે સેર, સરવાણી કે નવાણ કહીએ છીએ. કેળવણી-કારોના પણ કાંઈક આવા પ્રકારો છે. કેટલાક કેળવણીકારો સરોવર જેવા હોય; વળી કોઈ કોઈ ટાંકા જેવા પણ હોય; પરંતુ એમનો જ્ઞાન-સંગ્રહ અને કેળવણીગત વિચારો મોટે ભાગે વાચનની વિશાળતા અને બહિર્લક્ષી અનુકરણને આભારી હોય છે. તેથી જ એવા કેળવણીકારો વાચન, વિચાર અને કલ્પનાથી સમૃદ્ધ હોય તો ય આગવી અંદરની જોઈતી સૂઝને અભાવે કાં તો ચાલેલ ચીલે ચાલે છે, અને બહુ તો બીજાનું જોઈજોઈ કેટલોક ઉપરનો ફેરફાર કરે છે. એવા કેળવણીકારોમાં ધરમૂળથી ફેરફાર કરવાની સૂઝ ભાગ્યે જ હોય છે, અને કાંઈક હોય તો ય તેઓ એક કે બીજે કારણે કેળવણીના ખોખામાં, એની પદ્ધતિમાં અને એના સ્વરૂપમાં મૌલિક ફેરફાર કરવાની હિંમત ભાગ્યે જ દાખવી શકે છે. તેથી જ આપણે જોઈએ છીએ કે મોટા મનાતા કેટલા ય કેળવણીકારો ચાલુ પદ્ધતિની ટીકા પોતે જ કરતા હોય છે; અને કેળવણી-ખાતાના કેટલા ય અગ્રણીઓ ચાલુ પદ્ધતિની ત્રુટિઓ વર્ણવે છે, છતાં તેમાંનો કોઈ નવો માર્ગ શોધતો કે સ્થાપતો નથી; અને એ જ આડંબરી, ખર્ચાળ, તોતિંગ તંત્રોની ગુલામી ચાલુ રહે છે. સાચા કેળવણીકારનું કાઠું જુદું જ હોય છે. તેને જ્યારે અને જે ક્ષણે પોતાના તંત્રમાં ખામી અને એબ દેખાય ત્યારે અને તે જ ક્ષણે એ અકળાઈ ઊઠે છે, અને તેમાંથી કોઈક ને કોઈક નવો માર્ગ શોધ્યા વિના એ જંપતો જ નથી. એવો કેળવણીકાર કોઈ એક જ ચીલાનો કે એક જ પ્રકારના અનુ-કરણનો અવિચારી દાસ રહી શકતો નથી. તેની સ્વાભાવિક પ્રજ્ઞા અને સહજ સૂઝ એને વધારે અને વધારે લોકહિતાવહ કેળવણીની દિશા શોધવા, એના અખતરા કરવા અને એમાં આવી પડતાં બધાં જ જોખમો સામે ટટાર ઊભવાની પ્રેરણા આપ્યા જ કરે છે. આવો જે કોઈ કેળવણીકાર

હોય તેને સાચા કેળવણીકાર તરીકે ઓળખીએ એ આવશ્યક છે. અને એ જે નવા ચીલાઓ પાડે તે લાંબા વખત લગી બહુ ઉપયોગી પણ રહે છે.

આ સ્થળે વયોવૃદ્ધ અને વિદ્યાવૃદ્ધ પ્રા૦ બ. ક. ઠા. ના 'પંચોતેરમે' નામના વ્યાખ્યાનસંગ્રહમાંથી થોડીક અતિ મહત્ત્વની પંક્તિઓ ઉતારું છું, જે મારા વક્તવ્યનું સ્પષ્ટ ભાષ્ય બની રહે છે. "પેઢી ઉપર પેઢી, ન જાને કેટકેટલી, જૂની ધરેડોને વળગી રહેવામાં શ્રેયસ્સર્વસ્વ માને-મનાવે છે, જન્મે છે, નવી પેઢીને ઉછેરે છે, નથી ઉછેરતી ને પોતે મરી જાય છે, જન્મે છે ને મરે છે. પરંતુ એમાં કોઈકોઈ બુદ્ધિપ્રધાન જીવ પોતાની બંડખોર વિચારણામાં શ્રદ્ધાએ કૂદી પરંપરાપૂત ધરેડમાંથી નીકળી જાય છે, અવર્ણનીય દુઃખો અને કષ્ટો વેઠતો વેઠતો પણ નવી કેડી પાડે છે; અને તેની પાછળ આવતા જનોને પગલે પગલે એવી નવી કેડીની પણ પરંપરા બંધાય છે, અને મોટી ધરેડ બની રહે છે. બુદ્ધિપ્રધાન બંડખોરો આવી અવનવી ધરેડો ઉપજાવતા જાય છે, તેનું નામ જ માનવી કારવાનનો પ્રગતિપંથ."

જો ઉપરની વિચારસરણીમાં તથ્યાંશ હોય તો ખરા કેળવણીકારની કોટિમાં કોને કોને મૂકવા, વળી એ ગણતરીમાં નાનાભાઈનું કાંઈ સ્થાન ખરું કે નહીં, તેનો નિર્ણય કેળવણીકારો અને સ્વતંત્ર વિચારકો પોતે જ કરે.

'ઘડતર અને ચણતર'ના મથાળાથી ક્રમે ક્રમે પ્રસિદ્ધ થતી લેખમાળા જોકે તે જ વખતે મેં રસપૂર્વક સાંભળેલી; પણ આ વખતના જ તેના સળંગ શ્રવણે અને તે ઉપર વિચાર કરવાની મળેલી તકે મને અનેક રીતે ઊંડાણથી વિચાર કરતો કરી મૂક્યો. પણ અહીં તો હું બને તેટલું ટૂંકવીને જ સૂચના પૂરતું લખવા ધારું છું. 'ઘડતર અને ચણતર'નું લખાણ એ અનુભવસિદ્ધ સાચી વાણી છે. તે લેખકમાં આવિર્ભાવ પામેલ શ્રુત, શીલ અને પ્રજ્ઞાના વિકાસનું સળંગ અને સુરેખ ચિત્ર રજૂ કરે છે. એમાં આનુવંશિક સંસ્કારે કેટલો ભાગ ભજવ્યો છે,

કેટલો સ્વપ્રયત્ને, કેટલો સત્સહવાસે અને કેટલો ધાર્મિકતાએ, એ બધું જોવા મળે છે. જો આ લખાણમાં નાનાભાઈએ પિતૃવંશ અને માતૃવંશનું આવશ્યક રેખાદર્શન કરાવ્યું ન હોત; જો જ્ઞાતિજનો, ગોઠિયાઓ અને પ્રથમ પત્ની શિવબાઈ વિષે લખ્યું છે તેટલું ઓછામાં ઓછું પણ ન લખ્યું હોત તો વાચક નાનાભાઈના 'ઘડતર અને ચણતર'ની પાયાની અને મહત્ત્વની વાતો જ જાણી ન શકત. એટલું જ નહીં પણ જીવનવિકાસમાં આનુવંશિક સંસ્કાર કેવી રીતે અજ્ઞાતપણે ઊતરી આવે છે તેની ઝાંખી થઈ ન શકત.

એ કુળ અને કુટુંબકથામાં ધ્યાન ખેંચે એવાં કેટલાંક પાત્રો આ રહ્યાં: ભાવનગર મહારાજે વગરમાગ્યે ખેતરપાદરનું દાનપત્ર કરી આપ્યું ત્યારે તેનો અસ્વીકાર કરતાં "તમારે મારાં છોકરાંને બ્રાહ્મણ રહેવા દેવાં નથી ના? મારે ખેતર શાં ને પાદર શાં? તમે મને વટલાવવા માગો છો?" આવા ઉદ્‌ગારો કાઢનાર ત્રિકમબાપા; ગગા ઓઝાએ દક્ષિણામાં રેશમી કોરનું આપેલ ધોતિયું એ જ વેપારીને ત્યાં પાછું વેચી પચીસ રૂપિયા લાવનાર પણ તરત જ ધોતિયું વેચી પૈસા ઉપજાવવાના લોભની ઝાંખી થવાથી તરતમાં પોતાનું મૃત્યુ કળનાર છોટાભટ્ટ; ખોઈમાં બાળકને લઈ ઘાસ કાપવા જતી માતા આદિ; મિત્રોકુમિત્રો તરફના બહિર્મુખપણાથી આર્યનારીને શોભે એવા કાન્તાસંમિત ઉપદેશથી પતિને ગૃહાભિમુખ કરતાર પ્રથમ પત્ની શિવબાઈ; અને પછેગામનું પેડલીવાળું પ્રશ્નોરામંડળ ઇત્યાદિ.

અગ્નિઉપાસના નિમિત્તે મળતાં સાલિયાણાં માટે થતી કુટુંબની તાણાતાણી અને સાલિયાણું બંધ પડતાં ઉપાસના પણ બંધ. એ પ્રસંગને ઉદ્દેશી નાનાભાઈએ જે ઉદ્‌ગારો કાઢેલા, તેમ જ કેટલાક ચમત્કાર પ્રસંગે તેમાં ઢોંગ જણાતાં તેની સામે થવાની જે મક્કમતા દાખવેલી, એ બધું તેમની ભાત ઉપર ભારે પ્રકાશ નાખે છે (વાંચો પ્રકરણ બીજું). એ બધું જેટલું રોચક છે, તેથી ય વધારે બોધપ્રદ છે.

નાનાભાઈનાં મહાભારતનાં તેમ જ રામાયણનાં પાત્રો નાના-મોટા

વાચકવર્ગમાં આદર પામ્યાં છે તે જાણીતું છે. તેમનું લોકભાગવત અને લોકભારત પણ: તેટલાં જ લોકાદર પામ્યાં છે. આ ફાલનાં બીજો તેમના પડગામની પેડલીના સહવાસમાંથી વવાયાં છે, અને અંજારિયા માસ્તરે લગાડેલ સંસ્કૃતના શોખથી તેમ જ તેના વિશિષ્ટ અધ્યયનથી તે પાંગર્યાં છે. વામમાર્ગી અને ભવ્ય એવા અચ્યુતસ્વામીના સમાધિ – મરણના દર્શનને લીધે નાની ઉંમરમાં જે ધર્મવલણ બંધાયું તેણે નાનાભાઈના આખા જીવનમાં સક્રિય કામ કર્યું લાગે છે. નાનાભાઈમાં શ્રુતયોગ શરૂ તો થયો છે છેક બાલ્યકાળથી. પણ હાઈસ્કૂલના ઉપરના વર્ગોમાં તેની કળા ખીલતી દેખાય છે; તે કરતાં પણ તેનો વધારે પ્રકર્ષ તો કૉલેજ-કાળ દરમિયાન સધાય છે. આર્થિક સંકડામણ, કૌટુમ્બિક જવાબદારી-ઓ અને મુંબઈની મોહકતા: એ બધા વચ્ચે જે સાદગી, જે જાતમહેનત અને જે કાળજીથી એમણે અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યની સાધના કરી છે અને તંગીમાં પણ જે ઉચ્ચ કક્ષાનાં સુરુચિ અને બોધવર્ધક નાટકો જોવામાં રસ કેળવ્યો છે, તે એનો પુરાવો છે. આ તો અભ્યાસકાળના શ્રુતયોગની વાત થઈ. પણ તેમણે કાર્યકાળ અને અધ્યાપનકાળમાં જે અનેક રીતે શ્રુતયોગની સાધના કરી છે તે તેમનાં લખાણોમાં, બોલચાલમાં અને પ્રત્યેક વ્યવહારમાં બારીકીથી જોનારને તરત જણાઈ આવે તેમ છે.

નાનાભાઈનું કાઠું જ શીલથી સહજ રીતે ઘડાયું હોય તેમ લાગે છે. છેક નાની ઉંમરમાં કરેલ ઘડિયાળની ચોરીને વગરસંકોચે કબૂલવી અને કડવું વેણ ન કહેતાં કટોકટી પ્રસંગે જાતે ખમી ખાવું એ શીલધર્મનો પાયો છે. આર્થિક તંગી વખતે અને કુટુંબીજનોના દબાણ વચ્ચે પણ જ્યારે સાચાં પ્રલોભનોને જતાં કરવાનો વારો આવે છે ત્યારે નાનાભાઈ ત્રિકમબાપાના અસંગ્રહવ્રતને જાણે નવું રૂપ ન આપતા હોય તેમ વર્તે છે. કર્તવ્ય પ્રત્યેની મક્કમતા અને અંતર્ નિરીક્ષણની પ્રધાનતા એ 'ઘડતર અને ચણતર'ના પદેપદે નજરે પડે છે. પોતાના અતિશ્રદ્ધેય ગુરુવર્ય શ્રીમન્ નથુરામશર્માને તેમની

ઇચ્છા મુજબ મુખ્ય આસન ન દેવાનો પોતાનો સમયોચિત નિર્ધાર જ્યારે ભક્તહૃદય નાનાભાઈએ નભાવ્યો હશે ત્યારે તેમના ચિત્તમાં મક્કમતાનો પારો કેટલો ચડ્યો હશે તે આજે આપણે કેવી રીતે કલ્પી શકીએ? ફરી લગ્ન કરવાના કૌટુમ્બિક આગ્રહને વશ થયા પછી જ્યારે નાનાભાઈ પોતાનું આત્મનિરીક્ષણ ખુલ્લા મનથી કરે છે ત્યારે એમ લાગે છે કે તેમને છુપાવવાનું કશું નથી. અને એ એમનું આત્મનિરીક્ષણ આજે બીજાના આગ્રહને કારણે જ લગ્ન કર્યાની વાત કરનાર અને બડાશ હાંકનાર કેટલાયના આંતરૂમનનું પ્રતિબિંબ પાડતું હોય તેમ લાગે છે.

નાનાભાઈના પૂર્ણ શ્રુતયોગ અને શીલનો પૂરો આવિર્ભાવ દક્ષિણામૂર્તિની સ્થાપનાના સમયથી સ્પષ્ટપણે દેખા દે છે. "વિદ્યાર્થીને તાલીમ આપવી હોય તે કરતાં પોતાના જીવનને તાલીમ આપવા સંસ્થા કાઢી છે એવી પ્રતીતિ મને આજે પણ છે." તેમનું આ કથન તેમના આખા જીવનની ચાવીરૂપ છે, એમ તેમને ઓળખનાર કોઈ પણ કહી શકશે. તેમણે એવા મતલબનું પણ કહ્યું છે કે કુટુંબકંકાસ અને બીજી અથડામણીઓએ મને અહિંસાની ભૂમિકા પૂરી પાડી છે. આ વસ્તુ તેમનું જીવન સમજવા માટે અગત્યની છે. નાનાભાઈની પ્રજ્ઞાનો કહો, કે પ્રાચીન સાંખ્યભાષા વાપરીને કહીએ તો વિવેકખ્યાતિનો કહો, ઉત્કર્ષ પોતાના પરમ શ્રદ્ધેય ગુરુવર્યની બાહ્ય-આંતર ચારિત્રની સ્પષ્ટ પણ વિનમ્ર સમાલોચના કરતી વખતે દેખાય છે. શ્રદ્ધા અને શ્રદ્ધામૂલક ધર્મસંસ્કાર એ જીવનમાં એક મોટી ગ્રંથિ છે, જેને બુદ્ધ દૃષ્ટિ કહે છે. નવું સત્ય સૂઝતાં નિર્ભયપણે અને નિખાલસ મને એ ગ્રંથિનો ભેદ કરવો કે તેમાં સંશોધન કરી સમ્યક્ દૃષ્ટિને વરવું એમાં જ સાચી આધ્યાત્મિકતાનો પાયો છે. નાનાભાઈમાં એનું બીજ તો હતું જ; પણ જ્યારે ગાંધીજીનો સંપર્ક થતાંવેંત દૃષ્ટિનો સ્પષ્ટ ઉન્મેષ થયો ત્યારે લાંબા કાળના અનેક મિત્રો સાથે સેવેલાં સ્વપ્નો અને તે ઉપર રચાયેલી ક્રિયાકાંડી પરંપરાઓ તેમણે સાપ કાંચળી છોડે તેમ છોડી

દીધી અને વિવેકપૂત નવી જીવનધર્મની પરંપરાઓ દક્ષિણામૂર્તિમાં શરૂ કરી. અસ્પૃશ્યતાનું અનાદિ ભૂત કે તે વિશેની સવર્ણપોષિત અનાદિ અવિદ્યા એને જીવનના પ્રત્યેક ખૂણામાંથી ફેંકી દેવા સાથે માત્ર નાનાભાઈનું જ નહીં પણ સાથે સાથે તેમના પરિવાર અને દક્ષિણામૂર્તિ સંસ્થા એ બધાંનું નવસંસ્કરણ શરૂ થાય છે; અને સાથે જ અગ્નિ-પરીક્ષા પણ. પરંતુ પોતાના કુટુંબમાં પરાપૂર્વથી ચાલતી અગ્નિદેવની બંધ પડેલી ઉપાસના નાનાભાઈએ દક્ષિણામૂર્તિના રૂપમાં શરૂ કરેલ અગ્નિહોત્ર સ્વીકારી તેમાં સાચા બ્રાહ્મણત્વ સાથે સંગત હોય એવી સત્યાગ્નિની ઉપાસના રૂપે મક્કમપણે શરૂ કરી છે, જે ઉત્તરોત્તર વિકસતી આવી છે.

અનેક મુરબ્બીઓ, સહકાર્યકર્તાઓ સાથે પ્રબળ મતભેદ થયા પણ તેમણે કોઈ સ્થળે સત્યને આંચ આવવા દીધી હોય કે સામાને અન્યાય કર્યો હોય એમ 'ઘડતર ચણતર' વાંચતાં લાગતું નથી. જ્યાં પણ ખમવા કે સહવા વારો આવ્યો ત્યાં તેઓ જાતે જ ખમી ખાય છે, નવો માર્ગ શોધી કાઢે છે અને બીજા બધાને માર્ગ મોકળો કરી આપે છે. આ વિવેકખ્યાતિનો તેમણે સાધેલો નવો વિકાસ. પ્રત્યેક વિચાર કે પ્રત્યેક પ્રવૃત્તિમાં જે જાગતું મન દેખાય છે તે જ તેમનો અપ્રમત્ત યોગ છે. આની પ્રતીતિ 'ઘડતર અને ચણતર'માં સર્વત્ર મળી રહે છે.

ગૂજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયેલ રાષ્ટ્રિય શિક્ષણસંસ્થાઓમાં (હું જાણું છું ત્યાં લગી) મોખરાનું સ્થાન દક્ષિણામૂર્તિનું હતું. એની પ્રતિષ્ઠા, એના વિદ્યાર્થીઓની છાપ વિદ્યાપીઠમાં પણ જુદી જ અનુભવાતી. ભાવનગર દક્ષિણામૂર્તિનો વિસ્તાર અને પ્રભાવ માત્ર ગુજરાતમાં જ મર્યાદિત ન હતો; એના વિદ્યાર્થીઓ દૂરદૂર લગી પ્રસરેલા, અને તેમાં શીખવા આવવાનો લોભ પંજાબ તેમ જ રાજસ્થાનના કેટલાક સ્વતંત્ર શિક્ષણવાંછુઓમાં તે કાળે મેં જોયેલો. આવી મોભાવાળી અને સાધનસંપન્ન તેમ જ રાજ્ય સુધ્ધાંમાં આદર પામેલી અને સ્વહસ્તે સ્થાપેલી તથા સ્વપરિશ્રમે ઉછેરેલી સંસ્થાને છોડવાનો વિચાર નાનાભાઈને

સાધારણ સંજોગોમાં આવી ન જ શકે. જે શિક્ષકો અને સહકારીઓ સાથે એમને કામ કરવાનું હતું તેમના પ્રત્યે નાનાભાઈના દિલમાં કોઈ પણ અંગત સ્વાર્થ કે અસૂયાને સ્થાન હોવાનો તો સંભવ જ ન હતો. આમ છતાં તેમણે એ ભાવનગરી દક્ષિણામૂર્તિને છોડ્યું એ તો હકીકત છે. આ હકીકતનો જે ખુલાસો તે જ નાનાભાઈના આત્માનું ઝળહળતું તેજ મને જણાય છે. એમણે એક વાર પોતાના અતિપ્રિય આનંદાશ્રમની છાયા જેટલી સરળતાથી છોડી તેટલી જ સરળતાથી પોતાને હાથે વાવેલ અને ઉગાડેલ દક્ષિણામૂર્તિના ભાવનગર-સ્થિત વડલાને છોડ્યો; અને તે પણ તે સંસ્થામાંથી કશું જ લીધા સિવાય. આ કાંઈ જેવોતેવો ફેરફાર ન ગણાય. એ ફેરફારના મુખ્ય કારણ લેખે મને તેમનામાં રહેલી નૈતિક શુદ્ધિ, ચારિત્રનિષ્ઠા અને સ્વીકારેલ ધોરણને અંદર તથા બહારથી શુદ્ધિપૂર્વક વળગી રહેવાની ચીવટાઈ, એ લાગે છે. જ્યારે એમણે જોયું હશે કે દક્ષિણામૂર્તિની પેઢી તો જાહોજલાલી ભોગવે છે પણ અંદર અમુક શિથિલતા કે સડો દાખલ થયાં છે, ત્યારે જ તેમનો આત્મા કકળી ઊઠ્યો હશે. ખરી આધ્યાત્મિકતા આવે વખતે જ દેખા દે છે. તેમણે ભાવનગર દક્ષિણામૂર્તિનું કલેવર છોડ્યું પણ તેનો આત્મા તો તેમની પોતાની સાથે જ હતો. ગાંધીજી અમદાવાદથી વર્ધા જઈ બેઠા તો સત્યાગ્રહનો આત્મા પણ સાથે જ ગયો. ગાંધીજીએ નઈ તાલીમની નવદૃષ્ટિ કેળવણીકારો સમક્ષ રજૂ કરી. ઘણાને શ્રદ્ધાથી, ઘણાને પ્રભાવથી અને ઘણાને અધૂરીપધૂરી સમજણથી ગાંધીજીની એ દૃષ્ટિ પ્રત્યે આકર્ષણ જન્મ્યું. પણ સ્પષ્ટ અને મક્કમ સમજણપૂર્વક ગાંધીજીની એ દૃષ્ટિને સંવેદનમાં ઝીલનાર બહુ વિરલ હતા. નાનાભાઈ તેમાંના એક; અને કદાચ મોવડી. વળી નાનાભાઈની પાસે દક્ષિણામૂર્તિની સાધનાનું આંતરિક ભંડોળ કાંઈ જેવુંતેવું ન હતું. તેની સાથે-સાથે આ નઈ તાલીમની દૃષ્ટિ ઉમેરાઈ, એટલે તેમણે દક્ષિણામૂર્તિના આત્માની સાથે ગામડા ભણી પ્રયાણ કર્યું; અને ત્યાં જ દક્ષિણામૂર્તિની પૂજા શરૂ થઈ. આંબલા ગ્રામદક્ષિણામૂર્તિનો ૧૨–૧૪ વર્ષનો વિકાસ

અને વિસ્તાર જોતાં તેમ જ તેમને મળેલ કાર્યકર્તાઓનો સાથ અને સરકારી બિનસરકારી કેળવણીકારોનું આકર્ષણ જોતાં એમ કહી શકાય કે નઈ તાલીમની દૃષ્ટિએ અત્યારે જ્યાં જ્યાં ખરું કામ થઈ રહ્યું છે તેમાં ગ્રામદક્ષિણામૂર્તિનું સ્થાન અગત્યનું છે. ભાવનગર અને આંબલા એ બન્નેમાં સ્થાનભેદ ખરો. પણ કેળવણી અને શિક્ષણનો આત્મા તો એક જ. ઊલટું ભાવનગર કરતાં આંબલામાં એ આત્માએ નઈ તાલીમના સંસ્કારનો પુટ મળવાથી લોકકલ્યાણની દૃષ્ટિએ બહુ વિકાસ સાધ્યો છે, એમ મને ચોખ્ખું લાગે છે. આંબલાના ૧૨–૧૪ વર્ષના એ અનુભવ-પરિપાકના બળે નાનાભાઈને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ શરૂ કરવાનું સ્વપ્ન આવ્યું અને તે મૂર્ત પણ થયું. આવું સ્વપ્ન મૂર્ત ત્યારે જ થાય કે જો ધારેલ ગણ્યાગાંઠ્યા પણ સુયોગ્ય સાથીઓ મળે. નાનાભાઈને એવા શિષ્યો અને સાથીઓ મળ્યા. આની ચાવી શેમાં છે તે પણ આ સ્થળે જાણી લેવું ઘટે.

કોઈ પણ માણસ માત્ર પુસ્તકો લખી કે ભાષણો આપી સમર્થ કાર્યક્ષમ માણસોની પરંપરા પેદા નથી કરી શકતો. ગાંધીજીએ આશ્રમો ઊભા કરી કુનેહપૂર્વક ચલાવ્યા ન હોત તો આજે તેમની તપસ્યાને ઝીલનાર જીવતો છે તેવો વર્ગ પણ હયાતીમાં ન હોત. નાનાભાઈને પણ એ ચાવી પ્રથમથી જ લાધેલી. એમણે દક્ષિણામૂર્તિ સાથે જ છાત્રાલય શરૂ કર્યું અને આશ્રમજીવનનો પાયો નાખ્યો. એ જ જીવનમાંથી તેમને કેટલાક સાથીઓ મળી ગયા; અને તે આંબલાની યાત્રાથી સણોસરાની યાત્રા લગી કાયમ છે. આ રીતે નાનાભાઈએ થોડાક પણ સુયોગ્ય ચેતન-ગ્રંથો નિર્માણ કર્યાં, જે આશ્રમજીવનને આભારી છે.

કોઈ પણ સંસ્થાએ પ્રાણવાન રહેવું હોય તો સંસ્થાના સ્થાપક અને મુખ્ય જવાબદારે તે સંસ્થાને તેજ અર્પતા રહે, વિકસાવતા રહે, એવા શિષ્યો નિપજાવવા જ જોઈએ. હું સમજું છું કે નાનાભાઈએ એવી નાની પણ દીપમાળા પ્રકટાવી છે.

નાનાભાઈ નામમાં નાના છે; આત્મા જુદો જ છે. તેથી જ દક્ષિણા-

મૂર્તિના મુદ્રાલેખમાંનું આ પાદ તેમને લાગુ પાડવામાં યથાર્થતા જોઉં છું: 'वृद्धा: शिष्या गुरुर्युवा।' નાનાભાઈ સિત્તેર વટાવ્યા પછી પણ યૌવન ન અનુભવતા હોત તો કદી તેઓ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સ્થાપવા અને ચલાવવાનો વિચાર જ કરી ન શકત.

આ દેશમાં અનેક મઠો અને આશ્રમો શતાબ્દિઓ થયાં પેઢી દરપેઢી ચાલ્યા આવે છે. જ્યારે પ્રજાને કેળવણીથી પોષવા ઊભી થયેલી સંસ્થાઓ થોડા જ વખતમાં કાં તો વેરવિખેર થઈ જાય છે અને કાં તો નિષ્પ્રાણ બની રહે છે. એનું શું કારણ? એ પણ વિચારવું ઘટે. મને એમ લાગે છે કે શિક્ષણ અને કેળવણીની સંસ્થાઓને જન્મ આપનાર તેમ જ તેને પોષનાર પોતાની પાછળ સુયોગ્ય શિષ્યપરંપરા ઊભી નથી કરી શકતો; અને આવી સંસ્થાના સાતત્ય તેમ જ વિકાસ માટે અનિવાર્ય રીતે જરૂરી એવી ચારિત્રશુદ્ધિની નિષ્ઠા કેળવી નથી શકતો; તેમ જ નવાં નવાં આવશ્યક બળોને ઝીલવા જેવી આવશ્યક પ્રજ્ઞાનાં બીજો ઉગાડી નથી શકતો. જો આ વિચાર સાચો હોય તો કેળવણીકારોએ સંસ્થા સ્થાપવા અને ચલાવવા સાથે આ મુદ્દા તરફ પણ ધ્યાન આપવું ઘટે.

નવાં બળોને વિવેકપૂર્વક ઝીલવા સાથે નાનાભાઈએ કેટલીક સુંદરતર પ્રાચીન પ્રથા પણ સાચવી રાખેલ મેં અનુભવી છે; એનું એક ઉદાહરણ આતિથ્યધર્મ. પચીસથી વધારે વર્ષ થયાં હશે. ભાવનગરમાં છાત્રાલય સંમેલન હતું; તેની બધી વ્યવસ્થા, જે છાત્ર-સંચાલિત હતી તે તો સુંદર હતી જ; પણ અમે કેટલા ય મિત્રો રવાના થયા ત્યારે નાનાભાઈ દરેક માટે ટ્રેન ઉપર ભાતું લઈ વળાવવા આવ્યા. એમ તો મેં મારા કુટુંબ, ગામ અને સગાંઓમાં ભાતાની પ્રથા જોયેલી; પણ જ્યારે એક સંસ્થાના સંચાલક અને તેમાં ય મોવડી ભાતું લઈ મહેમાનને વિદાય કરવા આવે ત્યારે નવાઈ જરૂર લાગે. અમે બધાએ કહ્યું: "અહીં આતિથ્ય ઓછું થયું છે કે વધારામાં ભાતું?" નાનાભાઈ કહે: "ના, રસ્તામાં ખાવું હોય તો ઘરની વસ્તુ શાને ન વાપરીએ? અને આ પ્રથા મને સારી પણ લાગે છે." ઇત્યાદિ. હું તો આ સાંભળી વિચારમાં પડી ગયો.

બીજો પ્રસંગ. ગુજરાત વિદ્યાપીઠમાં સંમેલન હતું. કુળનાયકપદે નાનાભાઈ અને કુળપતિપદે બાપુજી. સંમેલન વખતે રસોડે જમનાર માટે કુપનો કાઢેલાં; જમવું હોય તે કુપન ખરીદી લે. ઘણા મહેમાનો બહારગામના, અને કેટલાક દૂર શહેરમાંથી આવેલા તે પણ કુપન ખરીદે. ભરીસભામાં નાનાભાઈએ ધ્રૂજતે કંઠે કહ્યાનું આજે પણ મને સ્મરણ છે. એમણે કહ્યું: "હું આ કુપનપ્રથાથી ધ્રૂજી જાઉં છું." એમનો ગુજરાતી અગર સૌરાષ્ટ્રી આતિથ્યપ્રિય આત્મા કાંઈ જુદું જ વિચારે.

વ્યક્તિગત, સંસ્થાગત કે સમાજગત અન્યાય સામે ઊકળી ઊઠી તેનો વિરોધ કરવાની તેમની મક્કમતા જેવી તેવી નથી. થોડાક દાખલા આપું. ગયા ડિસેમ્બરમાં હું સણોસરા આવેલો. ગામ વચ્ચે અમે ઊભા હતા ત્યાં એક જણ નાનાભાઈ પાસે કાંઈક દાદ મેળવવા કે લાગવગ લગાડાવવા આવ્યો. તેણે સાંઢીડા મહાદેવની જગ્યા ત્યાંથી ન ફેરવાય અને નવું બંધાતું તળાવ તે જગ્યાને આવરી ન લે એવી લોકોની અને ગ્રામજનોની વતી માગણી કરી; જોકે સરકારે તો મહાદેવનું નવું મંદિર અને એની પ્રતિષ્ઠા એ બધું કરાવી દેવાનું નક્કી કરેલું. પેલી વ્યક્તિની વાત સાંભળી નાનાભાઈ તાડૂક્યા: "હું લોકોના હિતની દૃષ્ટિએ મને જે યોગ્ય લાગશે તે કહીશ. તમારા મહાદેવને તમે જાણો. મારે એ સાથે અને તમારી સાથે કશી લેવાદેવા નથી."—ઇત્યાદિ. નાનાભાઈ જેવા ધાર્મિક માણસ એમ કહે કે તમારા મહાદેવને તમે જાણો, તો મારા જેવાને નવાઈ તો થાય જ. પણ મેં જ્યારે સત્ય બીના જાણી ત્યારે નાનાભાઈના પુણ્યપ્રકોપ પ્રત્યે આદર જન્મ્યો. વાત એ હતી કે જે માણસ દાદ મેળવવા આવેલ તે પોતે જ મંદિરનો મહંત હતો, મહાદેવને નામે પોતાનો મૂળ અડ્ડો જમાવી રાખવાની વૃત્તિવાળો. એને લોક કે ગ્રામહિતની પડી જ નથી; માત્ર લોકોને નામે ચલાવ્યે રાખવું એટલું જ. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ હતું ત્યારનો બીજો એક પ્રસંગ પણ યાદ આવે છે. એક તરુણ શિક્ષકને નૈતિક અને ચારિત્રીય નબળાઈને કારણે છૂટો કર્યો; પણ કેટલાક શિક્ષકોએ તેના વિદાયમાનમાં મેળાવડો

કરવાનું વિચાર્યું. નાનાભાઈને જાણ થઈ; તેમણે તરત જ સહકાર્યકર્તાઓને જણાવી દીધું કે આવો કોઈ મેળાવડો સંસ્થા તરફથી યોજાય એ અણઘટતું છે. જો એવું થશે તો હું રાજીનામું આપીશ. એમની આ મક્કમતાથી શિક્ષકોનું વલણ બદલાયું અને તેમને કાંઈક સાન આવી. તેથી ય વધારે આશ્ચર્ય અને સમ્માન ઉપજાવે એવી મક્કમતાનો દાખલો હમણાં જ છેલ્લા 'સંસ્કૃતિ' અંકમાં પ્રસિદ્ધ થયો છે, તે આ રહ્યો: નાનાભાઈ તે કાળે એક નાનકડા મહેતાજી; અને કદાચ ત્રીશે પણ પહોંચેલા નહીં. કોઈ લાગવગ નહીં, સંપત્તિ નહીં કે બીજો કોઈ મોભો નહીં. આ દશામાં પણ તેમણે મહારાજા ભાવસિંહજીના અન્યાયી પગલા સામે મક્કમ પગલું ભર્યું. જે કાળે રાજાઓ આપખુદ તે કાળે તેવા જ એક રાજવીના રાજ્યમાં વસનાર સાધારણ દરજ્જાનો મહેતાજી રાજ્યના શિરછત્ર જેવા રાજાને ચોખ્ખેચોખ્ખું એમ સંભળાવે કે તમે જે રીતે મારી પાળેલી ત્રણપગી કૂતરી મેળવવા જોહુકમી કરો છો તેને હું વશ થનાર નથી, ત્યારે સમજાય છે કે ખરું બ્રાહ્મણતેજ એ શું. છેવટે શાણા મહારાજાને પોતાની ભૂલ સમજાઈ અને એ નાનકડા મહેતાજી પ્રત્યે તેઓ આમન્યાથી વર્ત્યા. ધર્મ અને ન્યાયના પક્ષપાતની મક્કમતા એ જ જીવનમાં અનેકમુખી તેજકિરણો પ્રકટાવે છે. એકાદ વધારે રોમાંચક દાખલો વાંચનારને પ્રેરણા આપે તેવો હોઈ ટાંકું છું.

કાઠિયાવાડમાં ધાડપાડુ ખૂની ગેમલો હમણાં જ થઈ ગયો. એણે આંબલા ગામના પટેલોની ઘુમાખીની ખબર લેવા આંબલા ગામ ભાંગવાનું નક્કી કર્યું. લોકોને જાણ થઈ. સમી સાંજે પોતાના સાથીઓ સાથે ભરી બંદૂકોથી સજ્જ થઈ તે આંબલા ગામ ઉપર ત્રાટકવા નીકળ્યો. જાણ થવાથી નાનાભાઈ તેમના સાથી મૂળશંકર સાથે માત્ર પોતિયું પહેરી હાથમાં લાકડી લઈ સંસ્થાને દરવાજે ઊભા રહ્યા. પાસે રસ્તા ઉપરથી પસાર થતા પેલા ગેમલાને પડકાર્યો. એણે પણ સામો પડકાર કર્યો, "કોણ?" જવાબ મળ્યો, "નાનાભાઈ." પેલો કહે: "નાનાભાઈ! તમે ખસી જાઓ. તમારી સંસ્થામાં નથી આવતો; હું તો આંબલાના

પટેલોની શેખી મટાડવા જાઉં છું." નાનાભાઈએ ઠંડે કલેજે પણ મક્કમતાથી કહ્યું કે એ ન બને; પહેલાં તું મને ઠાર કર પછી જ આગળ વધી શકાશે. છેવટે ગેમલો ગળ્યો. એમને ઘેર તે જ વખતે ગયો. મોડે સુધી બેઠો. અ.સૌ. અજવાળીબેનના હાથે જમ્યો અને અને છેવટે વચન આપીને ગયો કે આંબલા આદિ ચાર ગામમાં હું કદી ધાડ નહીં પાડું. આ કાંઈ જેવીતેવી સાધના છે?

આવું તો ઘણું ઘણું કહી અને લખી શકાય. પણ મર્યાદા છે. 'ઘડતર ચણતર'નાં ૧૯૨ પાનાં અત્યારે સામે છે. મારે તેટલા ઉપરથી જ જલદીને કારણે અત્યારે સમાપન કરવું જોઈએ. છેવટે હું એટલું જ કહીશ કે 'ઘડતર ચણતર' નું પુસ્તક દરેક કક્ષાના અધિકારી વાચકને ભારે પ્રેરણાદાયી બને તેવું છે. જે ધ્યાનથી સમજપૂર્વક વાંચશે એના જીવનમાં સમજણ અને ઉત્સાહની નવી લહેર પ્રકટ્યા વિના નહીં રહે. એની ભાષા નાનાભાઈની આગવી છે. એમાં કાઠિયાવાડી, ખાસ કરી ગોહિલવાડી તળપદી ભાષાનો રણકો છે. લખાણ ધારાબદ્ધ અને પારદર્શક છે કે વાંચતાંવેંત લેખકનું વક્તવ્ય સીધેસીધું સ્પર્શ કરે છે અને ગાંધીજીની આત્મકથાની યાદ આપે છે.

લોકભારતી, સણોસરા
૩૧ : ૧૦ : ૧૯૫૪

સુખલાલ

ઘડતર
અને
ચણતર
★

[૧]

મારો જન્મ સં. ૧૯૩૮ના કાર્તિક સુદ ૧ના રોજ થયો હતો. કહે છે કે મારા જન્મના ખબર મળ્યા કે તરત જ મારા દાદા છોટાભટ્ટે મારી કુંડળી તૈયાર કરી અને કુંડળી જોઈને બહુ રાજી થયા.

મને સવા વરસનો મૂકીને મારી બા મરી ગઈ. આજે મને તેનું મોઢું પણ યાદ નથી. મારા માટે મારી બા એક કલ્પના રહી છે.

મારું મોસાળ બરવાળામાં. મારા દાદા હીરા પંડ્યા મને બરાબર સાંભરે છે. એ પોતે બહુ ભદ્રિક હતા. દરરોજ સવારે નાહી–ધોઈ, પાઠપૂજાથી પરવારી, ખભે ઝોળી લઈને કુંભણુ લોટ માગવા જાય અને સાથે ત્યાંનાં માંદાંઓને માટે થોડાંએક દવાનાં પડીકાં પણ લેતા જાય. બારેક વાગે લોટ માગીને પાછા આવે અને પછી રોટલા ખાય. બપોરના ખોરાકમાં મોટે ભાગે જારબાજરાનો રોટલો અને મોળી છાસની કઢી. સાંજે ખીચડી અને દૂધ. સવારે રોટલા પર અન્ન પવિત્ર કરવા જેટલું ત્રસકો ઘી.

મારા મોસાળવાસનો એક પ્રસંગ મને બરાબર યાદ છે. એકવાર મારા દાદા, મારી મોટી બા ઝવેર અને અમે સૌ ભાણેજડાં ફળીમાં ખાટલા ઢાળીને રાત્રે બેઠાં હતાં, ત્યારે મારા દાદા કહે : “ભાંકા, તું તો તે દિવસે માંડ અગિયાર મહિનાનો હોઈશ. આદિ દરરોજ સવારે વહેલી ખડ વાઢવા જાય, અને આ સંતોક તને રાખે. એકવાર આદિ તને લઈને ખડ વાઢવા ગઈ. રસ્તામાં લપોટિયો ધરો આવે છે. ત્યાં તને કાંઠે સુવાડીને એણે ધરામાં ખંખોળિયું ખાધું. પછી એના નિત્ય-

નિયમ પ્રમાણે વિષ્ણુસહસ્ત્રનામનો પાઠ કરતી તને ખોઈમાં બાંધીને ચાલી. તે દિવસે એની ગાંસડી પણ રોજ કરતાં દોઢી આવી. આજે એ હોય, અને જાણે કે તું અમદાવાદમાં પાસ થયો તો એને કેવો હરખ થાય?" આ બોલતાં બોલતાં એમની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

આ વાત સાંભળી ત્યારથી એ મારા દિલમાં સોંસરી ઊતરી ગઈ છે. આવી માતાના દીકરા થવાનો લહાવો ઈશ્વરે મને આપ્યો! તે દિવસે ગાંધીજી ક્યાં હતા? પણ આ કર્મયોગ તો આપણા હાડમાં પડ્યો નથી?

મારી મોટીબા (દાદી)નું નામ ઝવેર. ઝવેરનું પિયેર પછેગામમાં. ઝવેર પાંચ ભાઈઓ વચ્ચે એક જ બહેન હતી. એટલે પછેગામમાં તેનું બહુમાન હતું. ઝવેર ઘણી જાજરમાન બાઈ હતી. પાંચ માણસોમાં પુછાય એવી શક્તિવાળી હતી.

હું મોટો થયો અને મને જનોઈ દેવાનો વખત આવ્યો ત્યારે મારી મોટીબા ઝવેરના મનમાં ભારે ઉમંગ આવ્યો. જનોઈની વાત સાંભળી ત્યારથી તે મને વધાવવાના પૈસા એકઠા કરવા લાગી અને મને એક પછેડી આપવા માટે વધારે સૂતર કાંતવા લાગી.

જનોઈને આગલે દિવસે તેણે ભાવનગર આવી જવું જોઇએ. એ રીતે બરવાળાથી પગે ચાલીને તે પછેગામ આવી, ને ત્યાંથી મારી માશીને લઈ ને પગે ચાલતી ભાવનગર આવી. એ દિવસમાં પૂરા સત્તાવીશ ગાઉ (૫૪ માઈલ) કાપીને જનોઇને આગલે દિવસે તે અમારે ઘેર આવીને ઊભી રહી.

મારા પિતા સાંજે બજારમાંથી ઘરે આવ્યા ત્યારે તેમને ખબર પડી કે ઝવેરને લગભગ ૩૦ ગાઉનો પંથ થયો છે; એટલે તેમણે તેલ સ્હેજ ગરમ કરીને મારી મોટીબાને પગે ચોળવા માંડયું. ઝવેર ઘણીએ ના પાડે પણ મારા પિતા એમ શાના છોડે? પગે તેલ ચોળ્યા પછી ગરમ પાણીથી બન્ને પગને ઝાર્યા અને ત્યારપછી સાસુ જમાઈ બન્ને

જનોઈની વિગતો વિચારતાં વિચારતાં મોડી રાતે સૂતાં.

મારા મોસાળમાં હું વધારે વખત રહ્યો નથી; પણ રહ્યો છું તેટલા વખતનાં સ્મરણો ઘણાં મીઠાં છે. મારા દાદાના ઘર પાસે શંકરનું એક મંદિર હતું. આ મંદિર પંડ્યાઓનું જ ગણાતું. બરવાળાના જુવાન પંડ્યાઓ દરરોજ નાહીધોઈને શંકરની પૂજા કરતા. શ્રાવણ માસમાં કે એવા બીજા ખાસ પ્રસંગોએ મંદિરમાં એકઠા થયેલા જુવાન પંડ્યાઓ "जय शंकर पार्वतीपते"નું સ્તોત્ર લલકારે ત્યારે આખાય વાસમાં કેમ જાણે એક જાતની ભક્તિની હવા ફેલાઈ જતી. એમાં પણ "न वयं तव चर्मचक्षुषा..." ચરણ આવે ત્યારે તો સમજણો થયા પછી હું રડી પડતો.

બરવાળામાં અમે સૌ મારી મોટીબા સાથે સાંજે સ્વામીનારાયણના મંદિરે દર્શન માટે જતાં. ત્યાં દરરોજ સાંજે આરતી થાય ને પછી ભજનો ચાલે. એ આરતી અને ધોળ–ભજનો હજી આજે પણ મને સાંભરે છે. કહે છે કે મારી બા આદિને સહજાનંદ મહારાજ પર બહુ ભાવ હતો. સહજાનંદ મહારાજ ગાદીપતિ થયા તે અગાઉ એ અવારનવાર બરવાળા આવતા. મારા મોસાળમાં ઘણાં ભાઈબહેનો એમના પ્રસંગમાં પણ આવેલાં. પ્રશ્નોરા જ્ઞાતિનાં માણસોનો સ્વામીનારાયણ પંથનાં માણસો સાથે તેમ જ સ્થાનો સાથે વર્ષો સુધી સંબંધ રહ્યો છે.

મારે કોઈ મામા ન હતા; ફક્ત બે માશીઓ જ હતી. મારા દાદાના અવસાન પછી મારી મોટીબા ઝવેર મોટે ભાગે પછેગામમાં જ રહેતી. મૃત્યુ પહેલાં થોડા દિવસો એ બરવાળા ગયેલી અને ત્યાં જ તેણે દેહ છોડ્યો. એની ઉત્તરક્રિયા પ્રસંગે હું બરવાળા ગયો હતો. ત્યારબાદ આજ સુધી ગયો નથી એમ કહી શકાય. માત્ર એકવાર ડોકિયું કરવા પૂરતો ગયો હતો.

બરવાળાના પંડ્યાઓ અમારી જ્ઞાતિમાં સુંવાળા લોકો ગણાતા. પંડ્યાના ઘરમાં દીકરી દેવી એમાં કોઈને વિચાર કરવાપણું ન રહેતું.

એવી એમની સજ્જનતાની છાપ હતી. બરવાળાના પંડયાઓએ ભાવનગરને કેટલાએક ઉચ્ચ કોટિના શિક્ષકો આપ્યા છે; જેવા કે, બકોરદાસ માસ્તર, નાગરદાસ મહડાકર, જેઠાલાલ દેવનાથ, પ્રભાશંકર ભાઈશંકર, સવાઈલાલ ઇશ્વિરલાલ વગેરે. આ પંડયાકુળ એ મારું માતાપક્ષનું મથાળ.

[૨]

કહે છે કે મારી ફઈએ મારું નામ 'નથુભટ' પાડયું. પણ હું છએક વર્ષનો થયો ત્યાં સુધી તો મને સૌ "મીટડ્ડુ" (હાથીનું બચ્ચું) કહેતા. અંગ્રેજી પહેલી ચોપડીમાં પડયો ત્યારે 'નથુભટ' નામ મારી મોટીબાને પસંદ ન પડયું એટલે મારૂં નામ 'નૃસિંહપ્રસાદ' પાડયું. પણ વર્ષો સુધી એ નામ હાજરીપત્રક ઉપરથી કોઈની જીભે ચડયું જ નહીં. માત્ર લગ્નના ચાર દિવસ મને 'નથુભટ' ન કહેવો એવો મારી મોટીબાને હુકમ ફરી વળ્યો હતો.

મારી બા ગુજરી ગયા પછી મારી મોટીબા ચંદુ મારી બા હતી. ઘણા વખત સુધી તો હું એને જ મારી ખરી બા માનતો અને મારા કાકાના દીકરાઓ પણ એને બા કહીને બોલાવે ત્યારે કહેતો, 'એ મારી બા છે. તમારી કોઈની નથી.'

મારી બા ગુજરી ગયા પછી મારા પિતા કાલિદાસ ભારે દુ:ખી થઈ ગયા. મારા કાકા પણ થોડાં વર્ષો પહેલાં વિધુર થયા હતા. તેમણે બીજાં લગ્ન કર્યાં ન હતાં. હવે મારા પિતા પણ વિધુર થયા, એટલે ઘરનો ઘાટ બગડી ગયો. છોટાભટ્ટની વૈદ્ય તરીકેની પ્રતિષ્ઠા તેમજ ગગા ઓઝા જેવા મંત્રીઓની સાથેની મૈત્રી અને ઘરનો વભો, એ બધું જોતાં હવે મારા પિતાએ પરણવું જ જોઈએ એવો સૌનો આગ્રહ થયો; અને મારી પાંચ વર્ષની ઉંમરે મારા પિતાએ નિરુપાયે ફરીથી લગ્ન કર્યાં. કહે છે કે આ બીજા લગ્ન પ્રસંગે મને ખભા પર તેડીને મારા પિતા અગ્નિ ફરતા ચાર ફેરા ફર્યા હતા.

મારાં નવાં બા આવ્યાં એ જ વર્ષે મારા દાદા છોટાભટ્ટ અવસાન પામ્યા. મારી ઉંમર એ વખતે પાંચ વર્ષની હતી. એમના અવસાન વખતનું મને ઝાંખું સ્મરણ છે.

સાંજે અગ્નિહોત્રના હોમનાં દર્શન કરીને એમણે આંખો મીંચી. અમને નાનાં છોકરાંઓને તો ત્યાંથી ખસેડી લીધાં હતાં, પણ અમે જાળિયામાંથી જોયા કરતાં. ધરતી પર ગાયના છાણથી લીંપેલા સાથરા પર તેમને સુવાડ્યા; દર્ભની સળી એ ઉપર પાથરી; પાસે ઘીનો દીવો બળતો હતો; મારા દાદાએ સ્વસ્થચિત્તે સૌની વિદાય લીધી ને આંખો મીંચી. હું હેબતાઈ ગયો એટલે મને કોઈ લઈ ગયું. પણ હું ચંદુ વિના કેમ રહું ? આખરે મારી ચંદુએ મને ખોળામાં લીધો અને રડતે હૈયે મારી છાતી ઉપર હાથ મૂકયો.

મારા દાદાની ઉત્તરક્રિયા એ જમાનાની માન્યતા પ્રમાણે અને અમારી જ્ઞાતિની દૃષ્ટિએ બહુ સારી રીતે ઉજવવામાં આવી હતી. ચાર દિવસ સુધી ભાવનગરમાં અમારા જ્ઞાતિજનોનો મોટો મેળો જામ્યો હતો અને પાંચમે દિવસે ભાવનગર રાજ્યના દિવાન ગગા ઓઝાએ પોતાની તરફથી જ્ઞાતિભોજન આપી જણદીઠ રૂપિયો રૂપિયો દક્ષિણા આપી હતી. ઉત્તરક્રિયા વખતે ભોજન કરાવીને રૂપિયો દક્ષિણા આપવી એ રિવાજ આજસુધી ભાવનગરના રાજવીઓને માટે ચાલ્યો આવ્યો છે. આખરે પટ્ટણી સાહેબે મહારાજા ભાવસિંહજીની ઉત્તરક્રિયા પ્રસંગે આવી વ્યક્તિગત દક્ષિણાને જ્ઞાતિહિતના સમૂહદાનનું સ્વરૂપ આપ્યું.

મારા જીવનનો એક અંક જાણે પૂરો થયો. હવે હું મારી આસ-પાસ નજર ફેરવવા જેવડો મોટો થયો.

મારું કુટુંબ નાનાભટ્ટના કુટુંબ તરીકે ઓળખાતું. નાનાભટ્ટ એ મારા પિતાના દાદા થાય. એ પોતે બહુ ધાર્મિક પુરુષ હતા અને આખો દિવસ ધર્મધ્યાનમાં ગાળતા. કહે છે કે એમનું વ્યવહારમાં બહુ લક્ષ ન હતું.

પણ આ નાનાભટ્ટના ભાઈ ત્રિકમભટ્ટ એ ભારે તેજ. અમારા કુટુંબમાં એ ત્રિકમબાપા તરીકે ઓળખાય છે. ત્રિકમબાપા એક આંખે કાણા હતા અને તેમના મોઢા પર શીળીનાં ચાઠાં હતાં; એટલે કદરૂપા પણ ઠીક ઠીક હતા. એમનો પોશાક એક ટૂંકું પોતિયું, માથે બ્રાહ્મણિયા પાઘડી અને ખભે ખેસ. પગમાં જોડા હોય જ એવું નહીં. પણ ત્રિકમબાપા એ જમાનાના રાજવૈદ તેમ જ લોકવૈદ. રાજકુટુંબમાં ત્રિકમબાપાનું ભારે માન અને કરપ. કહે છે કે ઠાકોર ત્રિકમબાપા આવે ત્યારે પોતાનો હોકો સંતાડે. અને ત્રિકમબાપા ઘણાં જ આકરાં વેણ સંભળાવી શકે; તેમ છતાં રાજકુટુંબમાં ત્રિકમબાપા વિના બીજા વૈદ કે ડૉકટરનો પ્રવેશ ન હતો. એ જ પ્રમાણે એ લોકવૈદ પણ હતા. ગામના શ્રીમંત વેપારીથી માંડીને ગરીબ માણસ સુધી સૌને માટે એ તૈયાર રહેતા અને દવા માટે એમણે કોઈ પાસેથી એક રાતી પાઈની પણ ફી લીધી નથી. ગગા ઓઝા તેમની નાની ઉંમરે જ્યારે એકવાર સખત માંદા હતા અને તેમના પિતાની સ્થિતિ સાવ સાધારણ હતી તે વખતે ત્રિકમબાપા ઉદયશંકર ઓઝાને ઘેર જઈને પોતાને હાથે ઓસડ વાટીને ગગા ઓઝાને પાતા.

માત્ર દર્દીઓ પોતાની રાજીખુશીથી એમને સન્માનતા અને એ રીતે એમનો જીવન વ્યવહાર ચાલતો.

ત્રિકમબાપા વિષેની એક બે વાતો હું ભૂલી શકું તેવી નથી. એકવાર ત્રિકમબાપાને ભાવનગરના શ્રાવક ભાઇઓ કોઈ મુનિની દવા કરવા માટે પરગામ લઇ ગયા, અને મુનિ સારા થયા પછી આ ભક્તોએ ત્રિકમબાપાની આનાકાની છતાં તેમના હાથમાં સોનાનાં બે કડાં પહેરાવ્યાં. દવા કરીને ત્રિકમબાપા ભાવનગર આવ્યા ત્યારે સીધા ઘેર આવવાને બદલે નીલકંઠ મહાદેવમાં ગયા અને ત્યાં પોતાના હાથમાં પહેરેલાં બન્ને કડાં શંકરને ચરણે મૂકીને આવ્યા.

એવો જ એક કિસ્સો રાજકુટુંબને અંગે છે. ત્રિકમબાપા દવાની

પાઈ લેતા નથી એ વાત કોઈથી અજાણી ન હતી. ત્રિકમબાપાનો વ્યવહાર વધારે સુખપૂર્વક ચાલે એવી ભાવનાથી ભાવનગરના ઠાકોરે કારભારીની સાથે મંત્રણા કરીને એમને થોડાં ખેતરોનું દાન કરવાનો લેખ લખાવ્યો અને લેખ સહી-સિક્કો કરીને તૈયાર કર્યો. એક વખત ત્રિકમબાપા દરબારમાં ગયા ત્યારે ઠાકોરની હાજરીમાં કારભારીએ આ લેખ ત્રિકમબાપાના હાથમાં મૂક્યો.

ત્રિકમબાપાએ લેખ પર નજર ફેરવી, અને પાછો કારભારીના હાથમાં મૂક્યો અને બોલ્યા : " તમારે મારાં છોકરાંને બ્રાહ્મણ રહેવા દેવાં નથી ના ? મારે ખેતર શાં ને પાદર શાં ? તમે મને વટલાવવા માગો છો ? " તેમની આંખ ભીની થઈ.

ત્રિકમબાપાનું દર્દ કારભારી પારખી ગયા, એટલે લેખને પાછો મૂક્યો, અને ત્રિકમબાપાના અવસાન પછી એમના નાનાભાઈને એવા લેખથી ખેતરો વગેરેનું દાન કર્યું. આ ગરાસ હજી આજે પણ અમે ખાઇએ છીએ. ત્રિકમબાપાના વારસામાં ગરાસ મળ્યો, ત્રિકમબાપાની પ્રતિષ્ઠા મળી, પણ ત્રિકમબાપાની અકિંચનવૃત્તિ ન મળી. એ ગરાસના નાનામોટા કજિયાએ અમારા બ્રાહ્મણપણાને લજવ્યું છે.

પણ ત્રિકમબાપાએ તથા તેમના ભાઈએ વારસામાં માત્ર ગરાસ જ નથી આપ્યો. તેમના વારસામાં અમને વૈદું મળ્યું, તેમના વારસામાં અગ્નિની ઉપાસના મળી, તેમના વારસામાં નવરાત્રિની દેવી-પૂજા મળી.

ત્રિકમબાપાને સંતાન ન હતું. નાનાભાઈને બે દીકરા—કલ્યાણજી અને છોટાલાલ. આ બન્ને આજે પણ ભાવનગરમાં કલ્યાણભટ્ટ અને છોટાભટ્ટને નામે ઓળખાય છે.

નાનાભટ્ટના અવસાન પછી આવસત્થ્ય કલ્યાણભટ્ટે સ્વીકાર્યું અને આખાય કુટુંબના મુરબ્બી તરીકે અગ્નિની ઉપાસના કરી. કલ્યાણભટ્ટના અવસાન પછી મારા દાદા છોટાભટ્ટ આવસત્થી થયા અને

ત્યાર પછી કલ્યાણભટ્ટના મોટા પુત્ર ભાઈશંકરે આવસથ્ય લીધું. તેમના પછી મારા પિતાએ લીધું. ત્યાર પછી ભાઈશંકરના પુત્ર નર્મદાશંકરે લીધું અને ત્યાં જ એ વિલીન થયું. આ પ્રમાણે અગ્નિની ઉપાસનાને કુટુંબમાં બે ભાગે વહેંચવામાં આવી—એક વાર કલ્યાણભટ્ટના કુટુંબનો વારો અને એકવાર છોટાભટ્ટના કુટુંબનો વારો. આવસથ્ય લેનાર ગૃહસ્થ હોવો જોઈએ. એણે દરરોજ પ્રાતઃસાયં અગ્નિમાં હોમ કરવો જોઈએ, બપોરના વૈશ્વદેવ કરવો જોઈએ, અને પૂનમ—અમાસે ઇષ્ટિ કરવી જોઈએ. બહારગામ જવું પડે તો સમિતમાં અગ્નિનો સમારોહ કરી રસ્તામાં હોમ કરવો જોઈએ અને મૃત્યુ સમયે પણ યજમાનની અગ્નિઉપાસના અખંડ રહે છે એ દર્શાવવા શ્મશાનમાં એનો અંત્યેષ્ટિ-હોમ થવો જોઈએ.

મારા પિતાનું આવસથ્ય પાંચ વર્ષ ટક્યું. મારાં પોતાનાં એનાં સ્મરણ ઘણાં મીઠાં છે. મારા પિતા દરરોજ સવારે વહેલા ઊઠીને શૌચ-ધર્મથી પરવારી, નાહીને હોમશાળામાં હાજર થાય. મારાં નવાં બા શરીરે સાજાંમાંદાં અને ઉંમરે નાનાં એટલે સ્હેજે મોડાં ઊઠે; એટલે હોમની પૂર્વતૈયારી પણ મારા પિતાએ જ કરવાની રહી; પણ એમણે હોમટાણે કોઈ દિવસ કસાણું મોં કર્યું મેં જોયું નથી. સવારે વહેલાં ઘરમાં હોમ થાય. મારા પિતા "स्वाहा, न मम"ના મંત્રો બોલે, મારાં બા એમને ખભે સહધર્મચારિણી તરીકે હાથ અડાડે અને આહુતિ અગ્નિમાં અપાય એ દૃશ્ય હજી આજે પણ મને મુગ્ધ કરે છે. મારા પિતાએ આવસથ્ય લીધું એ વખતે હું કૉલેજમાં ભણતો, અને "स्वाहा, न मम" જીવનમાં કેમ સિદ્ધ થાય એ ઉપર ઘણીવાર લાંબા વિચારો કરતો.

પણ આ આવસથ્યની જેમ ધાર્મિક બાજુ હતી તેમ જ એની વ્યાવહારિક બાજુ પણ હતી. એ જમાનામાં ભાવનગરના મહારાજાએ જે જે બ્રાહ્મણો અગ્નિના ઉપાસકો હતા તેમને એ ઉપાસના નિર્વિઘ્ને ચાલે એ માટે વર્ષાસનો બાંધી આપ્યાં હતાં. અમારા કુટુંબને પણ

આવું વર્ષાસન મળતું. મારા દાદા છોટાભટ્ટ ગુજરી ગયા પછી આ વર્ષાસનની રકમના બે ભાગ પડયા—એક ભાગ આવસથ્ય લે એને મળે અને બીજો સમગ્ર કુટુંબીઓમાં વહેંચાય. આવસથ્ય લે તેને ભાગમાં રૂ. ૩૬૦ જેટલું મળતું. અમારા જીજી ભાઇશંકર ભટ્ટે જ્યારે આવસથ્ય લીધું ત્યારે આ વહેંચણીના વહીવટની શરુઆત થઈ. મારા પિતાની હયાતી સુધી આ વહીવટનાં અનિષ્ટોએ દેખાવ ન દીધો. પણ મારા પિતાશ્રીના અવસાન પછી કોણ આવસથ્ય લે એ મોટો પ્રશ્ન થઈ પડયો. ઉમેદવારો ત્રણ ચાર હતા. કોઈ પ્રતિષ્ઠાને ખાતર તયાર થયું તો કોઈ વર્ષાસનને ખાતર તૈયાર થયું. છેવટે ભાઈશંકરભાઈના કહેવાથી આવસથ્ય એમના જ્યેષ્ટ પુત્ર નર્મદાશંકરે લીધું.

દરમિયાન ભાવનગરના મહારાજા ભાવસિંહજીને કેમ જાણે અગ્નિદેવ એમના સ્વપ્નામાં આવ્યા હોય અને તેઓ ઉપાસકોની ખોટી દાનત પારખી ગયા હોય તેમ તેમણે બધા ઉપાસકોનાં વર્ષાસનો બંધ કર્યાં. આ સમાચારથી અમારા ગરાસજીવી કુટુંબમાં ભારે ખળભળાટ થયો અને મારા જુવાન પિત્રાઇઓ તો ઉઘાડે છોગે બોલવા લાગ્યા : " વર્ષાસન બંધ તો કરી જુએ; બંધ કરશે તે દિવસે આ કુંડના અગ્નિને પરભુદાસના તળાવમાં પધરાવશું ને કુંડની માટી તળાવના કિનારા પર ફેંકશું. "

મારા પિત્રાઈઓને હું ઘણીવાર કહેતો : " આપણા કુંડના અગ્નિ એ અગ્નિદેવ નથી રહ્યા, એ તો બાપડા રસોડાના અગ્નિ થઈ ગયા છે. "

આ પ્રમાણે જે અગ્નિદેવ અમારા કુટુંબના દિલમાંથી તો વર્ષો પહેલાં ઊડી ગયા હતા તે અમારા સ્થૂળ કુંડોમાંથી પણ અદશ્ય થયા અને ' યજ્ઞનારાયણ ' ' આવસથી ' એ શબ્દો અમારી શોભાના શબ્દો થઈ ગયા. આજે અમારાં ઘરો આ જાતના સંસ્કારોથી રહિત થયાં છે અને એની સાથે જૂની સંસ્કૃતિની જે કેટલીક ઉચ્ચ વસ્તુઓ જીવનમાં

અનાયાસે આવતી તે આવતી બંધ થઈ છે ને કર્મકાંડની આ ઉચ્ચ વસ્તુના અભાવની સાથે જ કર્મકાંડમાંથી આવતા વહેમો, આભડછેટ, જડતા વગેરે જે હતાં તેથી વધારે રૂઢ થયાં, તે જ વધારે ભયંકર દેખાય છે.

જેવી રીતે અમે અગ્નિદેવની વહેંચણી કરી તેવી જ રીતે દેવીપૂજનની વહેંચણી તો કરી. પરંતુ અમારા ઘરની અભણ બ્હેનોએ અમારી આ વહેંચણીને રદ કરી અને પોતાની ગાંડીઘેલી રીતે જગન્માતાને સાચવી રાખ્યાં.

અમારા કુટુંબમાં માતાનું નવરાત્રિપૂજન પહેલું તો નાનાભટ્ટના વખતમાં શરૂ થયું હશે. એ વખતે તો અમારૂં એક અવિભિન્ન કુટુંબ જ હતું. નાનાભટ્ટના અવસાન પછી એમના મોટાપુત્ર કલ્યાણભટ્ટે એ વારસો જાળવ્યો. જ્યારે કલ્યાણભટ્ટ અને છોટાભટ્ટ છૂટા થયા ત્યારે એક વર્ષ નવરાત્રિ દરમિયાન દેવીનું સ્થાપન કલ્યાણભટ્ટના ઘરમાં થાય અને એક વર્ષ છોટાભટ્ટના ઘરમાં થાય એવી પ્રથા ઊભી થઈ. દેવી એક રીતે બન્ને કુટુંબનાં મજિયારાં ગણાતાં અને વ્યવહારમાં પણ બન્ને કુટુંબનાં માણસો દર્શન કરવા એકઠાં થાય, આરતી વખતે લગભગ સૌ હાજર હોય, પ્રસાદ બન્ને ઘરોમાં પહોંચે અને નવમીને દિવસે બન્ને કુટુંબો સાથે મળીને નૈવેદ્ય રાંધે અને જમે. કલ્યાણભટ્ટ–છોટાભટ્ટના અવસાન પછી એ બન્નેનાં કુટુંબમાં આ વ્યવસ્થા ચાલુ રહી. પણ કલ્યાણભટ્ટના ચાર પુત્રોએ પણ એજ પ્રમાણે પોતાના વર્ષને વ્હેંચ્યું. છતાં માતા તો સમગ્ર કુટુંબનાં એક જ ગણાય એવો વ્યવહાર ચાલુ રહ્યો. પરિણામે કલ્યાણભટ્ટના દરેક પુત્રને પોતાને માતાનો વારો આઠ વર્ષે એકવાર આવે એવી સ્થિતિ ઊભી થઈ. તેમાં પણ કલ્યાણભટ્ટ–છોટાભટ્ટના પુત્રોને ઘેર પુત્રો તેમ જ પૌત્રો થયા ત્યારે તો જિંદગી આખીમાં ભાગ્યે એક બે વારા આવે એવું થઈ પડયું. ઉપરાંત નવરાત્રનો નૈવેદ્ય કરવાનો મજસુ ખર્ચ, આવડા મોટા કુંટુંબને સદ્ભાવથી સાંકળી રાખનાર વ્યક્તિનો અભાવ, નવા જમાનાના નાના મોટા રંગો—આ

બધું એકઠું થયું એટલે માતા જવાની તૈયારી કરવા લાગ્યાં આ વખતે અમારાં જુદાં જુદાં ઘરોની બ્હેનોએ સમગ્ર કુટુંબની દેવીપૂજા ઉપરાંત પોતપોતાની સ્વતંત્ર દેવીપૂજા શરૂ કરી અને આખા વર્ષમાં એક જ ઘરમાં માતાનું સ્થાપન થતું હતું તેને બદલે એકીવખતે ચાર પાંચ ઘરોમાં સ્થાપન શરૂ થઇ ગયું. પરિણામે અમારાં કેટલાંએક ઘરોમાં દેવીપૂજન આજે પણ ટકી રહ્યું છે અને મજમુ દેવીપૂજનના ઘણાયે નકામા કલેશોમાંથી અમે સૌ ઉગરી ગયાં છીએ.

આ તો થઈ દેવીપૂજાની વ્યવહારબાજુ. આ દેવીપૂજનની ધાર્મિક–સામાજિક કિંમત પણ મોટી છે. મને હજી સુધી બરાબર યાદ છે કે અમારા ઘરમાં માતાનું સ્થાપન થતું ત્યારે અમે સૌ છોકરાં સવારના પહોરમાં વહેલાં નાહી ધોઈ કપાળમાં ચાંદલો કરી માતાના દીવાને પગે લાગતાં. અમારી હોમશાળાના એક લીંપેલગૂંપેલ ગોખલામાં માતાનો અખંડ દીવો પ્રગટ્યો હોય, ગોખલો કુંકુમ અક્ષતથી શણગાર્યો હોય, પાસે અગરબત્તી સળગાવી હોય, કોઈ છોકરું બહુ પાસે જઈ માતાના કોડિયાને અડી ન જાય તેની તકેદારી રખાતી હોય, દરરોજ સાંજે આરતી થતી હોય અને આરતીને અંતે મારા જેવાં પ્રસાદ માટે ટાંપી રહેલાં છોકરાંઓને પ્રસાદ વહેંચાતો હોય–આ બધી વસ્તુઓમાં તે દિવસે એક જાતની મજા આવતી અને આજે પણ મારાં પોતાનાં બાળકોની આવી મજા હું સમજી શકું છું. અમારા કુટુંબમાં એવો રિવાજ હતો કે જે માણસ માતા બેસે તેણે આઠ દિવસના લાગટ ઉપવાસ કરવા જોઇએ—ઉપવાસ એવા કે તેનાથી મીઠા વિનાનું માત્ર ફરાળ ખાઈ શકાય, અને તે પણ માત્ર એક વખત. બીજી વખત પાણી સિવાય મોઢામાં બીજું કશું નાખી શકાય નહીં. અમારાં માતા બહુ આકરાં ગણાતાં. મારી બા અમને ઘણીવાર પઢાવે : "જો, માતાના દિવસોમાં રાતે પડછાયો પડે તો માતાને ફૂડું પડે; ઉપવાસ કર્યો હોય ને ભૂલમાં પણ જે તે ખાઈ બેસે તો માતા કોપે." માતાનો દીવો અખંડ સળગતો રાખવાનો હતો. દીવો ઓલવાયો એટલે તો

માતાનો કોપ ઊતર્યો સમજો. ઘરની તમામ વૃદ્ધ સ્ત્રીઓ તથા દીકરીઓ માતાના દીવાને અખંડ રાખવા માટે તથા દીવો સંકોરનારનો શ્વાસ પણ તેને અડી ન જાય તે માટે કડક ચોકી રાખતી અને માતાના દીવા પાસે વારાફરતી સૂતી. જતે દિવસે દીવાની અખંડિત જ્યોત, આહારનું અડગ વ્રત વગેરે આધ્યાત્મિક દૃષ્ટિને પોષક એવા નિયમો સમજણ વિનાના જડ નિયમો જેવા બની ગયા અને દેવીપૂજનનો મહિમા વધારે વધારે જાડો થતો ગયો. આઠમને દિવસે ભાવનગરમાં જુદાં જુદાં દેવમંદિરોમાં હવનો થતા અને હું પોતે એક જાતના શોખથી આવા બધા હવનોનાં દર્શન કરવા પહોંચી જતો. રૂવાપરી માતાનો હવન મારા માટે ખાસ આકર્ષણનો વિષય હતો. એ હવનમાં કપાળમાં ચાંદલો અને ચંદન, એ ભ્રમરો વચ્ચે લાલ એવી બનકી અને જમણા કાનની પાસે સિંદૂરની આશકા લગાડેલા "शक्रादयः सुरगणाः" નો મોટો ઘોષ કરતા અમારા પાડોશી ચુનીલાલ ઓહોરા અને તેમના પડકારનો ઉત્તર વાળતા સામે ઊભેલા બ્રાહ્મણો હજી આજે પણ મારી નજરે તરે છે. એ જ ચંડીપાઠમાં "या देवी सर्वभूतेषु दयारूपेण संस्थिता" એ પદ આજે પણ જ્યારે યાદ આવે છે ત્યારે આ આખા ઉત્સવમાં દેખાતો દયાનો અભાવ મનમાં ભારે ગ્લાનિ પેદા કરે છે.

મને મારા જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. મારા કાકાના દીકરા મુ. લક્ષ્મીશંકર (લખુભાઈ) નાની ઉંમરે (૫૧ વર્ષે) ગુજરી ગયા. એ ગુજરી ગયા ત્યારે નવરાત્રિનો ચોથો દિવસ હતો. અમારા કુટુંબમાં એમના જ ઘરમાં માતાનો અખંડ દીવો પ્રગટી ચૂક્યો હતો. અવસાન પછી પાંચમે દિવસે માતાનાં નૈવેદ્ય તૈયાર થયાં અને સૌ નૈવેદ્ય ચાખવા બેઠાં. મુ. લખુભાઈના પિતા મોરારજી ભાણા પર બેઠા પણ સ્વાભાવિક રીતે ખીર ખાધા વિના ઊઠી ગયા. કહે છે કે આ વખતે માતા ભારે કોપ્યાં. હું આ વખતે બહારગામ હતો. બહારગામથી આવ્યો ત્યારે મને ખીર ન ખાવાની અને માતાના કોપની માહિતી મળી. માતાના કોપને શમાવવા માટે ચૈત્ર માસમાં ફરી વખત માતાનું

સ્થાપન કરીને મોરારજીએ ખીર ખાવી એવો ધર્મ નિર્ણય થયો. આ બધું સાંભળીને હું તો સમસમી ગયો અને બોલ્યો : "જગન્માતા તો ઊલટાં પ્રસન્ન થાય કે કોપે ? કોણે કહ્યું કે માતા કોપ્યાં ?"

"આ નર્મદાશંકરને માતા આવ્યાં અને હાથ પછાડીને બોલ્યાં કે હું કોપી છું."

"એ માતા બોલ્યાં કે નર્મદાશંકર બોલ્યા ?" મેં સવાલ કર્યો. "જગન્માતા આવી રીતે કોપે નહીં અને કોપ્યાં હોય તો એ જગન્માતા નહીં!" પણ મારું કોણ માને ? આવતા ચૈત્રમાં અમે ફરીથી નૈવેદ્ય કર્યાં ને મોરારજીએ ખીર ચાખી. માત્ર મેં એકલાએ ખીર ખાવાની સ્પષ્ટ ના પાડી. મારા આ પાપ માટે માતા મારા પર ક્યારે કોપે છે એની હું હજી આજ સુધી રાહ જોતો બેઠો છું.

દેવીપૂજનના અનુસંધાનમાં અહીં એક વાત નોંધવી જોઈએ. અમે નાગર લોકોના પાડોશમાં વસતાં હતાં. અને નાગરજ્ઞાતિની અંદર આ ઉત્સવનો મહિમા ઘણો વધારે હોય એટલે કદાચ અમારે ત્યાં પણ એનો મહિમા વધ્યો હોય. અમારી ખડકીની અડોઅડ પરમાણંદદાસ કરીને એક નાગરબ્રાહ્મણ રહેતા હતા. સૌ એમને પરમાણંદ ગોર કહીને બોલાવતા. નાગરબ્રાહ્મણો એટલે વડનગરા નાગરોના ગોર. વડનગરા નાગરોએ પોતાના કર્મકાંડ કરાવવા માટે આ ઉપજાવી વર્ગને ઊભો કર્યો હશે.

પરમાણંદ ગોરને દર વર્ષે નવરાત્રિના દિવસોમાં માતા આવે. માતા આવે ત્યારે એમની આંખો ખીલા થઈ જાય અને એ બોલ્યા ચાલ્યા વિના ધૂણવા માંડે. ધૂણતી વખતે જો એમની બે હથેળીઓ એકઠી થઇ જાય તો એમાંથી કંકુ પણ નીકળે. મેં છેક નાનપણથી પરમાણંદકાકાનાં માતાને જોયાં છે. અમે સૌ છોકરાંઓ માતાના દિવસોમાં એમને ઘેર જ પડયાં રહીએ અને ગરબા ગાઈને માતા જલદી આવે એવું કર્યા કરીએ. માતા આવે ત્યારે પરમાણંદ ગોરને કશું ભાન

ન રહે અને શરીરમાં અસાધારણ જોર આવે. માતાને જવાનો વખત થાય ત્યારે એમનો રમવાનો વેગ ધીમે ધીમે ઓછો થઈ જાય; એટલે અમે સૌ માતાના આશીર્વાદ લેવા એમના પગમાં પડીએ અને એમના ધૂણ્યાને પણ ઝીલીએ. અજવાળીકાકીનો કંઠ ઘણો મધુર હતો એટલે અમે સૌ એમની પાસે ગરબા ગવરાવતા. પણ પરમાણંદકાકાના શરીરને બહુ થાક લાગતો એટલે અજવાળીકાકી ગાવાની ભારે આનાકાની કરતાં.

હું કૉલેજમાં આવ્યો ત્યારે પરમાણંદકાકાનાં માતા ઉપર મને ઠીક વહેમ પડ્યો. 'આ માતાનું તૂત તો ન હોય? માતાના નામે મોટું પાખંડ તો ન હોય? એ હાથ પરસ્પર જોડાવાથી કંકુ શી રીતે નીકળતું હોય? એક ઠોંસાથી હેઠા પડે એવા જાડા ભોલ પરમાણંદકાકામાં આટલી બધી શક્તિ ક્યાંથી આવતી હશે?' નવરાત્રના નવ દિવસ પરમાણંદકાકા ઘરની બહાર ભાગ્યે જ જતા. એક વખત તો ભાવનગરના મરહૂમ મહારાજા સર તખ્તસિંહજીએ પરમાણંદકાકાને મોતીબાગમાં બોલાવ્યા પરંતુ તેમણે જવાની ના પાડી.

પરમાણંદકાકાને મેં એક વખત પૂછ્યું: "તમને માતા આવે છે ત્યારે શું થાય છે?" એમણે કહ્યું, "દૂરથી મને કોઈ કન્યા જેવું આવતું દેખાય છે અને પછી તરત જ મને ભાન રહેતું નથી."

"માતા તમને શા માટે આવે છે?" મેં પૂછ્યું.

"તેની મને ખબર નથી."

મેં પૂછ્યું: "તમે માતાની ઉપાસના કરી છે?"

"ઉપાસનામાં હું સમજતો નથી. માતાની પૂજા વખતે કોઈ-કોઈ વાર આ કુમારી કન્યા મને દેખાય છે."

માતા આવવાનો આ કિસ્સો મને આજ સુધી અણઉકલ્યો રહ્યો છે. પરમાણંદકાકામાં ઢોંગ ન હતો તેની તો મને ખાતરી છે. માતા આવવાં એ દૈવીસાક્ષાત્કાર તો ન હોય? પણ પરમાણંદકાકાના

જીવનમાં મેં ઉચ્ચ દેવીપરાયણતા જોઈ નથી. એમનો ધંધો ગોરપદાનો હતો, અને એમાં પણ આ તો નાગરગોર, એટલે લગભગ બારેય મહિના એક યા બીજે નિમિત્તે નાગરોને ત્યાં જ જમવા જનારા અને જમવાનું પુણ્ય નાગરોને તુલસીને પાંદડે આપનારા. પરમાણંદકાકા એવા ભોળા હતા કે એમની આસપાસ અજવાળીકાકીને વીંટીને થોડાએક હરામ-ખોરો પણ ગોઠવાઈ ગયા હતા અને દેવીભક્તોના તમામ અધિકારો ભોગવતા થયા હતા. આ બધું જ્યારે મને સમજાયું ત્યારે મને પરમા-ણંદકાકાની દયા પણ આવતી. કોઈ પણ સાત્ત્વિક દેવદેવીનો સાક્ષાત્કાર થાય ત્યારે હૃદયમાં જે એક પ્રકારની તેજસ્વિતા આવે છે, એ મેં તેમનામાં કોઈ દિવસ દીઠી નથી.

છતાં નાનપણમાં મારા મન પર આ માતાની જાદૂઈ છાપ પડી હતી, અને એને લીધે વર્ષો સુધી જગન્માતા સંબંધી પવિત્ર ખ્યાલો મેં બાંધ્યા છે. એ જગન્માતાના ચંડીપાઠના શ્લોકો મેં મોટી ઉંમરે વાંચ્યા–વિચાર્યા ત્યારે આ ઉત્સવનું જુદું જ સ્વરૂપ મારી આંખ આગળ ખડું થયું. જો પરમાણંદકાકા આજે જીવતા હોત તો મારી આ વાત તેમને હું સમજાવત.

હું મોટો થયો ત્યારે આવા બીજા ચમત્કારો મેં જોયા છે. મારા જીવનમાં કોઈ કોઈ વામમાર્ગના ઉપાસકોનો પણ મને સારો પરિચય થયો છે અને એમના ચમત્કારો પણ મે જાતે જોયા છે. એ નથી જોયા એમ ન કહી શકું. પણ સમજણો થયા પછી આ ચમત્કારો કરનારાઓનાં જીવન મને એટલાં બધાં ક્ષુદ્ર જણાયાં કે એ ચમત્કારો પર અને એની શક્તિ પર મને સૂગ આવી છે, અને એ સૂગ હજી આજે પણ ગઈ નથી.

આપણા સમાજમાં આવા ચમત્કારોને આપણે ધાર્મિકતાની સાથે જોડીએ છીએ, અને આવા ચમત્કારો કરનારા લોકો કેમ જાણે પ્રભુનાં કૃપાપાત્રો છે તેમ માનીએ છીએ. ઘણી વખત તો આવા

દેખાતા ચમત્કારો ચમત્કારો જ હોતા નથી પણ ઢોંગ જ હોય છે–બહુબહુ તો ચાલાકી હોય છે. પણ ધારો કે એ ઢોંગ નથી, ધારો કે એ ચાલાકી પણ નથી, તો પણ શું? આપણે ન જાણતા હોઈએ એવા જગતના કોઈ નિયમ પ્રમાણે કોઈ બનાવ બનતો પણ હોય. પણ સાચી ધાર્મિકતા એ આથી ઘણી જુદી વસ્તુ છે–ઘણી ઉચ્ચ વસ્તુ છે. સાચી ધાર્મિકતાને આવા ચમત્કારો સાથે લેવાદેવા નથી એમ પણ કહી શકાય. આપણા મનમાં ચમત્કારો મહાપુરુષોના જીવનની સાથે એવા સંકળાઇ ગયા છે કે જ્યાં જ્યાં આપણે ચમત્કાર દેખીએ છીએ ત્યાં ત્યાં એ ચમત્કારની પાછળ ધાર્મિકતા પડેલી છે એમ આપણે માની લઇએ છીએ. પણ વસ્તુસ્થિતિ એથી ઊલટી છે. જેમ નદીનું પાણી વહેતું બંધ થાય ત્યારે તેમાં છૈયા, ઘાસ વગેરે ઊગી નીકળે છે, તેમજ જીવનમાં ધર્મસંસ્કારનો પ્રવાહ બંધ થાય ત્યારે વહેમો, માન્યતાઓ, ચમત્કારો વગેરે ઊગી નીકળે છે. એ જ ભાષામાં બોલીએ તો આ પ્રકારની માન્યતાઓ એ ધાર્મિક જીવનમાં એક જાતના સડાની નિશાની છે.

[૩]

મારા દાદા છોટાભટ્ટને અમે નાનાદાદા કહેતા. એમનું શરીર એકવડિયું હતું, વર્ણ કાળો હતો, મોઢું દૂબળું હતું. અમારા કુટુંબમાં છોટાભટ્ટ બહુ 'કરમી' ગણાતા. નાનાભટ્ટના વખતની ગરીબીમાંથી એમણે કુટુંબને બહાર આણ્યું હતું. કહે છે કે છોટાભટ્ટ પ્રતિભાસંપન્ન હતા. એમણે વૈદકનો રીતસર અભ્યાસ કર્યો ન હતો પણ થોડા વાચનથી અને પોતાની હૈયાઉકલતથી એ ભારે કુશળ વૈદ તરીકે વખણાયા. ભાવનગરમાં એ વખતે સુરતથી તાજા જ આવેલા અનુભવી ડૉ. શિવનાથ અને પ્રસિદ્ધ હકીમ સાહેબ બન્ને એમનાં ભારોભાર વખાણ કરતા. એ જ રીતે એમણે ભાગવતને પોતાની મેળે જ બેસાર્યું હતું, અને છતાંય એમની ભાગવતપારાયણ સાંભળવા માટે લોકોની પડાપડી થતી.

છોટાભટ્ટનાં માતા એમને નાના મૂકીને મરી ગયાં હતાં એટલે એમના મોટાભાઈ કલ્યાણભટ્ટે એમને મોટા કર્યા. છોટાભટ્ટે, પોતે જીવ્યા ત્યાં સુધી, પોતાના મોટાભાઈની આમન્યાને ઉથાપી ન હતી, એટલું જ નહીં પણ તેમના તરફની પૂજ્યબુદ્ધિને જીવનમાં ઉતારી હતી.

જ્યારે કલ્યાણભટ્ટનો અને છોટાભટ્ટનો વહીવટ વગેરે જુદાં પાડવાનો વખત આવ્યો ત્યારે પંચ પાસે છોટાભટ્ટે પોતાનો વિચાર જણાવ્યો : "મોટાભાઈને ચાર પુત્રો છે, ને મારે બે પુત્રો છે એટલે વહેંચણીમાં મોટાભાઈને ભાગે બમણું મૂકો." પંચને છોટાભટ્ટની આ વાત અવ્યવહારુ લાગી એટલે એમણે તો બે ભાઈઓના બે સરખા હિસ્સા મૂક્યા; પણ છોટાભટ્ટે, પોતે જીવ્યા ત્યાં સુધી, મોટાભાઈના પુત્રોને બે ભાગ આપ્યા અને પોતે એક ભાગ રાખ્યો.

નાનાદાદા ગુજરી ગયા પછી ઘણા વર્ષે કોઈ કોઈ વાર મને મારી ચંદુબા કહેતી : "જો, નથુભટ્ટ, તું એને બહુ વહાલો. રોજ રાતે ગગાભાઈને ત્યાંથી આવીને એ તારા ઘોડિયાની દોરી લે અને તને સુવાડ્યા પછી જ વાળુ કરે. તારી બા મરી ગઈ પછી તો તારા માટે એ અડધા થઈ જાય. આજ કાંઈ એને આ બધું જોવું છે!"

છોટાભટ્ટનું વૈદું ભારે યશસ્વી. એ જમાનાના ગગા ઓઝા, ધોલેરાવાળા શેઠ દેવજી ગીલા, શેઠ ઓધવજી લાલજી, શેઠ વીરજી નાનજી, શેઠ ભવાનભાઈ, હરિપ્રસાદ દેસાઈ—આ સૌની સાથે એમને મૈત્રી હતી. કહે છે કે ગગાઓઝા કેટલીક રાજકુટુંબની બાબતમાં પણ છોટાભટ્ટની સલાહ લેતા.

રોજ સવારે અમારી ઓશરી દરદીઓથી ખીચોખીચ ભરાઈ જાય. તે દિવસોમાં અમારું ઘર એ જ દવાખાનું હતું. જુદું દવાખાનું તો ન હતું, પણ દવાઓ તૈયાર કરવા માટે પણ ઘણીવાર મારા દાદા પોતે દવા વાટતા.

આટલી બધી યશસ્વિતા હોવા છતાં મારા નાનાદાદાએ કુટુંબ-

માંથી કોઇને શાસ્ત્રાધ્યયન કરાવ્યું નહીં. મારા કાકા મોરારજી તેમ જ મારા પિતા કાલિદાસ રુદ્રાધ્યાયી વગેરે ભણી જાણે એટલું. કલ્યાણુ-ભટ્ટના કુટુંબમાં પણ કોઇએ શાસ્ત્રાભ્યાસ ન કર્યો. આનું કારણ મારા જાણવામાં આવ્યું નથી. પણ આ સમગ્ર કુટુંબમાંથી મારા કાકાના પુત્ર લક્ષ્મીશંકર જ્યારે પહેલા મૅટ્રિકમાં પાસ થયા ત્યારે આખા ય કુટુંબમાં ભારે હર્ષ થયો અને છોટાભટ્ટની વિદ્યા લક્ષ્મીશંકરમાં ઊતરશે એમ માની સૌ ગર્વ લેવા લાગ્યા.

છોટાભટ્ટ અવસાન પામ્યા તે પહેલાંનો એક કિસ્સો મેં સાંભળ્યો છે. છોટાભટ્ટ ભાગવતની સપ્તાહ પારાયણુ બેઠેલા ત્યારે એમને રૂ. ૨૦૦૦ જેટલી રકમ પોથી ઉપર આવી, અને ગગાભાઇએ પોતે છોટાભટ્ટને શોખ હતો એવું બારીક રેશમી કોરનું ધોતિયું તેમને આપ્યું. સપ્તાહ પૂરી થયા પછી બીજે દિવસે છોટાભટ્ટ ગામમાં ગયા અને જે વેપારીને ત્યાંથી ગગાભાઈએ ધોતિયું ખરીદેલું તે વેપારીને ધોતિયું પાછું આપીને રૂ. ૨૫ રોકડા લઇને ઘેર આવ્યા. ઘેર આવીને વાળુ કર્યું. ત્યાર પછી મોડી રાતે મારી ચંદુબાને જગાડીને કહે : “ મારો દેહ છ માસમાં પડવો જોઇએ. આજે મને દુર્બુદ્ધિ થઈ એટલે હું ધોતિયું પાછું આપી આવ્યો ! ”

મારી બાને તો આ શબ્દો વજ્ર જેવા લાગ્યા, પણ આખરે એ સાચા ઠર્યા. બે ત્રણ માસ પછી એકવાર છોટાભટ્ટ ભાગવતનો પાઠ પૂરો કરીને ઊઠતા હતા. ત્યાં કરોડને છેડે આવેલ હાડકા ઉપર ડામચિયો લાગ્યો અને તેમને તમ્મર આવી ગયાં. તરત જ ડૉ. શિવનાથ અને હકીમસાહેબ આવી પહોંચ્યા અને દવા વગેરે શરૂ થઈ ગયાં.

“ ભટ્ટજી, જરાય મૂંઝાશો નહીં, દવા બરાબર લગાડી છે એટલે આઠેક દિવસમાં દુખાવો મટી જશે. ” ડૉ. શિવનાથે કહ્યું.

“ પણ ડોકટર, મને જુદું ભાસે છે. મને એમ લાગે છે કે આમાંથી હું બેઠો નહીં થાઉં. ” છોટાભટ્ટે જણાવ્યું.

"અરે ભટ્ટજી, એવું શું બોલો છો? આમાં છે શું? કાંઈ થાય તો મારે માથે." હકીમસાહેબ બોલ્યા.

છોટાભટ્ટને લાગ્યું કે હવે મારો દેહ રહેશે નહીં ત્યારે તેમણે સંન્યાસ લેવાની પોતાની ઇચ્છા સૌને દર્શાવી. માણસ મરતી વખતે કર્મમાત્રનો ત્યાગ કરે તેને આતુર સંન્યાસ કહે છે. આવો આતુર સંન્યાસ લેવાની એ જમાનામાં પ્રથા હતી એટલે છોટાભટ્ટે પણ એ તરફ મન કર્યું. આ ઇચ્છા યથાર્થ છે કે કેમ તે નક્કી કરવા માટે પાડોશમાંથી જયાનંદ ગોરને બોલાવ્યા. જયાનંદ ગોર એ વખતના પ્રસિદ્ધ કર્મકાંડી શાસ્ત્રી હતા. જયાનંદ ગોરે આવીને છોટાભટ્ટને કહ્યું: "ભટ્ટજી, તમારો વિચાર શાસ્ત્રસંમત નથી. તમે અગ્નિના ઉપાસક છો. તમે આજ સુધી ઘણોય ત્યાગ કર્યો છે: આજે ભગવાં કરીને તમે વધારે શું છોડવાના છો? નિષ્કામ કર્મ કરનારની ગતિ સંન્યાસીથી ઊતરતી છે એમ આપણાં શસ્ત્રો કહેતાં નથી. માટે સંન્યાસનો વિચાર છોડી અગ્નિદેવમાં જ મનને પરોવો. હોમવાનું બાકી રહ્યું હોય એ બધું એમાં જ હોમો."

આ વ્યાધિ છોટાભટ્ટને જીવલેણ નીવડ્યો. બરાબર એકાવન વર્ષની ઉંમરે એમણે પોતાનો દેહ છોડ્યો. સાંજને વખતે અગ્નિમાં આહુતિઓ અપાઈ રહી હતી અને છોટાભટ્ટ પથારીમાં સૂતા સૂતા હોમના મંત્રો મનમાં બોલતા હશે ત્યાં એમની આંખ મીંચાઇ.

કોઈપણ આવસત્થીની અન્ત્યેષ્ટિ ક્રિયાઓ થાય તેવી મારા દાદાની પણ કરવામાં આવી. તેમને અગ્નિદાહ આપવા માટે હોમનો અગ્નિ લેવામાં આવ્યો. બધાં યજ્ઞક્રિયાનાં પાત્રો તેમના મૃતદેહ ફરતાં ગોઠવવામાં આવ્યાં અને મારા કાકા મોરારજીએ શ્મશાનમાં એમના મુખમાં હોમ કર્યો. આ પ્રમાણે હોમ થયા પહેલાં કોઇને રડવાની સખત મનાઇ હતી. મારી ચંદુબાને પણ રડવું ખાળી રાખવું પડ્યું હતું.

[૪]

મારા નાનાદાદા (છોટાભટ્ટ) ગુજરી ગયા પછી ઘરનો કારભાર મારા કાકા મોરારજીના હાથમાં આવ્યો. અમારું કુટુંબ ઠીકઠીક મોટું હતું અને સૌ એક જ રસોડે જમતાં, એટલે ઘરની હવા પણ ગરમ રહ્યાં કરતી; મારાં શિવબાફઈ પોતાના પતિ તથા બાળકો સાથે લગભગ અમારે ઘેર જ રહેતાં અને ભણ્યાંપરણ્યાં તે પણ અમારે ઘેર જ. કલ્યાણભટ્ટનું કુટુંબ છોટાભટ્ટના કુટુંબ કરતાં બમણું મોટું. મારા જેવા નાના છોકરાઓ પણ જન્મતા ત્યારે કાકા થઈને જ જન્મતા. મારાથી ઉંમરે મોટા ભત્રીજાઓ પણ ન હતા એમ નહીં.

છોટાભટ્ટના અવસાન પછી બન્ને કુટુંબોના સંયુક્ત મુરબ્બીનું સ્થાન મારા કાકા ભાઈશંકરભાઈ પર આવી પડ્યું, અને એમના અવસાન સુધી ત્યાં જ રહ્યું. આ સંયુક્ત કુટુંબના મુરબ્બીનો ભાર આખરના દિવસોમાં તેમને સાલવા લાગ્યો હતો. એમના અવસાન પછી તો એ ચીલો આપોઆપ ઉજ્જડ થઈ ગયો. અમારા આ સંયુક્ત કુટુંબનાં મારાં સ્મરણો બહુ મીઠાં છે. કુટુંબમાં કોઈ એકાદ માણસ બીમાર પડે ત્યારે તેની સારવાર કરનારની તો ખોટ જ ન પડે; કોઈ એકાદ માણસ ગુજરી જાય ત્યારે એ દુઃખમાં ભાગ લેનાર અને દિલાસો આપનાર મોટો વર્ગ; કોઈ લગ્ન જનોઈ જેવા સમાજિક પ્રસંગ આવે ત્યારે સૌ સાથે મળીને કામ કરે; એટલે બોજો હળવો થાય અને પ્રસંગ શોભે પણ વધારે. એકાદ પુરુષ ગુજરી જાય ત્યારે તેની વિધવા અને બાળકો નિરાધાર ન થાય; એકાદ બેનદીકરી વિધવા થાય તો તેના માટે કુટુંબમાં સમાસ હોય જ. આ બધી વસ્તુઓ મેં મારી આસપાસના જીવનમાં જોઈ છે. મને એ પ્રથાનાં ઘણાં મીઠાં સ્મરણો રહી ગયાં છે.

પણ બરાબર એ જ દિવસોમાં સંયુક્ત કુટુંબની ભાવના મરવા પડી હતી એમ કહી શકાય. આપણી આખી સંસ્કૃતિને આ વખતે પશ્ચિમની સંસ્કૃતિનો મોટો આંચકો લાગ્યો હતો અને એ સંસ્કૃતિની

પાછળ એની જે યથાર્થ સમજણ પડી હતી તેનું જ્ઞાન આપણે ખોયું હતું; એટલે એનો આત્મા ઊડી ગયો હતો અને પાછળ રહેલું ખોળિયું કોહી જઇને ગંધાવા લાગ્યું હતું. હું પણ મોટો થયો ત્યારે મેં અમારા બાહ્ય વ્યવહારની ભીતરમાં ડોકિયું કર્યું અને હું કંપી ઊઠ્યો.

અમારા કુટુંબમાં દીકરીઓ અમારે ઘેર જ રહે એવો લગભગ રિવાજ પડી ગયો. એટલે ઘરમાં દીકરીઓનું જોર વધ્યું. તેથી વધારે નુકસાન તો એ દીકરીઓને જ થયું. સ્ત્રીને કે પુરુષને યોગ્ય ઉંમરે સ્વતંત્રપણે પોતાનો ઘરવ્યવહાર ચલાવવાની તક ન મળે એ એક દુર્ભાગ્ય છે! મારી ફુઈઓ, મારી બેનો વગેરે એ વખતની છૂપી પોલીસ હતાં અને એમની કેટલીય વાતો મને સાંભરે છે ત્યારે હસવું આવે છે, ને દયા પણ ઊપજે છે. પણ અમારી વહુઓ આજની સ્ત્રીઓ જેવી મુલામય ન હતી પણ ઠીકઠીક રીઢી થઈ હતી; એટલે સાસુ–નણંદોની સામે ટક્કર પણ લેતી અને કોઈ કોઈ વાર તેમને હંફાવતી પણ ખરી.

મારા નાનાદાદા ગુજરી ગયા પછી મને ધૂળી નિશાળે મૂક્યો.

ચકુ મે'તો અને બાપુ મે'તો અમારા શિક્ષકો હતા. ચકુ મે'તો રોજ સવારે ચાર વિદ્યાર્થીઓને લઈને મને તેડવા આવે અને ન જાઉં તો ટાંગાટોળી કરીને મને ઉપાડ્યે રહે. બાપુ મે'તો મને જરાય ન ગમતા; એમની ફાંદ એવડી મોટી હતી. ઘણી વાર અમે ઘેર આવીને ગાતા :

" બાપુડો બજાર,
રોટલા ખાય હજાર;
પાણી પીએ ઘડો,
પેટ થાય દડો;
પેટ ગયું ફૂટી,
બાપુડો ગયો છૂટી. "

પણ ત્યાં હું વધારે વખત ન રહ્યો.

ધૂળી નિશાળેથી મને ગુજરાતી શાળામાં મૂક્યો. આ શાળા તે ખોજા હીરજીભાઈ જમાલભાઈની શાકપીઠ પાસેની શાળા. મારા કુઆ રેવાશંકર પાઠક આ શાળામાં મોટા માસ્તર હતા. આ શાળામાં હું ચાર વર્ષ રહ્યો. અમારી ત્રીજી ચોપડીના માસ્તર એક બ્રાહ્મણ હતા. એ બાપડા છાશવારે નાતમાં રાંધવા જાય ને અમને રજા મળે. શાળામાં આવે ત્યારે પણ અમને દાખલા ગણવા માટે આપીને ઝોકાં ખાય. એક વાર અમે ત્રણ ચાર ભાઈબંધોએ મળીને તેમની ચોટલીને ખુરસી સાથે બાંધી અને તેમાં દિવાસળી મૂકવા જતા હતા ત્યાં માસ્તર જાગી ગયા અને અમને સારી રીતે મેથીપાક મળ્યો.

પણ એ ચારેય વર્ષનો કોઈ માર વધારે સાંભરે તેવો હોય તો એ તો મારા કુવાને લીધે પડ્યો તે. હું શાળામાં પહેલો નંબર રાખું એટલે મૉનિટર થયો અને મારા મિત્રો મને રાજી રાખવા માટે કંઈ ને કંઈ ખવડાવે. એક વાર મારા એક મિત્રે મને કોઠાની ચટણી ખવરાવી ને પછી ઉપર પાન આપ્યું. બંદા તો પાન ચાવી જીભ બરાબર રાતી થઈ છે કે કેમ તે જોઈ કુઆના વર્ગમાં આવ્યા ત્યાં તો આવી બન્યું! રેવાશંકર પાઠકે મને કાનથી પકડ્યો ને સોટી માગી. પણ આગલે દિવસે અમારા માસ્તરે સોટી તો મારતાં મારતાં તોડી નાખી હતી, એટલે મારા કુઆ મને દાદર પાસે તેડી ગયા અને ત્યાં ઊભો રાખીને દાદર પર ચડવાના દોરડા વતી મને ઢીબરડ્યો. છતાં એમનો સ્નેહ હજી આજે પણ હું ભૂલ્યો નથી. મોટી ઉંમરે જ્યારે હું મેટ્રિકમાં સારે નંબરે પાસ થયો ત્યારે આ કુવા મહેતાજી મટીને રાણી સાહેબના કારભારી થયા હતા. મારો તાર આવ્યો કે તરત જ કુઆ મારી ચંદુ પાસે દોડી આવ્યા ને કહે : "ચંદુકાકી, તમારે નથુડે તો આજે ડંકો માર્યો. એ છોટાકાકાનું નામ રાખવાનો છે, હો!"

ગુજરાતી ચાર ધોરણો પૂરાં કરીને હું અંગ્રેજીમાં પડ્યો. હું

હોશિયાર વિદ્યાર્થી ગણાતો એટલે શિક્ષકો મારી આશા પણ રાખે. પણ શિક્ષકોની આશાને નિષ્ફળ કરવામાં અને ઠોઠ ગણાવામાં મને એક પ્રકારનો આનંદ આવતો. મારા માટે મારી આસપાસના વર્ગમાં હું હોઉં તેથી જુદી જાતની છાપ પડે ને હું ટીકાપાત્ર બનું એથી હું અંદરખાનેથી હરખાતો. મને યાદ છે હું અંગ્રેજી પાંચમા ધોરણમાં હતો. મારા શિક્ષક ભારે સજ્જન અને મહેનતુ હતા. અમારી હાઈસ્કૂલમાં પાંચમા ધોરણમાં ચાર વર્ગો હતા. એ ચારેય વર્ગોમાં હું સૌથી પહેલો રહું એવો મારા વર્ગશિક્ષકનો મનોરથ હતો, અને એ સિદ્ધ કરવા માટે તેમણે મારી પાછળ ઠીક ઠીક મહેનત પણ કરી હતી. પણ હું બરાબર પરીક્ષાને વખતે પ્રશ્નપત્ર લખવાને બદલે હાઈસ્કૂલના ચોગાનમાં ગંજીપો ટીપવા બેસી ગયો. ભલા શિવસુખરામ ભાઈને આ ખબર પડી એટલે મારો કાન પકડીને તેઓ મને વર્ગમાં લઈ ગયા. ત્યાં મોડા મોડા પણ પ્રશ્નપત્ર લખાવ્યો ને આખરે તેમનો મનસૂબો પાર પડ્યો! ઠેઠ છઠ્ઠા ધોરણ સુધી હું રખડાઉ વિદ્યાર્થી હતો; માત્ર કોઈ વર્ષ નાપાસ ન થયો એટલું મારું સદ્ભાગ્ય!

આ દિવસોના મારા માસ્તરો માટે મને આજ સુધી માનબુદ્ધિ રહી છે. એક તમાચા ભેગો ગાલ આખો લાલચોળ કરી મૂકનાર માનભાઈ માસ્તર, વર્ગમાં એક પદ આવ્યું કે તરત જ અનુસંધાનમાં કાલિદાસ–ભવભૂતિના શ્લોકોને લહેકાવનાર અંજારિયા માસ્તર, આખીય હાઈસ્કૂલ ઉથલપાથલ થઈ જાય તો પણ જેનું રુંવાડું ન થડકે એવા સ્થિતપ્રજ્ઞ જેવા મોતીચંદ લોર્ડ, વિદ્યાર્થીઓ માટે મરી પડે એવા સુરતના મહાસુખરાય શિવસુખરામ અને આ બધા વચ્ચે ધ્રુવ તારા જેવો સંન્યાસના ધડાકા કરનારો જાડિયો ભાંકો ખવાસ–આ બધાંય સ્મરણો હજી આજે પણ મને તાજાં છે. આ વર્ષો દરમિયાન મારા માસ્તર ફરામજી શેઠે ઈલિયડ શીખવતી વખતે મને ગ્રીક દેવકથાઓ પર શોખ પેદા કર્યો અને નરસિંહપ્રસાદ અંજારિયાએ પોતાના મધુર કંઠથી મારામાં સંસ્કૃત સાહિત્યનો શોખ જગાડ્યો.

આટલો મારો અગિયાર વર્ષ દરમિયાનનો અભ્યાસકાળ. પણ રીતસર શાળાના માસ્તરો ઉપરાંત પણ મને કેટલાક ગુરુઓ મળ્યા હતા ખરા. તેમાં સૌથી અગ્રસ્થાન છે ભાનુશંકર શાસ્ત્રીનું. ભાનુશંકર શાસ્ત્રી ધમડાછાના રહેવાશી. તેમને યશોનાથના મંદિરમાં પૂજા કરવા માટે બોલાવેલા. એ પોતે શુદ્ધ બ્રાહ્મણ. વેદાન્તના પ્રખર અભ્યાસી. પ્રો. મણિલાલ નભુભાઈ અને પ્રો. જેકિશનદાસ કણિયા જેવા ધુરંધુર વિદ્વાનો એમની પાસે ગુરુભાવે જતા. ભાનુભાઇ શાસ્ત્રી સ્વભાવે શાંત અને નિરભિમાની. મારા પિતાએ તેમની ગુરુભાવે સેવા કરેલી મને યાદ છે. એમના આખાય કુટુંબ સાથે અમારે ઘર જેવો સંબંધ બંધાયો હતો. હું મારા પિતા સાથે ઘણીવાર તેમની પાસે જતો અને કલાકો સુધી બેસતો. તેમણે મને કોઈ દિવસ કશુંય રીતસર ન શીખવ્યું, પણ તેમના શાન્ત નિરભિમાની જીવનની મારા પર ઊંડી છાપ છે.

એવા જ બીજા ગુરુ નીલકંઠ મહાદેવના અચ્યુતસ્વામી. અચ્યુત મહારાજ વામમાર્ગી સાધુ ગણાતા. એમની ઉંમર ૧૨૫ વર્ષની કહેવાતી. એ નીલકંઠ મહાદેવની એક અલાયદી ઓરડીમાં રહેતા અને ત્યાં પોતાનાં ધ્યાન વગેરે કરતા. હું એમને દરરોજ લંગોટી વાળીને પોતાની પેસાબની કૂંડી ઉલેચતા જોતો. અમને છોકરાઓને એ ઘણીવાર પ્રસાદ આપતા અને યોગની વાતો પણ કરતા. હું તેમને જ્યારે જ્યારે જોતો ત્યારે ન સમજી શકું એવું એક કુતૂહલ મને થયા જ કરતું. એમની વાતોએ મને કેટલાંય સ્વપ્નો ઊભાં કર્યાં હશે. પણ એમની પ્રત્યે મારો પૂજ્યભાવ ઘણો થયો હતો. એમનો દેહ પડયો ત્યાર પહેલાં ૨૪ કલાકે એમણે પોતાની તૈયારી કરી લીધી હતી. પછી બારણું બંધ કરી આસન વાળીને એમણે દેહ છોડયો. મારા પિતા વગેરેએ એમના ઓરડાનાં કમાડ તોડીને ઉઘાડયાં ને પછી એમને સમાધિસ્થ જાહેર કર્યા. અચ્યુતસ્વામીના અવસાન પછી દિવસો સુધી કોણ જાણે કેમ મને નીલકંઠ મહાદેવમાં પગ મૂકવાનું મન ન થયું

આ બે મૂંગા ગુરુઓ. મારો ત્રીજો ગુરુ પછ્ગામની પેડલી.

પછેગામ મારી માનું તેમ જ મારા પિતાનું મોસાળ. એ દિવસોમાં જ્ઞાતિસંસ્થા ભારે જોરથી ચાલતી હતી એટલે અનેક પ્રસંગોએ મારે પછેગામ જવાનું બનતું. પછેગામ એ દિવસોમાં અમારું પ્રશ્નોરાઓનું વિલાયત ગણાતું. અમે પ્રશ્નોરાઓ આમ તો બ્રાહ્મણો; પણ બીજા બ્રાહ્મણોના કરતાં અમારામાં એક વિશિષ્ટતા છે એમ અભિમાન વિના કહી શકાય. એ દિવસોના અમારી જ્ઞાતિના રીતરિવાજો પર દૃષ્ટિ નાખું તો કહી શકું કે ગામડાંઓમાં બ્રાહ્મણ તરીકે રહેવાની કળા જો કોઈ જ્ઞાતિએ વધારે સારી કેળવી હોય તો તે પ્રશ્નોરા જ્ઞાતિએ.

હું કળા કહું છું, શાસ્ત્ર નહીં; આચાર કહું છું, વિચાર નહીં. ગરીબાઈથી રહેવું, શાસ્ત્રસંસ્કાર નિરંતર ચાલુ રાખવા, જમવામાં સાદો છતાં પૌષ્ટિક આહાર લેવો, સ્વચ્છતા ચુસ્ત રીતે પાળવી, વૈદાથી અને કથાવાર્તાથી દેહનિર્વાહ કરવો, દરરોજ ભિક્ષા માગવી અને યજમાનનો જે રોટલો મળે તેથી સંતોષ માનવો. એ દિવસે પછેગામના પ્રશ્નોરા વૈદો કોળીવાઘરીની નાડ પહેલી જોતા. એ દિવસે પ્રશ્નોરા સ્ત્રીઓ ખડ વાઢવા જતાં કે છાણાં વીણવા જતાં શરમાતી નહીં. એ દિવસે પ્રશ્નોરાઓ નાનાં ફાળિયાં પહેરીને ઉઘાડે શરીરે ફરતાં સંકોચ પામતા નહીં. એ દિવસે દરરોજ સાંજે પેડલી ઉપર શાસ્ત્રચર્ચાઓ થતી અને પ્રશ્નોરા સ્ત્રીઓને તેમ જ બાળકોને અનાયાસે શાસ્ત્રવચનનો લાભ મળતો. આ દિવસોમાં હું પછેગામ જતો ત્યારે મને પણ આવી વાતો સાંભળવાને મળતી અને હું બહુ જ રસથી એ વાતો સાંભળતો. આવા પ્રસંગોએ પછેગામના ભટ્ટ ઇશ્વિરભાઇ ગૌરીભાઈ જે વાર્તાઓ કહેતા તે વાર્તાઓએ મને મંત્રમુગ્ધ બનાવ્યો હતો. એમનો મહાભારતનો અભ્યાસ અને વાર્તા કહેવાની એમની શૈલી એ બન્નેએ એકઠાં થઈને એમની વાતોને એક ચોક્કસ પ્રકારનું રૂપ આપ્યું હતું. આપણાં પુરાણો તરફ, આપણાં મહાભારત–રામાયણ તરફ, આપણાં શાસ્ત્રો તરફ મારું સૌથી પ્રથમ આકર્ષણ કરવાનું માન જો કોઈને જતું હોય તો તે આ પેડલીના શાસ્ત્રીઓને, અને એ શાસ્ત્રીઓના પણ મુખી એવા

ઇશ્વરભાઈને જાય છે. આજે દિવસો ફરી ગયા છે. પછેગામ તો એનું એ છે; પછેગામની નદી પણ એની એ વહે છે; પ્રશ્નોરાની ખડકી તો એની એ છે; છાણની પેડલી તો આજે પણ એની એ છે; પણ પેડલીનો બેસનાર એ દિવસનો પ્રશ્નોરો આજે કયાં છે? એ દિવસની શાસ્ત્રનિષ્ઠા આજે કયાં છે? એ દિવસની બ્રાહ્મણવૃત્તિ આજે કયાં છે? પછેગામની આ પેડલી પણ મારો મોટો ગુરુ.

[૫]

મારા અગિયાર વર્ષના કાળ દરમિયાનની મારી થોડીએક ટેવોની નોંધ મારે લેવી જોઈએ. મારી દસ વર્ષ સુધીની ઉંમર સુધી મને જમતી વખતે મોઢામાં કોળિયો ભરી રાખવાની આદત હતી. જમતાં જમતાં હું મોઢામાં કોળિયો રાખીને બેસી જ રહું, બેસી જ રહું; અને ઘણીવાર તો એક એક કલાક સુધી. મારા પિતા મને આ માટે ટોકે, કેટલીક વખત મારે પણ ખરા, અને કોઈ કોઈ વાર તો સળગતું લાકડું લઈને કોળિયો ગળા નીચે ઉતારું ત્યાં સુધી મારી સામે ધરી રાખે. કોણ જાણે કેમ આ આદત એની મેળે ગઈ અને ધીમે ધીમે ચાવીને ખાવાની ટેવ કોણ જાણે કયાંથી આવી!

એવી જ બીજી ટેવ ગોળ ખાવાની. ગોળ વિના હું એકેય ટંક જમું નહીં; એટલું જ નહીં પણ સાંજે ખીચડીમાં પણ ગોળ ચોળ્યા પછી જ તેને હાથ અડાડું. ગોળની આ ટેવ ઘણા વખત સુધી ચાલી અને હજી પણ ગોળ ઉપરની પ્રીતિ ઓછી થઈ છે એમ હું કહી શકતો નથી.

ગોળને અંગે મારા જીવનનો એક કિસ્સો મને બરાબર યાદ છે. અમારા કુટુંબમાં એક મરણ થયું. તેનો શોક ફરજિયાત રીતે એક વર્ષ સુધી ચાલ્યો, એટલે એક વર્ષ સુધી ઘરમાં કશું ય મિષ્ટાન્ન થયું નહીં. વર્ષને અંતે જ્યારે શોક મૂકવાનો વખત આવ્યો ત્યારે સવારે લાપશી રાંધવાની હતી. મારાં ફઈ લાપશી માટે ગોળ કાઢવા મેડીએ ગયાં અને

ગોળનું વાસણ ઉઘાડીને જુએ તો ગોળ જ ન મળે! ફઇબા તો આશ્ચર્ય પામ્યાં ને મારી ચંદુબાને કહે: "બા, એ બા, માટલામાં તો ગોળ નથી." "હેં, શું બોલે છે? જરા ઊંડો હાથ નાખ, ઊંડો; ગોળ સરી ગયો હશે." પણ હાથ ઊંડો નાખે તોય ગોળ નીકળે ક્યાંથી? "ઈ ઓલ્યા મોહનાના કામા હશે." મારાં ફઈ બોલ્યાં.

"ઇ, ઠીક. હળવું લોહી હવાલદારનું," મોહન ઊકળી ઊઠ્યો. "નથુડાને કહેવાય નહીં એટલે કે' મોહનાને."

"મને શું છે? પૂછોને ઓલી સંતોકડીને." મેં પણ માથેથી ટાળવાનું કર્યું.

"બોલ અલી સંતોકડી, ગોળની ખબર છે?" મારાં ફઇએ આંખ કાઢી.

"બા, મને તો કાલે જ એક કાંકરી ગોળ મોહને આપ્યો હતો." સંતોક બીતી બીતી બોલી.

"પણ આ તો આખો ઘડો ખાલી છે." મારાં ફઈ બોલ્યાં.

"નથુભટ્ટ ને મોહન રોજ સાંજે નિશાળેથી આવીને ઉપર ચડી જાય છે, તે ખાતા હશે. મને કશી ખબર નથી. મને મારીશ મા." સંતોક બાપડી રોઈ પડી.

દરમિયાન અમે બન્ને દફતરો લઇને ખાધાપીધા વિના નિશાળ ભેગા થયા.

સાંજે ઘેર આવ્યા ત્યારે ચંદુએ અમારા માટે લાપશી ચોળી રાખી હતી તે અમે પેટ ભરીને ખાધી. આજ બિચારી સંતોકે પેટ ભરીને માર ખાધો હતો. તેને પણ અમારી સાથે લાપશી મળી, એટલે તે કૃતાર્થ થઈ!

નાનો હતો ત્યારથી મને રમકડાં અને ચિત્રોનો ભારે શોખ. રમકડાંઓનું એક મોટું કબાટ મેં ભર્યું હતું. અને ચિત્રમાં તો કાપડ

ઉપરની છાપોનો મોટો જથ્થો. આ રમકડાં તથા ચિત્રોને હું રોજ ગોઠવું, તેને સાફ કરું, ને રમકડાં–ચિત્રો મિત્રોને દેખાડું પણ ખરો. આ વખતે મિત્રમાં મિત્ર તો મોહન. નાનપણમાં તો એવું થતું કે સવારે મોહન સાથે ભાઈબંધી થાય અને સાંજે તકરાર થાય. ભાઈબંધીના વેગમાં હું મોહનને રમકડાં જોવા તેડી જાઉં પણ સાંજે તકરાર થાય ત્યારે રમકડાં જોયાં તેનું ભાડું માગું, ને ભાડું મળે ત્યાર પછી જ વાળુ કરું ને મોહનને કરવા દઉં. મારા કાકા મોરારજી મને મોહન વતી ભાડાનો રૂપિયો આપે. તે રૂપિયો હું તેમને સાચવવા આપું ને વાળુ કરીને સૂઈ જાઉં. બીજે દિવસે પાછો એ જ મોહન મારો મિત્ર. ભાડાનો રૂપિયો પાછો સાંભર્યો હોય એમ મને યાદ નથી. આવા તો કેટલાય ભાડાના રૂપિયા મળ્યા ને ભુલાઈ ગયા.

સ્હેજ વધારે સમજણો થયા પછી મેં એક ચોરી કરી: મેં અને મારા ભાણેજ મિત્ર લક્ષ્મીશંકરે. લક્ષ્મીશંકરના મામા ભદ્રશંકરનું ખિસ્સા ઘડિયાળ ચોરીને અમે સીધા ગુજરીમાં ગયા. ત્યાં ઘડિયાળ વેચ્યું. તેના પૈસામાંથી નાસ્તોપાણી ઉડાવ્યાં; થોડાંએક ચિત્રો વેચાતાં લીધાં; પાનપટ્ટી ચડાવી ને બાકીના પૈસા ખિસ્સામાં મૂક્યા. સાંજે અમે બન્ને ઘેર આવીએ ત્યાં તો 'ઘડિયાળ કોઈ ઉપાડી ગયું, ઘડિયાળ કોઇ ઉપાડી ગયું' ની હવા ઊભી થઇ હતી. પણ મને એની ખબર નહીં. હું તો ઘેર આવીને હાથપગ ધોઇ વાળુ કરવા બેઠો, ત્યાં મારી ચંદુબાએ વાત કાઢી.

"બા, શેની વાત છે?" મેં પૂછ્યું.

"એ તો ભદ્રશંકરના ખિસ્સામાંથી ઘડિયાળ ગઈ છે. અમને એમ કે મોહને લીધી હશે. મોહન તો ના પાડે છે." ચંદુ બોલી.

"બા, મોહનને ક્યાં ખબર છે? ઘડિયાળ તો અમે લીધી છે." મેં જણાવ્યું.

"તેં ચોરી છે? ત્યારે બોલતો શું નથી?" મારાં ફઈ બોલ્યાં.

"હા, મેં અને ભાંકાએ લીધી છે; પૂછો ભાંકાને." મેં જણાવ્યું.

"તો લાવ એ ઘડિયાળ. હું ભદ્રશંકરને આપી આવું." મારા પિતા બોલ્યા.

"ઘડિયાળ તો અમે ગુજરીમાં વેચી દીધી." મેં કહ્યું.

"કેટલા રૂપિયામાં?" મારા પિતાએ પૂછયું.

"અઢી રૂપિયામાં." મેં જણાવ્યું.

"અઢી જ રૂપિયા?" મારા પિતા બોલ્યા.

"ભાંકો તો કહે, જે આપે તે લેવું છે." મેં જણાવ્યું.

"લાવ એ અઢી રૂપિયા." મારા પિતાએ જણાવ્યું

"એમાંથી અમે નાસ્તો કર્યો, ચિત્રો લીધાં, પાન ખાધાં ને વધ્યા તે પૈસા મારા ખિસ્સામાં પડ્યા છે." મેં જણાવ્યું.

મારા પિતાએ મારા ખિસ્સામાંથી પૈસાં લીધા. તેમાં બીજા પણ ઉમેર્યા અને ભદ્રશંકરને આપી આવ્યા. મોહન આ વખતે તેમની સાથે ગયો હતો. મોહને આવીને મને કહ્યું: "નથુભટ્ટ, તું માની ગયો એટલે બચી ગયો હો, બાકી ભાંકાને તો એની બાએ ધોઈનાખ્યો છે, ધોઇ."

પ્રાથમિક શાળામાં ભણતો હતો તે વખતે છસો મારો ભાઈબંધ. મને લખોટે રમવાની અને ગરિયા ફેરવવાની ભારે લત. શાળાએથી આવીને તરત જ ધોતલી કાઢીને ફગાવું અને લંગોટી પહેરતોક ગરિયો લઇને શેરીમાં દોડું. છસો ખોજાવાડમાં રહે અને પાસેની સંઘેડિયા બજારમાંથી રંગબેરંગી ગરિયા ચોરી લાવે. છસાની પાસેથી હું ગરિયા લઉં અને તેના બદલામાં હું તેને કાંકરા આપું. અમારી આ લેવડ-દેવડ બે ત્રણ વર્ષ સુધી ચાલી હશે.

આ તો બધી મારી ટેવો. પણ આ ટેવોની બહાર મારું તોફાન ઘણું હતું. મારા એ દિવસો યાદ કરું છું ત્યારે મને મારાં પોતાનાં

બાળકો પણ ઘણાં શાંત જણાય છે. હોળીના દિવસોમાં લાગટ પંદરેક દિવસો સુધી દરરોજ છાણાં ચોરવા જવું અને કોઈકોઈવાર તો ખુદ કમાડ પણ ઉઠાવી લાવવાં, ભૂંડાં નામોવાળાં ગાજરનાં બીઆં કરી તેને માણસોના વાંસામાં છાપવાં, દેદો કૂટતી છોડીઓ પર ધક્કા મારવા ને તેમની ગાળો ખાવી, મોઈ–દાંડિયાની રમઝટ બોલાવવી, દિવાળીના દિવસોમાં હાથમાં ફટાકડા ફોડવા ને ગડદિયા ફોડવાનું જોખમ ખેડવું, હોળીના દિવસોનાં ભોજાઈ ઉપર પિચકારીઓ મારી મારીને તેમને ભીંજવી નાખવી, હેમાશાને બાળવાની કાણ કાઢવી, રજાના દિવસોમાં ઠેઠ રૂવાપરીથી પણ દૂર દૂર ખારી સુધી રખડવું ને તળાવડીમાં નહાવા પડવું, દૂર ગઢેચી સુધી ક્રિકેટની મેચો જોવા ઊપડવું, સાહેબલોકોની બકરીઓ દોહી પીવી, નીલકંઠ મહાદેવની આંબલી પર ચડીને ડાળ પર ઘોડો પલાણીને કાતરા ખાવા ને ચટણીઓ વાટવી– આ અને આવાં અનેક પ્રકારનાં તોફાનોથી હું મારી ચંદુને ઘણોવાર પજવતો. ચંદુ ઘણીવાર મને કહેતી : ‘ આજે તો હું બેઠી છું એટલે તારું ચાલે છે; પણ હું નહિ હોઉં ત્યારે તારી કઈ મા બધું સાંખશે ? ’ પણ મારા સદ્‌ભાગ્યે હું ભણીને મહુવાની અંગ્રેજી શાળાનો હેડમાસ્તર થયો ત્યાં સુધી મારી ચંદુ જીવી અને મારી ટાઢક લઈને ગઈ.

પણ મારાં આ બધાં તોફાનોની સાથે સાથે બીજું પણ થોડુંએક હતું. હું ઘણીવાર નાહીને નીલકંઠ મહાદેવની પૂજા કરવા જતો. નવરાત્રિના દિવસોમાં ગરબીને તૈયાર કરવામાં ને ગરબી માટે તેલ ઉઘરાવવામાં સારો ભાગ લેતો. દરરોજ સાંજે મહાદેવની આરતી વખતે ઝાલર વગાડવા જતો ને પ્રસાદ લઈને જ પાછો આવતો. દર રવિવારે અને પરીક્ષાઓ ચાલતી હોય ત્યારે એક પગે ઊભો રહીને માળા ફેરવતો ‘ હે પ્રભુ ! મને પાસ કરજે ’ એવું વરદાન માગતો. રવિવારે તેમજ રજાના દિવસોમાં મારે ઘેર ત્રીજે માળે વર્ગો ચલાવતો અને શેરીનાં છોકરાંઓને એકઠાં કરતો. દરરોજ સવારમાં નહાવાધોવા માટે જમનાકુંડ પર કે મોતીબાગ જતો ને કપડાં ઘણાં જ ચોખ્ખાં રાખતો.

ગામમાં કે મહાદેવમાં કોઈ સાધુસંન્યાસી આવ્યા હોય તો તેમની પાસે પહોંચી જતો ને તેમની સેવાચાકરીમાં લાગી જતો.

પણ એક વાત નોંધું ? આ બધાંય વર્ષો દરમિયાન હું દાતણ કરતો જ નહીં એમ કહું તો ચાલે. મારી બા ઘણીવાર મને ટોકે ત્યારે જેમ તેમ દાતણ કર્યું છે એમ પતાવું અને જેવું તેવું કરું પણ ખરો; પણ ખરી રીતે મેં દાતણ કરવાનું સત્તરમા વર્ષથી જ શરૂ કર્યું. મારાં સદ્ભાગ્યે મારા દાંત હજુ સુધી સારા રહ્યા છે-દાંત વડે શેરડી ખાઈ શકું એવા !

આ કાળના મારા મિત્રો ઘણા હતા. પણ દિલની મૈત્રી તો હતી એક મારી ફઈના મોહનની સાથે. રહેવામાં, ખાવાપીવામાં, સૂવા બેસવામાં, રમવામાં, રખડવામાં, પરગામ જવામાં, તોફાનમાં, વઢવામાં અમે બે સાથે જ રહેતા. ઘણીવાર તો કલાકો સુધી અમે વાતો કર્યા કરતા. હું સોળ વર્ષની ઉંમરે મૅટ્રિકમાં પડ્યો ત્યારે મોહન નોકરી પર ચડ્યો ને પછી જીવ્યો ત્યાં સુધી દુઃખી દુઃખી રહ્યો ! તદ્દન ઓછું ભણેલો, શીળીનાં ચાઠાં, એક આંખમાં ફૂલું, રૂપમાં મને પણ વટી જાય એવો અને આખાબોલો મોહન હજી આજે પણ મારા હૃદયમાં મિત્રસ્થાને છે.

એકવાર અમે બન્ને હોળીના દિવસે હેમાશાની ઠાઠડી કાઢીને બાળવા ગયેલા. એ વર્ષે હેમાશાના બાપ તરીકે મને પસંદ કર્યો હતો એટલે હેમાશાનો દહાડો કરવાનું અને સૌને ધાણી, દાળિયા, ખજૂર ખવરાવવાનું મારે માથે હતું. હેમાશાની લાકડાની મૂર્તિને બાળીને અમે સૌ પ્રભુદાસના તળાવમાં નહાવા ગયા; અને નહાતાં નહાતાં હું કાદવમાં ઠેઠ છાતી સુધી ખૂંચ્યો ત્યારે મોહને મારી લાંબી ચોટલી ખેંચીને મને બહાર કાઢ્યો ને પછી મારા આખાય શરીરને પાણીથી ધોયું. અમે બન્ને મોડા થયા એટલે મિત્રો કહેવા લાગ્યા. 'આજે અમારે તો નથુભટને ઘેર કાણ લઈ જવી છે ને તમે બે તો દેખાતા નથી !'

મોહને આ મિત્રોને જવાબ દીધો : " અરે ભાઈ, આજ તો નથુભટની પોતાની કાણુ થઈ જાત એ ખબર છે ? "

આ સિવાયના મિત્રો સાથેનો મારો સંબંધ તો ગાઢ હતો; પણ એ મિત્રો મોટે ભાગે ચારિત્ર્યહીન હતા એમ કહી શકાય. એમાંના કેટલાએક તો ઊંધે રસ્તે ઘણા આગળ નીકળી ગયેલા હતા. આ મિત્રોની સાથે રખડવામાં મને એક પ્રકારનો આનંદ આવતો અને એમના સાહસ કાર્યોમાં મને મજા આવતી. પણ પ્રભુકૃપાથી એમના અવળા માર્ગમાંથી હું ઠેઠ છેલ્લે પગથિયે જઇને બચી ગયો. કોઇએ કેમ જાણે મને હાથ પકડીને બચાવી લીધો એમ કહું તો ખોટું નથી.

બરાબર આ કાળમાં તેર ચૌદ વર્ષની ઉંમરે મારાં લગ્ન થયાં. મારો લગ્નપ્રસંગ મને બહુ યાદ નથી. મારી ચંદુને મને પરણાવવાના બહુ કોડ હતા એટલું યાદ છે. પણ મારી ઉંમર સોળ વર્ષની થઈ ત્યારે મારા જીવનમાં એક ભારે પલટો આવ્યો. મારી સ્ત્રીનું નામ શિવલક્ષ્મી હતું. સૌ એને શિવબાઈ કહેતાં. એ બહુ રૂપાળી ન હતી, મને રૂપાળી વરતાતી. પરણ્યા પછી એક વાર દિવાળી ઉપર શિવ અમારે ઘેર આવી. મારા મનમાં તેને મળવાની ઉગ્રતા જાગવા માંડી હતી પણ મળાય શી રીતે ?

મારા જેવડી મારી બહેનો ચોકીપહેરો ભરતી હોય ત્યાં મારું શું ચાલે ? એવામાં એકવાર શિવ પોતે મેડી પર છાનીમાની આવી ચડી. જીવનમાં હું પહેલવહેલો જ એને મળ્યો.

મારાથી પુછાઈ ગયું : " આ વખતે તો તું રોકાઈશ ના ? "

શિવની આંખમાં આંસુ આવ્યાં, " હું શું રોકાઉં ? તમે રોજ ઊઠીને તમારા ભાઇબંધોને લાવ્યા કરો છો ને હું બળી જાઉં છું. હું તો હવે પછી આવનાર નથી. "

આ શબ્દોથી મને ભારે આઘાત થયો.

“ભાઈબંધો તો આવે જ ના ? તું એમને કયાં ઓળખે છે ?”

“એ બધાયને હું પગમાંથી ઓળખું છું. એ બધાય સારા નથી. એ હશે ત્યાં સુધી હું આવવાની નથી.” શિવે રોતાં રોતાં જણાવ્યું.

“પણ એમની ભાઈબંધી છોડું તો ?”

“તો તો પાછી હું ત્રણ મહિને જ આવીશ.”

“પણ તારી બા આવવા નહીં દે તો ?”

“તો હું કહીશ કે મારે જવું છે.”

“પણ અહીંથી ચંદુ તેડાવશે નહીં તો ?”

“તો હું મારા ભાઈની સાથે ચાલી આવીશ. સાસરે આવવા જેવડી થઈ છું તો પછી તેડાની રાહ નહીં જોઉં.”

“તો એ ભાઈબંધો ગયા સમજ.”

“તો મને આવી સમજો.”

સંવાદ ચાલતો હતો ત્યાં સી. આઈ. ડી. અમલદાર આવી પહોંચ્યો ને અમે છૂટાં પડ્યાં!

આ બન્યું ધનતેરશને દિવસે. બેસતું વર્ષ એટલે મારો જન્મદિવસ. એ દિવસે સવારથી મારા મિત્રો આવવા લાગ્યા. મેં એમને સૌને જણાવી દીધું: “આજથી આપણી ભાઈબંધી બંધ છે.” એ દિવસ સુધી મને ઊંઘ ન આવી. ‘આ મિત્રોને છોડીને હું કયાં જઈશ’ એ વિચારે મને ભારે મૂંઝવ્યો. એ દિવસ ન ખાધું ન પીધું. શિવના શબ્દોની પાછળ જે નિર્મળતાનો આગ્રહ હતો તેણે કેમ જાણે મને બાંધી લીધો.

“કેમ નથુભટ, આમ એકદમ આપણી ભાઈબંધી છોડવાનું કાંઈ કારણ ?”

"કારણ કાંઈ નહીં."

"પણ અમારો વાંક ગુન્હો?"

"વાંક ગુન્હો કોઈનો નહીં. મારે હવે ભાઈબંધી રાખવી નથી એવો મારો નિશ્ચય છે."

મારા ભાઈબંધોએ મને સમજાવવા માટે ભારે કોશિશ કરી, બે દિવસ સુધી એ સૌ મારે ઘેર જ પડ્યાપાથર્યા રહ્યા. પણ મેં મારો નિર્ણય કરી લીધો હતો. ત્રીજે દિવસે સૌ મારી પાસે એકઠા થઈને આવ્યા ને બોલ્યા: "તો ત્યારે રામ રામ! હવે તું ય, દોસ્ત, જોઈ લેજે."

ત્યારથી એ મિત્રો ગયા તે ગયા. ફરીથી એમની સાથે મૈત્રી થઈ નથી. એ બધા મિત્રોનું ઉત્તરજીવન જોઉં છું ત્યારે થાય છે કે ઈશ્વરે જ મને મારી સ્ત્રી મારફત બચાવી લીધો. શિવલક્ષ્મીનો મારા પરનો આ મોટો ઉપકાર આજે પણ હું ભૂલી શક્યો નથી અને આજે પણ ઘણીવાર હું, સૌ. અજવાળી તથા બાળકો જીવનની વાતો કરીએ છીએ ત્યારે મારા જીવનની દેવીનો પ્રસંગ હું ઘણા ગર્વથી ગાઉં છું.

પણ આ મિત્રો ગયા તે વખતે જ મોહનની સાથોસાથ ઊભા રહી શકે તેવા બે મિત્રો તરફ હું વધારે ગયો. આ બે મિત્રો તે મારા કાકાના દીકરા ચમનલાલ તથા છગનલાલ.

ચમનલાલ મારા અને મોહનના સમાન મિત્ર હતા. ઉંમરમાં પણ પણ એવડાજ અને ભણુતરમાં પણ સાથે. ચમનલાલ કાને સહેજ બહેરા હતા. એમનું ઘર અમારા ઘરની લગોલગ હતું. ચમનલાલના ઘરમાં ચમનલાલ સહેજ બહેરા ને એમનાં મોટાં બેન એથીયે વધારે બહેરાં એટલે આખાય ઘરમાં સૌ મોટે સાદે બોલે ને રાડારાડ કરી મૂકે. એ સાંભળવાની મને અને મોહનને બહુ મજા આવતી.

છગનલાલ અમારાથી ઊંમરે થોડા મોટા. તે અમને ભણવામાં

મદદ કરે ને અમારા માસ્તર જ્યારે અંગ્રેજીનો ખોટો પડેલો spelling ૧૦૦૦ વખત લખાવતા ત્યારે સાથે તેઓ અમારી મદદે આવીને ૬૦૦–૭૦૦ વાર પોતે લખી આપે.

મારાં લગ્ન થયાં ત્યાંસુધી મોહનનું વેવિશાળ થયુ ન હતું એટલે મારાં ફઈને બહુ ઓછું આવતું. મોહનનું તો વેવિશાળ પણ નથી થયું એમ કોઈ કહે ત્યારે તે કહેતો,

"સાસુને ભર્ ર્ ર્ ર્
સસરાને ભર્ ર્ ર્ ર્
ઓલી જાળિયામાં ડોકાય
એને સાત વાર ભર્ ર્ ર્ ર્"

પણ છેવટે મારા પિતાની મહેનતથી એનું વેવિશાળ થયું એટલે એ ઠેકાણે પડયો.

[૬]

હવે પછીનાં પાંચ વર્ષો એ મારા જીવનપરિવર્તનનાં વર્ષો છે, અને એ પાંચેય વર્ષો મારા નવા શરૂ થયેલા ગૃહસ્થાશ્રમનાં વર્ષો છે.

અમારું મોટું અવિભક્ત કુટુંબ હવે વિભક્ત થયું અને મારા કાકા મોરારજી અને મારા પિતા કાલિદાસ છૂટા થયા. મારી ચંદુબા અમારી સાથે જ હતી.

હવે અમારા ઘરમાં બહુ જ સ્વભાવિક રીતે મારાં નવાં બા કાશીનું રાજ્ય મંડાયું. મારા પિતા ફરીથી પરણ્યા અને મારાં બા ઘેર આવ્યાં તે દિવસથી કોણ જાણે કેમ એ અમારાં દુશ્મન અને અમે એમના દુશ્મન એવી હવા પ્રસરી હતી. મારાં ચંદુબા, મારાં ફઈ, મારાં મોસાળિયાં, અમારી કાકી, મારી માસીઓ, એ સૌ અમે ન સમજીએ એ રીતે અમારા કાનમાં આ ઝેર રેડતાં અને મારી બાનાં કુટુંબીઓ પણ એ જ ધંધો કરતાં; અને કોઈ વધારે શરમાવે એવી રીતે કરતાં.

મારા પિતાની સ્થિતિ ભારે કફોડી હતી. આપણા સમાજમાં બીજવરને પોતાની નવવધૂને પોતાની કરવા માટે ને સાથે સાથે સગાંવહાલાંને રાજી રાખવા માટે જે કળા વાપરવી પડે છે તે મારા પિતામાં ન હતી. ઉપરાંત, મારાં બા નાનપણથી જ માંદાં રહેતાં એટલે એમનો સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો. આ નવા વાતાવરણમાં મારો ગૃહસ્થાશ્રમ મંડાયો.

મારી પત્ની શિવબાઈ ભારે હોશિયાર હતી. મારાં નવાં બા સાથે કેમ કામ લેવું એ બાબત તેને ફાવટ આવી ગઈ હતી. પરંતુ એનું મન પણ ઝેરથી તો ઓછું જ મુક્ત હતું? એટલે મને સીધી રીતે સ્પર્શ કરે એવો કલેશ શરૂ થયો. મારી પત્નીના દોષો ધ્વનિવર્ધક અવાજથી મારે કાને પડવા લાગ્યા. અને એ રીતે હું અને મારી પત્ની જે એકતાથી જીવતાં હતાં તેમાં વિક્ષેપ થાય તેવા હલકા પ્રયત્નો પણ શરૂ થયા.

આ બાજુ કાલિદાસ અને ભવભૂતિ પાસેથી, તથા શેક્સપીઅર અને ટેનિસન પાસેથી આદર્શ પત્નીના જે ભાવો મેં ઝીલ્યા હતા તે બધા ભાવો મેં શિવબાઈમાં આરોપ્યા. અને એકાદ રોમિયો કે એકાદ રામચંદ્ર બની હું શિવબાઇના સ્નેહનું પાત્ર કેમ બનું તેના મનોરથો મેં પણ સેવ્યા.

સાથે સાથે મારા ઘરમાં મારા પિતા તરફ મારો અનહદ પૂજ્ય-ભાવ હતો. એમની સાધુતાને મારાથી જરા જેટલો પણ આઘાત થાય એ મારે માટે અસહ્ય હતું. અમારા ઘરના અનિવાર્ય કલેશથી તેમને પારાવાર વેદના થતી એ હું જોતો. પણ એ કલેશને મિટાવવો એ એમની શક્તિની બહારની વાત હતી.

પણ ઈશ્વરની દયાથી હું અને મારી પત્ની આ પાંચેય વર્ષો મિઠાશથી પસાર કરી ગયાં. આ જીવનના એક બે પ્રસંગો ટાંકી શકું.

એક વાર શિવબાઈને તાવ આવ્યો અને ઠીકઠીક લંબાયો. અમાસ,

અગિયારસ સિવાયના દિવસોમાં દરેક વહુ એ ત્રણ પાલી દળે એવી અમારા ઘરમાં ગોઠવણ હતી. એ પ્રમાણે શિવબાઇને ભાગે પણ દળવાનું હોય જ. એક બે દિવસ સુધી તો શિવબાઈના તાવને સ્વીકારવામાં આવ્યો; પણ પછી તો એ તાવ ઢોંગમાં ખપ્યો.

દળણાનો હિસ્સો આપવાનું ઠર્યું; એટલે તાવના ત્રીજા દિવસથી શિવબાઇના ભાગનું દળણું મેં પોતે દળવાનું શરૂ કર્યું. મારી પત્નીને આ ન જ ગમ્યું પણ એનો તો ઇલાજ ન હતો. આ વાત જ્યારે પાછળથી બહાર આવી ત્યારે કુટુંબનાં બૈરાંઓ અને વધારે તો પુરુષો મને 'બાયલો' ગણવા લાગ્યા! મારી સિત્તેર વર્ષની ચંદુબા શિવને કહે: "તમે જુવાન ન દળી શકો તો મને હજી દળવાની હામ છે. મારો નથુભટ દળે ને મારે ખાવું? તારા માટે દળણું દળવા મેં એને મોટો નથી કર્યો. ન દળાય તો મૂકી જજે મારી પથારી પાસે. હું એકલી ઘંટીનો ગાળો કાઢી લઈશ."

એક વાર શિવબાઈનું ગળું સૂઝી ગયું; ગળે થૂંક પણ ઉતારવામાં મુશ્કેલી પડવા લાગી. એ દિવસોમાં વહુઓની દવા કરવી એ ખ્યાલ જ ન હતો. રાત્રે સૂતી વખતે ગળે પાકું કેળું બાંધવાથી મટી જશે એવો વૈદનો અભિપ્રાય પડ્યો. પણ કેળું લાવે કોણ? ક્યાંથી લાવે? સાંજે હું કોલેજમાંથી ઘેર આવ્યો ને મને ખબર પડી એટલે સીધો ગુજરીમાં ગયો ને ત્યાં મારો એક જોડો વેચીને કેળું લાવ્યો ને શિવબાઇને ગળે બાંધ્યું. ગળું તો બીજે દિવસે સવારે ખુલ્લું થઇ ગયું પણ જોડો ગયો તે ગયો જ! જોડાનો કલેશ અમારા ઘરમાં એકાદ મહિનો ચાલ્યો હશે પણ નવા જોડા ખરીદવાની માગણી મેં કરી જ નહીં. એટલે કલેશ આપોઆપ ઠરી ગયો. મારી સ્ત્રી ખાતર મારે આઠ દસ મહિના જોડા વિના ચલાવવું એ ક્યાં ભારે વાત હતી? આવા તો ઘણા નાના મોટા પ્રસંગો આ વર્ષોમાં આવ્યા અને ગયા! કલેશ અસહ્ય થાય ત્યારે શિવબાઇ પિયર જાય અને વ્યવહારદૃષ્ટિથી સાસરે આવવું યોગ્ય લાગે

ત્યારે આવે. પણ મારા અભ્યાસમાં જરાય અડચણ ન થાય એનું એ ધ્યાન રાખે. આ સંઘ આ રીતે કાશીએ નહીં પહોંચે એમ અમને સૌને લાગવા માંડ્યું; એટલે હું બી. એ. થયો તે પહેલાં જ અમે બે ભાઈઓ મારાં નવાં બાથી છૂટા થયા ને એ રીતે એક દિશાના ક્લેશનો અંત આવ્યો.

પછી તો હું બી. એ. ના છેલ્લા વર્ષમાં હતો ત્યારે ભાવનગરમાં પ્લેગ આવ્યો ને હું અભ્યાસ માટે પછેગામમાં મારા મામાને ઘેર રહ્યો. અહીં હું અને શિવબાઇ વારંવાર એકાંતે મળતાં ને બી. એ. થયા પછી મોટાભાઈથી પણ જુદાં થઈને કેવું જીવન ગાળશું તેનાં સ્વપ્નાં રચતાં.

પણ દૈવને બીજું જ ગમ્યું. બી. એ. ની પરીક્ષા આપવા માટે હું મુંબઈ ગયો ને ત્યાંથી સીધો ભાવનગર. હું મુંબઈ જવા નીકળ્યો ત્યારે શિવબાઈની બા પથારીવશ હતી એટલે તે સાજી થાય કે તરત જ એ ભાવનગર આવવાની હતી. બરાબર આ અરસામાં પછેગામમાં પણ પ્લેગ આવ્યો ને પથારીવશ માની સારવાર માટે શિવબાઈને પણ ત્યાં જ રહેવું પડ્યું.

બી. એ. ની પરીક્ષા આપ્યા પછી હું પરિણામની રાહ જોતો હતો. બી. એ. માં હું સારે નંબરે પાસ થયો એટલે ભાવનગર કૉલેજમાં ફેલો થવાનો મને લાભ મળ્યો. પણ જે દિવસે મારો પાસ થયાનો તાર આવ્યો તે જ દિવસે પછેગામમાં શિવ ગુજરી ગઇ! પછેગામમાં શિવને પ્લેગ લાગુ પડ્યો. એના ઘરમાં માંદી મા વિના બીજું કોઈ ન હતું. સગાંવહાલાં સૌ ગામની બહાર કડબનાં છાપરાંમાં રહેતાં હતાં. વ્યાધિએ ઉગ્ર રૂપ પકડ્યું ત્યારે મા સાથરો લીંપવા ઊભી થતી હતી તેને રોકીને શિવબાઈએ પોતે પોતાનો સાથરો લીંપ્યો અને માને પગે લાગીને સાથરે સૂઈ ગઈ!

શિવબાઇના અવસાનના સમાચાર મને કર્ણપરંપરાએ મળ્યા. એ સમાચારથી મારા કાળજામાં ભારે ઘા થયો ને મારૂં જીવતર ભાંગી

ગયું! લગભગ બાર ચૌદ મહિના સુધી મને એની કળ ન વળી. આ દુઃખના દિવસોમાં જો મારી પાસે ભવભૂતિનું ઉત્તરરામચરિત ન હોત અને ટેનિસનનું 'ઇન મેમોરિયમ' ન હોત તો રડી રડીને પણ હૈયાને હળવું કરવાનું મને ક્યાંથી મળત?

આ વર્ષો દરમિયાન અને સ્હેજ તેની પહેલાં પણ હું પાંચ રોગથી ઘેરાયો: હરસ, વધરાવળ, દમ, ચાંદી અને ગજચર્મ. આમાંના લગભગ બધા રોગો મને વારસામાં મળ્યા હતા એમ કહી શકાય. હરસને હું ચોખ્ખી માટીના તેમ જ મુલતાની માટીના સેવનથી કાયમને માટે એક વર્ષમાં જ નાબૂદ કરી શક્યો. વધવરાળ તો બે ત્રણ વખત થઈ આવી ને વધારે કાળજીથી જ શમી. ચાંદીએ મને ઠીકઠીક હેરાન કર્યો. પણ ખાવાના પદાર્થો ઉપર કડક નિયમન મૂકવાથી હું ત્રણ ચાર વર્ષે એમાંથી પણ છૂટી ગયો. રોજ સવારે કડકડતી ઠંડીમાં દૂર મોતીતળાવ સુધી નહાવા ધોવા જવું, સંધ્યા નિયમિત રીતે બે વખત કરવી, બજારમાં વેચાતી જે તે ચીજો ન ખાવી, ચાવી ચાવીને ખાવું, દરરોજ સાંજે ફરવા જવું, આ અને આવી કેટલીક ટેવો મેં આ વર્ષો દરમિયાન પ્રયત્નપૂર્વક પાડી એમ કહું તો ચાલે. આજે એ વર્ષો ઉપર નજર ફેંકું છું ત્યારે જણાય છે કે આ ટેવોએ મને જીવનમાં ઘણો મોટો સાથ આપ્યો છે. જીવનમાં નાનું મોટુ પણ સેવાનું કાર્ય કરવાનો જેનો મનોરથ હોય તેણે આવી ટેવો કેળવવી પડશે. આવી ટેવોને કેળવવા માટે હું શા માટે પ્રેરાયો હોઇશ તે હું ચોક્કસ કહી શકતો નથી.

આ વર્ષો દરમિયાન મારા જીવનને એક બીજો પણ રંગ ચડ્યો. છેક નાનપણથી નીલકંઠ મહાદેવમાં આવતા સાધુસંતો પાસે હું અવારનવાર જતો. નીલકંઠ મહાદેવના આખા વાતાવરણમાં એક બાવાની કથા ગુંજી રહી હતી. કહે છે કે આ બાવાજી ઈ. સ. ૧૮૫૭ના બળવામાંથી નાસી છૂટેલા હતા. એમણે નીલકંઠની એક ઓરડીમાં વાસ કર્યો. એ દિવસોમાં આવાં મહાદેવનાં સ્થાનોમાં સાધુસંતો ઊતરતા અને

જનતાને સહેજે એમનો લાભ મળતો. એક દિવસ બાવાજીની આંખ ફાટી. એ દિવસોમાં દરરોજ સવારે પ્રતિષ્ઠિત નાગરો, બ્રાહ્મણો, વાણિયાઓ નાહી ધોઈને શંકરની પૂજા કરવા આવતા. આવા એક ગૃહસ્થ દરરોજ ચાંખડીએ ચડી, હાથમાં પૂજાની સામગ્રી લઈ રેશમી વસ્ત્રો પહેરી નીલકંઠમાં આવે. નીલકંઠ મહાદેવની જગામાં દરવાજાની પાસે જ પાણીનો કૂવો છે. આજે ભાવનગરમાં નળ થતાં આ કૂવાની ઉપયોગિતા ઓછી થઇ છે, પણ આ દિવસોમાં તો આ કૂવાનું ખારું પાણી પણ આસપાસનાં ઐરાંઓ માટે આશીર્વાદ સમાન હતું. આ કૂવા પર સવારે બહેનોની સારી એવી ભીડ રહેતી. ઉપરલખ્યા ગૃહસ્થ ધાર્મિકતાના ઠાઠમાઠથી ચાલ્યા આવતા હતા અને કૂવા નજીક આવ્યા એટલે તેમણે પોતાની આંખો કૂવા પર પાણી સીંચતી બહેનો પર ઠેરવી. દૂર બેઠેલા બાવાજીએ આ ગૃહસ્થની દૃષ્ટિ પારખી લીધી, અને તેમને સંભળાવી દીધું. પણ આ ગૃહસ્થ કોઈ સાધારણ આદમી ન હતા. એ નીલકંઠ મહાદેવના એક ટ્રસ્ટી હતા અને રાજ્યતંત્રમાં સારી લાગવગ ધરાવતા હતા. બાવાજીએ તો સ્વભાવ પ્રમાણે તેમને સીધી જાસાચિઠ્ઠી આપ્યા જેવું કર્યું એટલે ગૃહસ્થે પૂજા કર્યા પછી મહાદેવના પૂજારીને જણાવી દીધું : 'આવા બાવાફાવાને કોણ ઉતારો આપે છે? એવા લંગોટાને નીલકંઠમાં ન રાખવા. અહીં તો કોઇની બહેનદીકરી આવે એ જોવું જોઈએ ના? જોયું, લંગોટા મને ડરાવવા આવે છે! ચોર કોટવાળને દંડે એવી વાત થઈ. આજ સાંજ સુધીમાં એને રજા આપો. કાલે હું પૂજા કરવા આવું ત્યારે આ બાવો ન જોઇએ. જોજે બાવો આંખો કાઢે તોય, મૂળજી, બિહીશ નહીં." આ ગૃહસ્થ ગયા પછી મૂળજી પૂજારીએ બાવાજીને જાકારો સંભળાવી દીધો પણ બાવાજીએ એક દિવસની મુદત માગી.

બીજે દિવસે સવારે ગૃહસ્થ તો રોજના દમામથી દરવાજામાં દાખલ થયા ને પોતાની કામુક દૃષ્ટિ કૂવા ઉપર ઠેરવતા ચાલ્યા.

ગૃહસ્થ નાના નાના દેવોને પાણીની એક એક આચમની છાંટતા

મંદિરના ગર્ભાગારમાં દાખલ થયા અને મહિમ્ન સ્તોત્રનો મોટેથી ઉચ્ચાર કરવા લાગ્યા. બાવાજી તો ગઈ કાલના અસ્વસ્થ થયા હતા. એ રાતે તો તેમણે થોડાએક જુવાનો પાસે પોતાના દિલની દાઝ પણ કાઢી હતી. આજે ગૃહસ્થ મંદિમાં દાખલ થયા ને ઘાંટા પાડવા લાગ્યા કે તરત જ બાવાજી પણ અંદર ગયા અને પોતાના સીસમના ધોકાથી ગૃહસ્થની ખોપરી તોડી નાખી. મહાદેવજીનું થાળું લોહીથી ભરાઈ ગયું. પૂજા કરતા બીજા ગૃહસ્થો ભયના માર્યા બહાર નીકળી ગયા. "દોડો, દોડો"ની બૂમો પડી. આસપાસથી માણસો એકઠાં થઈ ગયાં. થોડી વારમાં નીલકંઠની જગામાં માણસો માય નહીં એવી સ્થિતિ થઈ ગઈ. ઘડી બે ઘડીમાં ગામમાંથી પોલીસપાર્ટી આવી. બાવાજી તો પોતાનું ધર્મકૃત્ય કરી મહાદેવની અગાસી પર ચડી ગયા હતા, ને ત્યાં પોતાનો ધોકો ફેરવતા ટેલતા હતા. પોલીસ પાર્ટી આવી એટલે બાવાજી બોલ્યા : 'મને પકડવા માટે તમારી જરૂર નથી. મેં આ ગૃહસ્થને મારી નાખ્યા છે, એ ગુન્હો હું કબૂલ કરૂં છું; હજી પણ હું જાહેર કરું છું કે આવા દેવમંદિરના ટ્રસ્ટી થઈને અને મહાદેવના મોટા ભક્ત હોવાનો ડોળ કરીને જે કોઈ પણ ગૃહસ્થ આપણી માદીકરી તરફ કુદૃષ્ટિ કરશે તેનો હું પ્રાણ લેવાનો છું. તમે લોકો અવા દુષ્ટોને મોટાઈ આપો છો અને તેનાથી અંજાઓ છો એ મારાથી સહન નથી થતું." આમ બોલી બાવાજી નીચે કૂદી પડ્યા, પોલીસને શરણે થયા અને આખરે મૃત્યુને પણ ભેટ્યા. બાવાજીની આ કથાએ મને આવા સાધુસંતો તરફ કેમ જાણે ધકેલ્યો હોય એવું થયું. ભાવનગરમાં કોઇ સાધુસંન્યાસી આવ્યા સાંભળું કે તરત જ હું તેમની પાસે દોડું અને તેમની વાર્તા સાંભળું. સદ્ભાગ્યે એ દિવસમાં ભાવનગરમાં આવા સાધુસંતો આવતા પણ ખરા. પંડિત શ્રી ગટુલાલજી, દીનદયાળ શર્મા, સ્વામી નિર્વિકલ્પાનંદ, સ્વામી અચ્યુતાનંદ, શ્રી ગણેશાનંદ વગેરેની પાસે હું અવારનવાર જતો ને તેમની વાતો સાંભળતો. આવા કેટલાક પ્રસંગોમાં મને સર પ્રભાશંકર પટ્ટણીનો પહેલો પરિચય થયો. એ વખતે સર પ્રભાશંકર પટ્ટણી

નામદાર ભાવસિંહજી મહારાજના ખાનગી સેક્રેટરી હતા. દરરોજ સાંજે પોતાને જ હાથે પોતાની ઘોડાગાડી હાંકીને એકાદ સ્વામી પાસે જતા અને ત્યાં મૂંગે મોઢે બધું સાંભળતા. હું તો એક વિદ્યાર્થી હતો, પણ રોજ સાધુની પાસે જાઉં એટલે એ મને વધારે ઓળખતા થયા. આથી વધારે પરિચય મને ન હતો.

એક વખત કોઇ નિર્વિકલ્પાનંદ નામના સ્વામી ભાવનગરમાં આવ્યા. ભાવનગરના ગવેડિયા ખેતરની નજીક એક રાણીસાહેબનો જૂનો બંગલો હતો ત્યાં એ ઊતર્યા હતા. ભાવનગરના ઊંચી કક્ષાના કેટલાક અધિકારીઓ આ સ્વામીજી પાસે આવતા અને પાઘડી ઉતારી માથાં નમાવતા. સર પ્રભાશંકર પટ્ટણી પણ એમની પાસે આવે. હું પણ દરરોજ સાંજે કૉલેજમાંથી છૂટયા પછી ત્યાં જતો, ને શાન્તિથી બધું સાંભળતો. એક વાર નાગર કોમના એક ઉચ્ચ અધિકારી નિયમ કરતાં સ્હેજ મોડા થયા એટલે સ્વામીજીએ તેમની જડતી લીધી અને અધિકારીના ગાલ પર થપ્પડ ચોડી દીધી; અને સાથે જ પ્રાયશ્ચિત્તરૂપે બશેર પેંડા બીજે દિવસે લઈ આવવા ફરમાવ્યું. બીજે દિવસે બશેર પેંડા હાજર થયા અને મને આ પેંડાની પ્રસાદી મળી. બિચારા નાગર ગૃહસ્થ તો પ્રાયશ્ચિત કરી દોષમુક્ત થયા પણ ત્યાં એક નવો ગુન્હો થયો. એક બીજા મોટા અધિકારીએ સ્વામીજીને વ્યષ્ટિસમષ્ટિ વિષે પ્રશ્ન પૂછ્યો અને સ્વામીજી એકદમ ઊકળી ગયા ને મોંમાંથી ગાળ કાઢી. પેલા અધિકારી તો ભોંઠા પડી ગયા. આ દિવસે મારે કામ હતું અટલે હું ત્યાંથી વહેલો ઘેર જવા નીકળી ગયો. બીજે દિવસે જ્યારે હું સ્વામીજી પાસે ગયો ત્યારે સ્વામીજીએ મને કહ્યું : 'જો ભાઈ, આ લોકોને કાલ ખબર પડી કે તમે કૉલેજના એક વિદ્યાર્થી છો, એટલે એમણે મને વિનતિ કરી છે કે મારે તમને આવવાની બંધી કરવી. એ લોકોને તમારી દેખતાં પોતાનું અપમાન થાય તે ગમતું નથી. માટે તમે કાલથી સાંજે ન આવતા આવવું હોય તો સવાર એ લોકો ન હોય ત્યારે આવજો.' હું તો ઊઠીને ચાલતો થયો. સ્વામીજીનું તળિયું મને દેખાઈ

ગયું હતું. આવા ઉચ્ચ અધિકારીઓ કયા પ્રકારના મોક્ષ માટે આવાં આવાં અપમાનો ગળી જતા હશે એ આજે પણ મને સમજાયું નથી.

હું નીકળ્યો ત્યાર પછી થોડી વારે પટ્ટણીસાહેબ પણ ગાડીમાં નીકળ્યા. રસ્તામાં ગાડી ઊભી રાખીને કહે: "સ્વામી સાવ ખોટા છે." થોડા દિવસો પછી મેં સાંભળ્યું કે સ્વામી કોઇનું ખૂન કરીને આવ્યા છે ને તેમને વઢવાણમાં પકડવામાં આવ્યા છે.

[૭]

હવે રહી મારા અભ્યાસની વાત. આ બધાંય વર્ષો દરમિયાન અમારી આર્થિક સ્થિતિ દૂબળી થઇ ગઇ હતી. દાદા છોટાભટ્ટ ગુજરી ગયા ત્યારે તેમણે વારસામાં સારી સંપત્તિ મૂકી હતી, પણ મારા કાકા મોરારજીએ પોતાની અણઆવડતને લીધે તેમજ ખરાબ સોબતને લીધે એ સંપત્તિ તો ગુમાવી પણ વધારામાં દેવું પણ કર્યું. આનું એક પરિણામ એ આવ્યું કે મારો અભ્યાસ મેટ્રિક્યુલેશન પછી આગળ ચાલે એવો સંભવ ન રહ્યો. હું મેટ્રિકમાં ભણતો હતો ત્યારે એક વાર મારા પિતાએ મને કહ્યું, 'તું મેટ્રિકમાં પાસ થા ત્યાર પછી આપણે નોકરી લઈ લેવી છે. કોલેજનો અભ્યાસ કરીએ એટલા પૈસા આપણી પાસે નથી. દેવશંકરને પણ કોલેજમાંથી ઉઠાડી લેવો પડે'. મારા પિતાએ આજસુધી હાઇસ્કૂલમાં મને માફી વિદ્યાર્થી તરીકે રહેવાની ઘસીને ના પાડેલી. તે જ પિતાએ આજે ચોખ્ખું સંભળાવી દીધું. જ્યારે મને પોતાને અભ્યાસની ભૂખ ઊઘડી ત્યારે આગળ અભ્યાસ કરવાની આશા ન રહી એથી મને આઘાત થયો, ને કોઇ પણ ઉપાયે આગળ ભણવું તો ખરું એવા એવા વિચારો મનમાં આવવા લાગ્યા. એવામાં મારી નજર સર જસવંતસિંહજી સ્કોલરશિપ ઉપર પડી. ભાવનગરની હાઇસ્કૂલમાંથી પહેલે બીજે નંબરે પાસ થાઉં તો મને એ સ્કોલરશિપ ત્રણ ચાર વર્ષ સુધી મળે. બસ, મેં નિશ્ચય કરી લીધો: 'ગમે તે ઉપાયે એ સ્કોલરશિપ મેળવવી જ.' સ્વ. ગોખલે જેવા મહાપુરુષો વિદ્યાર્થી-

અવસ્થામાં મ્યુનિસિપાલિટિની બત્તીથી વાંચીને આગળ વધેલા એવાં દૃષ્ટાન્તો મારી સન્મુખ પડ્યાં હતાં. એટલે મેં મારું સમયપત્રક ઘડી કાઢ્યું ને હું અભ્યાસ પાછળ તૂટી પડ્યો. રોજ રાતે ૭ – ૮ વાગે સૂઇ જાઉં ને રાતના બાર વાગે શિવબાઈ મને જગાડે એટલે બારથી ત્રણ સુધી વાંચું ને વળી પાછો સૂઇ જાઉં. આ વખતમાં વર્ગનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત મેં કાલિદાસ, ભવભૂતિ, વર્ડ્ઝવર્થ, ટેનિસન વગેરે ઘણા કવિઓનો પરિચય કરી લીધો અને મારો સંસ્કૃતનો શોખ તો અનહદ વધી પડ્યો એમ કહું તો ચાલે. પણ મેટ્રિકમાં મને સ્કૉલરશિપ મેળવવામાં મોટો સાથ આપ્યો તે તો મારા ગણિતે.

હું મેટ્રિકના વર્ગમાં ભણતો હતો ત્યારે એ વર્ગના મારા સાથીઓ ઉંમરે મારાથી ઘણા મોટા હતા. તેમાંથી કોઇ કોઇ બે ત્રણ છોકરાંના મુછાળા બાપ હતા. અમારો વર્ગ દોઢસો વિદ્યાર્થીઓનો હતો. આખોય વર્ગ તોફાન માટે મશહૂર હતો. આ વિદ્યાર્થીઓમાં હું સાવ નાનો હતો એટલે સહેજે એમની સાથે ન ભળતો. જૂની શામળદાસ કોલેજના મકાનમાં અમારો વર્ગ બેસતો, પણ સામાન્ય રીતે વર્ગના મોટા તોફાની છોકરા વર્ગ ચાલતો ત્યારે પણ પાસેના પીલગાર્ડનમાં જ બેસતા અને કોઈ કોઈ વાર તો હાજરી લેવાનો વખત થાય ત્યારે ત્યાં ઊભા ઊભાજ 'Present Sir,' બોલતા. અમારા એક શિક્ષકે એક વાર આ વિદ્યાર્થીઓને દબડાવવા જેવું કર્યું એટલે સૌ વર્ગમાં જવાને બદલે પરબાર્યા પીલગાર્ડનમાં ગયા અને મને પકડી રાખ્યો. બાકી તો વર્ગ ચાલતો હોય ત્યરે પાછળથી કાગળની ગોળીઓ મારવી, મોઢું બંધ રાખીને 'હૂં હૂં' એવો ગળાને ઘૂંટીને અવાજ કર્યા કરવો, બાંકડાની નીચેથી જોડા ઘસીને અવાજ કર્યા કરવો, શિક્ષકના રસ્તામાં કેળાની છાલને ગોઠવીને તે પડે એવી યોજના કરવી અને અભ્યાસમાં ખોટી ખોટી શંકાઓ કરીને શિક્ષકને હસાવવા ને વર્ગને હસાવવો – આ બધાય છલમો મારા મિત્રો અજમાવતા ને શિક્ષકને પજવતા. પણ આ મિત્રોને તો મેટ્રિકમાં પાંચ પાંચ વર્ષો થઈ ગયેલાં. એ ભાઈઓનો

અમુક ભાગ તો વખત ગાળવા માટે આવતો એમ કહી શકાય. પણ મારે આ બધીય આફતોમાંથી મારૂં ગાડું તારવી લેવું હતું અને હું એ કરી શક્યો. છતાં આ મુછાળા મિત્રો સાથેના મારા સબંધો બગડ્યા નહીં.

મૅટ્રિકમાં હું સારે નંબરે પાસ થયો એટલે મને સર જસવંતસિંહજી સ્કૉલરશિપ મળી ને કૉલેજનો અભ્યાસ કરવાની અનુકૂળતા મળી ગઈ.

પ્રીવિયસમાં હું ભાવનગરમાં રહ્યો. એક વર્ષને અંતે મેં પરીક્ષા આપી ત્યારે હું ફર્સ્ટ ક્લાસમાં પાસ થયો. આ વખતે શાકુંતલ અમારું પાઠ્યપુસ્તક હતું. મેં શાકુંતલ ૧૯ વાર વાંચ્યું હતું એ મને બરાબર યાદ છે. પણ ફર્સ્ટ ક્લાસ મળ્યો એ તો મારા ગણિતના વિષયમાં મળેલા ઘણા વધારે માર્કને લીધે.

ઇન્ટરમાં હું મુંબઈ ગયો ને મુંબઈની પહેલા નંબરની ગણાતી એલ્ફિન્સ્ટન કૉલેજમાં અને તેમાં પણ તેની હૉસ્ટેલમાં દાખલ થયો. એ વખતનું મુંબઈ, એ જમાનાની એલ્ફિન્સ્ટન કૉલેજ, એનું હૉસ્ટેલજીવન, એ ફર્સ્ટક્લાસના તેજસ્વી વિદ્યાર્થીઓ, એ હૉસ્ટેલનાં ચહાપાણીમાંથી નહીં પરવારતા સુરતી મોજીલા વિદ્યાર્થીઓ, એ હૉસ્ટેલનાં રસોડાં, એના એ સેક્રેટરીઓ, એ મહારાજો — આ બધુંય મારા જેવા એકલસૂરા કાઠિયાવાડીને ગભરાવી મૂકે એમાં શી નવાઈ? આ હૉસ્ટેલ જીવન મને પોષાય તેવું ન હતું એટલે બીજા સત્રમાં હું મારા મુરબ્બી લખુભાઈ સાથે રહેવા ગયો અને ત્યાં કુંભાર ચકલામાં મુંબઈના જીવનના અનેક નાના મોટા અખતરાઓ પણ અજમાવ્યા. વર્ષ દરમિયાન મને સ્કૉલરશિપની તો સારી એવી રકમ મળતી હતી પણ એ રકમમાંથી અમુક ભાગ તો મારા પિતાશ્રીને પણ હું મોકલતો. એટલે મુંબઈનું જીવન મેં ઠીક ઠીક કરકસરથી પસાર કર્યું. આ વખતે ઘણીવાર અમે હાથે પણ રાંધતા, અને કૉલેજમાંથી આવીને થાક લાગ્યો

હોય તો સાંજે બાજરાના લોટની કુલેરથી પણ ચલાવતા. કોઇ કોઇ વાર તાજાં દહીંવીના લોભે દક્ષિણી વીશીમાં જમવાની ગોઠવણ કરતા, પણ ભાત ખાધા વિના એકલી રોટલી પર મારો ચલાવતા, એટલે બીજે કે ત્રીજે દિવસે જ અમને રુખસદ મળતી. સવારે દરરોજ જમીને હું ઠેઠ કુંભાર ચકલાથી એલ્ફિન્સ્ટન કૉલેજ સુધી પગે ચાલીને જતો અને પગે ચાલીને આવતો. ચર્નીરોડથી ચર્ચગેટ સુધીનો રેલ્વે પાસ લેવો પોષાય તેમ ન હતું.

મુંબઇના અભ્યાસકાળ દરમ્યાન એક વખત મારી પાસે ખર્ચની સગવડ ન હતી એટલે મારી વિનતિથી એક શેઠે પોતાને ત્યાં બે ટંક જમવાની ગોઠવણ કરી આપી. શેઠ પોતે બહુ ભલા હતા પણ નવાં શેઠાણી સ્હેજ લોભી પ્રકૃતિનાં હતાં. શેઠને જમવાનો વખત તો દરરોજ બપોરના બાર વાગ્યાનો હતો પણ મારે કૉલેજમાં જવાનું એટલે હું દસ-સાડાદસે જમવા બેસતો.

એક વખત હું જમતો હતો ત્યાં શેઠાણી આવી ચડયાં. મારા ભાણામાં પીરસેલું શાક જોઇને બોલી ઊઠયાં, "આટલું બધું શાક પિરસાય ? પછી શેઠને માટે રહેતું નથી."

આ શબ્દો સાંભળવા પડે તે કરતાં મોત સારું. પણ મારો ઉપાય ન હતો. મારે ભણતર પૂરું કરવું હતું એટલે હું મૂંગો બેસી રહ્યો. પણ તે દિવસથી શેઠને ઘેર જમ્યો ત્યાં સુધી માત્ર મીઠામાં દાબીને રોટલી ખાધા સિવાય બીજું કશું ય ખાધું નહીં.

વર્ષો પછી એ શેઠના દીકરાને ઘેર હું ભણાવવા રહ્યો. ૩-૪ માસને અંતે જ્યારે વર્ષ પૂરું થયું ત્યારે શેઠાણી રૂ. ૧૫૦ લઇને મને આપવા આવ્યાં. મેં જણાવ્યું, "મને માફ કરો, હું તમારો ઋણી છું. તમે મારા નબળા દિવસોમાં મુંબઇમાં મને આશરો આપ્યો છે એટલે આ રકમ હું લેવાનો નથી.' શેઠાણી ઘડીભર ચકિત થયાં, શેઠને બોલાવી આવ્યાં ને બોલ્યાં, 'માસ્તર અમે તો તે દિવસે તમને ઓળખ્યા જ નહીં, હો.

ભૂલચૂક થઈ હોય તો માફ કરશો.' મેં જવાબ વાળ્યો, 'તમારો ઉપકાર સંભારું કે તમારી ભૂલોને જાણીને ગાંઠે બાંધું?"

રૂ-૧૫૦ હીંડોળાપર મૂકીને હું ચાલતો થયો.

આવા કરકસરિયા જીવનમાં પણ મેં સારી રીતે મોજશોખ તો કર્યાં જ છે. અમારા પ્રિન્સિપલ મેકમિલન દર રવિવારે એક સલૂનમાં ટર્કિશ બાથ લેવા જતા. મને પણ એક વાર આવા બાથમાં જવાનું મન થયું અને રૂ- ૧૦ ભરીને આવા ટર્કિશ બાથની મજા ચાખી આવ્યો ને મારો મોહ ઊતરી ગયો! આ દિવસોમાં નાટકો જોવાની મને ભારે લગન લાગી હતી એમ કહું તો ચાલે. આ એક વર્ષમાં લગભગ ૪૦ શનિવારો તો મેં ગેઇટી થિયેટરમાં જ ગાળ્યા હશે. મારા મુ. કવિ મૂળશંકરભાઈ મૂલાણીનાં નાટકો જોવા તરફ મને ભારે આદર હતો, અને ઘણીવાર તો અંગ્રેજીનો કક્કો ન જાણનાર કવિ પાસેથી હું શેકસપીઅરને વધારે સમજ્યો એમ મારે કહેવું જોઇએ. એમના 'અજબકુમારી' નાટકે મને મંત્રમુગ્ધ કર્યો હતો, અને હજી આજે પણ એમના એ નાટકને અને વિધાનને હું આદરથી જોઉં છું. એ નાટકો જોવામાં મારે પૈસા ખર્ચવા પડતા ન હતા. પણ આ વખતે મુંબઈમાં એક અમેરિકન નાટક કંપની આવી. આ કંપનીના Hamlet, Macbeth, અને Othello, એ ત્રણ નાટકો જોવાનું મને મન થયું અને ત્રણેય નાટકોની ચોથા વર્ગની ટિકિટના રૂ. ૩૦ ભરી દીધા. આ રૂ. ૩૦ ભર્યા એ તો નાટકો જોયાં ત્યારે વસૂલ થઇ ગયા, પણ રૂ. ૩૦ નો ખાડો પૂરવા માટે મેં બે મહિના સુધી એક ટંક ખાધું અને એ રીતે આ ખોટને ભરપાઇ કરી દીધી. આજે કોઈની મદદથી કૉલેજનો અભ્યાસ કરનાર કૉલેજિયનને વાંચીને હસવું પણ આવે કે એલ્ફિસ્ટન કૉલેજમાં મારા જેવો સ્કૉલર ઝભ્ભો અને એક કોટ પહેરીને એક સત્ર ચલાવતો અને ઝભ્ભાને દરરોજ સાંજે કે રાતે ધોઇ લેતો. હમેશાં ધોયેલ ધોતિયું અને ધોયેલ ઝભ્ભો પહેરવાનો હું આગ્રહ રાખતો.

અને છતાં આ દિવસોમાં જ્યારે રજા હોય ત્યારે મુંબઈની આસપાસ ડુંગરાળ પ્રદેશમાં રખડવાની તક હું ગુમાવતો નહીં. એટલું જ નહીં પણ અલબેલી મુંબઈ નગરીના ઘણા મનમોહક ચમકારા પણ અનુભવી લેવાનો મેં લાભ લઇલીધો. કોલેજની લાંબી રજાઓ દરમિયાન જ્યારે ઘેર જતો ત્યારે મારી પત્ની સાથે રજાનો વખત ગાળતો અને મુંબઈના ચડેલા કાચા રંગને શિવબાઇની પવિત્રતાથી ધોઈ નાખતો.

બી. એ. ના વર્ષમાં મુંબઈમાં પ્લેગ ચાલતો હોવાથી મારી ચંદુએ મને મુંબઇ જવા ન દીધો, એટલે હું ભાવનગરમાં જ રહ્યો. મારા ઐચ્છિક વિષય તરીકે મેં અંગ્રેજી અને સંસ્કૃત પસંદ કર્યાં. મારે રાણી ઇલીઝાબેથના સમયનું સાહિત્ય વાંચવાનું હતું અને મારા આ વિષયના અધ્યાપક પ્રો. સંજાણા હતા. પ્રો. સંજાણા જેવા અઠંગ અભ્યાસી અને નિખાલસ આદમી મેં બહુ ઓછા જોયા છે. એમનો વિદ્યાવ્યાસંગ જોઈને ભલાભલાને પણ એમના ચરણમાં નમવાનું મન થાય. મને એમણે આ અંગ્રેજી સાહિત્યનો એવો તો રસ લગાડ્યો કે મેં એકેએક નાના મોટા નાટકકારોનાં લગભગ તમામ નાટકો વાંચી કાઢ્યાં અને શેક્સપીઅરને તો કેટલીયે વાર વાંચી કાઢ્યો. સાથે સાથે વર્ડ્ઝવર્થ, ટેનિસન, બાયરન, કીટ્સ વગેરેનો પણ સારો એવો અભ્યાસ કર્યો અને એ ગરીબીમાં પણ એ પુસ્તકો મારી પાસે વસાવ્યાં. જેવો મને સંજાણાનો પરિચય થયો ને હું આ સાહિત્ય તરફ આકર્ષાયો તેવો જ સંસ્કૃતને અંગે મને કણિયાનો પરિચય થયો. અમારી કોલેજમાં પ્રો. કણિયાની અધ્યાપક તરીકેની છાપ ન હતી. વિદ્યાર્થીઓ અને કણિયા વચ્ચે નજીકનો સંબંધ બંધાયો નહતો, એમ કહું તો ચાલે. પણ મારો પોતાનો અનુભવ બીજો હતો. મારા વેદાન્તના અભ્યાસને અંગે જેમ જેમ હું એમના પરિચયમાં આવતો ગયો તેમ તેમનું ઝવેરાત મારા ખ્યાલમાં આવવા લાગ્યું. અને આજે તો હું ભારપૂર્વક કહી શકું છું કે એમના જેવા વેદાન્તના તેમ જ યોગના અભ્યાસી-

અધ્યાપકો મેં બહુ ઓછા જોયા છે. એમની તર્કશુદ્ધ વિચારણાથી હું ઘણીવાર મુગ્ધ થઈ જતો અને વેદાન્તના તેમ જ યોગશાસ્ત્રના કેટલાક ગૂંચવણભરેલા કોયડાનો એમણે આપેલ ઉકેલ મને આબાદ જણાતો. પાછળથી એમના ઘણા વધારે પરિચયમાં આવ્યો અને એક દિવસે જ્યારે હું પણ એજ કૉલેજમાં એક અધ્યાપક તરીકે રહ્યો ત્યારે એમની આંતરસમૃદ્ધિ વધારે નજીકથી જોવાનો મને પ્રસંગ મળ્યો. આ બન્ને અધ્યાપકોની સાથે ગાળેલા મારા દિવસોને હું મારા જીવનના ધન્ય દિવસો ગણું છું.

આ પ્રમાણે મારો બી. એ. સુધીનો અભ્યાસ પૂરો થયો. આ વર્ષો દરમિયાન મારે કોઈ ખાસ મિત્ર ન હતો. મને પોતાને વિચારતાં એમ પણ લાગે છે કે મિત્રો કરવાની કળા હોય છે. મારો પહેલો અને છેલ્લો મિત્ર મારી ફઇનો મોહન. મોહન ગયા પછી મારી ઓળખાણો અનેકગણી વધી છે, મારા સંબંધો ઘણા વિસ્તાર પામ્યા છે, મારાં વખાણ કરનારા તેમ જ મારી નિંદા કરનારા પણ એટલા વધ્યા છે: મારી સાથે ખભેખભો અડાડીને કામ કરનારા છેલ્લાં ૩૫ વર્ષ દરમિયાન તો કેટલાય છે, પણ એમને ખરા અર્થમાં મિત્રો કહેવાની મારી હિંમત નથી. મારા હૃદયમાં એ સ્થાન તો મોહન ગયા પછી ખાલી જ રહ્યું છે જે આજ સુધી પુરાયું નથી. ખરી રીતે તો બીજાના મિત્ર થવાની લાયકાત મારામાં છે જ નહીં, અથવા તો મોહન ગયા પછી મેં એને સદંતર ગુમાવી છે.

[૮]

ઈ. સ. ૧૯૦૩ થી ઈ. સ. ૧૯૦૮ સુધીનાં વર્ષો મારી કસોટીનાં વર્ષો નીવડયાં. ૧૯૦૩માં હું કૉલેજમાં ફેલો નિમાયો અને સૌ. શિવબાઈ ગુજરી ગઈ. ૧૯૦૪ની સાલમાં ૨૨ વર્ષની ઉંમરે હું મહુવાની અંગ્રેજી શાળાનો હેડમાસ્તર થયો. હું મહુવા હતો ત્યારે મારી મોટીબા ચંદુ ચાલી ગઈ. અંતકાળે હું એને ન મળી શક્યો તેનો એને વસવસો

રહી ગયો. ૧૯૦૫માં હું નવી નીકળેલી Secondary Teachers' Training College માં દાખલ થયો. મારી પાસે મુંબઈનું ખર્ચ ઉપાડવાના પૈસા ન હતા એટલે પટ્ટણી સાહેબ પાસેથી રૂ. ૫૦૦ ઉછીના લઈને હું ગયો અને ત્યાં ફર્સ્ટ કલાસમાં પાસ થયો.

ટ્રેનિંગ કૉલેજમાંથી પાછો આવીને હું પટ્ટણી સાહેબને મળવા ગયો ત્યારે તેમણે મને પૂછ્યું : 'હવે શું કરશો ?"

"મારું ભણાવવાનું કામ છે એ."

"હવે તમને કઈ જગ્યાએ મૂકયા હોય તો વધારે સારું ?" પટ્ટણી સાહેબે પૂછ્યું.

"જો મને પસંદગી આપો તો હું આ પીરછલ્લાની ગુજરાતી શાળા છે તેમાં કામ કરવું પસંદ કરું." મેં જવાબ આપ્યો.

"પીરછલ્લામાં તો જાદવજીભાઈ તાલુકા મુખ્ય શિક્ષક છે. ત્યાં તમને મૂકું ? " પટ્ટણી સાહેબે પૂછ્યું.

"આપને યોગ્ય લાગે તો મૂકો."

પટ્ટણી સાહેબે કેળવણી ખાતાના ઉપરીને વાત કરી ને ભાવનગરની મોટી તાલુકા શાળામાં મને ગોઠવવાની વાત વાયુવેગે ફેલાઈ. આ વાતથી હાઈસ્કૂલના તેમ જ કૉલજના મારા મિત્રોને આશ્ચર્ય થયું, પણ ભાવનગર રાજ્યના પ્રાથમિકશાળાના શિક્ષકોની અંદર તો મોટો ફફડાટ જાગ્યો. ભાવનગરની તાલુકા શાળા એ રાજ્યની પહેલા નંબરની શાળા. એ સ્થાન રાજ્યના તમામ સીનિયરોનું અંતિમ લક્ષ્ય. સિહોરની તાલુકા શાળાના મુખ્ય મહેતાજી છેવટે ભાવનગરની શાળાના મુખ્ય મહેતાજી થઈ ને પેન્શન પર ઊતરે એટલે પ્રતિષ્ઠા અને પગારમાં એ એનું આખરી ધ્યેય. મારા જેવો કોઈ આદમી આવી રીતે અદ્ધરથી એ સ્થાન પર આવી જાય તો બીજા તાલુકાના મુખ્ય મહેતાજીઓને પ્રતિષ્ઠામાં તેમ જ ગ્રેડમાં ભારે નુકસાન થાય એવો સૌને ભય લાગ્યો. એટલે મારી નિમણૂક એ સમગ્ર પ્રાથમિક શિક્ષકો ઉપર કેમ જાણે

મોટો ફટકો છે એવું એનું સ્વરૂપ ઊભું થયું. શિક્ષકો બધા મારા પિતા પાસે આવ્યા ને હું એમના પેટ પર પગ મૂકવા ઊભો થયો છું એવી એમણે ધા નાખી. સિહોરની તાલુકા શાળાના મુખ્ય મહેતાજી દેવશંકર વૈકુંઠજી ભટ્ટ મારા કાકા થાય. તેમણે પણ મારા પિતા ઉપર સારું એવું દબાણ કર્યું, ને બોલ્યા : 'નથુભટને માગવી હોય તો રાજ્યમાં જગ્યાઓ ક્યાં ઓછી છે? આવા મહેતાજી થવામાં શો માલ છે?" શિક્ષકો બધા પટ્ટણી સાહેબ પાસે પણ ગયા અને પોતાની દીન વાણીથી એમણે પટ્ટણી સાહેબના હૃદયને પિગળાવ્યું. મારા પિતાએ તો મને સ્પષ્ટ જણાવી દીધું : 'આપણે એ જગ્યા નથી લેવી. આ ગરીબ શિક્ષકોના નિસાસા કોણ લે?' પટ્ટણી સાહેબે મને પીરછલ્લાની શાળામાં મૂકવાનો વિચાર માંડી વાળ્યો.

દરમિયાન મેં એમ. એ. થવાનો વિચાર કર્યો અને એમ. એ. થવા માટે બે વર્ષની કપાતે પગારે રજા માગી. આ વખતે મારા પિતાની તબિયત લથડતી જતી હતી. ઉનાળાની રજામાં હું બીલખા ગયો ત્યાં મારા મોટાભાઇ દેવશંકરભાઈને ટાઈફોઈડ થયો અને પૂરા ૨૨ દિવસ સુધી હું તેમની સારવારમાં રોકાયો. આ વખતે આશ્રમમાં રસોયો ગેરહાજર હતો એટલે આશ્રમની રસોઈ પણ મારે હાથ લેવી પડી.

દરમિયાન ભાવનગરમાં મારા પિતા માંદા પડ્યા. ભાવનગરથી તાર આવ્યો પણ મારા મોટાભાઈને તારના સમાચાર ધીમે ધીમે આપવા પડે એવી એમની મનોદશા હતી. અમે સૌએ બીલખા છોડ્યું. મારા મોટાભાઈને તેમ જ તેમનાં છોકરાં વગેરેને હું બરવાળા મૂકી આવ્યો ને હું પોતે ભાવનગર પહોંચ્યો. મારા પિતા પથારીવશ હતા. ગામમાં પ્લેગ ચાલતો હતો એટલે અમારી આખીય શેરીમાં એક અમારું ઘર જ ઉઘાડું, બાકીનાં બધાં બંધ.

ભાવનગર પહોંચ્યા પછી પાંચમે કે છઠ્ઠે દિવસે શિયાળાની રજા પૂરી થતી હતી. મારા પિતાશ્રીની માંદગીને સબબે મેં રજાના અનુ-

સંધાનમાં પરચૂરણ રજા માગી પણ કેળવણી ખાતાના મુખ્ય અધિકારી સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટે મને એવી રજા ન માગવી એવી સલાહ આપી. એટલે હું મારા પથારીવશ પિતાને છોડીને મહુવા હાજર થયો. એ દિવસોમાં મહુવા જવું એટલે પૂરા બે દિવસનો ગાડારસ્તો. શનિવારે સવારે બરાબર ૬ાા વાગે મેં શાળા ઉઘાડી. પત્રકમાં મારી હાજરી પૂરી અને ૭ વાગે મહુવા છોડ્યું.

મારા પિતાને ભયંકર સ્થિતિમાં મૂકીને હું નીકળ્યો હતો એટલે મારું ધ્યાન તો વહેલી તકે ભાવનગર પહોંચવાનું હતું. શનિવારે સવારે ૭ વાગે હું સાંઢણી પર ચઢ્યો અને તે જ દિવસે રાતના ૧ વાગે મારા ઘરને ઓટલે ઊતર્યો. મારા જીવનમાં ઊંટ પરની આ મુસાફરી પહેલવહેલી જ હતી અને મુરબ્બીઓની લાંબી સારવારથી થાક પણ ઠીક ઠીક લાગ્યો હતો એટલે ડેલી પાસે સાંઢણી પરથી નીચે ઊતર્યો ત્યારે શરીરના સાંધેસાંધા દુખતા હતા; હું તૂટી ગયો હતો. આવ્યા પછી બે ત્રણ દિવસ સુધી તેલ ચોળ્યું ને શેક કર્યો ત્યારે શરીર છૂટું પડ્યું.

મારા પિતાની માંદગી વધ્યે જતી હતી. દરરોજ રાતે હું તેમની પાસે જાગતો. ઘરમાં અમે પાંચ જણ હતાં. — મારા પિતા, મારાં નવાં બા, હું, મારો નાનોભાઈ વામન, અને વામનની એક બેન વાસંતી. બાકી શેરીમાં સમી સાંજથી સોપો પડી જતો.

એકવાર અમાસને દિવસે મારા પિતાની તબિયત વધારે બગડી. વૈદ્યોએ હાથ ખંખેર્યા હતા. સાંજે હોમ વખતે મારા પિતાએ અમને ભેગાં કર્યાં, અને સૌને હાથ જોડ્યા. મારા મોટાભાઇ પણ આવી પહોંચ્યા હતા. દીનભાવે સૌની માફી માગી મારા પિતાએ અગ્નિકુંડ તરફ મોં ફેરવ્યું અને પ્રજ્વળેલા અગ્નિને આખરી વંદન કર્યાં. છેવટે મારાં નવાં બાને બોલાવી તેમનો હાથ લઇને મને ઇશારો કર્યો. હું બોલ્યો : "કાકા, તમે એમની કાંઈ ચિંતા ન કરો, હું એમને સૌને જાળવીશ." મારા પિતાએ મારા શબ્દોથી કેમ જાણે નચિંત થયા હોય એવો મને ઇશારો કર્યો અને થોડી જ વારે તેમની આંખ મીંચાઈ.

હું રાત આખી એમના શબ પાસે બેસી રહ્યો. મારા મોટાભાઈ માંદા હતા એટલે સૂઈ ગયા. મારાં નવાં બાએ મરણનો કકળાટ અને કુટુંબના જૂના કકળાટોને એકઠા કરીને રાત આખી કલ્પાંત કર્યું. મેં તો શિવને વળાવી, ચંદુને વળાવી, પિતાને વળાવ્યા એટલે મારા જીવનમાં કેટલીયે દિશાઓ સૂની થઈ પડી!

પણ આજે હિંમત હાર્યે છૂટકો ન હતો. મારા મોટાભાઇને મારે સાજા કરવાના હતા; મારા પિતાની ઉત્તરક્રિયા પતાવવાની હતી; મારાં બા ને નાનાં ભાંડુઓને સંભાળવાનાં હતાં; આખું ય વર્ષ ઘેર મહેમાનો આવે તેમને સાચવવાના હતા; અને મારાં બા અને મોટાભાઈ ગમે તેવી રીતે પણ એક વર્ષ ખેંચી કાઢે એ જોવાનું હતું.

બરાબર આ વખતે એમ. એ. થવા માટે મેં માગેલી રજા મંજૂર થઇને આવી ને મારે સ્થાને બીજાની નિમણૂક પણ થઈ ગઈ. હું રજા પર ઊતર્યો એટલે પગાર આવવો બંધ થયો ને ઘર ખર્ચ મારે માથે આવી પડ્યો! હું તો દિવસ ઊગે ને આજે કયો નવો ભાર આવી પડશે તેની રાહ જોવાથી જ કેમ જાણે ટેવાઈ ગયો.

મેં મારા પિતાની ઉત્તરક્રિયા એમની આજ્ઞા પ્રમાણે સાંગોપાંગ પતાવી; મારાં બા વગેરે રહે એવી ગોઠવણ કરી; મારા મોટાભાઈ માટે દવાદારૂની ગોઠવણ કરી; ને હું પોતે એમ. એ. નો અભ્યાસ કરવા માટે જશોનાથ મહાદેવના મકાનમાં એક ઓરડીમાં રહેવા ગયો. બે વર્ષને બદલે એક જ વર્ષમાં એમ. એ. થઇ જવું એવો મેં નિશ્ચય કર્યો અને દરરોજના નિયમિત રીતે ૭ કલાક તો વાંચવું જ એવું વ્રત લીધું. મને બરાબર યાદ છે કે આખાય વર્ષ દરમિયાન એક પણ દિવસ ૭ કલાક વાંચ્યા વિનાનો ગયો નથી તેમ કોઈ દિવસ એથી વધારે વખત વાંચવા વાટે મળ્યો નથી. જશોનાથ મહાદેવમાં રહેવું, સૂવું ને વાંચવું, બન્ને ટંક ઘેર જમવા જવું, ઘરના નિત્યનિરંતરે ઊભા થતા કંકાસને પતાવવા, મહેમાન આવે તેમને સાચવવા, ચીજવસ્તુને માટે બજારમાં

દરરોજ જવું અને મારાં બાને બને તેટલાં સુખી કરવાનો પ્રયત્ન કરવો – આ આખાય વર્ષનો પ્રોગ્રામ.

આજે આ વર્ષ ઉપર નજર નાખું છું ત્યારે એ વખતનાં દુઃખો ભૂલીને એક જાતની પ્રસન્નતા ઊભી થાય છે. ભગવાન દુઃખો આપે છે તેની સાથે એ દુઃખોને પાર કરી જવાની શક્તિ પણ આપે છે, ને એવી રીતે માનવીને ઊંચે લઈ જાય છે, એ વાત આજે વધારે સ્પષ્ટ સમજાય છે.

હું એમ. એ. થયો. મારા પિતાના મરણને વર્ષ પૂરું થયું એટલે વાર્ષિક ક્રિયા કરીને અમે સૌ ઝગડામાં પડચાં. મારાં બા અને મારા મોટાભાઈ કોઈ રીતે એક સાથે રહી શકે એમ ન હતું. એટલે અમે સૌ જુદાં પડચાં. અમારી મિલકતના ભાગ પાડવા માટે નજીકનાં સગાંઓમાંથી એક પંચ નીમ્યું. વહેંચણી વખતે અમારા અંતરનો બધો કચરો બહાર આવ્યો. અમારાં મકાનો બીજાને ઘેર ગીરો હતાં પણ તે છોડાવવાના પૈસા અમારી પાસે ન હતા. મેં મારા કોલેજના અધ્યાપક પ્રોફેસર એન્ટી પાસેથી મારી જાતની જવાબદારી પર રૂા. ૧૬૦૦ કરજે લીધા આ દેવું અમે એક વર્ષમાં ભરપાઈ કર્યું.

વહેંચણીમાં મારાં બાના દુરાગ્રહથી મારા નાનાભાઈને અન્યાય થયો. અમે ત્રણેય ભાઈઓના વ્યવહારો તે દિવસથી જુદા થયા. પણ મને તો મારા પિતાએ મારાં બાનું કાંડું સોપ્યું હતું એ કેમ ભુલાય? વાર્ષિક ક્રિયા પૂરી કર્યા પછી મારાં બાને તેમજ નાનાભાઈને લઈને હું મહુવા ગયો. મારે માથે પટ્ટણી સાહેબનું રૂા. ૫૦૦ નું દેવું હતું એટલે મારા રૂા. ૬૦ ના પગારમાંથી દર માસે મેં પટ્ટણી સાહેબને રૂા. ૨૫ મોકલવા માંડચા. પટ્ટણી સાહેબે તો લખાવ્યું કે એ રકમ ખર્ચ ખાતે માંડી વાળી છે. પણ મારે તો તે આપવા જ હતા. મહુવા ત્રણેક માસ રહ્યો હોઈશ ત્યાં એક દિવસ બપોરના મારા મિત્ર પ્રોફેસર વિઠ્ઠલરાય મહેતાનો તાર આવ્યો —

"congratulations appointed assistant professor"

હું આશ્ચર્યમાં પડ્યો ત્યાં બીજો તાર મને ખાતા તરફથી મળ્યો કે તમે ત્રીજે દિવસે કૉલેજમાં હાજર થાઓ.

બપોરના તાર મળ્યો, સાંજે ગામમાં વાત આવી. બીજે દિવસે વહેલી સવારે મેં મહુવા અને મહુવાની શાળા છોડ્યાં.

મહુવામાં મેં બધાય મળીને ૧૦-૧૨ મહિના ગાળ્યા હોય તો! હું પહેલો ગયો ત્યારે મેં ત્યાં ફર્સ્ટ સ્ટૅન્ડર્ડના વર્ગો લેવા શરૂ કર્યા, એટલે શિક્ષકો નવાઈ પામ્યા. ત્યાંના વિદ્યાર્થીઓમાં મેં તેજ ને અક્કલ અનુભવ્યાં છે. ત્યાં મને થોડાએક મિત્રો થયા. એમને કેમ ભુલાય? કવિ હરગોવિંદ પ્રેમશંકર, શેઠ હરિલાલ મોનદાસ, ડૉક્ટર કાણે – આ બધા આજે પણ મને હેતથી સાંભરે છે.

[૯]

પણ આ અરસામાં મારું જીવન એક બીજી દિશામાં વેગથી વહી રહ્યું હતું. હું વિધુર થયો તે અરસામાં મારા મોટાભાઈ દેવશંકરભાઈ પોરબંદરની હાઈસ્કૂલમાં માસ્તર નિમાયા હતા. એટલે ઉનાળાની લાંબી રજા ગાળવા માટે હું પોરબંદર ગયો. આ દિવસોમાં પોરબંદર અને બીલખા મહારાજ શ્રીમાન નથુરામ શર્માના નામથી ગાજતાં હતાં. તમે કાઠિયાવાડની રેલ્વેના કોઈ પણ સ્ટેશને જાઓ તો સવારમાં નાહી ધોઈ, કપાળે ભસ્મ લગાડી, સંધ્યાપૂજા કરીને પરવારેલો એકાદ માસ્તર તમે દેખો અને તપાસ કરો તો જણાય કે એ મહારાજશ્રીનો શિષ્ય છે. તમે કાઠિયાવાડમાં અને ખાસ તો પોરબંદર જૂનાગઢ તરફના કોઈપણ ગામડામાં જાઓ તો તમને આવો જ કોઈ મહેતાજી પણ જરૂર મળે. મારે કાને મહારાજશ્રીનું નામ વધારે અથડાયું. પોરબંદરમાં જ મારી આંખ આગળ એમનો આશ્રમ અને એમનાં પરમ ભક્ત શ્રીમતી મોંઘીબેન ખડાં હતાં.

મારા મોટાભાઈ તો ક્યારના એમના શિષ્ય થયા હતા અને દર અષાઢી પૂનમે તેમ જ કાર્તકી પૂનમે ગુરુપૂજન નિમિત્તે બીલખા જતા આવતા. દીવાળીની લાંબી રજાઓમાં હું પણ એક વાર મારા મોટાભાઈની સાથે બીલખા ગયો. અમે જૂનાગઢથી ગાડામાં બેસીને બીલખા ગયા એટલે રાતે મોડા પહોંચ્યા. વહેલી સવારે મને મહારાજશ્રીનાં દર્શન થયાં. શ્રીમતી મોંઘીબેને અને પોરબંદરના આશ્રમે મારા મન પર જે પવિત્રતાની છાપ પાડી તે મહારાજશ્રીનાં દર્શને વધારે દૃઢ કરી. કોણ જાણે કેમ પણ એમને જોઈને તરત જ મારા મનને જોઈતો વિસામો મળ્યો અને આજ સુધી પૂર્વકાળના યોગીઓની, ઋષિમુનિઓની, આચાર્યોની જે જે કલ્પનાઓ મેં ઘડી હતી તે તે તમામ કલ્પનાઓ કેમ જાણે મને મહારાજશ્રીમાં મૂર્તિમંત થતી લાગી. બહાર આવીને તરત જ મેં મારા મોટાભાઈને જણાવ્યું: 'આજે મારે દીક્ષા લેવી છે.' બપોરના સાડા અગિયાર વાગ્યે હું મહાત્મા શ્રીમાન નથુરામ શર્માનો શિષ્ય થયો અને તે દિવસથી માંડીને આજ સુધી મારા મનથી એમનો શિષ્ય રહ્યા છું. માત્ર ઈ. સ. ૧૯૨૦ની સાલમાં હરિજન પ્રશ્ન અંગે મારા હૃદયમાંથી એમનું ગુરુપદ ખળભળ્યું તે પુનઃ સ્થાપિત થયું જ નહીં. છતાં પણ શરૂઆતનાં વર્ષોમાં મને એમની કિંમત સમજાઈ છે તેના કરતાં આજે વધારે સમજાઇ છે. અને સાથે સાથે માનવી તરીકેની એમની ઊણપો પણ તે દિવસે મને દેખાતી તેનાં કરતાં આજે વધારે સ્પષ્ટ દેખાય છે. પણ આ ઊણપો સ્પષ્ટ થયા પછી મારો એમના તરફનો આદર ઓછો થવાને બદલે ઊલટો વધ્યો છે કારણ કે એ ઊણપોના તખ્તા પર એમની મોટાઈ વધુ દીપે છે.

મહાત્મા શ્રીમાન નથુરામ શર્મા થોડાં વર્ષો પર વિદેહ થયા છે. સામાન્ય રીતે આજના ગાંધીવાદીમંડળમાં એમનો પરિચય ઓછો છે. પૂ. ગાંધીજીના મોટાભાઈઓ અને ગાંધીજી પોતે એમના શિષ્યમંડળમાં હતા એ વાત આજે તો ઘણાં ભાઈબહેનો જાણતાં પણ નહીં હોય.

મહારાજશ્રી, મહારાજશ્રી થયા પહેલાં માત્ર એક સાદા ગુજરાતી શિક્ષક હતા. એમનો જન્મ લીંબડી તાબે મોજીદડ ગામમાં થયો હતો. લગ્ન કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે એમણે ન પરણવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. શરૂઆતથી જ એમનું મન યોગ તરફ વેગથી ગયું હતું અને પોતાની નોકરીના સમય દરમિયાન નોકરીના કલાકો ઉપરાંત ઘણોખરો વખત્ત એમણે યોગ સાધનની પાછળ જ ગાળ્યો. એમના શિક્ષકજીવન દરમિયાન સુરતવાળા શ્રી. ગણપતરાય અનુપરામ ત્રિવેદી એમના ઉપરી હતા. અને ગણપતરામભાઈએ જેમ પોતાની કડકાઈનો સ્વાદ પટ્ટણી સાહેબને ચખાડેલો તેમ જ મહાત્મા શ્રીમાન નથુરામ શર્માને પણ ચખાડેલો એમ એમણે પોતે જ મને જણાવ્યું હતું. દૈવયોગે એ જ કડક ગણપતરામભાઇ પાછળથી ભાવનગરમાં પટ્ટણી સાહેબના પૂજક બન્યા અને મહાત્મા શ્રીમાન નથુરામ શર્માના તો રીતસર લાંબા પડીને પ્રણામ કરનારા શિષ્ય બન્યા.

હું મહારાજશ્રીના પરિચયમાં આવ્યો ત્યારે તો તેઓ મહાત્મા થઈ ચૂક્યા હતા, અને અમે સૌ ઈશ્વરના એક નાના પણ અવતાર તરીકે એમનું રીતસર પૂજન કરતા હતા.

મહાત્માશ્રીને અમે સૌ શિષ્યો આચાર્ય કહીને પણ સંબોધતા. એમના પરિચયમાં આવ્યા પહેલાં હું વૈષ્ણવ આચાર્યોના તેમ જ સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્યોના પરિચયમાં આવેલો, એટલે મને સમજાયું કે મહારાજશ્રી પોતે સ્વાશ્રયી આચાર્ય થયા છે. આચાર્ય-પદની જવાબદારી તેમના મનમાં બરાબર ઊતરી હતી. આમ તો મહાત્માશ્રી ગુજરાતી શાળાના કોઈ મહેતાજી જેવા મહેતાજી, પણ એમણે પોતાના પરિશ્રમથી ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, પાતંજલયોગદર્શન, શ્રીમદ્ ભાગવત, ગીતા વગેરે શાસ્ત્રીય ગ્રંથોનો સારો એવો અભ્યાસ કર્યો અને આપણી પ્રસ્થાનત્રયીને એટલે ઉપનિષદોને, બ્રહ્મસૂત્રને તેમ ગીતાજીને ગુજરાતીમાં ઉતાર્યાં. એ રીતે એમણે પાતંજલ યોગદર્શનને પણ ગુજરાતીમાં ઉતાર્યું છે. આ પ્રમાણે આપણા પ્રમાણભૂત ધર્મગ્રન્થો-

નું પ્રમાણભૂત અવતરણ, એ મહારાજશ્રીનો બહુ મોટો ફાળો છે. આ ઉપરાંત એમણે ખાસ પોતાના શિષ્યસમુદાયને ધ્યાનમાં રાખીને પણ યોગનાં, ચિત્તશુદ્ધિનાં તેમ જ જ્ઞાનનાં નાનાંમોટાં ઘણાં પુસ્તકો લખ્યાં છે. અને હજી આજે પણ એ વિષયના અભ્યાસીઓને તેમ જ એ માર્ગે જનારાઓને એનો ઉપયોગ ઓછો નથી. જ્ઞાન અને યોગ જેવા ગહન વિષયોનો સરળ સાદી ભાષામાં પરિચય આપનારાં આ પુસ્તકો મહારાજશ્રી પોતે એ વિષયમાં કેવા કાબેલ હતા તેનો પુરાવો આપે છે.

પણ આ દિશામાં એમનો સૌથી મોટો ફાળો તો સંધ્યાનાં આહ્નિકોનો છે. શરૂઆતનાં વર્ષમાં મહારાજશ્રી પોતે યોગ ઉપર જ લાગેલા એટલે કર્મકાંડ વગેરેની ખટપટમાં પડેલા નહીં હોય. પણ પાછળથી પોતે મહારાજ થયા પછી રીતસરના કર્મકાંડની જરૂરિયાત એમને સમજાઈ, એટલે પોતે તો પોતાના દૈનિક ક્રમમાં રીતસર સંધ્યા વગેરેને સ્થાન આપ્યું પણ સંધ્યા કરવાના ઉપદેશને સાર્વત્રિક રૂપ પણ આપ્યું. એક અથવા બીજા પ્રકારની સંધ્યા ન કરતાં હોય એવાં એમનાં શિષ્ય કે શિષ્યા તમે ભાગ્યે જ દેખો એટલે જ સંધ્યાવંદનની સાથે અનિવાર્ય ગણાયેલાં ભસ્મ, ઉપવીત, વૈશ્વદેવ, અપોષનવિધિ વગેરે પણ શિષ્યોમાં સાર્વત્રિક બની ગયાં.

ઈ. સ. ૧૯૦૪થી ૧૯૨૦ સુધીનાં વર્ષ એટલે સોળ વર્ષ હું મહારાજશ્રીનો રીતસરનો શિષ્ય રહ્યો. શિષ્ય થયા પછી બહુ થોડા વખતમાં હું મહારાજશ્રીના અંતરંગ મંડળમાં પહોંચી ગયો અને ત્યાં રહીને એમને અનેક પ્રસંગોએ અવલોકવાનો મને પ્રસંગ મળ્યો. મહારાજશ્રી પોતે મહારાજ થયા એ પહેલાં એ કેવી રીતે આ પદે આવ્યા, એ જાણવા માટે મેં ઘણી મહેનત કરી, એમના જૂના શિષ્યોને ઘણીવાર પૂછ્યું, પણ મારે જોઈતી હતી તેવી બાતમી કોઈ દિવસ મળી નથી. નથુરામ શર્મા નથુરામ મટીને મહારાજ થયા એ દરમિયાન એમની કેવી કેવી તાવણીઓ થઈ, કેવી કેવી લાલચો અને ભયસ્થાનોમાંથી એ પસાર થયા, ક્યારે ક્યારે લપસ્યા, ક્યારે ક્યારે હાર્યા, ક્યારે અને કેવી રીતે

પડ્યા અને છતાં કેવી રીતે પાછા ઊભા થયા એ બધું જાણવાની અને એમને એમના ખરા સ્વરૂપમાં માનવી તરીકે ઓળખવાની મારી મહેનત નકામી ગઈ છે. મારા ભાવિક મિત્રો મારા આવા આવા પ્રશ્નોને નાસ્તિકતાની નિશાની ગણતા અને મહારાજશ્રી પોતે તો પોતાની પૂર્વાવસ્થા વિષે કાયમ મૌન રાખતા. મહારાજશ્રીએ પોતાનાં જીવનનાં આવાં તેવાં બાથોડિયાં વિષે કોઈને પણ વાત કરી હોય એમ મને લાગતું નથી. એમના ઉત્તર જીવનની ખરી પૂર્વભૂમિકા આપણી પાસે નથી એ ખેદની વાત છે.

મહારાજશ્રીનો પરિચય આપતી વખતે મારે તેમની કેટલીક વિશિષ્ટતાઓનો ઉલ્લેખ કરવો જ જોઈએ. મહારાજશ્રી પોતાના દૈનિક કાર્યક્રમમાં અસાધારણ નિયમિત હતા. દરરોજ સવારે પાંચ વાગે એ જાગતા. મહારાજશ્રી ઊઠે અને ઓરડાનું બારણું ઊઘડે ત્યારે તરત જ એમનાં દર્શન થાય અને એ રીતે દિવસની મંગળ શરૂઆત થાય એ ભાવનાથી પ્રેરાઈને અમે શિષ્યો એમના ઓરડાનાં બારણાં પાસે પાંચ વાગ્યા અગાઉ હાજર રહેતા, અને મહારાજશ્રી બારણું ઉઘાડે કે તરત જ જમીન પર લાંબા પડીને તેમને રીતસર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા. અને મહારાજશ્રી પોતાના જમણા હાથથી અમને કેમ જાણે અભય અને આશીર્વાદ આપતા. એમના ઊઠવાનો આ સમય એટલો બધો નિયમિત હતો કે બસ ઘડિયાળમાં પાંચના ટકોરા થયા કે બીજી જ ક્ષણે એમનાં પાવલાંનો ખટાકો થયો જ હોય. ઊઠ્યા પછી લઘુશંકા કરવા જવું, થોડું પાણી પીવું, આંખ–મોં ધોવાં, શરીરે શાલ ઓઢવી, માથા પર રૂમાલ બાંધવો, સંડાસની કૂંચી લેવી અને પાણીનો લોટો લઈને સંડાસ તરફ જવું એ બધી ક્રિયાઓ કોઈ કર્મકાંડી યજ્ઞની બધી ક્રિયાઓ જે ચીવટથી અને નિયમિતતાથી કરે એ ચીવટથી અને નિયમિતતાથી મહારાજશ્રી કરતા અને લાંબા કામના અભ્યાસથી એ એમના જીવનમાં સહજ થઈ ગઈ હતી. આવા જ પ્રકારની ચીવટ અને ચોકસાઈ એમના દાતણમાં, એમના સ્નાનમાં, એમના સંધ્યા-

વંદનમાં તથા ધ્યાનમાં, એમના ભોજનમાં, એમના શયનમાં, એમના વાચનમાં, એમની કથામાં અને જીવનના હરેક નાના મોટા પ્રસંગોમાં મેં જોઈ છે. કોઈપણ પ્રસંગે આવી રોજની ચર્યામાં એમણે ભૂલ કરી હોય અથવા એમનાથી થઈ ગઈ હોય એમ મને જોવા મળ્યું નથી. જેવી એમની સમયની ચોકસાઈ તેવી જ એમની ચીજવસ્તુઓની પણ ચોકસાઈ હતી. એમનું આસન, એમની ઘડિયાળ, એમનો ખડિયો, એમની પેન્સિલ, એમની પાટ, એમનું બિછાનું, એમનાં વાસણો એ બધાંય તેમના માટે નક્કી કરેલ સ્થળે જ પડયાં હોય. તેમાં સહેજ પણ ફેર ન હોય. નિયમિતતાનો અને ચોકસાઈનો આવો આગ્રહ એમના અંગત જીવન પૂરતો જ હતો એમ ન કહેવાય. આવો આગ્રહ આખાય આશ્રમજીવનમાં ઊતર્યો હતો.

અષાઢી તેમ જ કાર્તકી પૂનમે કે બીજા મંગળ પ્રસંગોએ અમે શિષ્યો આશ્રમમાં એકઠા થઈએ ત્યારે અમે તો સૌ અમારા સ્વભાવ પ્રમાણે થોડો ઘણો ગોટાળો કરીએ, ઓરડામાં દૂધ કોફી ઢોળીએ, પૂંજો પાડીએ, ગાદલાં ગોદડાં રખડાવીએ, પણ અમે ગયા કે તરત જ અમારો ઓરડો ધોવાઈ જાય અને આશ્રમની ચીજો રીતસર પોતપોતાને ઠેકાણે પહોંચી જાય. એમાં ભૂલ નહીં. અમે આશ્રમની બહાર પગ મૂક્યો એટલી જ વાર. એમની આ ચોકસાઈની સાથે જ એમનો સ્વચ્છતાનો આગ્રહ જોવા જેવો હતો. આશ્રમમાં કોઈ જ્યાં ત્યાં થૂંકતું નહીં, જ્યાં ત્યાં પેશાબ કરતું નહીં, જ્યાં ત્યાં કચરો ફેંકતું નહીં. આખોય આશ્રમ દરરોજ બરાબર વળાતો અને તે પણ ઘણા જ ઓછા નોકરોથી. મહારાજશ્રી પોતે લગભગ દરરોજ બન્ને વખત દિશાએ જતાં જતાં આખાય આશ્રમ પર ઝીણી નજર નાખતા અને નાની એવી પણ ગફલતને બાહોશ ઇન્સ્પેકટરની ચલાકીથી પકડી પાડતા. તેથી જ આશ્રમનું રસોડું અને કોઠાર પણ અમારા માટે સ્વચ્છતાનાં શિક્ષણસ્થાનો હતાં એમ હું કહી શકું. મહારાજશ્રીનાં પોતાનાં અંગત વપરાશનાં વાસણો આરસી જેવાં સ્વચ્છ રહેતાં, એમનાં કપડાં સફેદ, બગલાની પાંખ જેવાં

ધોળાં રહેતાં, એમની પથારી એવી જ સ્વચ્છ રહેતી, એમની લાકડાની પાદુકાઓ ઉપર મેં કોઈ દિ' મેલ બાઝયો જાણ્યો નથી. એમનો જમવા બેસવાનો પાટલો, એમનું ફાનસ, એમના ઓરડાનાં કમાડો, એમનાં પુસ્તકો, જ્યાં જુઓ ત્યાં તમને મહારાજશ્રીની ચોખ્ખાઈ, ચોકસાઈ અને વ્યવસ્થાનાં દર્શન થયા વગર રહે જ નહીં.

આવી ચોકસાઈ અને ચોખ્ખાઈ માત્ર બાહ્ય પદાર્થોમાં જ મર્યાદિત થઈ ન હતી. એમના પત્રવ્યવહારમાં તેમ જ પુસ્તકોનાં પ્રૂફ વાચનમાં પણ આપણને એ જ દેખાય. એમનાં નાનાં મોટાં પુસ્તકોની બીજી રીતે કિંમત ગમે તેવી હો પણ એમની છાપશુદ્ધિ અને જોડણીશુદ્ધિ માટેનો મહારાજશ્રીનો આગ્રહ અતિશય હતો. અને મોટે ભાગે તો એ કામ એ પોતે જાતે જ કરતા. આશ્રમમાં મહારાજશ્રી પોતે જ પ્રૂફરીડર હતા એમ કહી શકાય. એમના અક્ષરો ઘણા ચોખ્ખા અને વળાંકવાળા હતા. હું એમના પરિચયમાં આવ્યો ત્યાર પછી આશ્રમનો પત્રવ્યવહાર મોટે ભાગે વ્યવસ્થાપક ત્રિભુવનભાઈ જ કરતા. પણ મહારાજશ્રી પોતે નજીકના શિષ્યોને પ્રસાદી રૂપે જે થોડા ઘણા કાગળો લખતા તે કાગળોના મોતીના દાણા જેવા અક્ષરો હજી આજે પણ એવા જ મનોહર હશે.

જેવી મહારાજશ્રીની નિયમિતતા, જેવી એમની વ્યવસ્થા, જેવી એમની સ્વચ્છતા તેવી જ એમની સ્પષ્ટતા નોંધવા જેવી વસ્તુ છે. એમની વાણી બહુ જ સ્પષ્ટ અને ચોક્કસ હતી. તેઓ નોકરને હુકમ કરે અથવા શિષ્યને આજ્ઞા કરે તો નોકર કે શિષ્ય બરાબર સમજે એવી ભાષામાં જ, બનતાં સુધી બે અર્થ ન થાય એવા શબ્દોમાં જ કરતા. પોતાને જે કહેવાનું હોય એ એમના મનમાં જ એવું સ્પષ્ટ હતું કે પછી ભાષામાં ગોટાળો ઊભો થવા પામતો જ નહીં. એમનાં પુસ્તકો, એમનાં વ્યાખ્યાનો, એમના પત્રો, એમનો તમામ વાણીવ્યવહાર આ સ્પષ્ટતાની સાક્ષી પૂરતો. વિચારો તેમ જ ભાષાની આવી સ્પષ્ટતાને લીધે જ મહારાજશ્રી યોગ વગેરેની મોટી મોટી વાતો પોતાના સાધારણ શિષ્યોને સમજાવી શકતા અને એવી એવી વાતો માટે તેમનામાં રસ ટકાવી શકતા.

[૧૦]

આ બધા ગુણોની સાથે સાથે બીજી પણ થોડીએક બાબતો ગણાવી શકાય. મહારાજશ્રીમાં કરકસરની ટેવ સારા પ્રમાણમાં હતી. એમના આશ્રમના ખર્ચમાં, એમના કોઠારમાં, એમના રસોડામાં, એમના પુસ્તકાલયમાં તમને એમની કરકસર દેખાયા વિના રહે જ નહીં. એમના આવડા મોટા આશ્રમમાં તેઓ એક જ નોકરથી બાગ, કોસ વગેરેનું કામ લેતા; એમના પોતાના અંગપરિચારક તરીકે પણ એક જ નોકર બસ થતો. એમનાં પુસ્તકાલયમાં પુસ્તકો સચવાય એ માટે તમામ પુસ્તકોને બ્રાઉન પેપરનાં કે એવાં પૂંઠાં ચઢાવેલાં હતાં. આશ્રમનાં દાણાદૂણી બરાબર સાફ રહે ને બગડે નહીં એવો એમનો આગ્રહ હતો; અને આ બધુંય પોતે પોતાની વ્યવસ્થાશક્તિથી માણસો પાસે કરાવતા. માણસોને રાજી રાખીને, જરૂર પડે તો પુણ્યપ્રકોપ કરીને પણ કામ લેવાની શક્તિ એમનામાં અદ્‌ભુત હતી. ભેટ આવેલી ચીજો બરાબર જળવાય, બગડે નહીં, ખપમાં આવે એની એમને કાળજી રહેતી. આશ્રમમાં કોઈ પણ ચીજવસ્તુનો બગાડ થયો મેં જાણ્યો નથી. એવા પ્રસંગો આશ્રમમાં સહેજે આવતા કે જ્યારે કોઈ શિષ્ય કે ભક્ત આશ્રમને પોતાને ખર્ચે ભોજન આપે. આવા પ્રસંગોમાં મહારાજશ્રી પોતે રસોઈમાં કઈ કઈ વસ્તુઓ કરવી, કયા કયા પદાર્થો કેટલા પ્રમાણમાં વાપરવા, મિષ્ટાન્નમાં કઈ કઈ ખાસ ચીજો વાપરવી, દાળશાક પણ ક્યાં ક્યાં અને કેવાં કરવાં એ વિચારણામાં પોતે રસથી ભાગ લેતા અને કેમ જાણે પોતે રસોઈનું શાસ્ત્ર જાણતા હોય એ રીતે રસોયાને તેમ જ ભોજન આપનાર ભક્તને શિક્ષણ આપતા. આથી કરીને આનંદાશ્રમને રસોડે થતી રસોઈ સાદી છતાં સ્વાદિષ્ટ થતી અને એનો યશ મહારાજશ્રીને પોતાને જ જાય છે.

આ પ્રકારની કરકસર કોઈ વાર વધારે પડતી થતી પણ હોય. આશ્રમના શિષ્યોને નાસ્તાપાણીમાં ચેવડો ને મોહનથાળ મળે ત્યારે ભાડૂતી નોકરોને વાસી રોટલા તથા ખીચડી પણ મળે. ભક્તો એ ભાવપૂર્વક

ભેટ આપેલાં સાકર, નાળિયેર વેચીને તેના દામ પણ ઉત્પન્ન કરવામાં આવે એવું બનતું; પણ આ તો કરકસરની અતિશયતા. મહારાજશ્રી પોતે આ બધાંયને માટે કેટલા જવાબદાર છે તે હું જાણુતો નથી પણ મને પોતાને એમની કરકસરમાંથી ઘણું શીખવાનું મળ્યું છે.

પણ કરકસરનો આ ઉગમ ક્યાંથી? એની પાછળની આધ્યાત્મિક પ્રેરણા કઈ? કે એ માત્ર વ્યવહારપૂરતો જ એક સદ્ગુણ? મહારાજશ્રીનો પોશાક, એમનાં વપરાશનાં બધાં સાધનસામગ્રી, આ બધાંય વિલાસી દેખાય. એમનાં કપડાં સ્વચ્છ અને વ્યવસ્થિત હોય એ તો સમજી શકાય પણ એમનાં ધોતિયાં તથા ચાદર ઊંચા પ્રકારની મલમલનાં જ જોઈએ એમ શા માટે? એમનાં વાસણો સ્વચ્છ હોય એ તો સમજી શકાય પણ એ વાસણો ચાંદીનાં જ હોવાં જોઈએ એમ શા માટે? એમનો ઓરડો સ્વચ્છ અને રમ્ય હોવો જોઈએ એ સમજી શકાય પણ એમની નાસિકાને દિલ્હીનાં અત્તરોની શી જરૂર? મોટા મોટા ઉત્સવપ્રસંગોએ અમે ભક્તો એમનાં નામનાં ગાન કરીએ એ તો સમજાય તેવું છે, પણ મહારાજશ્રી સભામંડપમાં આવે ત્યારે અગ્રગણ્ય ભક્તો રૂપાનાં છડીચામર લઈને આગળ ચાલે અને સિંહાસન પર રૂપાનું છત્ર, એ શા માટે?

આ બધી એ દિવસોમાં પણ મારી મૂંઝવણો હતી અને એ મૂંઝવણો જ રહી છે.

કમભાગ્યે આ સંબંધમાં અમારા મંડપમાં એક અનર્થકારી માન્યતા વહેતી થઈ હતી. અમે સૌ શિષ્યો કહેતા: 'ઉચ્ચ ભોગ્ય પદાર્થો ઉત્તમ ભોક્તાને શોધતા આવે છે અને આવો ઉત્તમ ભોક્તા પ્રારબ્ધને વશ થઈને એમને ભોગવે છે.' ઉચ્ચ ભોગ્ય પદાર્થો ઉત્તમ ભોક્તાને શોધતા હોય તો ભલે શોધે, ઉત્તમ ભોક્તા પોતાના પ્રારબ્ધને ભોગવી લેવા માટે આવા પદાર્થોને ભોગવતો હોય તો ભલે ભોગવે, પણ જે આચાર્યો છેવટ લોકસંગ્રહબુદ્ધિથી પણ પોતાના જીવનની મર્યાદાઓ આંકે છે તેમણે આવાં બાહ્ય લક્ષણોને પણ ત્યાજ્ય ગણવાં ન

જોઈએ ? ઝીણાં બારીક કપડાં, ચાંદીનાં વાસણો, અત્તર, કેસર વગેરે પદાર્થોનો રીતસરનો વપરાશ એ આપણા નવા યુગના આચાર્યનું લક્ષણ નથી. આપણા નવા યુગનો આચાર્ય દરિદ્રનારાયણનો ઉપાસક હશે.

આ દૃષ્ટિથી જોઈએ ત્યારે મહારાજશ્રી જૂના યુગના આચાર્ય લાગે. અમે ભક્તો એમને ઈશ્વરના અવતાર માનતા અને મોટા સમારંભમાં ગાતા :

" યુગેયુગે આવીશ એમ કહેતા
શ્રીકૃષ્ણ આજે નજરે પડે છે. "

આ અમારી શિષ્યોની માન્યતા હોય એ તો સમજી શકાય છે; પણ મહારાજશ્રીએ અમારી આ માન્યતા અમે જાહેર કરતા ત્યારે એક પણ વખત એનો વિરોધ કર્યો હોય એવું મને યાદ નથી. એમની વાણી, એમનો વર્તાવ, એમની રહેણીકરણી વગેરે બધું ય એ પોતે ઈશ્વરના અવતાર જ છે એ માન્યતાને પોષે તેવાં હતાં. "હું પોતે માટીનો માનવી છું," "હું પોતે માનવી સ્ત્રીની કૂખમાં પાકેલો અદનો આદમી છું" એવું વાક્ય મહારાજશ્રીના મોઢામાંથી કોઈ દિ' પડ્યું મેં સાંભળ્યું નથી.

મહારાજશ્રી પોતાને માટે જ્યારે જ્યારે બોલતા ત્યારે 'હું' શબ્દનો ઉપયોગ ન કરતા પણ 'અમે' શબ્દનો ઉપયોગ કરતા. એજ પ્રમાણે અંગત વાતો કહે ત્યારે પણ 'મારો દેહ' કે 'મારી ચીજો' એમ બોલવાને બદલે 'આ દેહ' 'આ ચીજો' એમ જ બોલતા. જેને દેહમાંથી અને દેહની સાથે જોડાયેલા પદાર્થોમાંથી અહંતા દૂર કરવી હોય તે આવા પ્રયોગો કરતા હશે, પણ મારા કાનને તો કોણ જાણે કેમ આ શબ્દપ્રયોગ હંમેશ ખૂંચ્યો છે અને એવા શબ્દપ્રયોગને હું કદી આવકારી શક્યો નથી. મહારાજશ્રીનો આ શબ્દપ્રયોગ આશ્રમના મારા મિત્રોને ખૂંચતો ન હતો; પણ એકવાર જ્યારે આશ્રમની રસોઈ કરનારા માધવજીભાઇએ આવો શબ્દપ્રયોગ કર્યો ત્યારે તો સૌ હસીહસીને ઢગલો

થયા હતા. માધવજીભાઇ અમારા આશ્રમના રસોયા હતા. મહારાજશ્રીએ એમને ઠીકઠીક ઘડયા હતા. કપડાંલત્તાંની સફાઇમાં એ મહાત્માશ્રીની બહુ નજીક આવી ગયા હતા. પણ બાકી તો એ પોતાને 'મઠના મૂરખા' તરીકે ઓળખાવી અભિમાન લેતા. એક વાર માધવજીભાઇના બાપા કરાચીથી આશ્રમમાં આવ્યા. હું એમને ઓળખું નહીં. સાંજે હું ચોકમાં ફરતો હતો ત્યાં માધવજીભાઈ મારી પાસે આવ્યા અને કહે; 'આ નવા મહેમાનને ઓળખ્યા?' મેં જણાવ્યું 'ના.' ત્યારે કહે: 'એ આ દેહના પિતા થાય.' એમ કહી એમણે પોતાનો જમણો હાથ હાથ પોતાની છાતી સામે ધર્યો; "આ દેહના. આ દેહના, હો."

માધવજીભાઈ મારી સાથે પ્રાણાયામનો અભ્યાસ કરતા હતા ત્યારે એકવાર શિખંડનું ભોજન થયું. માધવજીભાઈ મને કહે: 'પ્રસાદજી, આજે તો ચાર ગંજિયાં ટટકાવી જવાં છે.' 'પણ માધવજીભાઈ, પચશે શી રીતે?' મેં પૂછ્યું, 'અરે પ્રસાદજી, સો પ્રાણાયામ વધારે ખેંચીશ.' માધવજીભાઇ શિખંડને પચાવવા પ્રાણાયામ કરે એથી તો મને હસવું આવ્યું જ; પણ આજે જ્યારે 'આ દેહના પિતા' એવો શબ્દપ્રયોગ તેમણે કર્યો ત્યારે તો હું અને અમે સૌ હસી પડ્યા અને છતાં માધવજીભાઈને પોતાનો આ પ્રયોગ સૌને આનંદ આપે છે એમ જણાયાથી એમણે આ પ્રયોગ એકથી વધારે વખત કરી લીધો.

બિચારા માધવજીભાઈ!

મહારાજશ્રી ઈશ્વરના અવતાર થયા એટલે એમની સાથે સમાન કક્ષાએ ઊભા રહીને વાત કરનાર કોઈ માણસ ન રહ્યું. મને લાગે છે કે મહારાજશ્રીને પોતાને આથી લાભ થયો એના કરતાં નુકસાન વધારે થયું હશે. માનવી ઈશ્વરનો અવતાર હોય તો પણ માનવી દેહ તો માનવી જ છે અને માનવી રહે એમાં જ એનું અને સમાજનું કલ્યાણ છે. જેને સૌ પૂજે, જેને સૌ નમે, જેને સૌ આપશ્રી આપશ્રી કહે, જેનાં ચરણમાં સૌ માથાં નમાવે, પણ જેને 'તું' ને 'તમે' કહીને બોલાવ-

નારો અને પૂજ્યભાવ છતાં જેની સાથે માનવી તરીકે ઊભો રહીને વાત કરનારો કોઈ આદમી ન હોય એ માનવી ગમે તેટલું ઉચ્ચ સ્થાન ભોગવતો હોય તો પણ તેની દયા ખાવી જોઈએ. આટલા જ માટે આપણે આપણા આજના રાજાઓની દયા ખાવી જોઈએ, આપણા લક્ષ્મીપતિઓની દયા ખાવી જોઈએ, આપણા હાકેમોની દયા ખાવી જોઈએ. મારું તો સદ્ભાગ્ય હતું કે હું આવાં આવાં મારાં ગાંઠેલાં મહારાજશ્રી પાસે કહી શકતો અને કોઈ કોઈ વાર તેમને વિચારમાં પણ નાખતો.

પણ ખરી રીતે બોલીએ તો એમનો આખો ઉછેર જ એ જાતનો હતો. નવા યુગના દરિદ્રનારાયણની કલ્પના એ એમના પ્રદેશની બહારની વસ્તુ હતી. એમના જમાનાના શંકરાચાર્યો, વૈષ્ણવ આચાર્યો, સહજાનંદ સંપ્રદાયના આચાર્યો એ સૌના ધોરણે જ એમનું આચાર્યપદ રચવામાં આવ્યું, અને મહાત્માશ્રીએ એ રીતે એ પદને સ્વીકાર્યું અને છતાં દીપાવ્યું. પણ એ પદની રચનામાં જે મૂળ દોષ હતો તે મહારાજશ્રી નિવારી શક્યા નહીં. મહારાજશ્રી અમારા જેવા એમના શિષ્યોની સાથે એક પંક્તિએ બેસીને જમ્યા નથી, એમણે જાતે અમને કોઈ દિવસ પીરસ્યું નથી. એ નિરંતર અમારા પૂજ્યપાદ, પ્રાણપૂરક પ્રભુજી રહ્યા છે; પણ કોઇ દિવસ આપણા જેવા જ ભૂલો કરીને ઉપર ચડનારા સાધક બન્યા જ નથી.

આ રીતે જોઈએ તો એમની પોતાની સ્વમાનની કલ્પના આજે આપણને ભારે વિચિત્ર લાગે. જ્યારે મહારાજશ્રીને કોઈ બીજાએ ગોઠવેલી સભામાં જવું હોય ત્યારે પોતાનું આસન ક્યાં ગોઠવવાનું છે એની તેઓ ભારે તકેદારી રાખતા. મને યાદ છે એ પ્રમાણે એક વાર ગાંધી કુટુંબમાં કાળિદાસ ગાંધીની દીકરીનાં લગ્ન હતાં. આ પ્રસંગે મેળાવડામાં પોરબંદરના રાણાસાહેબ પધારવાના હતા. મહારાજશ્રીને પણ કાળિદાસ ગાંધીએ ભાવ અને આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું હતું. આ વખતે મહારાજશ્રીનું આસન (ખુરશી ?) રાણાસાહેબની ખુરશીથી ચડિયાતું

રહે એવો સૌ શિષ્યોએ આગ્રહ રાખ્યો હતો અને કાળિદાસ ગાંધી પાસે રખાવ્યો હતો. પણ વધારે ધ્યાન ખેંચે એવો પ્રસંગ તો ભાવનગરનો છે. દક્ષિણામૂર્તિના પહેલા વર્ષ દરમિયાન ભાવનગરને આંગણે દક્ષિણામૂર્તિના ઉપક્રમથી એક વિદ્યાર્થીસંમેલન ભરવામાં આવ્યું હતું. આ સંમેલનના સ્વાગતપ્રમુખ સદ્ગત મણિશંકર રત્નજી ભટ્ટ હતા. પ્રમુખ પ્રિન્સિપલ કે. જે. સંજાણા હતા અને મંગળપ્રવચનકર્તા સદ્ગત આચાર્ય આનંદશંકર ધ્રુવ હતા. આ વખતે પૂજ્યપાદશ્રી પણ દક્ષિણમૂર્તિના જ મકાનમાં અમારા પૂજ્ય અતિથિ તરીકે બિરાજતા. સંમેલનની આગલી સાંજે આનંદશંકરભાઈનું મંગળપ્રવચન હતું. આ પ્રવચન વખતે મહારાજશ્રી ત્યાં આવે એવી મારી ઇચ્છા ને વિનતિ હતી, એટલે તેઓ આવ્યા તો ખરા; પણ પ્રવચન પૂરું થયું અને અમે સૌ ઘરે આવ્યા ત્યારે મહારાજશ્રીનું મન ભારે દુભાયેલું હતું. સંમેલનમાં મંચ ઉપર પ્રમુખ સંજાણા સાહેબની પાસે અને આનંદશંકરભાઈની સમાન કક્ષા પર મહારાજશ્રીની ખુરશી ગોઠવી હતી. આ એડકથી મહારાજશ્રીને બહુ ઓછું આવી ગયું. મારા શિષ્યમિત્રો પણ મારા પર ચિડાઈ ગયા- મહારાજશ્રીએ પોતાની લાક્ષણિક શૈલિથી મને ઠીકઠીક ઠપકો આપ્યો અને તેમને મુખ્ય આસન ન મળે તો બીજે દિવસે સંમેલનમાં ન આવવાનો પોતાનો વિચાર તેમણે મને જણાવી દીધો. મેં પણ સ્પષ્ટ જણાવ્યું, 'સંમેલનમાં મુખ્ય આસન તો પ્રમુખનું જ રહેશે. આપ ન પધારો તો એટલાં હું મારાં કમભાગ્ય સમજીશ.' સંમેલન આવ્યું અને ગયું, મુખ્ય આસન ગોઠવાયું અને ઊપડી ગયું. મહારાજશ્રી સંમેલનમાં ન આવ્યા તે ન જ આવ્યા! આશ્રમના મારા ઘણા મિત્રો છંછેડાયા. પણ મારી પડખે હતા .મારા મોટાભાઈ સદ્ગત હરગોવિંદભાઈ. અમારી ગુરુસેવા એટલી જાહેર હતી, અમારી નિષ્ઠા એટલી દૃઢ હતી કે અમારા પર આવેલ આક્ષેપો જાતે ભૂકા થઈને પાછા ફર્યા અને અમારા મંડળની બહારનો સમજુ વર્ગ અમારી વાતની યથાર્થતા સમજી શક્યો.

એટલા જ માટે મેં કહ્યું કે મહાત્માશ્રી ઘણી રીતે નવા જમાનાના હોવા છતાં એમના હાડથી જૂના યુગના હતા. બધા ધર્મો તરફ ઉદારભાવ, આધુનિક વિજ્ઞાનના વિષયોનું જ્ઞાન, અભણ અને અજડ એવા ભક્તોની પણ નાડ પારખવાની એમની કળા, સૌ સમજી શકે એવી ભાષામાં ઉપદેશ આપવાની રીત, અસાધારણ નિયમિતપણું, સ્વચ્છતા, વ્યવસ્થા, આ બધી વસ્તુઓ એમને નવા યુગના આચાર્ય તરીકે સ્થાન અપાવે એવી છે. પણ નવા યુગનો આચાર્ય જગતનાં આજનાં બળાબળોને પારખીને માનવીનો આર્તનાદ સાંભળનારો અને પીડિત માનવીનો મુક્તિમાર્ગ મોકળો કરી આપનારો હશે. એનાં સાંખ્ય અને યોગ માત્ર જ્ઞાની કે યોગીનાં નહીં હોય; આજના યુગને અનુરૂપ નવા સાંખ્યયોગ એ ઊભા કરશે અને જૂના સાંખ્યયોગને નવી દૃષ્ટિથી ઉકેલતાં શીખવશે. એ જીવશે તો માટીના માનવી તરીકે; પણ એ જ્યાં બેઠો હશે ત્યાં પ્રમુખપદ ગોઠવાશે અને એનાં આછાંપાતળાં વસ્ત્રો એ જ એની શોભા ગણાશે. આ રીતે મહારાજશ્રી માટે કહી શકાય કે એ નવા યુગના આગાર્ય ન હતા. એટલે જ નવા યુગના જુવાનોને એ આકર્ષી ન શક્યા અને અનાયાસે જે જુવાનો એમના પરિચયમાં આવ્યા તેઓ પણ એમના શિષ્યો તરીકે ન ટક્યા.

છતાં પણ એમનો શિષ્યસમુદાય ઘણો મોટો હતો. કાઠિયાવાડની રેલવેના માણસો તેમ જ મહેતાજીઓને સન્માર્ગે દોરવામાં એમનો ઘણો મોટો ફાળો છે.

મને પોતાને મહારાશ્રીના સંગથી મોટો લાભ થયો છે અને એ માટે મારું મસ્તક નિરંતર એમને અર્ધ્ય આપશે. મહારાજશ્રીનો શિષ્ય થયો તે પહેલાં હું ધર્મ અને યોગ વગેરે વિષે ઘણું જાણતો હતો ખરો; પણ મારું એ જ્ઞાન તલસ્પર્શી ન હતું. એમના શિષ્ય થયા પછી મારું જ્ઞાન વધારે તલસ્પર્શી થયું અને મને તે વસ્તુનું હાર્દ વધારે સમજાવા લાગ્યું. મહારાજશ્રીનો શિષ્ય થયો તે પહેલાં હું સંધ્યા તો કરતો જ હતો પણ મારું ધ્યાન વધારે સાચું થયું. મહારાજશ્રી પાસેથી મેં

ધર્મની અને આધ્યાત્મિકતાની સાચી દૃષ્ટિ મેળવી એમ મારે કહેવું જ જોઈએ.

કોઈ મને પૂછશે કે જો તને મહારાજશ્રી પાસેથી સાચી દૃષ્ટિ મળી તો તું તેમનો શિષ્ય મટી કેમ ગયો? મારે કહેવું જોઈએ કે મને એઓશ્રી પાસેથી જે દૃષ્ટિ મળી એ દૃષ્ટિએ જીવન જીવવા માટે હું એમનાથી છૂટો પડ્યો. એમની પાસેથી મને જે દૃષ્ટિ મળી એ દૃષ્ટિને જીવનમાં ઉતારવા હું મથ્યો. એમનો ઉછેર જ એવો હતો કે એ દૃષ્ટિનો એવો અમલ એઓ ન કરી શકે. મહારાજશ્રીના મંડળથી હું છૂટો થયો; એટલા માટે કે એમ કરીને જ હું તેમનો વધારે સાચો શિષ્ય રહી શકીશ એમ મને લાગ્યું. પ્રશ્નોરા જ્ઞાતિથી હું છૂટો થયો કેમકે છૂટો થઇને જ હું વધારે સાચા પ્રશ્નોરા તરીકે જીવી શકું છું. ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાથી છૂટો થયો એ પણ દક્ષિણામૂર્તિના વધારે સાચા ઉપાસક થવા માટે. સંસ્થાઓ સંસ્થાઓ રહે છે ત્યાં સુધી એમનામાં પ્રાણ હોય છે. સંસ્થાઓ મઠ બને છે ત્યારે પ્રાણ ઊડી જાય છે ને ખોખું ગંધાવા લાગે છે.

મહારાજશ્રીના આશ્રમજીવનની સામાજિક દિશા ઘણી મનોહર હતી. શિષ્યોના કુટુંબીજનો સાથે મમતાભર્યો સંબંધ બાંધવામાં અને બાંધેલો સંબંધ જાળવી રાખવામાં મહારાજશ્રી ભારે કુશળ હતા. ઘણી-વાર તો પોતાના શિષ્યોના તમામ કુટુંબીજનો પણ એમનાં શિષ્ય-શિષ્યાઓ થતાં અને આ રીતે થયેલાં શિષ્યશિષ્યાઓનાં જીવનની અનેક દિશાના પ્રશ્નો મહારાજશ્રી પાસે ઉકેલ માટે ખડા થતા. એમના ઉકેલથી ઘણાં જીવન કડવાં થતાં અટકયાં છે અને ઘણાં મીઠાં હતાં તે વધારે મીઠાં થયાં છે. મહારાજશ્રીનો પોતાની આવી પુત્રી જેવી બનેલી શિષ્યાઓ સાથેનો વાર્તાલાપ ઘણો રસદાયી હતો અને એ બહેનો પોતે પણ એથી કૃતાર્થ થતી. મહારાજશ્રી જ્યારે પ્રવાસમાં નીકળતા ત્યારે આવા સંબંધો વધારે ગાઢ થતા અને અમે સૌ દિવસોના દિવસો સુધી એમની સાથેના મીઠા વાર્તાલાપો સંભારતાં.

પણ અહીં મારે એક વાત નોંધવી જોઈએ. અમારા આશ્રમમાં બહેનોના સ્થાન વિષે ભારે મોટો ઊહાપોહ થતો. મહારાજશ્રી પોતે બ્રહ્મચારી હતા. શરૂઆતનાં વર્ષોમાં તો મહારાજશ્રી પોતે કોઈપણ બહેનને દર્શન ન દેતા પાછળથી જ્યારે બહેનોને ભાઈઓના જેવું જ આશ્રમ-માં સ્થાન હોવું જોઈએ એમ મારા જેવા શિષ્યોને જણાયું ત્યારે બહેનો સ્થાન પામી; પણ તેમનું આ સ્થાન અમારા જેવા પુરુષ-શિષ્યોની દયા ઉપર નભતું, કારણ કે બહેનોને આશ્રમમાં દાખલ ન કરવી, ને કરવી તો અમુક બાંધેલ વખતે જ આવે, ને રીતસર દર્શન કરી ચાલી જાય એવો આગ્રહ રાખનારો મોટો શિષ્યસમુદાય હતો. બહેનો આશ્રમમાં આવે એટલે આશ્રમમાં બધે સ્થાને ફરે; આ રીતે ફરે ત્યારે આશ્રમવાસી બ્રહ્મચારીઓના પરિચયમાં પણ આવે; પરિચયમાં આવે ત્યારે બે વાત પણ કરે; બે વાતમાં એકાદ વાતથી હાસ્ય પણ થાય અને આવું હાસ્ય વાસનામૂલક જ હોય એમ માનનારો વર્ગ ચિડાય. એમાં પણ બીલખા જેવું સાવ પછાત ગામડું; ત્યાંના કાઠી દરબારોનું વાતાવરણ; મારા જેવા મોટા ભાગના શિષ્યોની સંસ્કારકક્ષા; આ બધું સાથે ગોઠવીને જોઈએ ત્યારે સમજી શકાય કે આવા ભાઈઓ, સહેજે, બહેનો આશ્રમમાં આવે તેનો વિરોધ કરે. પરિણામે એવું બનતું કે આનંદાશ્રમમાં અવારનવાર બહેનો માટે નવા નવા નિયમો નીકળતા અને રદ થતા. મહારાજશ્રી પોતે ભાઈઓ અને બહેનો વચ્ચે એવો ભેદ કરવાની સાવ વિરુદ્ધ હતા પણ નજીકના શિષ્યના મોટા ભાગને સંતોષવા ખાતર એવા નિયમો ચલાવી લેતા અને કડકાઈથી એને પાળતા.

આવી બહેનો માટે જ્યારે જ્યારે આશ્રમનાં બારણાં ઉઘાડાં રહેતાં ત્યારે મહારાજશ્રીનો આશ્રમ મારા જેવાને વધારે જીવતો લાગતો; પણ આ પ્રમાણે પુરુષોની દયા ઉપર આશ્રમમાં આવતી બહેનો વેવલા-વેડા કરી બેસતી ત્યારે અંગત જીવનમાં બ્રહ્મચર્યનું ઘણું ઓછું પાલન કરનારા અમે બમણા જોરથી ચિડાતા અને આશ્રમનાં બારણાં બમણા જોરથી બંધ કરતા.

મહારાજશ્રી પોતે તો આજીવન બ્રહ્મચારી જ હતા. એમના પૂર્વાશ્રમના ભાઈનું નામ જટાશંકર હતું. જે કન્યાનાં લગ્ન મહારાજશ્રી સાથે થવાનાં હતાં એ જ કન્યા એમના નાનાભાઈ જટાશંકરભાઈને પરણાવવામાં આવી હતી. જટાશંકરભાઈ પોતે મહારાજશ્રીના શિષ્ય હતા અને અમારાં ઘણાં સંમેલનોમાં હાજરી પણ આપતા. પણ મહારાજશ્રીએ એમની સાથે સગા ભાઈનો વર્તાવ રાખ્યો ન હતો. અમે સૌ જટાશંકરભાઈ મહારાજશ્રીના ભાઈ છે એ રીતે એમને અમુક જાતનું માન આપતા અને તેમને કેટલાક પ્રસંગોમાં આગળ પણ કરતા; પરંતુ મહાત્માશ્રીએ એમના તરફ એવો કોઈ પણ જાતનો પક્ષપાત દેખાડ્યો મેં જાણ્યો નથી.

પરંતુ પોતાના પૂર્વાશ્રમના ભાઈ તરફ આવું તટસ્થ વલણ રાખનારા મહારાજશ્રીએ પોતાના ભત્રીજાઓને આશ્રમની મૂડીમાંથી સારી એવી રકમો એનાયત કરી અને છતાં એ ભત્રીજાઓએ એકવાર નહીં પણ અનેકવાર આશ્રમમાં તોફાનો કર્યાં; એ સંભારું છું ત્યારે મન થંભી જાય છે ખરું. શું દુનિયાના આવા મહાપુરુષોનાં સગાંઓ પોતાના સગપણને આ રીતે વટાવતાં જરાપણ અચકાતાં નહીં હોય? દુનિયાના આવા મહાપુરુષોનાં દિલમાં પોતાનાં આવાં સગાંઓ તરફ છૂપીછૂપી પણ મમતા ચોંટી રહેતી હશે? લોહીના આવા સંબંધને માનવીમાત્ર આધીન તો નહીં હોય?

એવી જ એક વાત આશ્રમમાં જ્ઞાતિભેદની હતી. મહારાજશ્રી પોતે ચાર વર્ણોમાં માનતા અને બધી જ્ઞાતિ પેટાજ્ઞાતિઓ અંદર અંદર સમાઈને ચાર જ વર્ણ રહે એ ઇષ્ટ છે એમ કહેતા. આશ્રમને રસોડે જે પંક્તિભેદ જળવાતો તે પણ આ ધોરણે જ જળવાતો અને મોટા ઉત્સવ પ્રસંગે જ્યારે જમનાર વર્ગ ઘણો મોટો હોય ત્યારે પણ આ રીતે જ ગોઠવણ થતી. છતાં કોઈપણ શિષ્ય આથી પણ વધારે આકરો ભેદ પાળવા માગે તો આશ્રમ તરફથી તેને એવી સગવડ આપવામાં

આવતી. હું આશ્રમમાં ગયો તે પહેલાં મુ. વિશ્વનાથ સદારામ પાઠક, મુ. જગજીવનદાસ પાઠક, મારા મોટાભાઈ દેવશંકરભાઈ વગેરે બીજા બ્રાહ્મણોની સાથે ન જમતા, હાથે જ રાંધતા અને જુદા બેસીને જમતા. જૂનાગઢવાળા શ્રીમાન અમરજીભાઈ નાગર જ્ઞાતિના હતા. તેઓ આશ્રમને રસોડે ન જમતા પણ પોતાનું જુદું રસોડું કરતા ને મહારાજશ્રીને થાળ પીરસી તેમની પ્રસાદી લેતા.

ધીમેધીમે આશ્રમમાં એવો રિવાજ થઇ ગયો કે મહારાજશ્રી જમવાના હોય કે ન જમવાના હોય પણ બીજાઓ જમે તે પહેલાં રસોઈનો થાળ તેમને ધરાવવો જોઇએ અને રાંધેલા પદાર્થો પર તેમની દૃષ્ટિ પડવી જોઇએ. જીવતાજાગતા આચાર્યને પણ પથ્થરના દેવ જેવા બનાવવાની અમારી ભક્તિ કેટલી બધી પ્રાકૃત ગણાવી જોઈએ ?

પણ મહારાજશ્રીના સત્સંગનો બીજો મોટો લાભ મને મળ્યો એ તો એમના થોડાએક અગ્રગણ્ય શિષ્યોનો પરિચય. આનંદાશ્રમની આગલી હરોળમાં મૂકી શકાય એવા પાંચેક મહારાજશ્રીના પટ્ટશિષ્યો હતા.—સ્વ. વિશ્વનાથ સદારામ પાઠક, સ્વ. લાલસિંહ ઠાકોર, સ્વ હરગોવિંદદાસ પંડ્યા, શ્રી. માણેકલાલ નાનજી ચંદારાણા અને સ્વ. ભાઈશંકર ધનજી દવે. આ બધાય ભાઈઓના બહુ નિકટના પરિચયનો લાભ મને મળ્યો અને તેમના આંતરજીવનની વિશુદ્ધિથી પવિત્ર થવાની મને તક મળી. સ્વ. વિશ્વનાથભાઈ જ્ઞાતિદાવે મારા મુરબ્બી હતા. પ્રશ્નોરા જ્ઞાતિની કરકસરની હથરોટી તેમણે વિચારપૂર્વક પચાવી હતી ને આખાય આશ્રમમંડળમાં મહારાજશ્રીના ઉપદેશને વિચારપૂર્વક સમજાવનાર તરીકે તેમણે મારા મન પર ભારે છાપ પાડી. એમનાં ધર્મપત્ની સૌ. આદિબેન સ્વભાવે ઠીક ઠીક ઉગ્ર હતાં, પણ એમની ઉગ્રતાની ધાર નીતિના પથ્થર પર ઘસેલી હતી, એટલે એ ઉગ્રતાની પાછળ પણ એક જાતની મીઠાશ હતી. સૌ. આદિબેન મહારાજશ્રીનાં શિષ્યા હતાં, પણ એમનાં વેવલાં ભગત ન હતાં. એમની સાથેનો સંબંધ આજે પણ મને યાદ

આવે છે ત્યારે ઊંડી મીઠાશ અનુભવું છું. સ્વ. લાલસિંહભાઈ મહારાજશ્રીના બહુ મોટા ભક્ત હતા, પણ એમના બહુ નિકટના પરિચયમાં હું આવી શક્યો ન હતો. એમને મેં દૂરથી જ જોયા છે, ને દૂરથી જ પારખ્યા છે.

શ્રી. માણેકલાલ નાનજી ચંદારાણા દેહે લોહાણા હતા છતાં સ્વભાવે અને આચારે બ્રાહ્મણ હતા. મહારાજશ્રી તરફની એમની ભક્તિ અનન્ય હતી. આખાય આશ્રમ તરફની એમની મમતા અજોડ ગણાય. આશ્રમના આખાય ઘડતરમાં મહારાજશ્રીથી બીજા નંબરે જો કોઈનો વધારે ફાળો હોય તો તે માણેકલાલભાઈનો છે. મહારાજશ્રી વિદેહ થયા પછી મહારાજશ્રીના જીવનશાસ્ત્રના વાર્તિકકાર તરીકે મંડળના સભ્યો તેમને સ્વીકારતા.

પણ આ આખાય મંડળમાં હું સૌથી વધારે આકર્ષાયો સ્વ. હરગોવિંદ અજરામર પંડ્યાથી. હજુ હું બીલખાના મંડળના પરિચયમાં પણ આવ્યો ન હતો તે વખતે એક વાર હું મારા મોટાભાઈ દેવશંકરભાઈ સાથે હરગોવિંદભાઈને બંગલે ગયો. મારા મોટાભાઈ મહારાજશ્રીના શિષ્ય થયા હતા એટલે કોઈ કોઈવાર તેઓ ત્યાં જતાઆવતા. બપોરના દોઢ-બે વાગ્યા હશે. હરગોવિંદભાઈ જમીને મેડી ઉપર આવતા હતા ત્યાં મેં તેમને જોયા. ઉઘાડું ડિલ, કપાળે તેમજ છાતીએ ને હાથ પર ભસ્મનાં ત્રિપુંડ, ખભા પર રૂમાલ, વિશાળ આગળ પડતું માથું અને કોઈ યોગીની વેધક આંખો—આ મારું હરગોવિંદભાઈનું પહેલું દર્શન. એ દિવસે તો હું મૂંગો જ હતો. મારા મોટાભાઈ અને માણેકલાલભાઈ વચ્ચે વેદાંતની થોડી એક ચર્ચા પણ ચાલી. પાછળથી હું જ્યારે મહારાજશ્રીનો શિષ્ય થયો ત્યારે મારો અને હરગોવિંદભાઇનો સંબંધ ઉત્તરોત્તર ગાઢ થતો ગયો અને એમના અંતરમાં રહેલ ઝવેરાત પારખવાની તક મને મળી. અમારા આશ્રમમંડળમાં હરગોવિંદભાઈનું સ્થાન અનેરું હતું. મહારાજશ્રી તરફની એમની હનુમાનભક્તિ મેં બીજા કોઈ શિષ્યમાં જોઈ નથી. કાઠિયાવાડની આખી રેલ્વે પર સ્ટેશનમાસ્તરો

વગેરે એમને 'મહાત્મા' નામથી જ ઓળખતા. આખાય ભાવનગરમાં એમના જીવનની સુવાસ સારી રીતે પ્રસરેલી હતી. એ હતા તો એક સાધારણ સ્ટેશનમાસ્તર, પણ એમના ઉપરીઓ પણ એમના તરફ માનથી જોતા અને ખુદ પટ્ટણીસાહેબ એમના ઉચ્ચ જીવનથી ઠીકઠીક આકર્ષાયા હતા.

આવા વંદનીય પુરુષનો મને સમાગમ થયો એને હું મારું અહોભાગ્ય સમજું છું. મહારાજશ્રીના શિષ્ય તરીકે અમે બન્ને વધારે-વધારે નજીક આવતા ગયા અને આશ્રમમાં તો અમારી જોડી જ હોય એમ સૌએ માન્યું; કારણકે આશ્રમની ઘણીખરી પ્રવૃત્તિઓમાં અમે બન્ને સાથે જ હોઈએ એવું બનતું. મહારાજશ્રીની અંગત સેવા કરવાની હોય તો હું અને મોટાભાઈ સાથે. મહારાજશ્રીને થાળ પીરસવાનો હોય તો હું અને મોટાભાઈ સાથે, મહારાજશ્રીના હીંડોળાના પિત્તળના સળિયા ઘસીને ચકચકિત કરવા હોય તો હું અને મોટાભાઈ સાથે, મહારાજશ્રીને ભાવનગરમાં ચાતુર્માસ માટે આમંત્રણ કરવું હોય તો અમે બે સાથે, મહારાજશ્રીના પગ ચાંપવા હોય તો હું અને મોટાભાઈ સાથે, પૂનમના ઉત્સવ વખતે પીરસવું હોય તો હું અને મોટાભાઈ સાથે, જયંતીના દિવસે મહારાજશ્રીને અભ્યંગસ્નાન કરાવવું હોય તો હું અને મોટાભાઇ સાથે. મોટાભાઇએ આશ્રમની નાનીમોટી તમામ પ્રવૃત્તિઓમાં મને પોતાની સાથે જ રાખ્યો. અમારો આ યોગ કયા ઋણાનુબંધથી બંધાયો હશે તે મને હજુ સુધી સમજાયું નથી; પણ મોટાભાઈ સાથેનો આવો એકતાનો સંબંધ એમના અવસાન સુધી અખંડિત રહ્યો. ઈ. સ. ૧૯૨૦ માં જ્યારે હું પોતે મહારાજશ્રીનો શિષ્ય મટયો અને મોટાભાઈએ સંયોગોને ધ્યાનમાં લઈને બાહ્ય દૃષ્ટિએ દક્ષિણામૂર્તિથી છૂટા થવાનું પસંદ કર્યું ત્યારે પણ અમારું અંતર એક બીજાથી લેશ પણ છૂટું પડ્યું નહીં. આજે તો એ વાતને વર્ષો થઈ ગયાં. સ્થૂળ દૃષ્ટિથી વિચાર કરનારને દક્ષિણામૂર્તિ પણ આજે હતી ન હતી થઈ ગઇ પણ દક્ષિણા-

મૂર્તિના પાયામાં મોટાભાઈએ જે કાંઇ રેડ્યું હતું તેને હું આજે પણ ભૂલ્યો નથી અને આંબલા જેવા ગામડામાં એમના અંતરના ભાવને મૂર્તિમંત કરવા મથી રહ્યો છું. આ હરગોવિંદદાસ એ જ મારા દક્ષિણા-મૂર્તિના મોટાભાઈ.

આ પ્રમાણે ઈ. સ. ૧૯૦૩ થી ૧૯૧૦ સુધીના ગાળામાં મારા જીવનના બે મુખ્ય પ્રવાહો હતા: એક મારો ધંધો અને બીજો મારો ધર્મ. ધંધામાં તો હું કૉલેજનો ફેલો થયો, મેટ્રિક ક્લાસનો માસ્તર થયો, મહુવાનો હેડમાસ્ટર થયો, વળી પાછો એસ. ટી. સી. ડી. નો તેમજ એમ. એ. નો વિદ્યાર્થી થયો અને આખરે કૉલેજનો પ્રોફેસર થયો. આ ધંધામાં મેં સારી આબરૂ મેળવી અને વિદ્યાર્થીઓનો તેમજ સાથીઓનો પ્રેમ પણ મેળવ્યો. ધંધામાં રહ્યો ત્યાં સુધી એ જમાનાનો શિષ્ટ પોશાક હું ધારણ કરતો, અને ધોતિયાની પાટલીને જરાપણ કરચલી ન પડે અને ખેસને જરા જેટલો પણ ડાઘ ન પડે એની હું ખાસ કાળજી રાખતો. છતાં પણ પ્રશ્નોરાશાઈ પંચિયું પહેરીને દરરોજ સવારે ઉઘાડે શરીરે જમનાકુંડ સુધી કપડાં ધોવા જવામાં મને જરાય સંકોચ ન હતો. એ જ રીતે વિદ્યાર્થીઓ ઘેર આવે ત્યારે એંઠવાડ કાઢતાં કાઢતાં પણ તેમની સાથે વાતો કરવામાં મને શરમ ન લાગતી. મારા સદ્ભાગ્યે મારી આવી કેટલીયે વિચિત્રતાઓ મારા મિત્રો અને વિદ્યાર્થીઓ ચલાવી લેતા અને આજે પણ ચલાવી લે છે.

આ વર્ષો દરમિયાન મારે ગૃહજીવન જેવું કશું લગભગ હતું જ નહીં. મારી પહેલી સ્ત્રી ગુજરી ગયા પછી બીજું લગ્ન મારા માથા પર લાંબા વખત સુધી તોળાઈ રહ્યું. મેં પોતે મારા પિતા પાસે ફરીથી લગ્ન ન કરવાનો મારો નિશ્ચય જાહેર કર્યો. પણ મારા પિતાએ બાપ તરીકેની જવાબદારીથી મારું વેવિશાળ કરી નાખ્યું અને બન્યું એવું કે લગ્ન થયા પહેલાં એમનું અવસાન થયું. પિતાના અવસાન પછી મારી

આસપાસનાં બધાં સામાજિક બળોએ મને ઘેરી લીધો; અને હું પરણ્યો. ત્યાર પછી તો પાંચ છ વર્ષો વહ્યાં અને મારી બીજી પત્ની પણ ગુજરી ગઈ અને ત્રીજી વખત લગ્ન કરવાનો પ્રસંગ ઊભો થયો. આ વખતે તો હું દક્ષિણામૂર્તિને પણ વરી ચૂક્યો હતો. ન પરણવાનો મારો નિર્ધાર હું લગભગ કરી ચૂક્યો હતો. પણ એવામાં મારા મોટાભાઇ બહાર પડ્યા અને 'નથુભદ્ર ન પરણે તો હું ઝેર ખાઉં' એવી પ્રતિજ્ઞા લઈને નીકળ્યા. ન પરણવાનો મારો વિચાર મક્કમ હતો તો પણ મારા મોટા-ભાઈની આ પ્રતિજ્ઞા પાસે હું ધ્રૂજી ઊઠ્યો અને વિરોધ કરતો કરતો પણ પરણ્યો.

પણ આ ત્રીજાં લગ્ન કર્યાં પછી તરત જ મારી આંખ ઊઘડી ગઈ! ન પરણવાનો મારો આગ્રહ મૂળમાં જ કાચો હતો. જો મારે સાચે જ પરણવું ન હતું તો મને પરાણે પરણાવનાર કોઈ હોઈ શકે જ નહીં. મારે કૉલેજ છોડીને દક્ષિણામૂર્તિમાં જોડાવું હતું તે દિવસે મેં ક્યાં મારા મોટાભાઈનું કહેવું માન્યું હતું? મારે શ્રીમાન્ નથુરામ મ્હારાજનું શરણ છોડીને દક્ષિણામૂર્તિનાં બારણાં હરિજનો માટે ખુલ્લાં મૂકવાં હતાં તે દિવસે મેં આશ્રમના તમામ મિત્રોનો અને ખુદ મહારાજશ્રીનો પણ વિરોધ કેમ વહોર્યો? ભાવનગરની સંસ્થા છોડીને હું આંબલા ગયો ત્યારે સામે પૂરે જ ગયો હતો ના? એ જ પ્રમાણે ખુદ મારા મોટા-ભાઈથી પણ સામે પૂર ચાલીને હું લગ્નથી છૂટો રહી શક્યો હોત અને બધું ય 'ઘીને ઘડે ઘી' થઈ રહેત. પણ મેં એમ ન કર્યું એ જ સ્પષ્ટ બતાવે છે કે મને પોતાને ઊંડેઊંડે પણ પરણવાની વાસના હતી જ, અને આવી વાસના ઉઘાડા રૂપમાં દેખાય તો મારી પ્રતિષ્ઠાને ન શોભે, એટલે મારા શાબ્દિક વિરોધથી મેં એ વાસનાને ઢાંકી. આ આખાય પ્રસંગમાં મારા વલણને મારે કોઈ એક નામ આપવું હોય તો આજનો માનસશાસ્ત્રી તેને કેવળ ઢોંગ જ કહે અને મારો પક્ષપાતી મિત્ર તેને એક જાતની મારી આત્મવંચના જ ગણે. કેટલાય નજીકના

સંસ્કારી મિત્રોએ આ લગ્નનો તે વખતે વિરોધ કરેલો પણ એમના વિરોધની સામે મેં તો મારા મોટાભાઇની આજ્ઞારૂપી ઢાલ ધરેલી. મારા આ વાસનામૂલક લગ્નનું અને આ લગ્નથી મારી પત્નીને જે અન્યાય મેં કર્યો છે તેનું પ્રાયશ્ચિત્ત હજી હું આજે પણ કરી રહ્યો છું.

મારાં ફરીથી લગ્ન થવાનાં હતાં તે પ્રસંગે મારો વિરોધ તો હતો જ. અમારા આનંદાશ્રમમાં મારું સ્થાન, મારો પોતાનો ફરીથી સંસાર માંડવાનો વિરોધ અને મહારાજશ્રીની મારા પર મમતા, એ બધી વસ્તુઓએ એકઠી થઈને અમારામાં એક હવા ઊભી કરી અને અમારા મંડળમાં વાતો થવા લાગી કે હું આનંદાશ્રમમાં મહારાજશ્રીનો ઉત્તરાધિકારી થઈશ. મારે કાને પણ આ વાત અનેક માર્ગે અથડાતી હતી અને કોઈ કોઇવાર મારી નિર્બળતાએ મને એ સ્થાન માટે લોભાવ્યો હશે. પણ બીજાઓના ગુરુ થઈને એમને રીતસર ઉપદેશ આપવો અને દરરોજ આપણાં જેવાં જ માણસોના નમસ્કારો ઝીલવા એ વસ્તુની કોણ જાણે કેમ મને સૂગ હતી એટલે મેં એ વાતને ત્યાં જ ઠારી દીધી.

આ બધાંય વર્ષો દરમિયાન મહારાજ શ્રીમાન્ નથુરામ શર્માએ મને ઘડ્યો છે. મારા આ ઘડતર માટે હું એમનો આજીવન ઋણી છું જ. મહારાજશ્રી પાસેથી હું આસનો શીખ્યો, પ્રાણાયામ શીખ્યો, ધારણા શીખ્યો, થોડી મુદ્રાઓ પણ શીખ્યો પણ આ બધાં મને બહુ આકર્ષી ન શક્યાં. આસનો તથા પ્રાણાયામની પ્રાથમિક તાલીમે મને ઘણો લાભ કર્યો; પણ હઠયોગ પર મને સ્વભાવથી જ ઓછી પ્રીતિ રહી છે. આસન અને પ્રાણાયામથી મનને તેમ જ પ્રાણને સ્થિર કરવા એના કરતાં કોઈ પણ સદ્વસ્તુના ચિંતનથી જ શરીર, મન તથા પ્રાણ એ સર્વને નિર્મળ અને સ્થિર કાં ન કરવાં? આવી મારી: મનોદશા ચાલતી એટલે આસન પ્રાણાયામમાં આગળ વધ્યા વિના મેં ધ્યાન પર જ મારા મનને લગાડ્યું. આ ધ્યાન મારા માટે કોઈ અટપટી કે અલૌકિક વસ્તુ ન હતી પણ નાનપણથી જ ચાલી આવતી મારી

માળાનું વધારે ઉચ્ચ રૂપ હતું. મારા ઘરમાં, નીલકંઠ મહાદેવમાં, પરીક્ષા વખતે, ભીડ વખતે, દરરોજ સંધ્યામાં હું માળા ફેરવતો. એ માળાની ધરતીમાંથી મારા આ પ્રકારના ધ્યાનનો ઉગમ છે. આ જ પ્રયોગ એ મહારાજશ્રી પાસેથી મને મળેલી અમૂલ્ય પ્રસાદી છે અને હજી પણ આ જ પ્રયોગ મારા જીવનનું આલંબન છે. પણ આ વર્ષો દરમિયાન મારી એક મૂંઝવણ ઊભી થઈ. મારો વ્યવહાર અને મારો ધર્મ એ બન્ને પ્રવાહો એકીસાથે મારા જીવનમાં વહેતા હતા ને એ બન્ને કેમ જાણે એક બીજાથી ભિન્ન હોય એમ વહેતા હતા. શિક્ષકના ધંધાનો મને શોખ હતો એમાં શંકા નથી પણ આજે તો હું એ ધંધો કરતો હતો આજીવિકા માટે. આજીવિકા પૂરતું શિક્ષણ અને બાકી ધર્મવ્યવસાય એવા મારા જીવનના મેં બે ભાગ કલ્પ્યા અને એ બન્ને ભાગોને ચીવટથી પહોંચી વળવાનો હું પ્રયત્ન કરતો; પણ મારું અંતર આથી સમાધાન મેળવી ન શક્યું. શું વ્યવહાર અને ધર્મને કાયમ વિરોધ જ છે? ધર્મ એ જીવનમાં ઓતપ્રોત થયેલી વસ્તુ ન હોવી જોઈએ? વ્યવહારમાત્ર ધર્મબુદ્ધિથી અંકિત ન થવો જોઈએ? આવી આવી મારી ગડમથલો ચાલુ હતી અને તેથી માત્ર જપયોગ કે માત્ર ગુરુશરણ મને ઊંડેઊંડેથી લૂખાં જણાતાં હતાં. શું મહારાજશ્રી પોતે પણ વ્યવહાર નથી કરતા? ગુરુપદ અને આશ્રમ એ પણ વ્યવહાર નહીં તો બીજું શું છે? મારી આ મૂંઝવણનો ઉકેલ મને મહારાજ-શ્રીએ ચીંધ્યો:

"વ્યવહારનું સેવન ધર્મબુદ્ધિથી કરો. જે ધર્મ જીવનમાં ઉતારી ન શકાય તે ધર્મ નથી." કૉલેજમાં 'ईशा वास्यमिदं सर्वम्'નો પાઠ લીધો હતો તે નવો અવતાર લઈને મારી પાસે જાગૃત થયો અને શિક્ષકના ધંધાનો શોખ અને તેમાં ધર્મબુદ્ધિ બન્ને એકઠાં મળ્યાં એટલે મારા વ્યવહાર તથા ધર્મ બન્ને મને વધારે તેજસ્વી થતા લાગ્યા.

પણ એક મૂંઝવણ ટળી તેને સ્થાને બીજી મૂંઝવણ ઊભી થઈ. આજની ચાલુ શિક્ષણપ્રથાથી હું સારી રીતે પરિચિત હતો. ભાવનગર

જેવા સ્થાનમાં પણ શિક્ષણ ધીમેધીમે બજારુ ચીજ થતું જતું હતું. ઉપનિષદ્ કાળનાં ગુરુ–શિષ્યજીવનનાં ચિત્રો મનમાં તાજાં હતાં, આશ્રમમાં મહારાજશ્રી સાથેનો મમતાભર્યો સંબંધ પણ ચાલુ જ હતો. ત્યારે હાઈસ્કુલ કૉલેજના નિર્જીવ સંબંધો કેટલા બધા સાલે? કૉલેજમાં મોટા પગાર લઈને આવું શિક્ષણ આપવું અને વળી તેમાં ધર્મબુદ્ધિ રાખવી એ કેવું બેહૂદું હતું? ધર્મબુદ્ધિથી પ્રેરિત શિક્ષણ શું આવું હોય? આ નવી ગડમથલ મારા મનમાં ઊભી થઈ અને મારો ઉકળાટ પહેલાં હતો તેથી વધી પડ્યો. આ ઉકળાટ શમ્યો ઈ. સ. ૧૯૧૦ના ડિસેમ્બરની તા. ૨૮મીએ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની સ્થાપના થઈ ત્યારે. આ રીતે જોઇએ ત્યારે સ્પષ્ટ દેખાય છે કે દક્ષિણામૂર્તિની સ્થાપનામાં હું પ્રેરાયો હતો કેવળ મારા સ્વાર્થથી. મારે મારો ઉકળાટ શમાવવો હતો, મારે મારા જીવનનો સમન્વય કરવો હતો, મારે મારી ભૂખને તૃપ્ત કરવી હતી, મારે મોક્ષ સાધવો હતો. એટલા માટે જે જે બળોએ મને દક્ષિણામૂર્તિની સ્થાપનામાં તેમ જ તેના પોષણમાં મદદ કરી છે અને આજે પણ જે જે બળો મને ગ્રામ દક્ષિણામૂર્તિના સંચાલન-માં નાનીમોટી મદદ કરી રહ્યાં છે એ સૌનો હું આભારી છું અને રહીશ જ. મારું આ આભારદર્શન કોઈ માત્ર વિવેકપૂરતું ન સમજે એમ ઈચ્છું છું.

મારા જીવનમાં આ વખતે દક્ષિણામૂર્તિએ ડોકિયું કર્યું અને જોતજોતામાં એણે મારું આખુંય જીવન આવરી લીધું.

ઈ. સ. ૧૯૦૫ થી ૧૯૧૦ સુધીનો ૭ વર્ષનો ગાળો કાઠિયા-વાડના ઇતિહાસમાં અને ખાસ કરીને કેળવણીની દિશામાં મારા માટે ચિરસ્મરણીય રહેશે. જે વખતે દેશભરમાં અરવિંદબાબુના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય કેળવણીની હાકલ વાગતી હતી, જે વખતે મહારાષ્ટ્રમાં ફર્ગ્યુસન કૉલેજના પાયા ધીમેધીમે ચણાતા હતા, જે વખતે મદ્રાસ બાજુથી થિયૉસૉફિકલ સોસાયટીએ દેશીય શિક્ષણને નવો રંગ આપવા માંડ્યો હતો તે વખતે આ કેળવણીના પુનરુત્થાનના વિચારો કાઠિયાવાડમાં

પણ અથડાયા વિના રહ્યા નહીં. એ જમાનાના ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ કાઠિયાવાડમાં એક મોટું ગુરુકુળ ઊભું કરવાનો વિચાર ગતિમાં મૂક્યો અને ખુદ પોતાના પુત્ર બટુકભાઈને ચાલુ સરકારી શાળામાં ન મૂકતાં તેને માટે નવીન પદ્ધતિની શાળા પોતાના ખર્ચે ઊભી કરી. એ જ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલના મહારાજશ્રી લક્ષ્મીપતિપ્રસાદજીએ તેમ જ તેમની સામે કોર્ટમાં કેસ લડતા મંદિરના સાધુઓએ જો કેસ પોતાના પક્ષમાં ઊતરે તો રૂપિયા ત્રણ લાખના ખર્ચથી એક ગુરુકુળ બાંધવાની ઇચ્છા વહેતી મૂકી. બરાબર આ જ અરસામાં ભાવનગરમાં, અમરેલીમાં તેમ જ રાજકોટમાં ગૃહજીવનની ખોટ પૂરી પાડવા માટે જુદી જુદી કોમોનાં છાત્રાલયો (બોર્ડિંગ હાઉસ) અસ્તિત્વમાં આવ્યાં. મહારાજ શ્રીમાન્ નથુરામ શર્માનો આશ્રમ પણ આ જાતના પ્રવાહથી રંગાયો હતો. મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માએ પોતે તેમજ તેમના કેટલાક અગ્રગણ્ય શિષ્યોએ વિદ્યાર્થીઓમાં ધાર્મિકતાની ઊણપ પૂરી કરવા માટે આવું એકાદ ગુરુકુળ કાઢવાનો વિચાર કર્યો. આ વિચારનો પરિપાક તે ભાવનગરનું 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન.'

એકવાર મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્મા મેંદરડા બિરાજતા હતા. મેંદરડાથી બીલખા અમે સૌ ઘોડાગાડીમાં આવવા નીકળ્યા. મહાત્માશ્રીની ઘોડાગાડીમાં એક બાજુ મહાત્માશ્રી પોતે બેઠા હતા, અને તેમની સામેની બાજુએ શ્રી. ઓધવજી હીરજી બધેકા, સ્વ. હરગોવિંદભાઈ તથા હું એમ ત્રણ જણા બેઠા હતા. આ વખતે આશ્રમની છાયા તળે વિદ્યાર્થીઓની ધાર્મિક વાતાવરણવાળી સંસ્થા શરૂ કરવાનો વિચાર વધારે પાકો થયો. આવી સંસ્થાનું સ્થળ ભાવનગર રાખવું કે બીલખા એ સંબંધે ઠીકઠીક ઊહાપોહ થયો; પરંતુ છેવટે મારા તરફના સદ્ભાવથી પ્રેરાઈને મહાત્માશ્રીએ ભાવનગરના સ્થાનને પોતાની અનુમતિ આપી અને કાર્તિકી પૂનમને દિવસે કે એ અરસામાં સંસ્થા ખોલવાનો આખરી નિર્ણય થયો. મહાત્માશ્રીએ પોતે સંસ્થાના શરૂઆતના ખર્ચ માટે પહેલાં પાંચ

વર્ષ સુધી આશ્રમમાંથી રૂપિયા ત્રણસો આપવાની પોતાની ઇચ્છા જણાવી અને શેઠ ગોવિંદજી ડાહ્યાભાઈ, શેઠ ગોરધનદાસ ભીમજી, શ્રીમાન્ નારાયણદાસ ગામી વગેરેએ વાર્ષિક રૂા. ૨૫) આપવાની બાંહેધરી લીધી.

જે ગાડીમાં મહારાજશ્રીની સાથે અમે આવતા હતા એ ગાડીમાં જ સંસ્થાનું નામ પણ પાડવામાં આવ્યું, અને અમારામાંના શ્રી. ઓધવજી હીરજી બધેકા સંસ્થાની ફઈબા બન્યા. શ્રી દક્ષિણામૂર્તિદેવ મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માના ઉપાસ્ય દેવ હતા. દરરોજ સ્નાન કર્યા પછી મહારાજશ્રી દક્ષિણામૂર્તિ સ્તોત્રનો પાઠ કરતા અને અમે શિષ્યો પણ એનો પાઠ કરતા. બીલખાના પુસ્તકાલયને ‘ દક્ષિણામૂર્તિ પુસ્તકાલય ’ એવું નામ મહારાજશ્રીએ આપેલું. આ બધાં કારણોથી પ્રેરાઈને શ્રી ઓધવજીભાઇએ સંસ્થાને ‘ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન ’ એવું નામ આપવું એવો વિચાર જાહેર કર્યો અને મહારાજશ્રી તથા અમે બન્નેએ એ વિચારને વધાવી લીધો. મને પોતાને એ નામ ગમ્યું તેનું સૌથી મોટું કારણ એ હોય કે ઉપર જણાવ્યાં કારણો ઉપરાંત આખી દક્ષિણામૂર્તિ દેવની કલ્પના મારા કેળવણીના વિચારોને વધારે બંધબેસતી લાગી.

આ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની ઉત્પત્તિ.

હું પોતે એ વખતે શામળદાસ કૉલેજમાં પ્રોફેસર હતો એટલે દક્ષિણામૂર્તિ બોર્ડિંગ હાઉસને સંભાળવાનું કામ મુખ્યત્વે મારા પર આવ્યું અને શ્રી. ઓધવજી હીરજી બધેકા તેમજ સદ્ગત હરગોવિંદદાસ અજરામર પંડ્યા એ બંને મારા મુરબ્બીઓ સંસ્થાના સંચાલનમાં મુખ્ય મદદકર્તાઓ બન્યા.

બીલખાથી હું ભાવનગર પાછો ફર્યો ત્યારે મારું મન આ સંસ્થાના વિચારે એટલું બધું રોકી લીધું હતું કે બીજા કોઈપણ વ્યવસાયમાં મારું ચિત્ત કામ કરી શકતું નહીં. શરૂઆતનાં વર્ષોમાં, મારે ખેદ સાથે જણાવવું જોઈએ કે, દક્ષિણામૂર્તિના કામના મારા રસને લીધે મારું કૉલેજનું કામ પણ પ્રમાણમાં શિથિલ થયું હશે. શરૂઆતનાં વર્ષોમાં આ નવા

કામના ભારથી હું કેટલો બધો દબાઈ ગયો હતો તેનો મને આજે પણ સ્પષ્ટ ખ્યાલ છે. હું પોતે આજ સુધી વ્યવહારથી બિલકુલ અજાણ હતો એમ કહી શકાય. છાત્રાલયના કેવા કેવા નિયમો કરવા, છાત્રાલયની ઇંદ્વાણીથી માંડીને ઉતડ કેમ ઊભી કરવી, રસોડું કેમ ખડું કરવું અને ચલાવવું, વિદ્યાર્થીઓ સાજામાંદા થાય તેમની સારવાર કેવી રીતે કરી લેવી, રસોઇયાઓ, બાઈઓ તેમજ બીજા નોકરો પાસેથી કેવી રીતે કામ લેવું, વિદ્યાર્થીઓ પરસ્પર લડે ત્યારે તેમના નાનામોટા કજિયા કેમ પતાવવા, જુદીજુદી ટેવો લઈને આવેલા વિદ્યાર્થીઓને સંસ્થાના એક ઢબના કાર્યક્રમમાં કેવી રીતે જોડવા, વિદ્યાર્થીઓને અભ્યાસમાં કેવી રીતે મદદ કરવી—આ અને આવા અનેક નાનામોટા સવાલોથી શરૂઆતના દિવસોમાં હું એટલો બધો ગભરાઈ જતો કે એક વખત તો હું એકાંતમાં રોઈ પડેલો. પણ આ વર્ષોની અને ભવિષ્યનાં વર્ષોની સૌથી મોટી હૂંફ મને સ્વર્ગસ્થ હરગોવિંદદાસ (મોટાભાઈ)ની હતી એટલે જ મારું ગાડું ચાલ્યું એમ મારે સ્પષ્ટ રીતે જણાવવું જોઈએ. અહીં મારે એ પણ જણાવી દેવું જોઈએ કે મેં બીલખા આનંદાશ્રમના સહવાસ દરમિયાન મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્મા પાસેથી જે કાંઇ મેળવ્યું તેના કરતાં ઘણું વધારે સ્વર્ગસ્થ મોટાભાઇ પાસેથી મેળવ્યું છે. એમના અને મારા સંબંધને હું આપણી ભાષામાં એક જાતનો ઋણાનુબંધ જ ગણું છું. એમની હૂંફમાં હું માણસો પાસેથી કામ લેતાં શીખ્યો, એમની હૂંફમાં ઓળખીતાઓ સાથે મમતાથી વર્તતાં શીખ્યો, એમની હૂંફમાં દક્ષિણામૂર્તિ સંસ્થાને હું મારું પોતાનું ઘર માનતાં શીખ્યો.

શ્રી. ઓધવજી હીરજી બધેકાએ સંસ્થાની શરૂઆતના દિવસથી છેવટ સુધી મને સાથ આપ્યો છે. મારે કબૂલ કરવું જોઈએ કે એમનો સાથ ઘણીવાર કડવો હતો અને ઘણીવાર મને ગૂંગળાવી પણ દેતો. છતાં એક વાત નોંધવા જેવી છે. રેલ્વેના ઈન્સ્પેક્ટર તરીકેના લાંબા વર્ષોના અનુભવથી, માણસ ક્યાં ક્યાં સહેજે ભૂલ કરી બેસે છે અને

ક્યાં ક્યાં માણસની ભૂલને પકડી શકાય તેની ઓધવજીભાઇને હથરોટી આવી ગઈ હતી; અને સાથે સાથે માણસજાત ઉપર તેમને ઠીકઠીક અવિશ્વાસ પણ આવી ગયો હતો. આને પરિણામે સંસ્થાની જુદા જુદા સમયની વિચારણામાં સ્વર્ગસ્થ મોટાભાઈ જ્યારે વિશ્વાસથી કામ લેતા ત્યારે શ્રી. ઓધવજીભાઈ શંકાની નજરે જોતા અને પરિણામે કડવા લાગતા. પણ ઓધવજીભાઈની આ કડવાશથી મને ઘણો મોટો લાભ થયો છે. માત્ર સ્થૂળ દૃષ્ટિથી બોલું તો કડવા સ્વાદોના ગર્ભમાં પણ એક પ્રકારની મીઠાશ આવે છે. કરિયાતાનો છલોછલ ભરેલો વાટકો આજે પણ ચા પીનાર જે શાંતિથી ચા પી શકે છે તે શાંતિથી હું પી શકું છું. કારેલાંના પાણીથી ભરેલો વાટકો પણ એટલા જ આનંદથી હું લઉં છું. આજ સુધીમાં મારી પોતાની ઘણા કડવા શબ્દોમાં ટીકા કરતારાઓને પણ મેં આવા જ આનંદથી સાંભળ્યા છે અને એમની આવી ટીકાઓમાં થોડો અંશ પણ મારે ચેતવા જેવો હોય તો તેથી ચેતવાનો મેં પ્રયત્ન કર્યો છે. આ રીતે શ્રી. ઓધવજીભાઈની કડવી ટીકાઓને લાલબત્તી–ચેતવણીના સૂર–તરીકે મેં આવકારી છે અને એ ટીકાના ગર્ભમાં રહેલ અવિશ્વાસની સામે નિરંતર વિરોધ કર્યો છે. ઓધવજીભાઈનો વ્યવહારનો અનુભવ; તેમની હોશિયારી, તેમનો આગ્રહ એ બધાંથી સંસ્થા કાયમ સમૃદ્ધ બની છે. શેરીમાં હરતો ફરતો સાધારણ અક્કલવાળો માણસ સંસ્થાને કેવી દૃષ્ટિથી જુએ તેની આરસી તેમણે હંમેશાં પૂરી પાડી છે.

ઈ. સ. ૧૯૧૦ના ડિસેમ્બરની ૨૮મી તારીખે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની ઉદ્ઘાટન ક્રિયા થઈ. રીતસરનો ઉદ્ઘાટનવિધિ તો સવારે નવ વાગે હતો પણ સ્વર્ગસ્થ મોટાભાઈએ અને મેં વહેલી સવારે નાહીધોઈ, પૂજાપાઠથી પરવારીને એકાંતમાં દક્ષિણામૂર્તિ દેવનું પૂજન કર્યું અને તેમની પાસે સંસ્થાને ચલાવવાનું બળ માગ્યું. સવારના નવ વાગે ભાવનગરના નાયબ દીવાન સાહેબ ત્રિભોવનદાસ ત્રિવેદીને હાથે સંસ્થાનું ઉદ્ઘાટન થયું. ઉદ્ઘાટનવિધિ સાવ સાદો કરવામા આવ્યો

હતો. આ વખતે ભાવનગરના દીવાનપદે સર પ્રભાશંકર પટ્ટણી હતા. છેલ્લાં થોડાંએક વર્ષોથી મારો અને પટ્ટણીસાહેબનો સંબંધ નિકટનો થતો જતો હતો. ઉપરાંત સ્વર્ગસ્થ મોટાભાઈ તો ભાવનગર સ્ટેશનના સ્ટેશનમાસ્તર હતા તેથી અને ઉપરાંત એમની સાધુતાને લીધે એમનો ને પટ્ટણીસાહેબનો સંબંધ ઠીકઠીક મમતાભર્યો હતો. :બીલખાથી ભાવનગર પાછા ફરીને હું અને સ્વર્ગસ્થ મોટાભાઇ પટ્ટણીસાહેબને મળ્યા. દક્ષિણમૂર્તિ સંસ્થા શરૂ કરવાની અમારી વાત સાંભળીને તેઓ બહુ પ્રસન્ન થયા અને પોતાનાથી બનતો બધો સાથ અમને આપવાનું તેમણે જણાવ્યું. એમના જ આગ્રહથી ભાવનગર સ્ટેશન પાસેની મહાજન ધર્મશાળાનો અર્ધો ભાગ અમને વાપરવા માટે મળ્યાં અને માગશર વદિ બારશને દિવસે એમની ગેરહાજરીમાં એમનો હોદ્દો ભોગવતા ત્રિભોવનદાસભાઈના હાથે સંસ્થાનો ઉદ્ઘાટનવિધિ થયો. મહાજનની ધર્મશાળા આ વખતે કેટલી જીર્ણ અવસ્થામાં હતી તે વાચક સહેજે કલ્પી લે. ભીંતોનું અને કમાડોનું કશું જ ઠેકાણું ન હતું. ધર્મશાળાની ચારે બાજુ ગંદા પાણીથી ભરેલી એક મોટી ગટર નિરંતર ખદબદતી હતી. આ મકાનનાં તૂટેલાં બે કમાડને ફૂલહારની દોરીથી બાંધીને ઊભાં રાખ્યાં. ત્રિભોવનદાસભાઈએ આ ફૂલહારની દોરીને છોડીને સંસ્થાની ઉદ્ઘાટન ક્રિયા કરી. આ દિવસે દાખલ થયેલા પાંચ–સાત વિદ્યાર્થીઓ સાથે અમે સૌ કંસાર જમ્યા અને એ વખતના ભાવનગરના બે ત્રણપ્રતિષ્ઠિત માણસો સાથે એક કામચલાઉ વ્યવસ્થાપકમંડળ નીમી દીધું.

સ્ટેશન પાસેની આ ધર્મશાળા આરોગ્યની દૃષ્ટિથી તે દિવસે કેટલી નપાવટ હતી તે સૌ કોઈ સમજી શકે તેમ છે. પણ આ જગ્યા સ્વીકારવામાં શરૂઆતનાં વર્ષોમાં અમે ડહાપણ વાપર્યું હતું એમ હું આજે પણ કહી શકું છું. કારણકે ધર્મશાળાના મકાનથી ૨૦ ફૂટ જેટલે મોટાભાઈનો પોતાનો રહેવાનો બંગલો હતો; પણ મોટાભાઈનું રહેઠાણ આટલું બધું નજીક હતું એમ કહેવું બસ નથી. એ વર્ષોમાં મોટાભાઈનો બંગલો અને દક્ષિણામૂર્તિ બોર્ડિંગ એ બન્ને જુદાજુદા

નિવાસો ન હતા પણ એક જ નિવાસ હતો એમ કહેવું જોઇએ. મોટાભાઈએ પોતાના ઘર અને દક્ષિણામૂર્તિ વચ્ચે ભેદ રાખ્યો નહોતો અને તેમનાં ઘરનાં તમામ માણસોએ આ નવી સંસ્થાને પોતાનું ઘર જ માન્યું હતું. એ દિવસોમાં ભાવનગર શહેરનો પાણીનો ત્રાસ એ જગજાહેર વસ્તુ છે; પણ અમને એ ત્રાસ ઓછો નડ્યો કારણ કે મોટાભાઇના બંગલાનો નળ અને સ્ટેશનના નળો અમે છૂટથી વાપરી શકતા. સંસ્થામાં રસોયો ગેરહાજર હોય તો મોટાભાઈના ઘરનાં બૈરાંઓ રોટલા ઘડે, સંસ્થામાં વિદ્યાર્થી બીમાર હોય તો તેની સારવાર માટે રેલવેના દાક્તર આવે, સંસ્થામાં કોઈ ચીજવસ્તુ ખૂટતી હોય તો વિદ્યાર્થીઓ બંગલેથી ઉપાડી લાવે, સંસ્થામાં મારી ગેરહાજરી હોય તો મોટાભાઈના દીકરા વગેરે મારી ગેરહાજરી વર્તાવા ન દે, સંસ્થામાં મહેમાન આવી પડ્યા હોય તો એ મહેમાનોની સગવડ મોટાભાઇને બંગલે થાય અને આ બધાંથી ચડી જાય એવી અગત્યની સેવા એ કે મોટાભાઈ દરરોજ રાત્રે વિદ્યાર્થીઓની સાથે સંસ્થામાં સૂવા આવે. આજે આ બધી વસ્તુઓ કોઈને હવાઇ વાતો લાગતી હશે; પણ મારી આંખ આગળ આ ચિત્ર એટલું બધું તાદૃશ છે કે સંસ્થાના પાયામાં આ બધી સેવાઓની સામે મારી સેવાઓ મને સાવ મામૂલી લાગે છે અને સંસ્થા કાઢીને મેં વિદ્યાર્થીઓને તાલીમ આપી હોય એના કરતાં કેમ જાણે મેં પોતે જ જીવનની તાલીમ માટે આ સંસ્થા કાઢી હોય એવી સ્પષ્ટ પ્રતીતિ મને થઈ છે. આટલા માટે જ હું હજી આજે પણ મિત્રોને કહું છું કે દક્ષિણામૂર્તિ સંસ્થાને મેં ઘડી છે એ સાચું હોય તેના કરતાં દક્ષિણામૂર્તિએ મને ઘડ્યો છે એ વધારે સાચું છે.

દક્ષિણામૂર્તિની શરૂઆત થઈ ત્યારે મારી ઉંમર ૨૮ વર્ષની હતી. કૉલેજમાંથી પાસ થઈને હું તરત જ શિક્ષકની નોકરીએ ચડ્યો અને કૉલેજના પ્રોફેસરપદેથી જ દક્ષિણામૂર્તિ સંસ્થા શરૂ કરી એટલે મને પોતાને વ્યવહારનો અનુભવ કેટલો ઓછો હશે તેની વાચકે કલ્પના

જ કરી લેવી જોઈએ. દક્ષિણામૂર્તિ શરૂ કરી તેની આગલી રાત સુધી તો મારા મનમાં કલ્પનાના અનેક ઘોડાઓ દોડયા કરતા હતા; અને કેમ જાણે વિદ્યાર્થીઓની સાથે રહીને તેમને તાબડતોબ સંસ્કારી બનાવી દઈશ એવી એવી મહેચ્છાઓથી મારું હૃદય ઊછળી જતું હતું. દક્ષિણામૂર્તિની સંસ્કારિતાની પરંપરા ઊભી કરવા માટે મને અનુકૂળતા થાય એ ઉદ્દેશથી મારા ગુરુભાઈઓએ પોતાના પુત્રોને પહેલે જ દિવસે તેમાં દાખલ કર્યા. સ્વ. ગોવિંદજી ડાહ્યાભાઈના પુત્ર વાસુદેવ લાખાણી, સ્વ. લાલસિંહજીના પુત્ર કર્ણસિંહ, સ્વ. વિશ્વનાથ સદારામ પાઠકના પુત્ર નાનાભાઈ, સ્વ. મોટાભાઈના પુત્ર પ્રાણજીવન (નાનાસાહેબ), શ્રી માણેકલાલ ચંદારાણાના પુત્ર સ્વ. મનુભાઈ—આ બધા તે શરૂઆતના દિવસોના વિદ્યાર્થીઓ હતા. મને તે દિવસે કલ્પના પણ ન હતી કે સંસ્થામાં એકલા વિદ્યાર્થીઓ જ નથી હોતા; મને કલ્પના પણ ન હતી કે સંસ્થામાં મારા પ્રયત્નોને ધૂળ મેળવનારા એવા કોઠારી પણ હોઈ શકે, એવા રસોઇયા પણ હોઈ શકે, એવી કામ કરવાવાળી પણ હોઈ શકે; મને તે દિવસે કલ્પના પણ ન હતી કે વિદ્યાર્થીઓ પોતે પણ પોતાના ભાવિક પિતાઓથી સ્વતંત્ર એવું પોતાનું મન લઈને આવવાના છે અને માબાપનો આપેલો બહારનો દેખાવનો રંગ ઘણી વખત અંદરના રંગથી જુદી જ જાતનો હોય છે. મારા જેવા નવાસવા ગૃહપતિને મનમાં ગમે તેવી ઉત્કટ ભાવનાઓ હોય તો પણ એ ભાવનાઓને સંસ્થામાં મૂર્તિમંત કરવાને માટે જે વ્યવહારદક્ષતા અને હથરોટીની જરૂર હોય છે તે મારામાં ક્યાં હતાં? આ બધાંયનું સૌથી પહેલું દર્શન મને દક્ષિણામૂર્તિ શરૂ કર્યા પછી જ થયું મને તે દિવસે જ બરાબર સમજાયું કે વિદ્યાર્થીઓને બરાબર ઘડવા હશે તો થોડેઘણે અંશે મારે મારા રસોઇયાને ઘડવો પડશે, કામ કરનારી બાઈઓને પણ ઘડવી પડશે, કોઠારીને પણ ઘડવો પડશે અને એ સૌને ઘડયા પહેલાં મારી જાતને ઘડવી પડશે. મારી જાતને ઘડવા માટે આજે હવે મુંબઈની ટ્રેનિંગ કૉલેજમાં જવાની જરૂર નહોતી. મારી જાતને ઘડવા માટે દક્ષિણામૂર્તિ

શરૂ કર્યા પછી નિરાંતે વખત મળવો મુશ્કેલ હતો. મારે માથે શામળદાસ કૉલેજના પ્રોફેસર તરીકેનો ભાર તો ચાલુ જ હતો અને તેમાં આ કલ્પનામાં નહીં ધારેલો એવો મોટો ભાર આવી પડ્યો. પહેલે જ દિવસથી આ ભારનું મને ભાન થવા લાગ્યું અને તેમાં પણ વિદ્યાર્થીઓની અંદરઅંદરની તકરારોએ અને નાનીમોટી ચોરીઓએ ડોકિયાં કરવા માંડ્યાં ત્યારે ઘડીભર હું હિંમત હારી ગયો અને પહેલે અથવા તો બીજે દિવસે રાત્રિએ એકલોએકલો રોઈ પડ્યો; પરંતુ વાચકને વધારે આશ્ચર્ય તો મેં એ દિવસોમાં જે ભૂલો કરી તેનાથી થશે. દક્ષિણામૂર્તિના કાર્યક્રમમાં ઊઠવાનું વહેલું સવારે પાંચ વાગે રાખ્યું હતું. હું અને સ્વર્ગસ્થ મોટાભાઈ ધર્મશાળાના મોટા ઓરડામાં વિદ્યાર્થીઓની સાથે જ સૂતા. મને પોતાને છેક નાનપણથી જ સવારે વહેલા ઊઠવાની ટેવ હતી. પાછળથી એ ટેવ મને ઘણી લાભકારક લાગી એટલે મેં સંસ્થાના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પાંચ વાગે ઊઠવાનું ઠરાવ્યું. શરૂઆતનાં વર્ષોમાં દક્ષિણામૂર્તિના સંચાલનમાં બીલખાના આનંદાશ્રમની ઘણી મોટી છાયા હતી એ જાહેર વાત છે.

વિદ્યાર્થીઓ સવારે પાંચ વાગે ઊઠે ત્યારપછી હાથમોઢું ધોઈ, કોગળા કરી દક્ષિણામૂર્તિ સ્તોત્રનો પાઠ કરતા કરતા પ્રાર્થના કરે એવો નિયમ અમે ઘડ્યો; અને પ્રાર્થનાને અંતે અમે આનંદાશ્રમમાં સવારે જેમ મહારાજશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા તેમ વિદ્યાર્થીઓ સ્વ. મોટાભાઈ તેમ જ મને સાષ્ટાંગ દંડવત્ કરે એવો શિરસ્તો મેં ચાલુ કર્યો. એ દિવસોમાં મારા મનમાં એક માન્યતા હતી કે દક્ષિણામૂર્તિ સ્તોત્રનો પાઠ કરતી વખતે મારા મનમાં જે ભક્તિભાવ ઊછળે છે તે ભક્તિભાવ સ્તોત્રનો પાઠ કરવાથી વિદ્યાર્થીઓમાં પણ ઊછળશે અને તેમને સારા સંસ્કારો મળશે; પણ ખરેખરી રીતે બનતું એવું કે વિદ્યાર્થીઓને સવારના પહોરમાં જેટલી ઊંઘની પડી હતી તેટલી નહોતી પડી દક્ષિણામૂર્તિ દેવની, નહોતી પડી સ્વ. મોટાભાઈની તેમ જ નહોતી પડી મારી. આ વાત તે દિવસે હું સમજતો ન હતો અને વિદ્યાર્થીઓ

પોતાની વાતને સમજણપૂર્વક અમારી પાસે રજૂ કરે એવી સ્વતંત્ર હવામાં તેઓ ઊછર્યાં નહોતા. મહાત્માશ્રીના ભક્તજનોનાં ઘરોમાં આ બધી વસ્તુઓ રોજના કર્મકાંડ તરીકે ચાલતી હતી એટલે વહેલાં ઊઠવાની ના પાડવી અથવા દક્ષિણામૂર્તિ સ્તોત્રનો પાઠ ન કરવો એ નાસ્તિકતાના મોટા ચિહ્ન તરીકે ગણાતું; અને મહાત્માશ્રીના દીકરાઓ આવા નાસ્તિક શી રીતે થઈ શકે? એટલે તે દિવસની હવામાં સ્વ. મોટાભાઈને તેમજ મને આ વાત ખૂંચી નહીં. પરંતુ આ નિયમની નિરર્થકતા મને જતે દિવસે સમજાયા વિના ન રહી. સવારે પાંચ વાગે મેં વિદ્યાર્થીઓને ઉઠાડ્યા હોય પણ તેઓ પોતાનાં ઓઢવાનાં ગોદડાં વગેરે લઈને છાનામાના ગાદલાં મૂકવાની ઓરડીમાં ભરાઈને સૂઈ જતા, કોઈ કોઈ પ્રાર્થના વખતે ઝોકાં ખાતા અને કેટલીકવાર ' શરીરે ઠીક નથી ' એમ જણાવી વધારે વખત ઊંઘવાનો અધિકાર મેળવતા.

સવારે વહેલા ઊઠવું એ આપણા દેશમાં ઘણું જ આવશ્યક છે અને વિદ્યાર્થીઅવસ્થામાં શરીરનું ખડતલપણું ઊભું કરવા માટે તે અતિશય જરૂરનું છે એવી માન્યતા હજી આજે પણ હું ધરાવું છું; પણ જે જોસથી, જે જુસ્સાથી તે દિવસે હું વિદ્યાર્થીઓને હાથ પકડીને અને ઓઢવાનાં ગોદડાં ખેંચી લઇને ઉઠાડતો, ઊઠ્યા છતાં જેને આંખમાં ઊંઘ રહી ગઈ હોય તેની ઊંઘ દૂર કરવા માટે આંખો પર પાણી છાંટતો એ ઝનૂન મેં વર્ષો થયાં ગુમાવ્યું છે. આજે તો કોઈ પણ માણસને તેની ઊંઘમાંથી જગાડવો એ મને બિલકુલ ગમતું નથી. મારા પોતાના ઘરમાં મારાં બાળકો સવારે પોતાને વહેલાં જગાડવાનું મને કહી સૂઈ જાય તો પણ મારું ચાલે ત્યાં સુધી હું તેમને જગાડતો નથી. આપણાં છાત્રાલયોમાં આજે વહેલા ઊઠવાનો નિયમ અને સહેજે ન ઊઠે તેને પરાણે ઉઠાડવાનો નિયમ કેટલે અંશે ચાલુ છે તે હું જાણતો નથી; પણ વિદ્યાર્થીઓને સવારે વહેલા ઊઠવાનું મન અનાયાસે થાય એવા ઉપાયો લેવાને બદલે વહેલા ઊઠવું એ ત્રાસરૂપ થાય એ કોઇપણ છાત્રાલયમાં ઇષ્ટ નથી. આ વાત શરૂઆતના દિવસોમાં લાંબા વખત

સુધી મને સમજાઈ ન હતી; અને હું ભૂલતો ન હોઉં તો આવો વ્યવહાર તે દિવસોમાં લગભગ તમામ છાત્રાલયોમાં ચાલતો હતો.

મારી આ ગંભીર અણસમજને માટે આજે મને લાગી આવે છે ખરું; પણ આવી તો કેટલીયે ભૂલ મેં એ દિવસોમાં કરી છે અને એ વખતના વિદ્યાર્થીઓને જાણેઅજાણે અન્યાય કર્યો છે; પરંતુ મારી ગંભીર ભૂલની પાછળ પણ મારી સદ્દવૃત્તિ હતી એની મને શંકા નથી. મારી આ સદ્દવૃત્તિને લીધે જ આજે જ્યારે એ વખતના વિદ્યાર્થીઓ સાથે આવી વાતો નીકળે છે ત્યારે એ દિવસના નાનાભાઈ ઉપર હું પણ હસી શકું છું અને વિદ્યાર્થીઓ પણ હસી શકે છે. એવું જ અમારી પ્રાર્થનામાં. એ દિવસોમાં પ્રાર્થનામાં સૌએ હાજર થવું એવો લેખિત નિયમ ન હતો તો પણ એ નિયમ લેખિત નિયમ જેવો થઈ ગયો હતો. અમે એ દિવસોમાં સવારની સંધ્યા તથા બપોરે 'વૈશ્વદેવ' દક્ષિણામૂર્તિમાં કરતા. 'સંધ્યા'માં હાજરી પુરાતી. વૈશ્વદેવ વખતે સૌ વિદ્યાર્થીઓ એકીસાથે મંત્રો બોલે એવી રસમ હતી અને પૂરા દબદબાથી આ કરવાનો હું આગ્રહ રાખતો. આ બધી ક્રિયાઓને માટે મારો આદર હજી આજે પણ જેવો ને તેવો જ છે. માત્ર આજે મારી સંધ્યાનું, વૈશ્વદેવનું બાહ્યરૂપ જુદું છે એટલું જ.

પરંતુ એ દિવસે મારા આખા જીવન ઉપર મહારાજશ્રીના આશ્રમજીવનની એવડી મોટી છાપ હતી કે હું પ્રાર્થના વિનાનું, સંધ્યાવંદન વિનાનું તેમ જ વૈશ્વદેવ વિનાનું ધાર્મિક જીવન કલ્પી શકતો નહીં. બાહ્ય ક્રિયાઓની સાથે અંદરનું મન જોડાયેલું ન હોય તો તમામ ક્રિયા નકામી છે એવું સમજતાં છતાં છાત્રાલયમાં વિદ્યાર્થીઓને આવી બધી ક્રિયાઓ કરતાં કરતાં એની પાછળ રહેલો ભાવ જાગૃત થશે એવી શ્રદ્ધાથી હું દોરવાતો હતો. આ સંધ્યાની તેમજ વૈશ્વદેવની ક્રિયાઓ વિદ્યાર્થીઓ પૂરા દમામથી કરતા હતા તો પણ તેની પોકળતા હું અવારનવાર જોતો પણ એ પોકળતાની પાછળ રહેલી મારી પોતાની અણસમજને દૂર કરવાને બદલે વિદ્યાર્થીઓની પોકળતા કેમ મટે એ

તરફ પ્રયત્ન કરતો. ખરું કહું તો આ બધી વસ્તુઓને કેળવણીની સરાણ ઉપર ચડાવીને ગોઠવવી જોઇએ તેને બદલે મેં ખુદ કેળવણીને આ બધા બાહ્યાચારોની સરાણ પર ચડાવી. એ આજની નજરે મારો અક્ષમ્ય દોષ ગણાય.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ પાસે શાળામાં જવા સિવાયનો જે વખત રહેતો તેમાં હું તેમને ઘરના પાઠો તૈયાર કરવામાં મદદ કરતો અને રાત્રે તેમની તકરારો પતાવતો. જે વખત બચે તેમાં તેમને વાર્તાઓ કહેતો. હું પોતે કૉલેજમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રનો પ્રોફેસર હતો એટલે રોમના ઇતિહાસની, ગ્રીસના ઇતિહાસની, આપણા દેશના ઇતિહાસની, આપણાં મહાભારત, રામાયણ અને પુરાણોની, દેશપરદેશનાં દેવદેવીઓની, શેકસપીઅર, કાલિદાસ આદિ કવિઓની વાતો કહેતો. આ વાતો કહેવાનો મારો શોખ અને વાતો કહેવાની મારી હથરોટી એ બન્નેથી વિદ્યાર્થીઓમાં મારા તરફનો સદ્ભાવ ઘણો વધી ગયો અને વિદ્યાર્થીઓને કોઈપણ સમૂહકાર્યક્રમ માટે બોલાવવા હોય ત્યારે કોઈપણ ગૃહપતિને જે મુશ્કેલી પડે છે તે મુશ્કેલી મેં કદી અનુભવી નહીં. તે વખતે જ આ પ્રકારના વિદ્યાર્થીઓનું ચારિત્ર ઘડવામાં વાર્તાઓનું કેવું મોટું અને અદ્ભુત સ્થાન છે તેનું પહેલવહેલું દર્શન મને થયું. સંસ્થાની શરૂઆતના જ દિવસથી છાત્રાલયનાં અમુક-અમુક કાર્યો વિદ્યાર્થીઓએ જાતે જ કરવાં જોઇએ એવો મને આગ્રહ હતો. જતે દિવસે દક્ષિણામૂર્તિમાં વિદ્યાર્થીમંડળના સ્વરાજ્યની જે આખી કલ્પના ઊભી થઈ તેના પાયામાં સ્ટેશન પાસેની ધર્મશાળામાં નાખેલાં આ બીજો હતાં. સંસ્થાના કામની વિદ્યાર્થીઓની અંદર વહેંચણી કરી દીધી અને એ પ્રમાણે સૌ કામ કરે તે જોવાનું મારે ભાગે રહ્યું. વિદ્યાર્થીઓના આ કામકાજને અંગે અમે સંસ્થામાં જે નોકરચાકરોને રાખ્યા તેનો સવાલ પણ એટલો જ મહત્ત્વનો થઈ પડ્યો. છાત્રાલયના ગૃહપતિઓ સંસ્થાના હિસાબમાં કેટલા ગોટાળા કરે છે, છાત્રાલયના કોઠારી ગૃહપતિની પત્નીના હાથમાં સંસ્થાની ચીજો કેવી રીતે સરકાવી

દૃ છે, ગૃહપતિની પત્ની સંસ્થાની ચીજવસ્તુઓને પોતાની જ માનીને કેવી બેફામ રીતે વર્તે છે, વિદ્યાર્થીઓ સાચાંખોટાં નિમિત્તે ગૃહપતિને અને તેની પત્નીને વહાલા થવા માટે કેવીકેવી તરકીબો કરે છે, ગૃહપતિ પોતાના સદ્ભાવથી પણ આવી તરકીબોમાં કેવી રીતે ફસાઈ જાય છે અને સંસ્થામાં 'ધરાર પટેલ' જેવા થઇ પડેલા વિદ્યાર્થીઓ ગૃહપતિને નામે વિદ્યાર્થીઓને કેવા દબડાવે છે—આ બધું સંસ્થા શરૂ કર્યા પહેલાં મેં મનથી તો વિચાર્યું હતું અને તેની સામે પાળ પણ બાંધવાનો નિશ્ચય કર્યો હતો; પણ સંસ્થા શરૂ કર્યા પછી મારે માથે એનો કડક અમલ કરવાનું આવ્યું. આવો અમલ કરવામાં કોઈ દિવસ ગોથાં નથી ખાધાં એમ હું નથી કહી શકતો પરંતુ આજ સુધી આ બધી વસ્તુઓથી હું મોટે ભાગે બચી શક્યો છું તેને હું મારું સદ્ભાગ્ય માનું છું.

વિદ્યાર્થીઓએ મને ઉકેલવા માટે કોયડાઓ રજૂ કર્યા તેના કરતાં સંસ્થાના નોકરચાકરોએ વધારે મોટા કોયડાઓ રજૂ કર્યા. રસોઇયો ઘી ખાઈ જાય અથવા ધોતિયાની અંદર કોથળી રાખીને રાત્રે લોટ ચોરી જાય તો શું કરવું? કોઠારી માલની ખરીદી કરતાં અનીતિ કરે તો શું કરવું? ઠામવાસણ સાફ કરનારી બાઈઓ બેચાર રોટલીના લોભથી રસોઇયા સાથે આડો સંબંધ કેળવે તો શું કરવું? આ બધા પ્રશ્નો મારી સામે ખડા થયા. આપણે ત્યાં આજ સુધી રસોઈ એ સંસ્થાઓમાં બ્રાહ્મણોનો પાટલો ગણાય છે. એ દિવસોમાં બ્રાહ્મણવર્ગ સિવાય બીજા કોઈ વર્ગનો માણસ રસોઈ કરે અને બ્રાહ્મણ વિદ્યાર્થીઓ પણ જમે એ કલ્પના પણ ન હતી. રસોઇયો ગમે તેવો હોય, મેલો, દુરાચારી હોય, વ્યસની હોય, બીડીઓ પીતો હોય તો પણ બ્રાહ્મણ રસોઇયાને નભાવી લેવો પડે એવી સ્થિતિ હતી. એને પરિણામે આવી સંસ્થાઓમાં રસોઈ કરનાર મહારાજની એવી મોટી ગરજ ઊભી થઈ જાય છે કે રસોઇયો વિદ્યાર્થીઓને અને ખુદ ગૃહપતિને પણ દબાવી શકે છે અને નિરાધાર બનેલા ગૃહપતિને તેમ જ વિદ્યાર્થીઓને આ

કડછીવાળા માણસની જોહુકમી સાંખવી પડે છે. દક્ષિણામૂર્તિનાં શરૂઆતનાં વર્ષોમાં આવી વધારેપડતી જોહુકમી નહીં સાંખવાના નિશ્ચયથી મેં કેટલાય રસોઇયાને બદલ્યા અને થોડાંએક વર્ષો પછી આખરે જૂનાગઢ પાસેના એક ગામડામાંથી એક બ્રાહ્મણને લઈ આવ્યો અને તેને અમુક રીતે રસોઈ માટે તૈયાર કર્યો. છતાં પણ રસોઇયાનો પ્રશ્ન અને એની જ સાથે રસોઈનો પ્રશ્ન આપણાં છાત્રાલયોનો એક કૂટપ્રશ્ન રહ્યો છે એમાં શક નથી. નાનપણથી જ મને રાંધવાનો મહાવરો હતો. કૉલેજના દિવસોમાં તળ મુંબઇની અંદર પણ હાથે રાંધીને મેં અભ્યાસ કરેલો અને પ્રશ્નોરા જ્ઞાતિમાં જ્ઞાતિભોજન વખતે રાંધવાની સમૂહરસોઇની તાલીમ લીધેલી એટલે બીજી રીતે રસોઇનો પ્રશ્ન મારે માટે સહેલો હતો. આમ ભોજન, અને તેમાં પણ આવી સંસ્થાઓમાં તૈયાર થતું વિદ્યાર્થીઓ માટેનું ભોજન, મોટા માણસોને નજીવી વસ્તુ દેખાય છે. ભોજન જેવી નજીવી વાતમાં ઝાઝી ‘પડય’ શા માટે કરવી? જેવું મળે તેવું ભોજન અમૃત ગણીને ખાઈ લેવું એવાએવા ઉપદેશો સમાજમાં આપણે ઘણીવાર સાંભળીએ છીએ, છતાં ભોજન એ આવા ઉપદેશકો ધારે છે તેવો જીવનનો અને ખાસ કરીને વિદ્યાર્થીજીવનનો નાનોસૂનો સવાલ નથી. સાધારણ રીતે પોતાના ઘરની અંદર પોતાની માબેનના હાથની રસોઈ જમનારને આ ખ્યાલ હોતો નથી. પરંતુ ભોજનવખતનાં અસંતોષ અને અતૃપ્તિ મોટી ઉંમરનાં માણસોને પણ તેમના કામમાં વિહ્વળ બનાવે છે એવો ગૃહપતિ તરીકેનો અને ઉત્તરાવસ્થામાં જેલના કેદી તરીકેનો મારો અનુભવ છે. દક્ષિણામૂર્તિમાં વિદ્યાર્થીઓ માટેની રસોઈ સાદી પણ સ્વાદિષ્ટ થવી જોઈએ; ખીચડી, ભાત વગેરે માત્ર ચડેલાં જ નહિ પણ સીઝેલાં થવાં જોઈએ; રોટલી માત્ર ફૂલકા જ નહીં પણ બરાબર ચૂંદડી પડેલી હોવી જોઈએ; શાક બહુ તેલવાળું ન હોવા છતાં મસાલાના પ્રમાણસરના ઉપયોગથી સ્વાદિષ્ટ થવું જોઈએ: આ બધી ચીજો ઉપર મારે આગ્રહ રાખવો પડતો અને એટલે અંશે કાઠિયાવાડના માત્ર લાડુ બનાવી જાણનાર રસોઇયાને મારે રસોઈની તાલીમ આપવી પડી.

ઉપરાંત સ્વચ્છતાની તાલીમ પણ મારે માથે આવી. રાંધવાના પાણીની સ્વચ્છતા, લોટ વગેરે પદાર્થોની સ્વચ્છતા, રસોઇયાના કપડાંની સ્વચ્છતા, રસોઈનાં ઠામવાસણની સ્વચ્છતા અને ખુદ રસોઇયાના શરીરની અને હાથપગની સ્વચ્છતા–આ બધું મારે સાચવવાનું આવ્યું. સૌ કોઈ સમજી શકે તેમ આની પાછળ મારે ઠીકઠીક વખત પણ ગાળવા પડયો અને ઠીકઠીક આકરા પણ થવું પડયું. રાંધતી વખતે રસોઇયાઓ તમાકુ ન ખાય, પીરસતી વખતે ચોખ્ખા હાથથી જ પીરસે, નાકની લીંટ વગેરે જ્યાંત્યાં ન કાઢે, થૂંકવું હોય તો ચૂલામાં જ ન થૂંકતાં ખાળે જઈને થૂંકે, રસોઈના પદાર્થો ઉઘાડી હાલતમાં ન રાખે, ચૂલાની અંદરની રાખ વગેરે દરરોજ સાફ થાય, બગડી ગયેલા પદાર્થો ખાવાના ઉપયોગમાં ન લેવાય વગેરે ઝીણવટોમાં મારે ઊતરવું પડયું અને ત્યારે જ મેં સ્વીકારેલું સ્થાન મારા માટે કેટલુંબધું આકરું છે એનું મને દિવસેદિવસે વધારે ભાન થવા લાગ્યું.

પણ મારા આજના મિત્રો તથા વિદ્યાર્થીઓ માની પણ ન શકે એવી કેટલીક ભૂલો મારા હાથે શરૂઆતના દિવસોમાં થઈ. ઈ. સ. ૧૯૧૦-૧૨ના એ દિવસોમાં શાળાઓમાં તેમ જ છાત્રાલયોમાં વિદ્યાર્થીને સજા કરવાનો રિવાજ પ્રચલિત હતો. ઈનામો, હરીફાઇ, સજા, લાલચ, ભય એ બધાંય કેળવણીની દૃષ્ટિથી ત્યાજ્ય છે એ મને સમજાયું ઠેઠ ઈ. સ. ૧૯૨૦માં અને આ બધાંય માત્ર કેળવણીની દૃષ્ટિથી જ ત્યાજ્ય છે એમ નહીં પણ જીવનની સર્વતોમુખી દૃષ્ટિથી ત્યાજ્ય છે એ સમજાયું એથી યે થોડું મોડું. પણ ઈ. સ. ૧૯૧૦–૧૧ની સાલમાં તો હું દક્ષિણામૂર્તિમાં સજાનો ઉપયોગ કરતો અને તે પણ સજાના ભારે કઢંગા સ્વરૂપમાં. શરૂઆતના આઠપંદર દિવસો તો હું વિદ્યાર્થીઓને તેમના અપરાધ બદલ દૂધ અને શાકનો દંડ કરવા માંડયો અને આજે હસીહસીને હું પોતે ઢગલો થાઉં એવો દંડ તે તો દક્ષિણામૂર્તિ દેવને પચ્ચીશપચાસ નમસ્કાર કરવાનો. પણ મારા સદ્ભાગ્યે મારું અંતર આ સજાઓ હું કરતો ત્યારે પણ કેમ જાણે મને ના પાડતું અને એ દિવસથી માંડીને આજ સુધીમાં

મારી સંસ્થાએ જ કેમ જાણે મને અહિંસાનું માર્ગદર્શન કરાવ્યું છે એમ હું હિંમતપૂર્વક કહી શકું છું. મારું ઘર, મારી સંસ્થા, મારો મિત્રવર્ગ અને મારું જીવનક્ષેત્ર એ બધાંએ મને અહિંસાની પ્રયોગભૂમિ પૂરી પાડી છે અને એ જ રીતે મેં નિરંતર મારી સંસ્થા મારફત મારા કલ્યાણનો માર્ગ શોધ્યો છે.

વર્ષને અંતે અમારા કામનું સરવૈયું લેવા માટે તેમ જ સંસ્થાના કામથી ભાવનગરના શહેરીઓને વાકેફ કરવા માટે અમે વાર્ષિક સંમેલન યોજ્યું અને આ સંમેલનના પ્રમુખ તરીકે સ્વ. શ્રી પટ્ટણીસાહેબને મૂકવાનો નિર્ણય જાહેર કર્યો.

આ દિવસોમાં પટ્ટણીસાહેબ સાથેનો મારો ને મોટાભાઈનો સંબંધ વધારે વધારે ગાઢ થતો હતો. ઘણીવાર તો રાતના બારબાર વાગ્યા સુધી અમે પટ્ટણીસાહેબને બંગલે વાતોમાં રોકાતા. એ ઉદારદિલ પુરુષની સાથે અમારો સંબંધ બીજાઓ ન સમજી શકે એવો ગાઢ થવા લાગ્યો. એક વખત મોટાભાઈ અને હું રાતના દસ વાગે એમને બંગલે જઈ ચડ્યા. પટ્ટણીસાહેબ તે દિવસે સહેજ વહેલા સૂઈ ગયા હતા. 'સાહેબ સૂઈ ગયા છે' એમ પટ્ટાવાળાએ અમને જણાવ્યું એટલે અમે પાછા ફર્યા; ત્યાં પાછળથી પટ્ટણીસાહેબને ખબર પડી હશે એટલે એમણે અમને પાછા બોલાવ્યા અને પોતે અમારી સાથે રાતના એક સુધી બેઠા. આ વખતે જ તેમણે જણાવ્યું: "તમે બન્ને મારે ત્યાં ગમે તે વખતે આવી શકો છો. રાતના બાર વાગ્યે પણ મારા દરવાજા તમારા માટે ઉઘાડા છે એમ સમજજો. મેં મારા ઘરમાં પણ કહી દીધું છે."

સંમેલનના પ્રમુખ તરીકે તેમને આમંત્રણ આપવા માટે અમારા સલાહકારક મંડળના પ્રમુખ શ્રી ગુલાબરાયભાઈ તથા શ્રી ગોપાળજીભાઈ ગયા; પણ પટ્ટણીસાહેબ બીમાર હતા અને તેમને બંગલે ભાવનગરના એ વખતના મહારાજા ભાવસિંહજીએ સખ્ત પહેરો ગોઠવી દીધો હતો

એટલે ગુલાબરાયભાઈ તેમને મળ્યા વિના જ પાછા આવ્યા. મોટાભાઈ અને હું વિચારમાં પડી ગયા; પણ અમે એક યુક્તિ અજમાવી. મોટાભાઇના અને મારા બન્નેના નામથી અમે પટ્ટણીસાહેબને ભાવનગર પરાને સરનામે તાર કર્યો. ભાવસિંહજી મહારાજાનો ગમે તેવો સખ્ત પહેરો હોય તો પણ તાર તો પટ્ટણી સાહેબને મળે જ ના? સભાનો વખત સાંજના પાંચનો હતો. સભાના વખત પહેલાં લગભગ ચાર વાગ્યાથી ભાવનગરના શ્રીમંતો, અધિકારીઓ વગેરે આવવા લાગ્યા ને આવ્યા હતા તેટલા જ વહેલા ચાલતા થયા. બરાબર પાંચમાં પાંચ મિનિટે મહારાજા ભાવસિંહજીની ઘોડાગાડીનો અવાજ આવ્યો. મહારાજા પોતે પટ્ટણીસાહેબને અમારે પગથિયે ઉતારી ગયા અને મને સંબોધીને બોલ્યા: "માસ્તર! પટ્ટણીસાહેબને તેડવા માટે હું ૭ વાગ્યે પાછો આવું છું. જો જો હો, બરાબર વખતે પૂરું કરજો."

પટ્ટણીસાહેબને લઈને અમે તો મેળાવડાના સ્થાન પર ગયા. અમારો તાર આખરે ફળ્યો એ જોઈને અમને બહુ આનંદ થયો. મેળાવડામાં પટ્ટણીસાહેબે પોતાની દૃષ્ટિની વિશાળતા અને અમારા તરફનો સદ્ભાવ વ્યક્ત કર્યો. ૭ વાગવાને દસ મિનિટ બાકી હતી ત્યાં અમે પૂરું કર્યું. ભાવસિંહજી મહારાજા બરાબર વખતે હાજર થયા અને પટ્ટણીસાહેબને લઈ ગયા. પટ્ટણીસાહેબના ગયા પછી રાજ્યના અમલદારોમાંથી કોઈ કોઈ ઉતાવળથી આવતા હતા તેઓ અધવચથી જ પાછા ફર્યા. અમારી સંસ્થાનો પહેલો મેળાવડો સારી રીતે ઉજવાયો એનો અમને પણ આનંદ થયો.

સંસ્થાની શરૂઆત થઈ ત્યાર પહેલાં થોડાંએક દાનો તો નક્કી થઈ ચુક્યાં હતાં; પણ શરૂઆતના ખર્ચ માટે આટલાં દાનો બસ ન હતાં. એટલે સંસ્થા માટે ફંડનો પ્રશ્ન ઊભો થયો. હું તો મોટો પ્રોફેસર હતો એટલે મોટાં પ્રવચનો કરી જાણું પણ પૈસા મેળવવાની વિદ્યા મારી પાસે ક્યાંથી હોય? સદ્ભાગ્યે મારા મુ. ઓધવજીભાઇની મહેનતથી નામદાર વડિયા દરબારશ્રીએ તથા થાણાદેવળીના દરબારશ્રીએ રૂ.

૨૫૦] આપ્યા એટલે અમારું ગાડું ગબડયું અને એ મદદોથી હરખાઇને અમે પોરબંદર પણ ગયા. પણ એમ બધી વાર ડોશી દાળિયા ઓછા જ આપે છે?

પૈસા વિના આવી સંસ્થાઓ ચલાવવી મુશ્કેલ પડે છે એ અનુભવ મને દિવસેદિવસે વધારે ઉગ્રતાથી થવા લાગ્યો અને અમારી મૂંઝવણને અમે ઘણીવાર અંદરઅંદર ચર્ચતા પણ ખરા.

બરાબર આ જ વખતે અમારી મૂંઝવણ ટળે એવા થોડાએક પ્રચલિત ઉપાયો કેટલાક મિત્રોએ અમને જણાવ્યા. વઢવાણના એક શક્તિશાળી મિત્રે જણાવ્યું, 'નૃસિંહપ્રસાદ, તમે આમ તો વૈદના દીકરા છો; "ગર્ભાધાન ગુટિકા"ની જાહેરાત આપો અને રૂ. ૧૦ ની કિંમતથી ૩૨ ગોળીની એક ડબ્બી વેચવાનું જાહેર કરો. સાથેસાથે લોકોને એમ પણ જણાવો કે જો પરિણામ ન આવે તો પત્ર આવ્યેથી રૂપિયા પાછા મોકલવામાં આવશે.'

મેં પૂછ્યું: 'પણ ભાઇ, આવી ખોટી દવાના પૈસા પાછા આપવા પડે તો આપણે ખોટનો વેપાર થાય ના?'

'અરે નૃસિંહપ્રસાદ, તમે તો ભણાવી જાણો ભણાવી. લોકો એવા આળસુ છે કે કોઈ કાગળ લખશે નહીં અને પૈસા પાછા મોકલવા પડશે નહીં. કોઈ લખે તો તેને જવાબ આપવો હોય તો હું આપીશ. એવાને ઉડાઉ જવાબ આપતાં આવડવું જોઈએ.'

બીજી યોજના આવી એક લૉટરી કાઢવાની; પણ હું જૂના જમાનાનો આદમી રહ્યો એટલે આવી લૉટરીથી બ્રાહ્મણસંસ્થા ચલાવવી એ મને નર્યો અધર્મ લાગ્યો એટલે એ વાત પણ પડી રહી. દક્ષિણામૂર્તિના જીવનમાં લૉટરી કાઢવાની યોજનાએ બેત્રણ વખત દેખાવ દીધો છે પણ બધી યે વખત મેં મારા વિરોધથી એને છાંડી છે.

ત્રીજી યોજના વધારે આકર્ષક હતી. આ અરસામાં વડતાળના મહારાજશ્રી અને તેમના મંડળની વચ્ચે કોર્ટમાં કંઈ કેસ ચાલતો હતો.

ગઢડાના મંદિરને સામે આ કેસનો નિવેડો પટ્ટણીસાહેબના હાથમાં પણ હશે. અમારો પટ્ટણીસાહેબની સાથેનો સંબંધ હવે તો ઠીકઠીક પ્રસિદ્ધ થયો હતો એટલે કેસના બન્ને પક્ષોએ અમને બેત્રણ લાખની મોટી મદદ આપવા માટે લલચાવ્યા પણ મારે તેમ જ સંસ્થાને સદ્ભાગ્યે અમે એ લાલચને સ્પર્શ સરખો ન કર્યો.

સંસ્થાના પહેલા વર્ષ દરમિયાન મને એક નવા મિત્ર મળ્યા. મારા મિત્ર શ્રી લાભશંકર પ્રભુરામ ભટ્ટ તો સંસ્થાની શરૂઆતથી જ મારી સાથે હતા. એ વર્ષોમાં એમની મદદ મને ભારે કિંમતી થઈ પડી હતી. મારું જીવન ઘડવામાં લાભભાઇનો ઘણો મોટો ફાળો છે એ બહુ ઓછા માણસો જાણે છે. એમની નિષ્ઠા અને સ્વાર્પણ ભલભલાને શરમાવે તેવાં હતાં. આ લાભભાઈ મારફત મને બીજા મિત્ર મળ્યા એ તો સ્વર્ગસ્થ રણજિતરામ વાવાભાઈ મહેતા. આજસુધી હું તો આનંદાશ્રમ મંડળમાં અને કૉલેજમાં ગૂંચવાયો હતો એટલે ગુજરાતના પ્રાણવાન જુવાનોનો મને ઓછો પરિચય હતો. આ પરિચયની શરૂઆત ભાઈ રણજિતરામ વાવાભાઈથી થઈ. એકવાર શનિવારે હું અને લાભભાઈ સંસ્થાના કામે બજારમાં જવા નીકળ્યા. અમે ઢાળબજાર પાસે થઇને પસાર થતા હતા ત્યાં લાભભાઈએ મને પૂછ્યું: 'પેલા કાળા કોટવાળા ભાઇને ઓળખ્યા?' મેં કહ્યું, 'ના.' 'એ જ રણજિતરામ વાવાભાઈ મહેતા.' લાભભાઈ બોલ્યા અને અમે બન્ને એકબીજાને નમસ્કાર કરી, ઓળખાણ કરી છૂટા પડ્યા. ત્યારપછી તો બીજે જ દિવસે રણજિતરામભાઈ સાંજના મારે ઘેર આવ્યા અને અમે સંસ્થા વિષે અનેક વાતો કરી. રણજિતરામભાઇ મારા અનુભવ પ્રમાણે ગુજરાતના એક જુવાન સ્વપ્નદ્રષ્ટા હતા અને દક્ષિણામૂર્તિ જેવી સંસ્થાઓ માટે તેમના ઘણાઘણા મનોરથો હતા. આ દિવસથી રણજિતરામભાઇનો અને મારો સંબંધ ઉત્તરોત્તર વધતો જ ગયો. રણજિતરામભાઇ રહેતા હતા શામળદાસ કૉલેજની નજીકમાં જ એટલે હું પણ કૉલેજમાંથી પરવારીને તેમને ત્યાં જતો અને તેમની સ્વપ્નસૃષ્ટિનો ભાગીદાર થવા

મથતો. રણજિતરામભાઈ ભાવનગરમાં રહ્યા ત્યાં સુધી મને અને સંસ્થાને તેમણે પ્રેરણા આપ્યાં કરી છે. રણજિતરામભાઈ શરીરે દૂબળા હતા પણ માઇલોના માઇલો સુધી ચાલતા ને થાકતા નહીં. કૉલેજમાંથી નવરો થઇને હું એમને ઘેર જાઉં ત્યારે કાં તો નાની બેનને રમાડતા હોય અથવા નાની બેનનાં રમકડાં અશોક ફગાવી દે તે નિહાળતા હોય. બહુ જ થોડા વખતમાં અમે ઘણા નજીક આવી ગયા અને એકબીજાની દિલની વાતોના પણ અધિકારી બન્યા. રણજિતરામભાઈના આગ્રહથી જ હું એમના મિત્રમંડળમાં જાણીતો થયો, એમના મિત્રો પાસે મેં દક્ષિણામૂર્તિનાં સ્વપ્નો મૂક્યાં અને હું નવા ગુજરાતના ઘડવૈયા થવાની ઉમેદ રાખનારા ડૉ. હરિપ્રસાદ વગેરેના પરિચયમાં આવ્યો. રણજિતરામભાઈ પોતે મારી ધર્મપ્રવૃત્તિને અંતરથી આવકારતા ન હતા પણ મારી નિષ્ઠા વિષે એમને શંકા ન હતી; એટલે હું પણ એમને મન અભ્યાસનો એક વિષય હતો.

રણજિતરામભાઈ ભાવનગરથી મુંબઈ ગયા અને ત્યાં જ શેઠ નરોત્તમ મોરારજીને ત્યાં સ્થિર થયા ત્યારે પણ મને અને દક્ષિણામૂર્તિને તેઓ ભૂલ્યા ન હતા. મેં ઈ. સ. ૧૯૧૪માં કૉલેજની નોકરીનું રાજીનામું આપ્યું અને હું રીતસર દક્ષિણામૂર્તિના એક સેવક તરીકે જોડાયો ત્યારે એમના આનંદનો પાર ન રહ્યો. ઈ. સ. ૧૯૧૬–૧૭માં હું દક્ષિણામૂર્તિના કામને અંગે મુંબઈ ગયો ત્યારે રણજિતરામભાઇ પણ મારી માફક દક્ષિણામૂર્તિની સેવામાં જોડાવા માટે લગભગ તૈયાર થયા હતા; તે એટલે સુધી કે એક દિવસ રાતે અમે બન્ને શેઠ નરોત્તતભાઈના જુહુના બંગલામાં દરિયાકિનારે ફરતા હતા ત્યારે દક્ષિણામૂર્તિમાં જોડાવાનો એમનો આખરી સંકલ્પ તેમણે જાહેર કર્યો અને મોડી રાત સુધી સ્વપ્નો સેવી અમે છૂટા પડયા !

પણ...બીજે જ દિવસે સવારે જુહુનો દરિયો એમને ખેંચી ગયો ! મેં જીવનમાં એક પ્રેરણાદાયી મિત્ર ગુમાવ્યો.

પણ આપણે ભાવનગરથી અને દક્ષિણામૂર્તિથી ઘણે દૂર નીકળી ગયા.

હું દક્ષિણામૂર્તિના કામમાં પડ્યો એની પાછળ પ્રેરણા મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માની એ વાત સાચી; મેં સંસ્થાનું સંચાલન કર્યું એની પાછળ મારી ધર્મબુદ્ધિ એ પણ વાત સાચી; પણ આખરે તો હું નવા જમાનાથી રંગાયેલો એક જુવાન જ હતો, એક એમ. એ. હતો, એક પ્રોફેસર હતો; એટલે દક્ષિણામૂર્તિમાં હું સો ટકા રસ લઉં અને દક્ષિણામૂર્તિ માત્ર એક સાધારણ બોર્ડિંગહાઉસ જ બની રહે એ અશક્ય જ હતું. મને તો મારા સ્વપ્નની એક મોટી આશ્રમશાળા કાઢવાનો કોડ હતો. એટલે બીજે જ વર્ષે અમે સંસ્થામાં એક પ્રયોગાત્મક વર્ગ શરૂ કર્યો. સંસ્થામાં અંગ્રેજી ચોથા ધોરણના જે વર્ગો હતા તેમને માટે અમે ગામની શાળામાં જવાનું બંધ કર્યું અને આ વિદ્યાર્થીઓ સંસ્થાના જ વર્ગમાં ભણે એવી ગોઠવણ કરી. ચાલુ સરકારી ધોરણથી જેટલા ફેરફારો કરવા અમને યોગ્ય જણાયા તેટલા ફેરફારો સાથે અમે વર્ગ શરૂ કર્યો. આ વર્ગના સૌથી મોટા ફેરફારો એ જ હતા—એક ઇતિહાસના શિક્ષણમાં અને બીજો સંસ્કૃતના શિક્ષણમાં. ઇતિહાસનો વિષય રણજિતરામભાઈના શોખનો વિષય હતો એટલે એમાં એમણે પોતે નવી દૃષ્ટિ દાખલ કરી અને સમાજશાસ્ત્રને પણ એમાં સ્થાન આપ્યું; સંસ્કૃત મારો શોખનો વિષય હતો એટલે મેં તેને નવી પદ્ધતિથી એટલે કે પરિચયપદ્ધતિથી શીખવવાનો અખતરો શરૂ કર્યો. મારા મિત્ર લાભભાઈ પણ પૂરો રસ લેતા હતા; એટલે રેલવેની નોકરીની સાથોસાથ તેમણે ગુજરાતીનું શિક્ષણ હાથ ધર્યું.

પણ હું તો ત્રણ ઘોડે ચડ્યો! કૉલેજનો પ્રોફેસર, દક્ષિણામૂર્તિનો ગૃહપતિ અને નવા વર્ગનો શિક્ષક! મારાથી આ બધાં કામને કોઈ રીતે પહોંચી શકાય તેમ ન હતું એટલે અમે મારા સસરા સદ્‌ગત મોહનલાલ રેવાશંકર પાઠકને એક વર્ષની અજમાયેશ પર રોકયા અને ગૃહપતિ-શિક્ષકનું કામ તેમને સુપરત કર્યું.

સ્વ. મોહનભાઈ મારા મુરબ્બી મિત્ર હતા. બી. એ. ના વર્ષમાં અમે બંનેએ સાથે અભ્યાસ કર્યો હતો. આનંદાશ્રમમાં અમે બન્ને ગુરુ-

ભાઈઓ તરીકે સાથે જતા આવતા. એ મારા સસરા થયા તે અગાઉ પણ એ મારા નજીકના ફઈના દીકરા હતા અને એ રીતે અમો એક જ હવામાં ઊછર્યા હતા. એમને લાવવાની પાછળ એમની નિષ્ઠા અને સદ્‌વૃત્તિ તો હતી જ, પણ એ શ્રીમાન્ નથુરામ શર્માના શિષ્યવર્ગના એક આગળપડતા ભક્ત હતા એ પણ દૃષ્ટિ હતી.

પણ હું દુનિયાનો નિશાળિયો હતો. દક્ષિણામૂર્તિની જવાબદારી મેં મારી માની હતી અને મોહનભાઈ સંસ્થાના નોકર! કેવી ભારે વિચિત્ર સ્થિતિ! દક્ષિણામૂર્તિના કામની મારી કલ્પના મેં ભારે આકરી આંકી હતી. છાત્રાલયોમાં ગૃહપતિ અને ગૃહપતિની પત્ની અથવા તો માબેન કેવાકેવા ગોટાળા કરે છે તેનું મને પૂરું ભાન હતું. એટલે પહેલે દિવસથી જ મેં મારે પોતાને માટે વાડ બાંધી હતી અને એ વાડને કોઈપણ તોડે અથવા તો ઓળંગે તો હું એ ચલાવી ન લેતો. સાથેસાથે આવી સંસ્થાઓના કામ માટે કામ કરનાર દરેક ભાઈ-બેનમાં અને ખાસ કરીને મુખ્ય માણસોમાં અમુક જાગૃતિ હોવી જોઈએ એમ પણ મારી માન્યતા હતી. આ બધાંયને પરિણામે અમે એક વર્ષને અંતે મોહનભાઇને છૂટા કર્યા! મોહનભાઇને છૂટા કર્યા એટલે મારા સગા સાસરાને છૂટા કર્યા! છૂટા કર્યા પછી મારા પગલાની ગંભીરતા મને બરાબર સમજાઈ. આ પગલું ભર્યા પહેલાં મુ. ઓધવજીભાઈના એક નજીકના સગા રસોયા હતા તેમને મેં છૂટા કર્યા ત્યારે મુ. ઓધવજીભાઈનો રોષ મેં વહોર્યો. એક દિવસ મુ. મોટાભાઈના બનેવી કોઠારી હતા તેમને મેં છૂટા કર્યા ત્યારે મોટાભાઈના કુટુમ્બી-જનોનો રોષ વહોર્યો અને આજે મારા સસરાને છૂટા કર્યા ત્યારે તો ખુદ મારા ઘરમાં જ મેં તોફાનને નોતર્યું. પણ મારા માટે બીજો માર્ગ ન હતો. દક્ષિણામૂર્તિ સંસ્થા જગતની દૃષ્ટિએ શિક્ષણની સંસ્થા હતી પણ એ ઉપરાંત મારે મન તો તે ઉપાસ્ય દેવ હતી. એ ઉપા-સનામાં હું બેવફા થાઉં તો જે કલ્યાણને હું ઢૂંઢતો હતો તે કલ્યાણ ક્યાં રહ્યું ? આ વિચાર જ મને ટકવા માટે બળ આપતો હતો. દક્ષિણા-

મૂર્તિના ભવિષ્યના જીવનમાં પણ આવા અનેક પ્રસંગો આવ્યા છે અને મેં આવાં અનેક તોફાનોને નોતરવાની તાકાત ગુમાવી તે દિવસે દક્ષિણામૂર્તિનું પતન શરૂ થયું. મનુષ્યના શરીરની માફક સંસ્થાઓમાં પણ અમુકઅમુક વખતે થોડાંએક ઝેર જન્મ પામે છે. આવાં ઝેરોને બહાર ફેંકી દેવાની શક્તિ શરીરમાં હોય ત્યાં સુધી એ શરીર તંદુરસ્ત રહે છે અને એ શક્તિ ન હોય ત્યારે માણસ માંદા પડે છે. સંસ્થાઓમાં પણ પ્રસંગેપ્રસંગે આવાં ઝેર પેદા થયા કરે છે. જ્યાં સુધી સંસ્થા આવાં ઝેરોને બહાર ફગાવી દેવાની તાકાત ધરાવે છે ત્યાં સુધી સંસ્થા તંદુરસ્ત રહે છે. આવી તાકાત ગુમાવ્યા પછી સંસ્થા જીવે છે તો પણ મરેલા જેવી; આવી સંસ્થાઓ તંદુરસ્ત અને ફૂલીફાલી દેખાય તો પણ એના હૃદયમાં તો રોગ હોય છે જ અને માંદા માણસો જેમ માંદા-માંદા પણ પથારીમાં જીવન કાઢે છે તેમ આવી સંસ્થાઓ પ્રાણ વિનાનું જીવન જીવે છે. મારા સદ્ભાગ્યે હું આ પાઠ સંસ્થાને બીજે જ વરસે શીખ્યો. મારા સદ્ભાગ્યે મારી પત્નીને મારી વાત સાચી લાગી; મારા સદ્ભાગ્યે મારા અને મારા સસરાના સંબંધો ઠેઠ સુધી મીઠા જ રહ્યા છે.

મારા સસરા મોહનભાઇ દક્ષિણામૂર્તિમાંથી છૂટા થયા એટલે મારી પાસે સવાલ ખડો થયો: નવા વર્ગનું શિક્ષણકાર્ય કોને માથે? અમે મોહનભાઈને બદલે બીજા કોઈ ગ્રેજ્યુએટ ભાઇને શોધી કાઢી શક્યા હોત અને નવો વર્ગ ચલાવી શક્યા હોત; પણ મારા માટે આવી શોધ દિવસેદિવસે અશક્ય થતી જતી હતી. દક્ષિણામૂર્તિ જેવી સંસ્થા કાઢીને બીજાઓને નોકરીમાં રાખી સંસ્થાની દોરવણી અને સત્તા મારા હાથમાં રાખવાં એવો બિલકુલ મનોરથ મને ન હતો. હું તો જાતે કેળવણીના મારા ભાંગ્યાતૂટ્યા વિચારોને મૂર્તિમંત કરવા ઈચ્છતો હતો; એટલે હવે તો મારે જ નવા વર્ગનું શિક્ષણકાર્ય રીતસર હાથ ધરવું એવો મેં વિચાર કર્યો અને મારો વિચાર મારી સ્ત્રીને, મારાં સગાંઓને, મિત્રોને અને મારા સદ્ગુરુને જણાવ્યો. કૉલેજનો મોટો પગાર અને તેથી યે મોટી પગાર વધારાની આશા, પ્રોફેસર તરીકેની પ્રતિષ્ઠા, વર્ષમાં

કેટલાય મહિનાની નવરાશ અને રોજનું પણ ગણ્યા કલાકોનું કામ: કૉલેજની નોકરીનો સામાન્ય ખ્યાલ આવો હોય છે; એટલે મારી સ્ત્રીએ અને મારા મોટાભાઈએ તો વિરોધ કર્યો જ પણ મારા મિત્રો અને મારા સદ્ગુરુ શ્રીમાન્ નથુરામ શર્મા પણ મારા વિચારને આવકાર આપતાં અચકાયા. પ્રોફેસરની નોકરી છોડયા પછી દક્ષિણામૂર્તિનું ન ચાલ્યું તો? દક્ષિણામૂર્તિ કાયમ પગાર આપી શકશે? જે મિત્રો દક્ષિણામૂર્તિમાં જોડાવાની હા પાડે એમને માથે હા પાડવાની કેટલી જવાબદારી? સંસ્થા આજ સુધી આનંદાશ્રમના અધિષ્ઠાતાની છત્ર-છાયા તળે જાણે ચાલતી હતી એટલે મારા ભારણપોષણ માટે મારા સદ્ગુરુની કેટલી જવાબદારી? મેં લેવા ધારેલું પગલું એ દિવસમાં કેવળ નવું હતું—ખાસ તો આપણા ગુજરાત કાઠિયાવાડમાં; પણ મારા માટે તે અનિવાર્ય હતું. દક્ષિણામૂર્તિના કામકાજમાં મારો અંતરનો રસ દિવસેદિવસે વધતો જતો હતો અને કૉલેજની નોકરીમાં મારી અકળા-મણ પણ પ્રમાણમાં વધતી જતી હતી. એ દિવસોમાં મને રાતે બલવા-ની જબ્બર ટેવ હતી. સ્વ. હરગોવિંદભાઈ મારી સાથે સૂતા અને રાતના વખતે સ્વપ્નામાં હું બોલું તે અક્ષરેઅક્ષર ઉતારી લેતા. મોટા-ભાઈએ લીધેલી આ નોંધ આજે મોજૂદ નથી પણ હું દક્ષિણામૂર્તિની પાછળ કેવો પાગલ બન્યો હતો તેનું એ નોંધમાં સ્પષ્ટ પ્રતિબિંબ હતું.

આખરે મેં કૉલેજમાંથી બે વર્ષની રજા લીધી ને માસિક રૂ. ૫૦)ના પગારથી દક્ષિણામૂર્તિની નોકરી સ્વીકારી. એ દિવસથી માંડીને આજની ઘડી સુધી હું દક્ષિણામૂર્તિનો પગારદાર નોકર જ રહ્યો છું અને પ્રભુની ઇચ્છા હશે ત્યાં સુધી આવો નોકર રહીશ. કૉલેજ છોડતી વખતે અને ત્યાર પછી ઘણાઘણા મિત્રોએ સંસ્થામાંથી વેતન ન લેવાની, પગારને બદલે ઑનરેરિયમ લેવાની, મિત્રોની ખાનગી ઉદારતા પર નિર્ભર રહેવાની અને એવીએવી મારો માનમર્તબો સચવાય એવી સલાહો આગ્રહથી આપી છે પણ મને તે ગમી નથી. જો માણસે સમાજની એક યા બીજા પ્રકારની સેવા કરીને જીવવું છે તો એ સેવા માટે

સંસ્થામાંથી રીતસરનો પગાર લેવો અને કામ આપવું તેમાં શરમાવા જેવું શું છે?

આપણે ત્યાં લોકમાનસ એવું વિચિત્ર છે કે જે માણસ સંસ્થામાંથી પગાર લે તેણે તો સંસ્થાને રીતસર કામ આપવું જ જોઈએ પણ જે માણસ પગાર લીધા વિના સંસ્થામાં કામ કરે તેને કામ કરવા ન કરવાનો, અનિયમિત થવાનો, સૂઈ રહેવાનો અને છતાં કેમ જાણે સંસ્થા પર ઉપકાર કરતો હોય તેમ વર્તવાનો હક્ક મળી જાય છે. આવી માન્યતા કોઈ પણ સંસ્થામાં ઝેરરૂપ ગણાવી જોઇએ એમ મારું દૃઢ માનવું છે. સંસ્થામાંથી રીતસર પગાર લઇને આપણે પણ બીજા નોકરો જેવું નોકરનું જ બંધન સ્વીકારવું અને ત્યાં નોકર જેટલું ને જેવું તો કામ આપવું જ પણ એથી ગુણમાં તેમ જ પ્રમાણમાં વધારે કામ આપવું એનું નામ સેવા છે. આ વાત આપણા મિત્રોના ખ્યાલ પર આવવી જોઈએ એમ આજે પણ મને લાગે છે. મારા આ પગલાએ મને સેવા અને સેવકના ઘમંડથી બચવામાં ભારે મદદ કરી છે.

મેં ધાર્યું હોત તો થોડાં વધારે વર્ષો કોલેજમાં ગાળી, થોડી મૂડી એકઠી કરી, એ મૂડીમાંથી ગુજરાન ચલાવી દક્ષિણામૂર્તિની સેવા પણ કરી શક્યો હોત અને સમાજના અન્ન પર નભું છું એવી કાઠિયાવાડી ગાળમાંથી પણ બચી ગયો હોત. બેચાર મિત્રોએ મને આવી સલાહ પણ આપી હતી; પણ મારા માટે તો શુભ ચોઘડિયું વહ્યું જતું હતું એટલે માત્ર પેટનો વિચાર મને રોકી ન શક્યો. આખરે તો હું કાળાભટ્ટનો દીકરો હતો ના? ભીખ માગીને મેળવેલ જારબાજરાના લોટનો રોટલો ખાવો એ તો મારા લોહીમાં હતું એટલે મેં કોલેજનો પગાર બંધ થતાં આંચકો ન અનુભવ્યો.

પણ મારા માથા પર આફતોનું વાદળ ઊતરવાનું હતું. બરાબર આ અરસામાં મારો દીકરો ગુજરી ગયો અને મારી પત્ની ક્ષયરોગમાં સપડાઈ.

ક્ષયરોગ એ તો રાજરોગ કહેવાય છે. શિવબાઈ ગઈ ત્યારે તેની એક ક્ષણ પણ સારવાર કરવાની તક મને મળી ન હતી એટલે મારા મનમાં એનો વસવસો રહી ગયો હતો. ઈશ્વરે મને સારવાર કરવાની તક પૂરી પાડી અને મારી આકરી પરીક્ષા કરી. પૂરા આઠ માસ સુધી મારી પત્નીનો મંદવાડ ચાલ્યો. આ મંદવાડમાં સ્વ. મોટાભાઈ તથા મારા મિત્ર લાભભાઇ મારે પડખે ન હોત તો હું ભાંગી જ ગયો હોત. આ બન્ને મિત્રો અને ત્રીજો હું ખડે પગે ચાકરી કરતાં; ઉપરાંત દક્ષિણામૂર્તિના બે વિદ્યાર્થીઓ ચૂનીલાલ ભટ્ટ અને છોટાલાલ અમરકોટિયા પણ હતા. મારી સહધર્મચારિણીની સેવામાં ખપી જવા સુધીની મારી તૈયારી હતી એમ આજે પણ મને યાદ છે; પણ અમારી ચાકરીનું અમે ઇચ્છયું તેવું ફળ ન આવ્યું; મારી પત્નીનું અવસાન થયું.

આ જ અરસામાં કૉલેજમાંથી રજા લીધાને બે વર્ષ પૂરાં થવા આવ્યાં અને મારે ફરીથી વિચાર કરવાનો પ્રસંગ ઊભો થયો. ગયાં બે વર્ષોની રજા મને મળી હતી તેમાં પેન્શન કૉન્ટ્રિબ્યૂશન માફ થયું હતું; પણ હવે એ માફ થવાના સંયોગો ન હતા. જો મારે અથવા તો સંસ્થાને કૉલેજમાં મારા નોકરીનો હક્ક જાળવવા માટે પેન્શન કૉન્ટ્રિબ્યૂશન ભરવું પડે તો એ રકમ જ મારા કે સંસ્થાના ગજા ઉપરવટની હતી. એટલે મેં કૉલેજમાંથી રાજીનામું આપ્યું. આ રાજીનામાથી મારા કુટુંબીઓમાં મોટો ફફડાટ થયો, કૉલેજના મારા અધ્યાપક મિત્રોમાં ઊહાપોહ જાગ્યો, પ્રશ્નોરા જ્ઞાતિમા ચર્ચા ઊઠી અને ભાવનગરના અમલદાર વર્ગમાં આશ્ચર્ય ફેલાયું. મારું રાજીનામું જ્યારે મહારાજા ભાવસિંહજી પાસે પહોંચ્યું ત્યારે તેમને મારી આ મૂર્ખાઈ ઉપર રોષ આવ્યો ને મારા જેવા છોકરાને તેમણે પાસે બોલાવીને ધમકી પણ આપી : 'માસ્તર, પછી જો નોકરી લેવા આવશો તો હું રાખવાનો નથી. હજી ચેતી જાઓ અને આ કાગળિયો પાછો લઈ જાઓ.' મહારાજાની આ ધમકી પાછળ જે ભાવ હતો એ હું જાણતો હતો એટલે મેં નમ્રતાથી પણ મક્કમતાથી જણાવ્યું : 'નહીં આવું.' મહારાજાએ મારા રાજીનામા

પર મંજૂરીની મહોર મારી અને હું પ્રોફેસર મટી ગયો. આજ સુધીમાં મેં મારા અભ્યાસકાળમાં જે દેવું કર્યું તેમાંથી હું છૂટો થયો હતો; અને તે ઉપરાંત મારી પાસે ત્રણચાર હજાર રૂપિયા બચ્યા હતા. મારા એ વખતના મિત્ર સ્વ. છગનલાલ રામચંદ્ર અને અનંતરાયભાઈ પટ્ટણીએ બન્નેએ મળીને આ રકમ મારી પાસેથી લઈ લીધી. એ બન્નેને ભય લાગ્યો કે આ રકમને હું ખરચી નાખીશ અને પછી મુશ્કેલીમાં આવી પડીશ. એ બન્ને ભાઈઓ એ વખતે ભાવનગર દરબાર બૅંકમાં સારા હોદ્દા પર હતા એટલે તેમણે એ રકમનાં બૉન્ડ ખરીદ કરી લીધાં અને મારા નામથી જાળવી રાખ્યાં. આવી મમતાથી ખરીદ કરેલાં રૂ. ત્રણ હજારનાં બૉન્ડ હજી પણ મારી પાસે પડ્યાં છે અને દર વર્ષે એક વખત તેમાં સહી મૂકવી પડે છે ત્યારે એ દિવસો મને યાદ આપે છે.

હવે મારું કાર્ય વેગથી શરૂ થયું. બધા ય વર્ગો નિયમિત રીતે હું લેવા લાગ્યો અને દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓનો સંપર્ક મારા મનમાં વધારે ઉલ્લાસ પૂરવા લાગ્યો. આ દિવસમાં સંસ્થા નાની હતી, તંત્ર પણ છેક સાદું હતું અને હું આજે બની બેઠો છું એવો કાઠિયાવાડનો મોટો માણસ થયો ન હતો; એટલે દક્ષિણામૂર્તિનું અમારું કુટુંબજીવન અમે માણતા. સ્ટેશન પાસેની ધર્મશાળામાં ગાળેલા એ દિવસો આજે યાદ કરું છું ત્યારે રામચંદ્રની માફક 'ते हि नो दिवसा गताः। એ સુખી દિવસો ગયા!' એટલું જ બોલી જવાય છે. પછીનાં વર્ષોમાં અમે વધારે સારી હવામાં રહ્યા હઈશું, પછીનાં વર્ષોમાં દક્ષિણામૂર્તિની પ્રતિષ્ઠા વધી હશે, પછીનાં વર્ષોમાં દક્ષિણામૂર્તિનું શિક્ષણ વધારે શાસ્ત્રીય ઢબે ચાલ્યું હશે, પછીનાં વર્ષોમાં દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓને અમારા અનેક દિશાના જ્ઞાનનો વધારે લાભ મળ્યો હશે, પણ શરૂઆતનાં આ વર્ષો દરમિયાન હું અને મારા વિદ્યાર્થીઓ એક જ કુટુંબનાં માણસો તરીકે જીવ્યા તે દિવસો હું આજે પણ ભૂલી શક્યો નથી. એ દિવસોમાં હું માત્ર ગૃહપતિ જ હતો કે શિક્ષક જ હતો એમ કોઇએ માનવું નહીં.

ઘણીવાર તો ગૃહપતિ પણ હું, શિક્ષક પણ હું, કોઠારી પણ હું, રસોઇયો પણ હું, અને ઠામવાસણ માંજનારી બાઈ પણ હું એમ બન્યું છે; અને આ તમામ કામને અંતે રાતે દક્ષિણામૂર્તિના કારકુન થઈને મેં હિસાબો લખ્યા છે અને શેઠ થઇને સહીનાં બિલાડાં પણ તાણ્યાં છે. અમારું આખુંય કુટુંબ સાવ ઠાવકું કુટુંબ હતું એમ માનવાની પણ કોઇએ ભૂલ કરવાની જરૂર નથી. કોઈવાર રસોઈમાં દૂધપાક કર્યો હોય તો એકાદ મુખ્ય વિદ્યાર્થી કળશામાં દૂધપાકને સંતાડવા માટે એ કળશાને પેટીમાં સંતાડે અને બીજો જ વિદ્યાર્થી એ પેટીમાંથી દૂધપાક તફડંચી કરી જાય, કોઈ વિદ્યાર્થી સૂવાના ઓરડાની ખાળમાં જ દિશાએ જાય અને પછી પોતે જ ગુનેગારની શોધમાં નીકળે, એકાદ વિદ્યાર્થી માત્ર બે ડઝન પૂરણપોળી ખાય અને પછી બીજે જ દિવસથી પોતાને વિદ્યાર્થીઓએ અન્યાય કર્યો છે એ કારણ બતાવીને ઉપવાસ આદરે, વિદ્યાર્થીઓનો એકાદ 'દાદો' નાના વિદ્યાર્થીઓ પાસે કામ કરાવે ને તે આનાકાની કરે તો ખાનગીમાં દબડાવે, રસોયો બાઈઓની સાથે મળીને ભોજનમાં ગોટાળા કરે ને કોઇવાર મારી પત્નીની મહેરબાની મેળવવા ખાતર રસોડે બનાવેલ ખાવાની સારી ચીજ 'માત્ર ચાખવા માટે' મૂકી જાય અને ક્યાં કેટલું ઊંડું છે એ જાણવા મથેઃ આવાઆવા કેટલાય અનુભવો મને થયા અને અમારી દુનિયા કોઈ મરેલા જીવોની દુનિયા નથી પણ જીવતાંજાગતાં માણસોની દુનિયા છે એમ મને સમજાયું; છતાં આ બધાંય નાનાંમોટાં છમકલાં પાછળ અમારો કુટુંબભાવ જેવો ને તેવો જ રહ્યો. મારે સ્પષ્ટ જણાવવું જોઈએ કે કોઈપણ જાતના સંકોચ વિના સદ્દગત મોટાભાઈ અને હું વિદ્યાર્થીઓનું મેલું ઉઠાવતા, તેમની પથારી પાસે ઉજાગરા કરતા, તેમના પર ગુસ્સે થતા, તેમની પાસે ઘોડિયાની દોરી ખેંચાવતા, તેમની પાસે પગ ચંપાવતા, તેમના પગ ચાંપતા, તેમને ગોદમાં લેતા. તેમના ઘડતરમાં જ અમારું જીવનકાર્ય છે એમ અમે માન્યું હતું.

અહીં એક વાત નોંધવી જોઈએ. દક્ષિણામૂર્તિની શરૂઆત થઈ

તે પહેલાં પણ હું શિક્ષક હતો જ; મેં હાઈસ્કૂલમાં તેમ જ કૉલેજમાં ઘણા વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા અને પ્રતિષ્ઠા પણ મેળવી હતી. આ કારણે જે વિદ્યાર્થીઓ માત્ર વિદ્યાર્થીઓ જ ન હતા પણ મારા મિત્રોના પુત્રો હતા તેમનો પરિચય તો મારે ચાલુ રહ્યો. મોટાભાઈનું ઘર આવા એક વિદ્યાર્થીજૂથનું સ્થાન હતું. આપણા રવિશંકર રાવળ, આપણા ગિજુભાઈ, આપણા પરમાનંદ કાપડિયા, આપણા હરભાઈ આપણા રામનારાયણ પાઠક—આ સૌ લોકો એ વખતના લંગોટિયા દોસ્તો અને મસ્તરામનું ઘર એ આ ભાઈઓનો એક જાતનો ચોરો. સૌ અવારનવાર ચોરે એકઠા થાય ને પોતપોતાની વાનીઓ પીરસે. રવિભાઈ એકાદ ખેલ ગોઠવે, તો ગિજુભાઈ–રામનારાયણ બારીઓમાં ટેકટેકા કરે અને રઘુવંશના શ્લોકો લલકારે, પરમાનંદ અભ્યાસ તેમ જ આરામની તુલા બરાબર રાખવાનો બોધપાઠ આપે, તો વળી હીરાલાલ શાહ બહેનોએ અન્તરમાં જેટા પહેરવા કે ન પહેરવા એવી ચર્ચા નોતરે.

દક્ષિણામૂર્તિ સંસ્થા શરૂ થઈ એટલે આ સૌ મિત્રોની દૃષ્ટિએ એક નવું કૌતુક ઊભું થયું. આ સૌ વિદ્યાર્થીઓનો મોટાભાઈ તરફ પૂજ્યભાવ; મારા તરફ પણ આદરબુદ્ધિ પણ પૂજ્ય વ્યક્તિની બહુ નજીકમાં આવીએ ત્યારે પૂજ્યભાવને પણ થોડોક ઓછો થાય કે ના? દક્ષિણામૂર્તિમાં તો હું મોટાભાઈની ઓથમાં જ હતો; મારું જીવન, મારી સ્ત્રીનું જીવન, મારાં કામકાજ, દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ એ સૌ તરફ મોટાભાઈની તમામ ફુરસદોનું ધ્યાન જાય તેમ આ વિદ્યાર્થીઓનું પણ ધ્યાન જાય એ સ્વાભાવિક હતું. આના પરિણામે મારા જીવના તેમ જ દક્ષિણામૂર્તિના નાનામોટા તમામ બનાવો આ ચોરે ચર્ચાય એ પણ એટલું જ સ્વાભાવિક હતું. આ ચોરાના સભ્યો ટ્રેનિંગકૉલેજમાં ભણતા તરવરિયા જુવાનો હતા એ મારાથી શી રીતે ભૂલાય? એમની આવી ચર્ચાઓમાં આ જુવાનોનાં જીવનમાં કેટલા રંગ પૂરાયા છે એનું ચિત્ર મારાથી ન દોરાય પણ આ જુવાનોની ચર્ચાઓએ હસવા અને

એક દૃષ્ટિબિંદુ પૂરું પાડ્યું છે અને એ દૃષ્ટિબિંદુએ મને જીવતો રાખ્યો છે. મોટાભાઇના બંગલાનો આ ચોરો આજે છેક પાતળો થઈ ગયો છે પણ મારા પરની તેની છાપ હજી ભૂંસાઇ નથી.

ઇ. સ. ૧૯૧૪ નું વર્ષ આવ્યું અને દક્ષિણામૂર્તિમાં નાણાંની ભીડ પડી ! દક્ષિણામૂર્તિ જેવી બીજી સંસ્થાઓમાં અને દક્ષિણામૂર્તિમાં એક મોટો તફાવત હતો. સામાન્ય રીતે આવી બીજી સંસ્થાઓ મોટા ફંડના પગ ઉપર જ ઊભી થાય છે અને અમુક એક કોમ કે ધર્મના વાડાની સંસ્થા હોઈ એ કોમ કે વાડાનાં ભાઈબહેનો ઘણી છૂટથી તેને પૈસા આપે છે. એ દિવસોમાં મુંબઈમાં, રાજકોટમાં, અમરેલીમાં, તેમ ભાવનગરમાં પણ આવી કેટલી યે કોમી સંસ્થાઓ ઊભી થઈ હતી અને એ સંસ્થાઓની આર્થિક સ્થિતિ ઘણી સદ્ધર દેખાતી હતી. દક્ષિણામૂર્તિ આ દૃષ્ટિથી જોઈએ તો ખરેખર કંગાળ ગણાય. શરૂઆતના વર્ષથી જ અમારી આવી સ્થિતિ તો હતી જ. જે મિત્રોએ દર વર્ષે રૂ. ૨૫) આપવાનું વચન આપ્યું હતું તેમની આ રકમ મેળવવા માટે પણ અમારે ટપાલખાતાને સારોએવો કર ભરવો પડતો, એ મિત્રોમાંથી કોઈનું મન પાછું પડે તો તેને જાગૃત કરવું પડતું અને નવા મિત્રોને મેળવવા માટે નિરંતર અમારે ધ્યાન રાખવું પડતું. દક્ષિણામૂર્તિ એ કોઈ એક કોમની કે વાડાની સંસ્થા ન હતી; સંસ્થામાં બ્રાહ્મણો પણ હતા, જૈનો પણ હતા, કણબી પણ હતા, માળી પણ હતા, ન હતો કોઈ હરિજન. આપણે ત્યાં હજી આજે પણ કોઈ કોમની કે વાડાની સંસ્થાને દ્રવ્યની જેટલી મદદ મળે છે તેટલી સાર્વજનિક સંસ્થાને સામાન્ય રીતે નથી મળતી. દક્ષિણામૂર્તિની પાછળ ન તો કોઈ કોમનું બળ, ન તો કોઈ વાડાનું બળ, ન તો કોઇ શ્રીમંતનું બળ હતું. દક્ષિણામૂર્તિ અમારા સદ્ગુરુ શ્રીમાન્ નથુરામ શર્માની અને તેથી આનંદાશ્રમની છત્રછાયા તળે ઊભી થયેલી અને ચાલતી હતી તો પણ એનું સ્થાન બીલખા ન રાખવું પણ ભાવનગર રાખવું એવા અમારા આગ્રહની પાછળ એ ભાવ સ્પષ્ટ હતો કે આવી છત્રછાયાથી મોટે ભાગે સંસ્થાઓ

કરમાઈ જાય છે અને પૂરી ઊગી શકતી જ નથી; પણ આવી ઊગવાની સ્વતંત્રતા અમે મેળવી તેની સાથે જ ખીલખાના સ્થાનનું ભક્તોનાં મન પર જે સ્વાભાવિક આકર્ષણ છે તે પણ અમે ગુમાવ્યું. આ સંયોગોમાં અમારે શું કરવું? સંસ્થા ચલાવવાની જવાબદારી કોને શિરે? સંસ્થા ન ચાલે તો કોને જીવન હારી જવા જેવું થવાનું છે? સંસ્થાનો બોજ કોને માથે સમજવો? આ બધા પ્રશ્નો અમારી પાસે ખડા થયા.

દક્ષિણામૂર્તિ શરૂ કરી ત્યારે સ્વ. મોટાભાઈએ તથા મેં પ્રતિષ્ઠા મેળવવા માટે શરૂ કરી હોય એમ આજે પણ મને લાગતું નથી. સ્વ. મોટાભાઈએ તો દક્ષિણામૂર્તિ શરૂ થયા પહેલાં એક સાધુપુરુષ તરીકે પોતાની પ્રતિષ્ઠા સ્થાપી હતી અને પોતાની આ પ્રતિષ્ઠાથી તેમણે દક્ષિણામૂર્તિને પ્રતિષ્ઠાવાળી કરી હતી. દક્ષિણામૂર્તિની સ્થાપના કરીને કોઈ મોટો ઐહિક સ્વાર્થ સાધી લેવાની ગણતરી ન હતી એમ પણ હું કહી શકું છું. મનમાં શિક્ષણના, કેળવણીના, જીવનના જે સ્પષ્ટ-અસ્પષ્ટ વિચારો ઘોળાયા કરતા હતા તેને કોઈ પણ રીતે મૂર્તિમંત કરવાની અમારી, અને ખાસ તો મારી, ઈચ્છા હતી અને એ ન થાય તો કેમ જાણે જીવને જંપ વળે તેમ ન હતું. આવો એક પ્રકારનો અંદરનો અજંપો દક્ષિણામૂર્તિનું પ્રેરક બળ હતું એટલે એ અજંપો શમાવવા માટે જે જે પગલાં મારે લેવાં પડે તે લેવામાં મને આનંદ થતો. નહીં તો ક્યાં હું, ક્યાં શામળદાસ કૉલેજનો ભાષણો માત્ર આપવાનું જાણનારો પ્રોફેસર અને ક્યાં ફંડનું વ્યવહારકુશળતાનું કામ?

એક વાત આ સ્થાને જ નોંધવી ઠીક લાગે છે. ઈ. સ. ૧૯૧૪થી માંડીને છેવટની ઘડી સુધી દક્ષિણામૂર્તિના ફંડનું કામ મેં કર્યું છે. સંસ્થા માટે મોટું સ્થાયી ફંડ ઊભું કરીને તેના વ્યાજમાંથી સંસ્થાને ચલાવવાનો વિચાર મેં કદી કર્યો નથી એટલું જ નહીં પણ એ વિચાર-ને મેં આવકાર્યો પણ નથી. મોટા સ્થાયી ફંડના વ્યાજમાંથી સંસ્થા ચાલે અને દર વર્ષે દાન આપનારાઓનાં મોઢાં બોલાવવાં ન પડે એ દષ્ટિને

હું સમજી શકું છું અને એ દૃષ્ટિથી ચાલતી સંસ્થાઓને પણ હું સમજી શકું છું; પણ દક્ષિણામૂર્તિને હું આવી સંસ્થા કરવા ઇચ્છતો ન હતો અને આજે પણ ઇચ્છતો નથી. કદાચ હું જાતે બ્રાહ્મણ છું એટલે મોટું સ્થાયી ફંડ મારા ભિક્ષુક મનમાં ઊગતું જ ન હોય. સ્વ. પ્રભાશંકર પટ્ટણીએ અનેક વખત આ બાબતમાં મને ઘણા આગ્રહથી કહેલું અને રાજ્યના કેળવણી ખાતાની પાંખમાં સારી એવી ખાસ મદદ આપવા માટે આગ્રહ કરેલો; પણ મેં કેમ જાણે એક જાતના આગ્રહથી આ વિચારોને વધાવ્યા નથી અને રાજ્ય તરફથી પણ વાર્ષિક ખર્ચના માત્ર છઠ્ઠા ભાગ જેટલી મદદ કોઈપણ જાતની શરત વિના મેળવીને સંતોષ માન્યો છે.

દેશમાં મોટા ભાગની આવી સંસ્થાઓ ભલે મોટાં સ્થાયી ફંડોથી ચાલે; દેશમાં આવી સંસ્થાઓ ઘણા મોટા પ્રમાણમાં ભલે રાજ્યાશ્રયથી ચાલે; પણ બ્રાહ્મણસંસ્થાઓ જેવી કેટલીક સંસ્થાઓ એવી પણ ચાલવી જ જોઈએ જે રાજ્યથી પણ સ્વતંત્ર હોય, ફંડના મોટા ભારથી પણ મુક્ત હોય અને જે લોકસમૂહની રોજબરોજની હાર્દિક મદદ પર નિર્ભર રહી શકે. હું પોતે આવી જ બ્રાહ્મણહવામાં ઊછર્યો હતો એટલે મને દક્ષિણામૂર્તિ માટે પણ આવી ગરીબી જ વધારે સારી લાગી. મેં પોતે આવી ગરીબીમાં જ તેજસ્વિતા જોઈ હતી અને દક્ષિણામૂર્તિને આવી તેજસ્વિતા સાંપડે એવા મારા કોડ હતા. અમે જે દિવસે સ્વેચ્છાથી સ્વીકારેલી આ ગરીબી ફગાવી દીધી છે તે જ દિવસે અમારી તેજસ્વિતા ઓસરી ગઈ છે. આજે પણ જે સંસ્થાઓ આવી બ્રાહ્મણવૃત્તિથી ચાલવા ઇચ્છતી હોય અને ત્યાગમાં, અકિંચનતામાં છતાં તેજસ્વિતામાં બીજી સંસ્થાઓને મોખરે રહેવા માગતી હોય તેમણે પોતાનું તેજ જાળવવા માટે મોટાં સ્થાયી ફંડોથી દૂર રહેવું જોઈએ એવો મારો અભિપ્રાય છે.

દક્ષિણામૂર્તિમાં લગભગ પચ્ચીશ વર્ષો સુધી મેં ફંડ મેળવવાનું કામ કર્યું છે અને સંસ્થાને માટે આઠદશ લાખ રૂપિયા એકઠા કર્યા છે; છતાં કોઈ દિવસ હું કુશળ ફંડ કરનારો હતો એમ મને લાગ્યું

નથી. મેં કોઈ દાતા પાસેથી માગી રકમ મેળવવાનો મનોરથ રાખ્યો નથી; મેં ઝપાટો મારીને ફંડ માટેનો વંટોળ ઊભો કર્યો નથી; મેં મોટી જાહેર સભાઓ ભરીને સભામાં જ રકમો મેળવી નથી; મેં તો બ્રાહ્મણ જેમ ઘેરઘેર ચપટી લોટ માગે અને એક દિવસ પૂરતો લોટ થાય એટલે પાછો વળે એમ ઘેરઘેર ચપટી લોટ માગ્યો છે અને વર્ષની જરૂર પૂરી થયે પાછો ફર્યો છું. આનું એક પરિણામ એ આવ્યું છે કે મારો થોડા ફંડ માટે ઘણો વખત ગાળવો પડ્યો છે અને એટલો વખત મારે સંસ્થાથી દૂર રહેવું પડ્યું છે; પણ આ બ્રાહ્મણિયા રીતના ઘણા લાભો મને પોતાને અનુભવવા મળ્યા છે. જેને જેને હું ફંડ માટે મળ્યો છું તેને મારી વાત ધીરજથી સમજાવવાની મને તક મળી છે અને એ રીતે શાળાના અને સંસ્થાનાં વધારે ગાઢ સંબંધો બાંધવાની મને તક મળી છે. ઉપરાંત, દાતાઓના દૃષ્ટિબિંદુને જાણવાની. તેને સમજવાની અને વિચારવાની અમને સુંદર તકો મળી છે. હું સમજું છું તે યથાર્થ હોય તો અમારી સંસ્થા એકાંગી ન થતાં બરોબર પ્રગતિશીલ રહી શકી અને હું પોતે ઉંમરમાં મોટો થતો ગયો તેમતેમ મનથી રીઢો થવાને બદલે નવા પ્રવાહોને નિરંતર ઓળખતો રહી શક્યો એની પાછળ આ વિશાળ દાતાવર્ગની સાથેનો મારો જીવતો સંબંધ પણ એક મોટું કારણ છે.

છતાં અત્યંત નમ્રતાપૂર્વક પણ મક્કમતાપૂર્વક હું જણાવી શકું કે કોઈ દાતા પાસે મેં ફંડ માટે 'બામણિયા' કાલાવાલા કર્યા નથી, સ્વમાન છોડીને કોઈપણ રકમ માગી નથી, તેમ આવી તો પણ લીધી નથી, તેમ જ ઘણી મહેનત કરાવ્યા પછી અને ઘણા આંટા ખવરાવ્યા પછી એક પાઈ પણ ન આપનાર સજ્જનને મનમાં પણ ભાંડ્યો નથી.

છતાં પણ પાછલાં વર્ષોમાં સંસ્થાને છોડીને વર્ષનો ચોથા ભાગ જેટલો વખત ફંડની પાછળ ગાળવવામાં મેં યોગ્ય કર્યું છે કે કેમ એ પ્રશ્ન તો ઊભો જ રહે છે. આ પ્રશ્નનો મારો જવાબ આપવાનો

વખત આગળ ઉપર આવે છે. આજે તો હું આગળ ચાલું છું.

ફંડ માટે અમે કલકત્તા પસંદ કર્યું. કલકત્તાના એક મોટા શેઠના ખજાનચીની ઓળખાણ અમને થઈ ગઈ એટલે સ્વ. મોટાભાઈ ને હું તૈયાર થયા. મેં તો મુંબઈની પેલી તરફ પગ જ નહીં મૂકેલો એટલે અમે એક ત્રીજો સાથી શોધ્યો. આ સાથી તે સ્વ. જયંતીલાલ પ્રભાશંકર ભટ. આ જયંતીલાલ સગપણે મારા થોડે જ દૂરના કાકા થાય પણ સ્વ. મોટાભાઇ અને અમારા મંડળ સાથે જયંતીલાલનો ઘણો નિકટનો સંબંધ હતો. જયંતીલાલ સ્વ. વિશ્વનાથ સદારામ પાઠકના ભાણેજ; પણ એમની પસંદગી કરવાનું કારણ તો બીજું જ હતું. અમારા મંડળમાં એમના જેવો ફરંદો આદમી બીજો કોઈ ન હતો. પછેગામ અને કરાચી વચ્ચે આંટા ખાઈ ને અને ભાભી-ભત્રીજાઓને લાગટ ત્રણચાર દિવસોની મુસાફરીમાં આબાદ હેરવીફેરવીને મારા જયંતીકાકાએ પોતાની મુસાફરીની કુશળતા સિદ્ધ કરી હતી. ઉપરાંત તેમણે કાશી, કલકત્તા, જગન્નાથજી સુધીની એક યાત્રા પણ ખેડી હતી. વળી શરીરને પાથરીને સેવા કરવાની, ધાર્યું કામ પાર પાડવાની અને કોઇપણ કામને હલકું ન ગણતાં પ્રસંગને જાળવી લેવાની તેમનામાં અજબ કુનેહ હતી. ઉપરાંત સ્વ. મોટાભાઈ તરફ અને કાંઈક અંશે મારા તરફ તેમનો સદ્ભાવ હતો એટલે તેમણે પ્રસન્નતાપૂર્વક અમારી સાથે આવવાની હા પાડી. અમારી ત્રણ જણની મંડળી ફંડ માટે ઊપડી. મને ક્યાં જઈએ છીએ તેની માત્ર નામથી ખબર હતી. ફંડ કેવી રીતે કરશું તેની ખબર ન હતી. સ્વ. મોટાભાઇને અને જયંતીકાકાને તો શાની હોય? આવા ફંડદૂબળા પણ મૂછાળા આદમી ફંડ કરવા ઊપડ્યા અને કલકત્તા જઇને શેઠ ખટાઉ મકનજીવાળા શેઠ કરસનદાસની પેઢી પર ઊતર્યા.

જીવનમાં પહેલો જ નવો અનુભવ.

સવારે નાહીધોઈને શેઠને મળ્યા. અમારા ઓળખીતા અને તેમના વિશ્વાસુ શિવલાલભાઇએ અમારી વાત કરી અને શેઠે રામચંદ

જેઠાભાઇને મળવા જણાવ્યું. શ્રી રામચંદ શેઠ ઉપર અમે ભલામણનો પત્ર લાવ્યા હતા એટલે અમે તેમને ઘેર ગયા અને તેમને કાગળ આપ્યો. રામચંદ શેઠે મુદત માગી.

એક દિવસ, બે દિવસ, ચાર દિવસ; રામચંદ શેઠ અને કરસનદાસ શેઠ ભેગા થાય ત્યારે બને. પણ ભેગા શી રીતે થાય? કોણ કરે? અમે તો મૂંઝાઈએ. ત્રીજો એક ભલામણનો પત્ર હતો ત્યાંના શેઠ શરીફભાઈ ઉપર. અમે તો એની પણ ઉઘરાણી કરી; પણ ફંડ ચાલુ શી રીતે થાય? શરૂઆત કોણ કરે? ઇ. સ. ૧૯૧૪ના એ દિવસો. આજે તો આવાં કામોમાં લાખો રૂપિયા આપી દેવાનું મહાત્મા ગાંધીજીએ આપણને શીખવી દીધું છે; પણ એ દિવસે તો ફાળો શરૂ કરે ગામનો ચોધરી અને રૂા. ૧૧] મૂકે એ તો ચણાને ઝાડેથી ફૂદકો માર્યો ગણાય. અમે તો ચકરાવો ફરવા માંડ્યા-એક વખત ચોધરી, એક વખત રામચંદ શેઠ, એક વખત શરીફભાઇ અને એક વખત કરસનદાસભાઈ. નવરાશના વખતમાં કલકત્તાનાં સ્થાનો જોવાં અને વાંચવું એ બે અમારા વ્યવસાયો. આ ચકરાવામાં અમે એક મહિનો ગાળ્યો અને ફાળાની શરૂઆત રૂા. ૫૧]થી થઈ. અમારી વાત સાંભળીને કોઈએ અમારો આદરસત્કાર કર્યો હોય તો તે એક જ પુરુષ-શેઠ ત્રિકમદાસ કુંવરજી ભોજાએ. ત્રિકમદાસ શેઠે ફાળાના ચાલુ રિવાજને બાજુમાં મૂકી અમને રૂા. ૧૦૦] આપ્યા અને ત્યાર પછી પણ અમારી સાથે વર્ષો સુધી મીઠા સંબંધો રાખ્યા.

અહીં એક વાત નોંધવી જોઇએ. ત્યાં કોઇના કહેવાથી અમે આપણા ચોરવાડવાળા શેઠ જીવનલાલની દુકાને ગયા. એમણે તાજેતરમાં નવી દુકાન કરેલી; પણ અમે એમની દુકાનનાં પગથિયા પર ચડ્યા એટલે અમને એમણે હાંકી કાઢ્યા. અમારો વેશ, અમારા ઢંગ, અમારી વાત, અમારી સંસ્થાનું નામ, એ બધું જોઇને એમને ભાસ થયો કે આ કોઈ જૂનાપુરાણા બ્રાહ્મણ બાવાઓ છે એટલે અમને ત્યાંથી જાકારો મળ્યો. અમે આ જાકારાને પણ અવકાર્યો. પાછળથી જ્યારે

ઈ. સ. ૧૯૨૦થી તેમની સાથેનો મારો અને મારી સંસ્થાનો ગાઢ સંબંધ થયો અને તેમણે સંસ્થાના દાતાઓમાં અગ્રસ્થાન નોંધાવ્યું ત્યારે તેમણે પોતે જ આ વાત મને જણાવી. મને તો હકીકત યાદ જ ન હતી. કારણ કે એવો જાકારો કંઈ એકલો એમની પેઢીએ જ મળ્યો હતો એમ ન હતું. પૂરા એક માસને અંતે અમને કલકત્તામાંથી રૂા. ૧૫૦૦] મળ્યા; અમારી જરૂર વધારે હતી એટલે અમે ત્યાંથી રંગૂન જવા ઊપડયા.

કલકત્તામાં ધારી હતી મોટી રકમ ને મળ્યા માત્ર દોઢ હજાર: એટલે અમે રંગૂન ઊપડયા. અમે કોઇએ જીવનમાં સ્ટીમરની મુસાફરી કરેલી નહીં અને પહેલી મુસાફરીમાં જ બંગાળાના ઉપસાગરનો અનુભવ થયો. અમે ત્રણેય કલકત્તાથી ચડયા અને ફેર ચડવાથી પથારીઓ પાથરી ને રંગૂન આવ્યાના સમાચાર કાને પડયા ત્યારે સંકેલવા લાગ્યા. રંગૂનમાં અમારો ઉતારો શેઠ અમરચંદ માધવજીની પેઢીમાં હતો. એમના ભાગીદાર શામજી રાવળ સિહોર પાસેના નેસડાના ઔદિચ્ય બ્રાહ્મણ એટલે મોટાભાઈ સાથેનો એમનો ઘર જેવો સંબંધ. શામજીભાઇના માણસો બંદર પર અમને લેવા આવ્યા હતા અને અમને તેમના ઘરમાં જ ઉતારો મળ્યો એટલે એ રીતે કલકત્તાના વાસનો અને દરિયાની સફરનો અમારો થાક ઉતારવાની આશા ઊભી થઇ.

રંગૂનમાં ફંડની મુશ્કેલી અમે ન અનુભવી. ત્યાં શેઠ શામજીભાઈ પોતે નક્કી કરી આવેલ શેઠ પાસે અમને લઇ જાય અને નક્કી કરેલી રકમ અમને મળી જાય. રંગૂનમાં અમને રૂા. ૩૦૦૦] મળ્યા અને તે પણ ત્રણ દિવસમાં જ. પણ આ ત્રણ દિવસોમાં અમારો થાક શાનો ઊતરે? એટલે થોડા વધારે રોકાયા અને રંગૂનને નિહાળીનિહાળીને જોયું, તળાવમાં તર્યા, ઘાસલેટના કૂવાઓ જોયા અને બર્મીજીવનમાં પણ ડોકિયું કર્યું.

બર્મા છોડયું તે પહેલાં અમને આપણા ડૉકટર પ્રાણજીવનદાસ મહેતાનો પરિચય થયો; એ પાછળથી મને અમારું સદ્‌ભાગ્ય લાગ્યું.

ડૉ. મહેતાએ અમને પોતાને ઘેર નોતર્યા, પોતાનું પુસ્તકાલય બતાવ્યું, પોતાની શાળાની પ્રવૃત્તિની વાતો કરી અને પોતે મહાત્મા ગાંધીજીના રંગે કેવા રંગાયા છે એનો અમને અનુભવ કરાવ્યો; પણ આ અનુભવને તે દિવસે હું જોઈએ તેટલો પિછાની શક્યો નહીં. દક્ષિણામૂર્તિનાં પાછળનાં વર્ષોમાં મને એમનો ઘણો વધારે પરિચય થયો અને એમની મીઠાશ પણ મેં વધારેવધારે ચાખી.

હું ફંડ કરવા નીકળ્યો ત્યારે સંસ્થાને જે સ્વરૂપમાં મૂકી ગયો હતો તેથી જુદી જાતનું સ્વરૂપ હું પાછો આવ્યો ત્યારે મેં જોયું. આજ સુધી દક્ષિણામૂર્તિ સ્ટેશન પાસેની ધર્મશાળામાં ચાલતી હતી. અમે ફંડ માટે ગયા કે તરતજ મુ. ઓધવજીભાઈએ સંસ્થા માટે તખ્તેશ્વર પ્લૉટ્સમાં એક મકાન ભાડે રાખ્યું. હું પાછો ફર્યો ત્યારે આ નવા લીધેલા ભાડાના મકાનમાં જ સ્ટેશનથી ઘેરે આવ્યો. સ્ટેશન પાસેની ધર્મશાળા વિદ્યાર્થીઓના શારીરિક તેમજ માનસિક આરોગ્ય માટે અત્યંત નુકસાનકારક હતી એ વિષે બે મત ન હોઇ શકે. વિદ્યાર્થીઓ સ્ટેશનના બંધિયાર વાતાવરણમાંથી તખ્તેશ્વરની ટેકરીના ખુલ્લા વાતાવરણમાં આવ્યા, દરરોજ વહેલી સવારે ગધેડિયા ખેતર (Gathering Field)ના વિશાળ મેદાન ઉપરથી ઊગતો સૂર્ય જોવાની તેમને તક મળી, ખુલ્લી હવા, ઉજાસ અને એંશી હાથ ઊંડા કૂવાનું તંદુરસ્ત પાણી—આ બધાં વિદ્યાર્થીઓને મળ્યાં એટલે સૌ રાજીરાજી થઈ જાય એ સ્વાભાવિક હતું; પરંતુ મકાનભાડાના આ નવા ખર્ચે અમારી આર્થિક જવાબદારીમાં પણ ઉમેરો કર્યો એમ કહેવું જોઈએ. ફંડ કરવા નીકળ્યો ત્યારે મને સ્વપ્નમાં પણ કલ્પના ન હતી કે ફંડ કરવાનું કામ એ મારું એક પ્રકારનું કાયમી કામ થઈ જશે. પરંતુ સ્ટેશન પાસેથી અમે તખ્તેશ્વર પ્લૉટ્સના ભાડાના મકાનમાં આવ્યા ત્યારથી અમારું સૌનું માનસ એવી રીતે કામ કરવા લાગ્યું કે સંસ્થાનું પોતાનું ખુલ્લી હવામાં સ્વતંત્ર મકાન હોય તો જ વધારે સારું. આ પ્રકારનું માનસ આવી સંસ્થાઓમાં કેટલું આવકારદાયક છે તે વિચારવાનું રહે છે પણ અમે સૌએ એ માનસ કેળવી લીધું હતું એમ

મને સ્પષ્ટ યાદ છે. તખ્તેશ્વર પ્લોટ્સમાં રહેવા આવ્યા પછી અમે અમારી જ સામે પડેલા ખાડા-ટેકરાઓની ઉપર ઘણે જ ઓછે ખર્ચે સંસ્થાનું એક છાપરું ઊભું કરી દેવાનો મનોરથ ઘડ્યો. શરૂઆતમાં હું એવી કલ્પના સેવતો હતો કે થોડીએક વળીઓ તથા થોડાએક વાંસો મેળવી લઇને એક નાનું એવું સ્વતંત્ર છાપરું બંધાવવું અને તેમ કરીને વાર્ષિક ભાડાનો બોજો સંસ્થા પરથી ઓછો કરવો. મારા જેવા વ્યવહારના ઓછા અનુભવવાળા અને સાથેસાથે પોતાના મનમાં છુપા પડેલા સંસ્કારોને પણ ન ઓળખનારા જુવાનો આવા જ મનોરથ સેવતા હશે. આપણું પોતાનું મકાન થઈ જાય તો વિદ્યાર્થીઓના વિકાસમાં ઘણી સારી મદદ થઈ જાય એ વિચારથી રંગૂનથી આવીને થોડા જ વખતમાં મુ. મોટાભાઇ અને હું વળીઓ લેવા માટે ગોધરા ઊપડ્યા અને ત્યાંથી દાનમાં બે વેગન જેટલી વળીઓ મેળવી લાવ્યા. દરમિયાન ભાવનગરના નામદાર મહારાજા પાસે સસ્તા દરથી જમીનની માગણી પણ કરી.

બરાબર આ અરસામાં સંસ્થાને સૌથી પહેલું ભૂમિદાન મળ્યું. સ્વ. મણિશંકર ગૌરીશંકર ભટ્ટ જેઓ ભાવનગર રાજ્યના જુદા જુદા માનવંતા હોદ્દાઓ ઉપર વર્ષો સુધી હતા તેમનો પોતાનો ખરીદેલો એક પ્લૉટ તખ્તેશ્વરની તળેટીમાં પડ્યો હતો. પોતાના સદ્ગત પુત્ર પ્રાણજીવનના સ્મરણાર્થે આ પ્લૉટનું તેમણે દક્ષિણામૂર્તિને દાન કર્યું. આ પ્લૉટ ઉપર સંસ્થાના મકાનનું ખાતમુહૂર્ત પણ થઈ ગયું. પાછળથી કેટલાક અનિવાર્ય સંજોગોને લઇને સ્વ. મણિશંકરભાઇનો પ્લૉટ સંસ્થાએ તેમને પાછો સોંપ્યો અને તેના બદલામાં તેમણે રૂ. ૫૦૦] "પ્રાણજીવન પુસ્તકાલય" કરવાની શરતે મદદના આપ્યા.

નામદાર દરબારશ્રીએ અમારી માગણીને ધ્યાનમાં લઈને ચાર નાના પ્લૉટોનો બનેલો એક મોટો પ્લૉટ અમને સસ્તા દરથી આપ્યો. ગોધરાની અમારી વળીઓ આ પ્લૉટ ઉપર આવીને પડી; પણ મકાનની વાત મને એવી લપસણી લાગી છે કે તમે એક વખત થોડુંએક પણ

શરૂ કરો પછી તેમાંથી તમે સહેજે બહાર નીકળી શકો નહીં. તખ્તેશ્વર પ્લોટ જેવી જમીન ઉપર માત્ર વળીવાંસનું છાપરું ઊભું કરવું એ વિચાર મારા મિત્રોને પસંદ ન પડ્યો. અમારા સદ્‌ગુરુ શ્રીમાન્ નથુરામ શર્માએ તેમ જ મારા બીજા ગુરુભાઇઓએ સારા પાકા એવા મકાનની હિમાયત કરી અને આવા મકાન માટે મુંબઈમાંથી સહેજે મદદ મળી રહેશે એમ અમે સૌ માનવા લાગ્યા; એટલે ગોધરાથી આવીને અમે મુંબઇ ઊપડયા. મુંબઇમાં તે દિવસે ઉતારો પોરબંદરવાળા શેઠ ગોરધનદાસ ભીમજીભાઈને ત્યાં હતો. શેઠ ગોરધનદાસ મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માના એક અગ્રગણ્ય ભક્ત હતા, પોરબંદરના આગળ-પડતા વેપારી હતા અને માંડવી ઉપરના તેલીબિયાંના એક મોભાદાર વેપારી ગણાતા હતા. દક્ષિણામૂર્તિની શરૂઆતનાં વર્ષોમાં ફંડ એકઠું કરવામાં તેમ જ સંસ્થા તરફ મુંબઈના વેપારીઓનું ધ્યાન ખેંચવામાં શેઠ ગોરધનદાસભાઇએ ઘણો મોટો ફાળો આપ્યો છે. તેમની મારફત તેમને ત્યાં રહીને જ મેં લાંબા વખત સુધી સંસ્થાના ફાળા માટે મહેનત કરી અને ફંડફાળા કરવાના શાસ્ત્રમાં જાતે આવડી તેટલી કુશળતા મેળવી. આ પ્રયત્ન વખતે મુંબઈના જાણીતા સદ્‌ગત શેઠ ત્રિકમદાસ રવજીએ દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ માટેના નિવાસગૃહ તેમ જ રસોડા માટે રૂપિયા દસ હજારની મોટી સખાવત કરી. આ ઉદાર સખાવત મેળવી આપવાનો મોટો યશ પોરબંદરના વકીલ સદ્‌ગત ગોવિંદજી ડાહ્યાભાઈ લાખાણીને જાય છે. આ રીતે હું પોતે અને મારી મારફત આખી સંસ્થા ધીમેધીમે ફંડ મેળવવાના કામમાં લપસતાં જતાં હતાં અને દક્ષિણામૂર્તિ જેવી સંસ્થા ચલાવવી હોય તો આ રીતે ફંડ મેળવવાનું આ કાર્ય અનિવાર્ય છે એ માન્યતા દૃઢ થતી જતી હતી.

આ ત્રણ વર્ષના ગાળા દરમિયાન બીજી એક વાત હું સ્પષ્ટતાથી જોઈ શક્યો. મારી ગેરહાજરી દરમિયાન સંસ્થાની સામાન્ય દેખરેખ રાખનાર કોઈ જ ન હતું. અમે કલકત્તારંગૂન ગયા ત્યારે અમે સ્ટેશન પાસે રહેતા હતા એટલે મુ. ઓધવજીભાઈ અવારનવાર સંભાળ લઈ

શકતા અને શ્રી હરભાઇ બંગલામંડળમાં નજીકના મિત્ર હતા, તે વિદ્યાર્થીઓની સામાન્ય દેખરેખ રાખતા હતા. તખ્તેશ્વર પ્લોટ્સમાં ગયા પછી શ્રી. ઓધવજીભાઈની તેમ જ શ્રી. હરભાઈની મદદ લગભગ અશક્ય થઈ પડી અને સંસ્થાનું કામ તેમ જ ખાસ વર્ગનું કામ પણ થોડુંએક ખોરંભે પડ્યું. આ વખતે મને સંસ્થામાં મારા ઉપરાંત એક બીજા સાથીદારની અગત્ય લાગી. મારી આસપાસ મને તરતમાં આવો કોઈ સાથી દેખાતો ન હતો. પણ ઈશ્વરેચ્છાથી ઈ. સ. ૧૯૧૬ માં મારી નજરે એક સાથી ચડ્યા. તે આપણા સ્વ. ગિજુભાઈ.

દક્ષિણામૂર્તિને જમીનનું દાન મળ્યું તે પછી અમે સંસ્થાનું ટ્રસ્ટ-ડીડ કરવાનો વિચાર કર્યો. શરૂઆતનાં પાંચ વર્ષો સુધી અમે સંસ્થાને અજમાયેશ ઉપર ચલાવતા હતા. પાંચ વર્ષને અંતે અમે સંસ્થાને સ્થાયી રૂપ આપવાનો નિર્ણય કર્યો અને સંસ્થા માટે એક ટ્રસ્ટડીડ તેમ જ એક બંધારણ અમે તૈયાર કર્યાં. સ્વ. ગિજુભાઇ આ પહેલાં પણ જુદેજુદે પ્રસંગે સંસ્થાના સલાહકાર વકીલ તરીકે અમને મદદ કરતા હતા. સંસ્થાનું ટ્રસ્ટડીડ અને બંધારણ ઘડવામાં તેમનો મને ઘણો મોટો સાથ હતો; પરંતુ આ દિવસો દરમિયાન એમના વિચારોનું કેવું પરિવર્તન થયા કરતું હતું તેની મને કશી ખબર ન હતી. એક સવારે ગિજુભાઈનો લખેલો એક કાગળ મારા હાથમાં આવી પડ્યો. આ કાગળમાં તેમણે દક્ષિણામૂર્તિમાં જોડાવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મારે મન તો આ કાગળ 'બગાસામાં સાકરના ગાંગડા' જેવો થઇ પડ્યો. દક્ષિણામૂર્તિમાં હું તો કોઈ સાથીને શોધતો જ હતો. એવામાં ગિજુભાઈની આ માગણી આવી પડી એટલે મેં તેને ખૂબ હર્ષથી વધાવી લીધી. ગિજુભાઇ આજ સુધી વઢવાણમાં વકીલાત કરતા હતા. વઢવાણના વકીલમંડળમાં તેમણે સારી એવી પ્રતિષ્ઠા પણ મેળવી હતી. વકીલાત કરતાં કરતાં તેમણે પોતાના પુત્ર બચુના શિક્ષણ નિમિત્તે મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ કરેલો અને સાથે સાથે કાઠિયાવાડનાં લોકગીતો ઉપર પણ શોખ જગાડેલો. ગિજુભાઈનો વિચાર વકીલાત

છોડી શિક્ષણના કોઇ ક્ષેત્રમાં પડવાનો છે એટલું જાણ્યા પછી સ્વ. મોતીભાઇ અમીને વસોની બાળશાળા માટે તેમને આગ્રહ કર્યો હતો. ગિજુભાઈ દક્ષિણામૂર્તિમાં ન આવ્યા હોત તો ત્યાં જાત પણ ખરા. દક્ષિણામૂર્તિ તરફ ગિજુભાઈ વધારે ખેંચાયા તેનું કારણ સ્પષ્ટ હતું. ગિજુભાઈ મુ. મોટાભાઇના ઘરે ભણીગણીને મોટા થયા હતા. ગિજુભાઈનું જીવન ઘડવામાં મુ. મોટાભાઈનો સ્પષ્ટઅસ્પષ્ટ ઘણો ફાળો હતો. પોતાના મામાના પ્રાણરૂપ દક્ષિણામૂર્તિમાં પોતે સેવક તરીકે જોડાઈને મામા તરફનું થોડુંએક પણ ઋણ અદા કરી શકે તો સારું એવી એમની ભવ્ય કલ્પના હતી; અને એ કલ્પનાને અનુસરીને તેમણે મને કાગળ લખ્યો હતો. ગિજુભાઈ આવ્યા તે પહેલાં મેં દક્ષિણામૂર્તિ સંસ્થાને ચરણે આજીવનસેવક તરીકે મારી સેવા ધરી દીધી હતી. હવે ગિજુભાઇ તેમાં ભળ્યા છ વર્ષ દરમિયાન સંસ્થાના અંદરના કારભારમાં અને ખાસ તો શિક્ષણના કામમાં મારે એકલાને જ પહોંચવું પડતું હતું; તેને બદલે હવે અમે બે થયા અને એ રીતે મારો ભાર થોડોએક ઓછો થયો.

આ વર્ષો દરમિયાન મારા પોતાના તેમ જ સમગ્ર સંસ્થાના ભાવિ ઉપર મોટામાં મોટી છાપ પડનાર એક નાનોશો બનાવ બની ગયો. ઈ સ. ૧૯૧૬ માં પૂ. ગાંધીજી કાઠિયાવાડના પ્રવાસે આવ્યા. તેઓ ભાવનગર આવ્યા ત્યારે સ્વ. પટ્ટણીસાહેબ તેમને દક્ષિણામૂર્તિમાં પણ લઈ આવ્યા. મારો અને પૂ. ગાંધીજીનો આ પહેલવહેલો પરિચય. મેં ગાંધીજીને અમારી સંસ્થા દેખાડી, અમારા વિદ્યાર્થીઓની ઓળખાણ કરાવી, સંસ્થાનું પુસ્તકાલય, રસોડું, કસરતશાળા વગેરે દેખાડયાં અને અંતે તેમને નમન કરી તેમની સૂચનાઓ માગી. મારી માગણીના જવાબમાં તેઓ હસી પડયા અને એક પણ સૂચના આપ્યા વિના ચાલતા થયા. પૂ. ગાંધીજીનો સંસ્થા સાથેનો સંબંધ તે દિવસથી માંડીને છેવટ સુધી અખંડ રહ્યો. આ સંબંધે સંસ્થાના તેમ જ મારા ભવિષ્યમાં કેવું રૂપ લીધું છે તે આજે જણાવવાની જરૂર મને દેખાતી નથી.

આ ત્રણ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ સાથેના નાનામોટા પ્રસંગો હજી આજે પણ મને સાંભરે છે. આ વર્ષો દરમિયાન અમારો અજમાયશનો વર્ગ પૂરો થયો અને તેમાં અમને ઠીકઠીક યશ પણ મળ્યો; એટલે દક્ષિણામૂર્તિ પોતાની સ્વતંત્ર શાળા કાઢે તો પણ વાંધો નથી એવી અમને ખાતરી થઈ. ગિજુભાઇ જેવા મને સાથી મળ્યા એટલે શિક્ષણનું કાર્ય ધીમેધીમે મેં ગિજુભાઇના હાથમાં મૂકવા માંડ્યું અને સંસ્થાનો બહારનો કારભાર મારા હસ્તક રાખ્યો. સ્વ મોટાભાઈ સ્ટેશનના કામ પરથી નિવૃત્ત થયા હતા એટલે એમનો સ્થૂળ સાથ ઓછો થતો જતો હતો. આ વર્ષ દરમિયાન માંદા વિદ્યાર્થીઓની સાથે રમવામાં હું રોકાતો તેથી પણ તેમની વધારે નજીક આવ્યો અને કેમ જાણે હું એક વિદ્યાર્થી જ હોઉં એમ અનુભવવા લાગ્યો. એટલામાં ઈ. સ. ૧૯૧૭ની આખર સાલ આવી. દક્ષિણામૂર્તિના પહેલા મકાનની ઉદ્દ્ઘાટનક્રિયાનો દિવસ ઊગ્યો.

આ ત્રણ વર્ષોને મેં મારા અંગત જીવનમાં તેમ જ દક્ષિણામૂર્તિના સમગ્ર જીવનમાં ઘણાં અગત્યનાં ગણ્યાં છે. હું મારી જાતને તેમ જ દક્ષિણામૂર્તિને કેવો ઘાટ આપવા ઇચ્છું છું તેની મને પોતાને સ્પષ્ટ કલ્પના ન હતી. પણ હું અને દક્ષિણામૂર્તિ કોઈ અકળ રીતે કેમ જાણે ઘાટ લઇ રહ્યાં હતાં.

આ ત્રણ વર્ષોના ગાળામાં ત્રણ મોટા પ્રસંગો બન્યા:

૧. ગિજુભાઇ દક્ષિણામૂર્તિમાં મારા સાથી તરીકે જોડાયા.

૨. દક્ષિણામૂર્તિના સૌથી પહેલા મકાનનો પાયો નંખાયો અને તેને માટે રૂપિયા દસ હજારનું દાન મળ્યું.

૩. પૂજ્ય ગાંધીજી એક વહેલી સવારે દક્ષિણામૂર્તિમાં આવી ચડ્યા અને સંસ્થા ઉપર પોતાનું મુક્ત હાસ્ય વેરીને ચાલ્યા ગયા.

આ ત્રણ પ્રસંગો બન્યા ત્યારે તો કેવળ નજીવા લાગતા હતા પણ આજે જ્યારે એ પ્રસંગો ઉપર દૃષ્ટિ નાખું છું ત્યારે એ ત્રણે યે વામનસ્વરૂપ ભગવાનનાં વિશાળ પગલાં જેવા દેખાય છે.

સંસ્થામાં અને ખાસ કરીને દક્ષિણામૂર્તિ જેવી સંસ્થામાં સૌથી મોટો આધાર સંસ્થાના તંત્ર કરતાં તેના કાર્યવાહકો ઉપર રહે છે. દક્ષિણામૂર્તિ જેવી સંસ્થાએ એક પણ નવા માણસની ભરતી કરવી હોય ત્યારે કેટલી સાવધાનીથી ભરતી કરવી જોઈએ તેનો તે દિવસે મને ખ્યાલ ન હતો. ગિજુભાઈ સંસ્થા તરફ ખેંચાયા, સંસ્થા ગિજુભાઈ તરફ ખેંચાઈ અને ગિજુભાઈને સંસ્થાએ સ્વીકાર્યા; પણ ગિજુભાઈ આવ્યા પછી સંસ્થાનો વિસ્તાર આટલો મોટો વધશે એની કલ્પના તે દિવસે ન હતી નાનાભાઇને તેમ ન હતી ગિજુભાઈને પોતાને. ગિજુભાઈ આવ્યા એ પહેલું પગથિયું હતું. ગિજુભાઈની પાછળ હરભાઈ આવ્યા, હરભાઇની પાછળ ગિરીશભાઈ આવ્યા, ગિરીશભાઈની પાછળ ગોપાળભાઈ આવ્યા, અને ત્યાર પછી તો અમારો વડલો વધતો ગયો, વધતો જ ગયો; પણ ખરું જોતાં એ દિવસોમાં અમે સૌ અણઘડ હતા. સંસ્થાનું કાર્ય અને સંસ્થાના કાર્યનો પાયો જેટલાં ઊંડાં પેસે તેટલા પ્રમાણમાં જ સંસ્થાનો વિસ્તાર કર્યો હોય તો વધારે સારું એ અનુભવ તે દિવસે અમને ન હતો. અમે સૌ જુવાન હતા, અમે સૌ આગળ ધપવા હણહણી રહ્યા હતા; એટલે વેગીલા ઘોડાઓની માફક અમે આગળ વધ્યા. વિસ્તારને પચાવી શકાય તેટલું ઊંડાણ ન હોય તો આખી સંસ્થા કડડભૂસ થઈ જાય છે એ અમને સમજાયું ન હતું.

સંસ્થાનું પહેલું મકાન ઈ. સ. ૧૯૧૭માં થયું અને ત્યારપછી મકાનોની હારમાળા પણ તેટલા જ વેગથી ચાલી. સંસ્થાનો ખર્ચ પણ એટલા જ વેગથી વધ્યો. એ ખર્ચને એકઠો કરવા માટે હું પણ એટલા જ ઉત્સાહથી દેશપરદેશમાં ભટક્યો; અને આ બધું ચક્ર છેક છેલ્લી ઘડી સુધી ચાલુ રહ્યું. આખરે એક દિવસ એવો આવ્યો કે અમે સૌ અમારા મનને પૂછતા થયા, “આવો કારભાર ક્યાં સુધી ચાલે ?” “નાનાભાઈની આ રખડપટ્ટીનો શો અર્થ છે ?” મને પોતાને પણ થયું : “દક્ષિણામૂર્તિ શરૂ કરી ત્યારે શું આવાં જ મારાં સ્વપ્નો હતાં ?”

कस्मै देवाय हविषा विधेम ?

પૂજ્ય ગાંધીજી દક્ષિણામૂર્તિમાં આવ્યા ત્યારથી મારો અને એમનો સંબંધ નિરંતર વધતો જ ગયો. એમને મેં પહેલવહેલા જોયા ત્યારે શ્રીમાન્ નથુરામ શર્મા એ મારું આખરી શરણ હતું; પણ ગાંધીજીને જોયા ત્યારથી જ અને વધારે તો ભાવનગરમાં લાગલાગટ બે દિવસ સુધી તેમનો સહવાસ સેવ્યા પછી હું મને પોતાને, મારા જીવનને, દક્ષિણામૂર્તિને અને ખુદ મારા ગુરુને કોઈ જુદી જ દૃષ્ટિથી જોવા લાગ્યો. ગાંધીજીને જોયા પછી મારા અંતરમાં કોઈક નવા જ તત્ત્વનો સંચાર થયો અને તેને પરિણામે મેં આજ સુધી જીવનમાં જે જે મૂલ્યો આંકયાં હતાં તે બધાં હું ન સમજું તેવી રીતે બદલાવા લાગ્યાં. ગાંધીજીએ પહેલવહેલો દક્ષિણામૂર્તિમાં પગ મૂકયો ત્યારે મને કલ્પના સરખી પણ ન હતી કે એક દિવસ હું દક્ષિણામૂર્તિમાં હરિજનોને પ્રવેશ આપવા ખાતર મારા સદ્ગુરુનું શરણ પણ છોડવા તૈયાર થઈશ. ગાંધીજીને પહેલા જોયા તે દિવસે મને કલ્પના સરખી પણ ન હતી કે હું એક દિવસ કેળવણીના ક્ષેત્રમાં ગાંધીજીનો માન્ય થઈશ; તે દિવસે મને કલ્પના સરખી પણ ન હતી કે એમનો પ્રેરાયો હું ભાવનગરની દક્ષિણામૂર્તિને પાછળ મૂકીને આંબલામાં ગરીબ ગામડિયાઓની શાળા કાઢીશ અને તેમાં વર્ધાયોજનાનો અખતરો કરી મારી જાતને ધન્ય માનીશ; પરંતુ જેઓ મારા અંતરને મારા કરતાં પણ વધારે સાચી રીતે ઓળખે છે તેઓ તો સ્પષ્ટ કહે છે કે મારે માટે આ અનિવાર્ય હતું. દક્ષિણામૂર્તિની શરૂઆતનું મારું સ્વપ્ન મને આંબલામાં લાવ્યા વિના રહે જ નહીં એવી આ મિત્રોની મારા સંબંધી માન્યતા છે; અને હકીકત જોતાં તેમની આ માન્યતાને ખોટી ઠરાવાય તેમ નથી.

સંસ્થાનું પહેલું મકાન ચણાયું ત્યારે અમારો ઉત્સાહ ઓર હતો. હું સવારના વહેલાં વર્ગોનું શિક્ષણ પતાવીને નવ વાગ્યે બંદરે જતો અને ત્યાંથી બપોરના બે વાગ્યે આવીને જમતો. આ દિવસોમાં અમારે રસોયો ન હતો એટલે શરૂઆતમાં હું અને વિદ્યાર્થીઓ મળીને રાંધતા અને

પાછળથી તો થોડા મહિના એકલા વિદ્યાર્થીઓ એ કામ કરતા. મકાનના કામને અંગે ગાડાંઓની નોંધ રાખવી, રેતીચૂનાનાં પાયલાં ગણવાં, ચક્કી આંટા બરાબર ફરે છે કે કેમ તે જોવું, ઈંટોને તપાસીને કાચી પાકી તારવવી, મજૂરોની હાજરી પૂરવી વગેરે નાનાંમોટાં કામોમાં વિદ્યાર્થીઓ નવરાશે હોંશથી દોડતા અને અમારું કામ હળવું કરતા. ઘણી વાર તો મકાનોને ધાબો દેવો હોય ત્યારે ધાબો દેવામાં અને ગાવામાં કુશળ એવી બહેનો સાથે અમે સૌ કામે લાગતા અને ઢોલકના તાલમાં ને તાલમાં પાણી છંટકાવતા કાંકરીને ટીપી ટીપીને કણ કરતા. ધાબાને ટીપતાં ટીપતાં ગવાતાં આ ગીતોનો રણકાર મારા જેવો કાઠિયાવાડી કેમ ભૂલે ?

પણ દક્ષિણામૂર્તિનાં મકાનોનો ઈજનેરી યશ તો સદ્ગત ગિરધરલાલ ભાણશંકર પંડ્યાને જાય છે. ભાઈ ગિરધરલાલ મારા ફઈના દીકરા થાય. એ જમાનામાં ભાણેજો મોટે ભાગે મોસાળમાં મોટા થતા તેમ ભાઈ ગિરધરલાલનું પણ બનેલું; એટલે હું એમનો નાનો ભાઈ થતો. એ પોતે રેલ્વેમાં સારા હોદ્દા પર હતા અને આજે તો તેમના પુત્રપૌત્રો સારી સ્થિતિવાળા ગણાય. ભાઈ ગિરધરલાલ ચુસ્ત પ્રશ્નોરા હતા અને એ રીતે ખૂબ ધર્મી હતા. છેલ્લાં થોડાં વર્ષોથી એમને મારી પ્રવૃત્તિ તરફ આકર્ષણ થયેલું ખરું. જીવનનાં બાકીનાં વર્ષોમાં એકાદ પરોપકારનું કામ કરીને કૃતાર્થ થવાનો તેમનો મનોરથ હતો. તેમનું ધ્યાન મારા તરફ ગયું અને મકાનના કામમાં પોતાની સેવા આપવાની ઇચ્છા તેમણે વ્યક્ત કરી. હું પોતે એ દિવસોમાં મકાનના કામમાં કશું ય જાણતો ન હતો. આજે પણ શું જાણું છું એ તો હું પોતે જ સમજું છું. અણીને વખતે ભાઈ ગિરધરલાલે પોતાની ઇચ્છા જણાવી એટલે અમે સૌએ તેને વધાવી લીધી અને કામ આગળ ચાલ્યું. ભાઈ ગિરધરલાલે અમારે ત્યાં મારા પોતાના ઘરમાં બે વર્ષ રહી કેવળ પેટવડિયે અમારું કામ કર્યું. દરરોજ વહેલી સવારે નાહીધોઈ, પૂજાપાઠ કરી, માથે ખેસ બાંધતાબાંધતા ઘરમાંથી બહાર નીકળે અને બપોરના

બાર વાગ્યે દાડિયાં છૂટે ત્યારે ઘેર આવે, આવીને શાક તથા ભાખરી બનાવે અને શાક, ભાખરી તથા દૂધ જમીને પાછા કામ પર હાજર. પછીનાં વર્ષોમાં આટલી બધી સાદાઈથી, આટલી ચીવટથી અને આટલી મમતાથી સંસ્થાનું કામ કરી આપનાર બીજો એક પણ ઈજનેર દક્ષિણામૂર્તિને મળ્યો નથી. એમની એ સાદાઈ હજી આજે પણ મને શરમાવે છે. એ વર્ષને અંતે બાબુસાહેબ ગિરધરલાલજી બીમાર થયા અને એમની આ માંદગી આખરે જીવલેણ નીકળી. દક્ષિણામૂર્તિએ બાબુસાહેબની સેવાના સ્મરણમાં સ્વ. રણજિતરામભાઈના તૈલચિત્રની સાથોસાથ તેમનું પણ એક તૈલચિત્ર નિયામક ઑફિસમાં મૂકીને એમના તરફની પોતાની કૃતજ્ઞતા દર્શાવી છે.

સંસ્થાના પહેલા મકાનની ઉદ્‌ઘાટન ક્રિયા અમારા સદ્‌ગુરુ શ્રીમાન્ નથુરામ મહારાજના હાથે થઇ હતી. અમારા સૌના મનમાં એ દિવસ મોટા પર્વનો દિવસ હતો. હજી તો કાલ સવારે અમે દક્ષિણામૂર્તિને શરૂ કરી, હજી તો કાલ સવારે હું કૉલેજમાંથી છૂટો થયો, હજી તો કાલ સવારે અમે ગોધરાથી વળીઓ લાવ્યા અને જોતજોતામાં એક મોટું આલીશાન નિવાસગૃહ, એક આલીશાન રસોડું ને ભોજનશાળા અને એક આલીશાન ચોગાન દક્ષિણામૂર્તિના ખોળામાં કેમ જાણે આવી પડયાં ! મારા જેવા નાના માણસની કલ્પનામાં આ બધું શી રીતે સમાયું હશે એ જ આજે મને સમજાતું નથી. મકાનના આ ઠાઠમાઠમાં પ્રસંગનો ઠાઠમાઠ ભળ્યો એટલે તો પૂછવું જ શું ? શ્રીમાન્ નથુરામ મહારાજ પોતાના પૂરા દમામથી અને તેજથી સભાસ્થાને બેઠા હતા, સદ્‌ગત સર પ્રભાશંકર પટ્ટણીએ પોતાની ભાવભરી વાણીથી શ્રોતાઓને આંજી દીધા હતા, શેઠ ત્રિકમદાસ રવજી, શેઠ ગોવિંદજી ડાહ્યાભાઈ, શેઠ ખીમજી દયાળ, શ્રી મુરારજી આણંદજી તન્ના વગેરેએ મંડપની શોભા વધારી હતી, મારા સુરબ્બી હરગોવિંદભાઈ ને મારા બીજા ગુરુભાઈ-ઓએ એક પ્રકારનું પવિત્ર વાતાવરણ ફેલાવ્યું હતું, આ બધાયની વચ્ચે એકલો હું ગભરાયેલ હતો. મારે બોલવાનો વારો આવ્યો ત્યારે ઘડીભર

તો મારી વાણી કેમ જાણે થંભી ગઇ! પછી તો કેમ જાણે કોઈએ અંદર બેસીને મારી સૂતેલી વાણીને જગાડી હોય એમ હું બોલ્યો. મારું હૈયું ઈશ્વરની કૃપાથી કેમ જાણે છલોછલ ભરાઈ ગયું હતું. આંગણે આવેલ સૌનો આભાર માન્યો અને ઈશ્વરની કૃપાનાં પાત્ર અમે રહીએ એમ ઇચ્છી મેં પૂરું કર્યું. અમારા સદ્‌ગુરુશ્રીએ સંસ્થા પર પોતાની અમીદૃષ્ટિ ફેરવીને આશીર્વાદ આપ્યા.

આ દિવસથી સંસ્થાની લક્ષ્મીરેખા ઊઘડી. શેઠ ત્રિકમદાસ રવજીનાં સાળી સ્વ. મોંઘીબાઈએ વિદ્યાલયના મકાન માટે દાન આપવાની ઇચ્છા જણાવી. ઇચ્છા જન્મી બપોરે, બહાર આવી સાંજે, મારા મિત્રોને પહોંચી રાતે, મારી પાસે આવી સવારના ચાર વાગે હું તાવે પડ્યો હતો ત્યાં ખાટલા પાસે, અને સવારે નવ વાગે પૂજ્યપાદ શ્રીમાન્ નથુરામ શર્માના શુભ હસ્તે વિદ્યાલયનું ખાતમુહૂર્ત થયું. દક્ષિણામૂર્તિનાં બધાં મકાનો લગભગ આ રીતે ઊભાં થયાં છે. એક મંગલ દિવસે શેઠ નાનજી કાલીદાસ પોતાનાં ધર્મપત્ની સાથે સાંજે ભાવનગર આવી ચડ્યા અને બીજે દિવસે પુસ્તકાલય માટે રૂપિયા દસ હજાર આપી ચાલતા થયા. તીર્થયાત્રાના એક પ્રસંગે વઢવાણવાળાં બાસાહેબે અમારા સરસ્વતી મંદિરનું મકાન બંધાવી આપવાની ઇચ્છા જાહેર કરી અને મકાન ઊભું થયું. એક શુભ દિવસે અમારા સદ્‌ગત મોટાભાઈએ મુંબઈમાં શેઠ હીરાલાલ અમૃતલાલને બાલમંદિરના મકાનની વાત કરી અને બાલમંદિર ઊભું થયું. બીજાં મકાનો માટે પણ લગભગ આમ જ બન્યું છે. સંસ્થા દાતા પાસે રીતસર લેખિત માગણી કરે, દાતા રીતસર લખીને પોતાનો વિચાર અને દાનની શરતો જાહેર કરે, દાતાનો પત્ર વ્યવસ્થાપક મંડળ પાસે રજૂ થાય અને વાટાઘાટને અંતે દાનનો સ્વીકાર થાય આવો કોઇ વિધિ દક્ષિણામૂર્તિનાં મોટાંમોટાં દાનો અંગે પણ થયો નથી. દક્ષિણામૂર્તિના વ્યવસ્થાપકમંડળના દફતરમાંથી કોઈ પણ દાનનો ઉલ્લેખ આપણને જડશે નહીં. શ્રીમંતોએ વિશ્વાસથી દાન આપ્યાં અને અમે શુદ્ધ બુદ્ધિથી દાનો સ્વીકાર્યાં. તે દિવસે મને ખ્યાલમાં

ન રહ્યું કે જમાનો શ્રદ્ધાનો અને શુદ્ધ બુદ્ધિનો મટીને કોર્ટનો થતો જાય છે. આ તમામ મકાનો માટેની જમીન મફત ન લેતાં અમે રાજ્ય પાસેથી સસ્તા દરથી લીધી અને તે પણ એવી શરતે કે જો કોઈપણ સંયોગોમાં સંસ્થાને મકાનો તથા જમીન વેચવાં પડે તો તે દિવસે અમુક ચોક્કસ વધારાની રકમ રાજ્યને ભરીને સંસ્થા વેચી શકે; પણ અમારી આ સાવચેતી નિષ્ફળ ગઈ. ઇસપની વાતોમાં એક કાણા હરણની વાત છે તેમ જે દિશાએથી અમને જરાય ભયનું કારણ ન હતું તે દિશાએથી અમને ગોળી વાગી અને સંસ્થાનાં મકાનો જમીનને કારણે અમને ભારરૂપ થઈ પડ્યાં ! આજે દક્ષિણામૂર્તિનાં મકાનો નામદાર કોર્ટના હાથમાં છે, અને નામદાર દરબારશ્રી નવું ટ્રસ્ટીમંડળ નીમે તેની નામદાર કોર્ટ મહિનાઓથી રાહ જુએ છે. *

અમારાં આ મકાનો ઇજનેરી દૃષ્ટિથી સારાં અને છતાં સસ્તાં ગણાય જ; પણ કલાની દૃષ્ટિથી કોઈ તપાસે તો તેમને જરૂર નાપસંદ આવે. મને પોતાને કલાની સમજ નથી એમ કહું તો ચાલે. મકાનો કટકેકટકે થયાં એટલે કલાયુક્ત એક આખું ચિત્ર અમે ઊભું કરી જ ન શક્યા; પણ વધારે ખેદની વાત તો એ છે કે કોઈપણ ઇજનેરે અમને આવી કલાનો ખ્યાલ સરખો ન આપ્યો. મકાનો જે ઉપયોગ માટે ઊભાં થતાં હોય તે ઉપયોગ ને બરાબર ધ્યાનમાં લઈ ને મકાનના મુખ્ય ખ્યાલને મૂર્તિમંત કરે એ રીતે મકાન ઊઠવું જોઇએ. આ રીતે નથી અમારાં નિવાસગૃહો કોઈ ખ્યાલને મૂર્તિમંત કરતાં, નથી અમારું કલામંદિર કોઇ ખ્યાલને મૂર્તિમંત કરતું. અમારાં તમામ મકાનોનો આ મોટો દોષ ગણાવો જોઇએ; પણ આજે તો આવા દોષો આપણુ દેશનાં ઘણાંખરાં મકાનોમાં થાય છે અટલે આ દોષ ગણાય કે કેમ તે જ આપણે ભૂલી ગયા છીએ.

---

* ત્યારપછી ઈ. સ. ૧૯૪૮ માં સૌરાષ્ટ્રનું એકમ થયા પછી સૌરાષ્ટ્ર સરકારે એક નવું ટ્રસ્ટીમંડળ નીમ્યું છે અને તેના સંચાલન નીચે આજ દક્ષિણામૂર્તિ બાલમંદિર અને બાલઅધ્યાપન મંદિર ફરી શરૂ થઈ ચૂક્યાં છે.

આ અમારાં મકાનોનો એક દોષ.

અમારાં મકાનો જે વિદ્યાર્થીઓ માટે ઊભાં થતાં તેમની અને તેમનાં માબાપોની આર્થિક સ્થિતિ, અમારી સંસ્થાની આર્થિક સ્થિતિ અને મકાનો એ સૌનો મેળ મળવો જોઇએ. અમે સૌ સાધારણ સ્થિતિના માણસો હતા. શરૂઆતનાં વર્ષોમાં સંસ્થાના વિદ્યાર્થી મોટે ભાગે કાઠિયાવાડના નીચલા થરના મધ્યમ વર્ગમાંથી આવનારા હતા અને મકાનો હતાં પૈસાદારના દીકરાઓ માટે હોય તેવાં. મકાન મોટું હોય એટલે સાવરણી પણ વધારે જોઈએ, હાથે વાળવાની અડચણ પડે એટલે વાળવા માટે ફરાસ જોઈએ; ઊંચું હોય તો બાવાં પાડવા માટે લાંબા વાંસ જોઈએ અને તે માટે પણ ખાસ માણસ જોઇએ. કમ્પાઉન્ડ વિશાળ હોય તો સાફ કરવા માટે ઝાડૂ કાઢનાર જોઈએ; ચોમાસામાં ખડ ઊગે તે માટે વ્યવસ્થા કરવી જોઈએ; એક મકાન બીજા મકાનથી વધારે દૂર હોય તો પરસ્પરના વ્યવહારમાં અડચણ આવે તેનો ઉકેલ લાવવો પડે. આ બધા ય પ્રશ્નો કલ્પી ન શકયા તે બદલ અમારે ખર્ચનો ભારે દંડ ભરવો પડ્યો. અમે સૌ નાના માણસો હતા. અમારા આજ સુધીના વિદ્યાર્થીઓ પણ નાના હતા પણ અમારાં મકાનો મોટાં થઈ ગયાં એટલે એ મકાનોને કેમ જાણે લાયક થવા માટે અમારે મોટા થવું પડ્યું. અમારા વિદ્યાર્થીઓ સાધારણ વર્ગમાંથી આવતા બંધ થયા ને પૈસાદાર વર્ગમાંથી આવવા લાગ્યા. અમારા પગારો વધ્યા, વિદ્યાર્થીઓની ફી વધી, સંસ્થાનો ખર્ચ વધ્યો, રસોડાની વાનીઓ વધી, અમારું ખર્ચ વધ્યું, અમને મળતી મદદ વધી. એમ ઉત્તરોત્તર અમે સૌ વધતા જ ગયા. પણ આ બધા વધારાઓનો ભાર ઝીલવા માટે તેજ વધવું જોઈએ તે વધતું હતું કે કેમ તે હું કહી શકતો નથી. તેજ વધે છે કે નહીં તે જોવાની મને ફુરસદ ક્યાં હતી? પણ અમે ધીમેધીમે નાના મટી મોટા થતા જતા હતા એટલું તો ચોક્કસ.

વિદ્યાલયનું મકાન પૂરું થયા પહેલાં અમે વિદ્યાલયને તો ચાલુ કરીજ દીધું હતું. મકાન તૈયાર થયા પછી અમે તેમાં વર્ગો ચલાવવા

માંડ્યા અને જોતજોતામાં અમારા વિદ્યાલયના આચાર્ય તરીકે ગિજુભાઈ રહ્યા અને ગૃહના ગૃહપતિ તરીકે હું રહ્યો; અને આ રીતે અમે બંનેએ મળીને વિદ્યાર્થીઓની સમગ્ર કેળવણીનો ભાર ઉઠાવ્યો. ગિજુભાઇ મુંબઈ વિદ્યાપીઠની કોઈ ડિગ્રી ધરાવતા ન હતા એથી ભાવનગરમાં ઘણા લોકોને તેમનું આચાર્યપદ હસવા જેવું જણાયું. પણ ગિજુભાઈએ શિક્ષણની બાબતમાં પોતાની હૈયાઉકલતથી, પોતાની શક્તિ તેમ જ પોતાના પ્રયત્નથી સૌને માત કર્યા. એક બાજુથી એમણે શિક્ષણ-શાસ્ત્રનો વધારે ઊંડો અભ્યાસ કરવો શરૂ કર્યો અને બીજી બાજુ પોતાની શિક્ષકની જન્મસિદ્ધ કુનેહથી શાળાના તંત્રને વ્યવસ્થિત ગોઠવી દીધું. એ દિવસોમાં શાળાની વ્યવસ્થા સંબંધમાં ગિજુભાઈ કેટલા ચોક્કસ અને આકરા હતા તે જોવું હોય તેણે તેમના હુકમો અને જાવકો તપાસી જવા. મને યાદ છે તે પ્રમાણે એક દિવસ કોઈ શિક્ષકભાઈએ ગિજુભાઈના–આચાર્યના–ટેબલ પરથી લખવા માટે એક હોલ્ડર લીધું અને લખીને પાછું મૂકી દીધું; પણ પાછું મૂકવામાં સહેજ આડુંઅવળું મૂક્યું હશે એટલે ગિજુભાઈએ હોલ્ડર સંબંધમાં જાવક કાઢયો અને આચાર્યના ટેબલ પરથી હોલ્ડર વાપરવાની શિક્ષકોને મનાઈ કરી. શિક્ષકોએ કેમ શીખવવું, શાળામાં કેવી રીતે બેસવું વગેરેના ગિજુ-ભાઈએ શિક્ષકોને ચોક્કસ ખ્યાલો આપ્યા અને તે પ્રમાણે અમલ થવો જોઇએ એવો તેઓ આગ્રહ રાખતા. એમની સાથે કામ કરનારા અમે સૌ ગિજુભાઇની દૃષ્ટિથી, તેમના વ્યવસ્થિત તંત્રથી અને શિક્ષણ આપવાની તેમની પદ્ધતિથી મુગ્ધ થઈ ગયા હતા; અને ગિજુભાઈએ પણ આ કાર્યમાં બરાબર ઝંપલાવ્યું.

ગિજુભાઈએ પોતાના સાથીઓ પણ જાતે જ શોધ્યા અને મેં તેમને સ્થાન આપ્યું. ગિજુભાઈના આવા સાથીઓમાં એક બાજુ હર-ભાઈ, ગિરીશભાઈ અને બીજી બાજુ દાણીમંડળ. હરભાઈ જૂના બંગલા-મંડળના મિત્ર તો હતા જ. એટલે ગિજુભાઈએ તેમના તરફ નજર નાખી અને તેઓ આવ્યા. ગિરીશ પણ અમારા મંડળની સાથે પરિચયવાળા

અને સોજ્ઞ આદમી એટલે ગિજુભાઈનું મન વધ્યું. એટલે તેઓ પણ આવ્યા. આ બંને મિત્રો આવ્યા તો ખરા, પણ તે જ દિવસે આજીવન સભ્યો પણ થયા અને ઠેઠ સુધી દક્ષિણામૂર્તિમાં જ રહ્યા.

બીજું દાણીમંડળ. એ દિવસોમાં ભાઈ બળવંતરાય મહેતા, ભાઈ ભૂપતરાય મહેતા, ભાઈ અમૃતલાલ દાણી, ભાઈ ચુનીલાલ નારણજી વગેરે મિત્રોનું આ નાનુંશું મંડળ હતું. આ ભાઇઓએ અભ્યાસના કાળથી જ દેશસેવાનાં સ્વપ્નો સેવેલાં અને ગ્રેજ્યુએટ થયા પછી તેઓ પોતાના સેવા કરવાના કોડ પૂરા કરવા તત્પર હતા. તાજેતરમાં આ ભાઈઓ પૂજ્ય ગાંધીજીની સત્યાગ્રહઆશ્રમની શાળામાં થોડો વખત કામ કરીને આવ્યા હતા અને ગિજુભાઇ તેમના પાડોશમાં રહેતા હતા એટલે તેમનો પરસ્પર સંબંધ વધ્યો. આ બધાય મિત્રો સવારે એકઠા મળીને શરીર સુધારવા માટે મેકફેડનની કસરતો કરતા અને ગળાની Thyroid glandનો વિકાસ કરવાની મહેનત કરતા. ધીમેધીમે આ મિત્રો ગિજુભાઇના વધારે સંપર્કમાં આવ્યા એટલે એમાંના બેત્રણ ભાઇઓ દક્ષિણામૂર્તિમાં જોડાયા. પણ આ સાથ લાંબો કાળ ટક્યો નહીં. ક્ષુલ્લક જણાય એવા એક પ્રસંગે ઉગ્ર રૂપ લીધું અને આ મંડળ દક્ષિણામૂર્તિમાંથી છૂટું થયું! મારા મનમાં તો પહેલેથી જ ઘોળાતું હતું કે દાણીભાઇ દક્ષિણામૂર્તિ જેવા તંત્રના જીવ નથી અને બન્યું પણ એમ જ. ભાવનગરમાં મહિલાવિદ્યાલય શરૂ કર્યા પછી જ દાણીભાઇના જીવને શાન્તિ વળી.

ગિજુભાઇ ચાર વર્ષ સુધી અમારા વિદ્યાલયના આચાર્ય રહ્યા અને ચાર વર્ષો દરમિયાન એમણે અમારા ભવિષ્યના વિકાસનાં બી રોપી દીધાં. ગિજુભાઈએ પોતાની દૃષ્ટિથી, શિક્ષક તરીકેની પૂરી આવડતથી અને પોતાના સફળ વર્ગશિક્ષણથી મિત્રોને તો મુગ્ધ કર્યા જ પણ ભાવનગરની શાળાઓના અનેક શિક્ષકભાઇઓને પણ મુગ્ધ કર્યા અને પરિણામે તેમને ઘરે દર સોમવારે નાનું એવું શિક્ષકમંડળ એકઠું થવા લાગ્યું. આ મંડળમાં અમે સૌ કેળવણીના વિષયો ઉપર નિબંધો વાંચતા

અને ચર્ચાઓ કરતા. આ ચર્ચાઓ દરમિયાન ગિજુભાઈએ સૌને પોતાની શક્તિનો પરિચય કરાવ્યો અને એક રીતે તેઓ સૌ શિક્ષકોના ગુરુ જેવા જેવા થઈ ગયા. આ બીજમાંથી જતે દહાડે અમારાં અધ્યાપન મંદિરો ઊગ્યાં. આ દિવસથી દક્ષિણામૂર્તિ શિક્ષણશાસ્ત્રના પ્રયોગોનું કેન્દ્ર બનવા લાગી અને જતે દિવસે દક્ષિણામૂર્તિએ પોતાની વિશિષ્ટતાના બળથી જ આપણા આખા ગુજરાતનું અને દેશનું ધ્યાન ખેંચ્યું. દક્ષિણામૂર્તિની આ વિશિષ્ટતાનો યશ ગિજુભાઈને જ જવો જોઈએ.

આવી જ બીજી વિશિષ્ટતા દક્ષિણામૂર્તિનાં પ્રકાશનોની. આ ચાર વર્ષ દરમિયાન અમે વિદ્યાર્થીઓના હાથમાં મૂકવા જેવાં નાનાંનાનાં પાઠ્યપુસ્તકોની પાછળ પણ પડ્યા અને આ દિશામાં પણ દક્ષિણામૂર્તિને વેગ આપનાર તો ગિજુભાઈ જ હતા. ગિજુભાઈએ અંગ્રેજી વાચનમાળા ગોઠવી, સંસ્કૃત સુભાષિતો મારી પાસે તૈયાર કરાવ્યાં. મેં પોતે સંસ્કૃત શીખવવાની પરિચય પદ્ધતિ અનુસાર સંસ્કૃતનું પહેલું પુસ્તક લખ્યું, આપણા દેશનો ઇતિહાસ લખ્યો. ગિજુભાઈએ ગિરીશ પાસે ગુજરાતી કવિતાઓનો સંગ્રહ ઊભો કરાવ્યો અને આ રીતે અમારી આખી સંસ્થામાં શિક્ષણની એક પ્રકારની પ્રાણવાન હવા ઊભી કરી. શરૂઆતમાં તો અમે આ બધાં પુસ્તકોને અમારી જરૂરિયાત પૂરતાં છાપતા અને વિદ્યાર્થીઓને પડતરભાવે વેચતા. ગિજુભાઈએ કૈલાસ-માનસ સરોવર દર્શન આ અરસામાં લખ્યું હતું. આવી નાની શરૂ-આતથી અમારું પ્રકાશનખાતું ઊગતું ગયું. ગિજુભાઈ પોતે કેવા વિપુલ લેખક છે અને કંઈક લખે ત્યારે જ એમના હાથની ચળ શમે એ અનુભવ તો અમને પાછળથી થયો. એમના લેખનનો ઝરો હજી ફૂટ્યો ન હતો, પણ ફૂટુંફૂટું થઈ રહ્યો હતો.

આ કાળની એક બીજી વાત પણ અહીં નોંધવા જેવી છે. ઈ. સ.૧૯૧૮ ની સાલમાં અમે અમારી સંસ્થાની સર્વતોમુખી તપાસ માટે એક કમિશન નીમ્યું. આ કમિશનમાં ત્રણ સભ્યો હતા: (૧) સ્વ. ગુલાબ-રાય ગોવિંદરાય દેસાઈ, બી. એ. એલ એલ. બી., (૨) પ્રો. હનુમંત

બાલાજી ભીડે, (૩) શ્રી દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર. સ્વ. ગુલાબરાય ભાઈ આ કમિશનના પ્રમુખ હતા. ગિજુભાઇને આ કમિશનના મંત્રી તરીકે કામ સોંપ્યું અને હરભાઈને તેમની મદદમાં મૂકયા. આ કમિશનના પ્રમુખસ્થાને સ્વ. ગુલાબરાયભાઈ હતા પણ સંસ્થાની સર્વતોમુખી તપાસ ચલાવવામાં અને તપાસને અંતે કમિશનનો અહેવાલ ઘડવામાં સૌથી વધારે ફાળો કાકાસાહેબનો હતો. કાકાસાહેબને અમે કોઈ નજીકથી ઓળખતા ન હતા. ફક્ત ગાંધીજીના કોચરબના આશ્રમમાં મારો અને તેમનો સામાન્ય પરિચય સ્વામી આનંદે કરાવેલો એટલું જ. ઉપરાંત, ગાંધીજીએ આશ્રમમાં જે અભ્યાસશાળા શરૂ કરી હતી તેમાં કાકાસાહેબ સૂત્રધાર જેવા હતા એટલે અમે તેમને કમિશનમાં મૂકયા હતા. ગુલાબરાયભાઈ શહેર ભાવનગરના એક અગ્રગણ્ય શહેરી હતા અને ભાવનગરની અનેક નાનીમોટી જાહેર પ્રવૃત્તિઓના સુકાની જેવા હતા. પ્રો. ભીડેને કોલેજના એક વિદ્વાન સંસ્કારી પ્રોફેસર તરીકે અમે પસંદ કર્યા હતા.

આ કમિશને સંસ્થાની તપાસ કર્યા પછી તેનો અહેવાલ રજૂ કર્યો અને સંસ્થાએ એ અહેવાલને છાપીને પ્રસિદ્ધ પણ કર્યો. આ અહેવાલથી અમને એક તરફથી પ્રતિષ્ઠા મળી ત્યારે બીજી બાજુથી અમારી ઊણપોનું પણ સ્પષ્ટ ભાન થયું. કમિશને ગિજુભાઈના શિક્ષક તરીકે ભારોભાર વખાણ કર્યાં. સંસ્થા ઉપર અમારા શ્રીમાન્ નથુરામ શર્માની છાયાને લીધે જૂના ક્રિયાકાંડને જે વધારે પડતું સ્થાન મળે છે તે તરફ પણ વિવેકભર્યો અંગુલિનિર્દેશ કર્યો, અને કમિશનના અહેવાલ ઉપરાંત મારા તેમજ ગિજુભાઈના અંગત વાચન માટેની એક નોંધમાં હરિજનોને સંસ્થામાં નથી દાખલ કર્યા તે સંબંધમાં મિત્રભાવે પણ સખ્ત ટીકા કરી.

આ કમીશનનું એક પરિણામ એ આવ્યું કે અમારો અને કાકાસાહેબનો તેમજ અમારો અને ગાંધીજીના આશ્રમનો સંબંધ વધારે ગાઢ થયો. આશ્રમમાં પણ આ વખતે રાષ્ટ્રીય કેળવણીના વિચારો

જોસથી ચાલતા હતા. દક્ષિણામૂર્તિ અને આશ્રમની રાષ્ટ્રીયશાળાનો સંબંધ વધતો ગયો.

કમિશન નીમ્યું ત્યારે મારી ગણતરી એવી હતી કે આવી સંસ્થાઓના કામની તપાસ દર પાંચ વર્ષે થવી જોઈએ. આવી તપાસ થાય તો જ દક્ષિણામૂર્તિ જેવી સંસ્થાઓ વધારે પ્રાણવાન અને વધારે નિર્મળ રહી શકે; પણ ઈ. સ. ૧૯૨૫માં જ્યારે બીજું કમિશન નીમવા માટેની મુદત પાકતી હતી ત્યારે અમે આવું બીજું કમિશન નીમી ન શકયા. ત્યારપછી તો ઘણીયે વાર કમિશનની વાત અમે કાઢતા પણ એ બધી વાત જ રહી અને અમારું આ કમિશન જેમ પહેલું હતું તેમ જ છેલ્લું પણ એ જ થયું. પહેલું કમિશન નીમ્યું ત્યારે અમે સૌ નાના હતા; અમને કોઈએ મોટા ગણ્યા ન હતા અને અમે પોતે પણ અમને નાના જ સમજતા હતા; પણ બીજું કમિશન નીમવાનો વખત આવ્યો ત્યારે તો અમે શિક્ષણના ક્ષેત્રમાં મોટા થઈ પડયા હતા. અમારા મિત્રો અમને એ ક્ષેત્રમાં ધુરંધર માનતા એટલું જ નહીં પણ અમે પોતે પણ અમને ધુરંધર માનતા હતા; એટલે કમિશન નીમવા માટે કોઈ સભ્ય જ અમારા ધ્યાનમાં આવી ન શકયા. સ્વ. કસ્તુરબાના મંગળ હસ્તે અમારું ટેકરીવાળું બાલમંદિર ઊઘડયું હતું. અમે અમારું 'દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિક શરૂ કરી ગુજરાત અને કાઠિયાવાડના શિક્ષકોને નવી દૃષ્ટિ આપી હતી. હું પોતે આફ્રિકાથી મોટું ફંડ કરીને પાછો આવ્યો હતો. ગાંધીજી મને ગૂજરાત વિદ્યાપીઠનો કુલનાયક નીમે એવો સંભવ ઊભો થયો હતો. આ પરિસ્થિતિમાં અમે કમિશન ન નીમ્યું. નિષ્ણાતોના કામને પણ સાધારણ સમજની સરાણ પર ચડાવવું જરૂરી છે એ વાત અમને ગળે ન ઊતરી તે ઠેઠ સુધી ન ઊતરી. છતાં આ અમારી મોટી ભૂલ હતી એમ કહેતાં મને જરાયે સંકોચ નથી થતો. હું તો તે દિવસે માનતો હતો અને આજે પણ માનું છું કે આમ કેળવણીની સંસ્થાઓની તટસ્થ, પ્રાણવાન અને નવી દૃષ્ટિવાળા માણસો દ્વારા ચોક્કસ વખતે સર્વતોમુખી તપાસ થવી જ જોઈએ અને

આવી તપાસનો અહેવાલ પણ જાહેર થવો જોઈએ. કેળવણીની સંસ્થાઓના કલ્યાણ માટે મને આવું નિરીક્ષણ આવશ્યક લાગે છે. જે સંસ્થાના ચાલકો જાણ્યેઅજાણ્યે આવા નિરીક્ષણનો વિરોધ કરે છે તેઓ તેટલે અંશે સંસ્થાના હિતસ્વી નથી એમ કહું તો ખોટું નથી.

આ વર્ષો દરમિયાન અમારી સંસ્થાનું બીજું પણ એક વહેણ નોંધવું જોઈએ. ગિજુભાઈ સંસ્થામાં દાખલ થયા તે પહેલાં સંસ્થાનું આખું ય મંડળ મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માની ભક્તિથી રંગાયેલું હતું. ગિજુભાઈ આવ્યા તે દિવસથી આ મંડળમાં એક નવો રંગ પુરાયો. ગિજુભાઈ મુ. મોટાભાઇના ભાણેજ હતા એટલે તેઓ ભક્તિથી તરબોળ વાતાવરણમાં ઊછર્યા હતા ખરા; પણ પાછળથી સંસ્થામાં હરભાઈ, ગિરીશભાઈ, દાણીભાઈઓ વગેરે દાખલ થયા ત્યારે સંસ્થાના રંગો બદલાય એ સ્વાભાવિક હતું. આવી સ્વાભાવિકતામાં ગિજુભાઈ હરભાઈએ વેગ પૂર્યો. મારા પર અને મારી મારફત આખી સંસ્થા પર મહારાજ શ્રીમાન્ નથુરામ શર્માનું વર્ચસ હતું એ આ બન્ને મિત્રોને ગોઠતું ન હતું. સાથેસાથે મુ. મોટાભાઇનો અને મારો પોતાનો સંસ્થામાં જબ્બર ફાળો હતો એ પણ તેઓ જાણતા હતા. ગિજુભાઈ કોઈ કોઈ વાર મહારાજશ્રીના વર્ચસ સામે ઊકળી જતા. એકવાર તો અમારી બેઠકમાં તેમણે એ વાતનો ઉલ્લેખ પણ કર્યો; ત્યારે મુરબ્બી મોટાભાઇએ પોતાનાં રોષ અને વિરોધ જાહેર કર્યાં. ગિજુભાઈને સંસ્થામાં દાખલ થયાં તો માંડ ચારપાંચ વર્ષો થયાં હતાં પણ એ થોડા વખતમાં એમણે પોતાના પગને ઊંડા ખોડી દીધા હતા એટલે તેમના વિચારોની જેમતેમ કોઈથી અવગણના થઈ શકે તેમ ન હતું. આ પ્રમાણે એક બાજુથી સંસ્થા વેગથી અને એકતાથી કામ કરી રહી હતી ત્યારે બીજી બાજુથી ગિજુભાઈ, હરભાઈ વગેરે મિત્રો મને અને મારી મારફત આખી સંસ્થાને બીલખા આશ્રમના વર્ચસથી મુક્ત કરવાની છૂપી જહેમત ઉઠાવી રહ્યા હતા. દક્ષિણામૂર્તિ કમિશનની કેટલીક ભલામણો તેમને ખૂબ મદદરૂપ થઇ પડી અને આવી બધી અનુકૂળતા છતાં જ્યારે

આ મિત્રોને આશાનું એક પણ કિરણ ન દેખાયું ત્યારે પ્રભુએ તેમને માર્ગ કરી દીધો.

બરાબર આ વખતે દક્ષિણામૂર્તિએ બે નવાં પગલાં ભર્યાં.

ગિજુભાઇ વિનયમંદિરના આચાર્યસ્થાને હતા અને હું સંસ્થાના નિયામક તરીકે તેમ જ છાત્રાલયના ગૃહપતિ તરીકે કામ કરતો હતો ત્યારે અમને બંનેને તેમ જ બીજા મિત્રોને લાગતું હતું કે દક્ષિણા-મૂર્તિએ છેક પાયાથી શિક્ષણનું કામ હાથ ધરવું જોઈએ. આ વિચાર-સરણીમાં ગિજુભાઈનો મોટો ફાળો હતો. એમનો પુત્ર બચુ (નરેન્દ્ર) જન્મ્યો ત્યારથી એની કેળવણીના વિચારો ગિજુભાઇ કર્યા જ કરતા અને એને અંગે તેઓએ મૅડમ મોન્ટીસોરીનાં પુસ્તકોનો અભ્યાસ પણ શરૂ કરેલો. હવે બચુની ઉંમર મોટી થતી હતી અને બાલશિક્ષણ તરફનો ગિજુભાઈનો વેગ પણ વધતો જતો હતો. એક વહેલી સવારે અમે એકઠા થયા, મુ મોટાભાઈ પાસે ગયા ને દક્ષિણામૂર્તિ એક બાલમંદિર શરૂ કરે એવો પવિત્ર સંકલ્પ કર્યો. આ સંકલ્પ કર્યો ત્યારે ન હતું મકાન, ન હતાં સાધનો, ન હતી સ્પષ્ટ કલ્પના, ન હતી દ્રવ્યની જોગવાઇ પણ અમે તો સંકલ્પ કર્યો ને ગિજુભાઈએ વિનયમંદિરનું આચાર્યપદ છોડયું. સ્વ. આર. કે. મોદીની સદ્વૃત્તિથી તેમનું મકાન ઉપયોગમાં લીધું, ટયૂડર ઓવનની મમતાથી નીલમબાગમાંથી બાળ-કેળવણીનાં સાધનો મેળવ્યાં અને સ્વ. રમાબેન પટ્ટણીના શુભ હસ્તે બાલમંદિરની ઉદ્ઘાટનક્રિયા થઈ. બાલમંદિર શરૂ કર્યું ત્યારે અમારી બાલમંદિરની કલ્પના કેવી રાંક હતી તે હું બરાબર જાણું છું. એ દિવસોમાં ગિજુભાઇએ અને મેં જે અભ્યાસક્રમ ગોઠવ્યો હતો તેને આજે કોઇપણ જુએ તો અમને મૂર્ખ અને ધૂની ગણે; પણ આવી મૂર્ખતા અને ધૂનીપણું આવાં સાહસોમાં અનિવાર્ય તો નહીં હોય? આર. કે. મોદીના બંગલાના એક ખૂણામાં શરૂ કરેલું આ બાલમંદિર જતે દિવસે દક્ષિણામૂર્તિનું મુખ્ય અને ચિરંજીવ અંગ બની ગયું એ આપણે સૌ જાણીએ છીએ.

આવું જ બીજું પગલું એ દક્ષિણામૂર્તિને ગૂજરાત વિદ્યાપીઠ સાથે માન્ય કરવાનો નિર્ણય. આ વર્ષો દરમિયાન આપણા આખા દેશમાં મોટી રાજકીય ઊથલપાથલો શરૂ થઈ હતી અને મહાત્મા ગાંધીએ દેશના સર્વોપરી માર્ગદર્શક તરીકે પોતાનું સ્થાન જમાવવા માંડ્યું હતું. આપણા રાજકારણમાં કોઈ નવી જ વિચારસરણી તેમણે ઊભી કરી. અસહકારનું શસ્ત્ર તેમણે અજમાવ્યું અને નવરચનાનાં બીજો તરીકે ખાદી અને રાષ્ટ્રીય કેળવણી તેમણે દેશ પાસે ધર્યાં. રાષ્ટ્રીય કેળવણીનો તેમનો આંચકો હજી દેશ પચાવે ન પચાવે ત્યાં તો હરિજન પ્રશ્ને પણ ડોકિયું કર્યું અને રાષ્ટ્રીય શાળાઓમાં હરિજન વિદ્યાર્થીઓ બીજી કોમના વિદ્યાર્થીઓ માફક જ અંતરાય વિના ભણી શકે અને તેમણે ભણવું જોઈએ એ વાત ગાંધીજીએ મક્કમતાથી રજૂ કરી. અસ્પૃશ્યતાનિવારણના તેમના આ સંદેશાએ દેશનાં સનાતની તત્ત્વોમાં ફફડાટ કરી મૂક્યો અને તેની અસર ઠેઠ બીલખાના આનંદાશ્રમમાં પણ પહોંચી ખરી. હું પોતે પ્રશ્નોરા જ્ઞાતિનું ફરજંદ; અગ્નિહોત્રના અને વૈદિક સંસ્કૃતિના વાતાવરણમાં હું ઊછર્યો હતો; હવેલી ધર્મ, શિવાલય ધર્મ અને સ્વામિનારાયણ ધર્મના ત્રિવેણીસંગમનાં મીઠાં સ્મરણોને આજે પણ હું ભૂલ્યો નથી. અમે ભૂલથી પણ કોઈ હરિજનને અડકી ગયાં હોઈએ તો તમામ કપડાં બોળાવીને મારી બા ચંદુ અમને નવરાવતી અને એ રીતે નાહ્યા પછી આવીએ ત્યારે વળી પાછી અમારા શરીર પર થોડું ચોખ્ખું પાણી છાંટતી. મારી આસપાસ આવું સનાતની વાતાવરણ પડ્યું હતું. વિદ્યાર્થીઅવસ્થામાં તો ઠીક પણ કૉલેજનો પ્રોફેસર થયો ત્યારે કે દક્ષિણામૂર્તિ શરૂ કરી ત્યારે આસપાસના આ વાતાવરણ ઉપર સ્વતંત્ર દૃષ્ટિથી મેં જોયું જ નહીં. આવી પરિસ્થિતિમાં ગાંધીજીએ સમગ્ર સનાતનીમંડળની વચ્ચે અસ્પૃશ્યતાનિવારણનો બોમ્બગોળો ફેંક્યો.

દક્ષિણામૂર્તિમાં અમે સૌ વિચાર કરતા થયા. કમિશન વખતે શ્રી. કાકાસાહેબની સાથે વાતો થઈ ત્યારથી જ મારા પોતાના વિચારો ઝડપથી બદલાયે જતા હતા. હું પોતે ગાંધીજીના કોચરબના આશ્રમમાં

રહી આવ્યો ત્યારે પણ મારું અંતર પલટાયે જતું હતું; પણ આજ સુધી માત્ર માન્યતાનો પ્રશ્ન રહ્યો હતો તે હવે રીતસર આચારનો પ્રશ્ન બન્યો. દક્ષિણામૂર્તિએ સરકારી યુનિવર્સિટીની સાથેના સંબંધો ક્યારના તોડ્યા હતા. આ સંબંધો તોડ્યા તે ગાંધીજીના રાષ્ટ્રીય અસહકારને અનુસરીને નહીં પણ અમારાં પોતાનાં મંતવ્યો પ્રમાણે કેળવણીવિષયક અસહકારને કારણે. આજે હવે ગુજરાતને આંગણે પોતાની સ્વતંત્ર કેળવણી ઊભી કરવાનો મોકો આવ્યો ત્યારે દક્ષિણામૂર્તિ શું હાથ જોડીને બેઠી રહે? હું ગમે તેવો સનાતન હતો, ગમે તેવો પ્રશ્નોરો હતો તો પણ એ યુગનો જુવાન તો હતો જ એટલે દક્ષિણામૂર્તિ ગૂજરાત વિદ્યાપીઠની માન્યતા લે અને તેણે લેવી જ જોઇએ એવો મારો આગ્રહ બંધાયો. મારી દક્ષિણામૂર્તિ કોઈપણ વિદ્યાર્થી અમુક કોમમાં જન્મ્યો છે એ કારણે જ પોતાના દરવાજા તેને માટે બંધ કરે એ વાત મારું અંતર સ્વીકારી ન શક્યું.

એ દિવસોમાં આ પ્રશ્ન મારા માટે કેટલો કઠણ હતો તેની કલ્પના પણ બીજા કોઈને આવવી મુશ્કેલ છે. મારું આ પગલું મારા સમગ્ર ઉછેરથી તો વિરુદ્ધ હતું જ પણ મારા જીવનધ્યેયથી પણ મને વિરુદ્ધ લાગ્યા કરતું હતું. મેં શ્રીમાન્ નથુરામ શર્માને સદ્‌ગુરુ સ્વીકાર્યા હતા. તેમની પાસેથી જીવનની પરમ શાંતિ મેળવવા હું મથતો હતો અને એ માર્ગમાં ઠીકઠીક આગળ વધ્યો હતો. મહાત્માશ્રી પોતાના વિચારમાં સર્વદેશી હતા પણ એમનું અને એમના આશ્રમનું બાહ્ય કલેવર પ્રચલિત અર્થમાં સનાતની હતું. એમણે તમામ મોટા ધર્મોનો અભ્યાસ કર્યો હતો અને તેમનો ઉપદેશ સર્વધર્મસમભાવથી રંગાયેલ હતો. સનાતન ધર્મનું હાર્દ એ બરાબર સમજતા અને સમજણપૂર્વક એનું આચરણ કરવાનો ઉપદેશ કરતા. મને તો પૂરી શ્રદ્ધા હતી કે મહાત્મા શ્રીમાન નથુરામ શર્મા હરિજન પ્રશ્નને પારખી જશે અને અસ્પૃશ્યતાને આશ્રમમાંથી નાબૂદ કરી આશ્રમને નવો ઝોક આપશે; પણ મારી આશા સફળ ન થઈ.

મારે માટે બે જ માર્ગો હતાઃ કાં તો સનાતન ધર્મની ચાલુ અસ્પૃશ્યતાને મારી બુદ્ધિ ના કહે તો પણ વળગી રહેવું અને એ રીતે મહાત્માશ્રીનું શરણ સાચવીને જીવનના ધ્યેયને પહોંચવું અથવા તો શ્રીમાન નથુરામ શર્માને છોડીને જીવનના મહાસાગરમાં મારા પોતાના જ બાહુબળથી તરવું. મારી મૂંઝવણ શબ્દોમાં કહી જાય તેવી ન હતી. વિચારમાં ને વિચારમાં મેં કેટલીય રાતો પસાર કરી. ખુદ મારા ઘરમાં મારી મા, મારા મોટાભાઇ, મારી પત્ની, મારાં સગાં સૌ મારા પગલાનાં વિરોધી હતાં. મારી જ્ઞાતિનું આખુંય મંડળ મારી આવી દુર્બુદ્ધિ માટે શોકમાં પડ્યું. મારા ગુરુભાઈઓ મારા મનમાં આ પાપવિચારનો સંચાર થયો તેથી દુઃખી થતા અને મને અવારનવાર સમજાવવા પ્રયત્ન કરતા; પણ મને મારી ભૂલ જણાતી ન હતી. મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માને છોડવાથી કેમ જાણે હું મારા જીવનધ્યેયને છોડું છું એવું મને લાગ્યા કરતું અને એ દર્દ મારા માટે અસહ્ય થઈ પડ્યું.

આ લાંબા ગાળા દરમિયાન ગિજુભાઇહરિભાઈ તો દક્ષિણામૂર્તિને ગૂજરાત વિદ્યાપીઠની સાથે જોડવી એ પક્ષના હતા જ; પણ આ આખાય પ્રશ્નમાં તેમને બીજી રીતે રસ હતો. મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માનું વર્ચસ સંસ્થામાંથી ઓછું થાય એમ આ બન્ને ભાઇઓ ઇચ્છતા હતા. જ્યાં સુધી હું સંસ્થામાં હોઉં ત્યાં સુધી એ વર્ચસ ઓછું કરવાનો એક પણ માર્ગ તેમને માટે શક્ય ન હતો; એટલે આજે જ્યારે મારી અને મહારાજશ્રીની વચ્ચે મતભેદ ઊભો થયો ત્યારે આ બન્ને મિત્રોને નવું જોર મળ્યું. અમારો મતભેદ કોઇપણ કારણે સંધાઈ ન જાય એની આ ભાઇઓ કાળજી રાખતા અને મહારાજશ્રીના જીવનની અનેક નાનીમોટી વાતો મારી પાસે રજૂ કરીને મને એ મંડળથી ખસેડવાનો પ્રયત્ન કરતા.

મારે માટે આ પ્રશ્ન જીવનમરણનો થઈ પડ્યો. પ્રભુને પંથે પગ મૂકનાર કોઈ પણ માણસ અસ્પૃશ્યતાનો બચાવ કરી ન શકે એ વાત મારે મન દીવા જેટલી સાફ હતી અને એ વાત મારા સદ્ગુરુને સ્પષ્ટ

થાય એ માટે હું મથતો હતો.

પણ ખરી રીતે તો હું ઈ. સ. ૧૯૧૭માં મહાત્મા ગાંધીના પરિચયમાં પહેલવહેલો આવ્યો ત્યારથી જ જીવનના મારા વિચારોમાં છૂપું એવું એક પરિવર્તન ચાલી રહ્યું હતું. મારા પૂજ્ય સદ્‌ગુરુ, અમારો આશ્રમ, અમારા આશ્રમની પદ્ધતિ, અમારો અમારા મહારાજશ્રી સાથેનો સંબંધ, અમારા ઉત્સવો, મહારાજશ્રીનું પોતાનું અંગત જીવન, આશ્રમનો બાહ્ય વ્યવહાર—આ બધી વસ્તુઓને હું નવેસરથી વિચારતો થયો હતો અને આ બધાં સાચા ધર્મની મારી સમજ સાથે કેમ જાણે બંધબેસતાં ન હોય એમ જ મને લાગ્યા કરતું. આજ સુધી આ બધી વાતોને મેં વિચારી ન હતી એમ નહીં પણ આ વાતો મને ગમતી નહીં તેમ છતાં મને ખૂંચતી ન હતી; પણ હવે મને એ ખૂંચવા લાગી અને અકળાવવા લાગી. આ રીતે અંદરથી તો હું લાંબા વખતથી અકળાઈ રહ્યો હતો; ત્યાં હરિજન પ્રશ્ન આવ્યો એટલે મારી અકળામણને રીતસરનો ઘાટ મળ્યો. ઘણી મથામણને પરિણામે અને ખુદ મહારાજશ્રીની સાથે એકાંતમાં પણ દિલભરદિલ વાતો કરીને મેં મારો નિર્ણય લીધો. મારા આ નિર્ણયથી ગિજુભાઈ-હરભાઇને હર્ષ થયો, મને પોતાને કેમ જાણે કોઈ મોટું ઑપરેશન કર્યું હોય એવો આઘાત થયો, મારી સ્ત્રીને મારા જીવનની દહેશત લાગી, મારા ગુરુભાઈઓ મને સમજાવવામાં નિષ્ફળ થયા એટલે મારા જાહેર દુશ્મનો થયા, દક્ષિણામૂર્તિના વ્યવસ્થાપકમંડળમાં એક મોટી આંટી ઊભી થઈ.

દક્ષિણામૂર્તિનું વ્યવસ્થાપકમંડળ એટલે મહારાજશ્રીની વ્યક્ત-અવ્યક્ત ઇચ્છાને માન આપીને સંસ્થાને ચલાવનારું મંડળ. હું આ વ્યક્તઅવ્યક્ત ઇચ્છાઓનો પ્રતિનિધિ હતો. જ્યાં પ્રતિનિધિ જ ખોટા રૂપિયા જેવો થયો ત્યાં શું? વ્યવસ્થાપકમંડળમાં મહારાજ શ્રીમાન નથુરામ શર્મા પ્રમુખપદે હતા પણ હવે એમને એ પદમાં રસ શી રીતે રહે?

મહારાજશ્રી ખસી જાય એટલે એમના પટ્ટશિષ્ય જેવા માણેકલાલભાઈ પણ ખસી જાય, અમારા મુરબ્બી ઓધવજીભાઈ પણ ખસે,

અમારા મુ. મોટાભાઈ પણ ખસવાનું વિચારે; એટલે સંસ્થા આવી પડે અમારા કાર્યકર્તાઓના હાથમાં. દક્ષિણામૂર્તિને આ પ્રમાણે વેરવિખેર થતી અટકાવવાને સૌએ આકાશપાતાળ એક કર્યાં. શ્રી માણેકલાલભાઈ જેવા ઠેઠ સાબરમતી સુધી પહોંચ્યા અને પૂજ્ય ગાંધીજી મને સમજાવવાને રસ્તો કાઢે એવા પ્રયત્નો થયા. કાકાસાહેબ કાલેલકરે બન્ને પક્ષોને એક રાખવા માટે પોતાની બનતું બધું કર્યું. ભાવનગરના અધિકારીમંડળે અને ખાસ કરીને સર પ્રભાશંકર પટ્ટણીએ બન્ને પક્ષો સાથે કેમ રહી શકે તેના પ્રયત્નો કરી જોયા. બંધારણીય રીતે અમે બહુમતી મેળવી શકીએ તેમ હતા અને મારા મિત્રોનો આગ્રહ પણ એ દિશામાં હતો પણ મને પોતાને આવા પ્રસંગે માત્ર બહુમતીથી કરેલો નિર્ણય યથાર્થ ન લાગ્યો. તેથી અમે સૌએ એકમાત્ર ઉપાય તરીકે દક્ષિણામૂર્તિમાંથી રાજીનામાં આપ્યાં અને અમારાં રાજીનામાં હું પોતે જ મહારાજશ્રીના ખોળામાં મૂકી આવ્યો. મેં કહ્યું, "દક્ષિણામૂર્તિ આપને ખોળે જન્મી છે; આજે હું એને આપના ખોળામાં પાછી સોંપું છું."

મહારાજશ્રી અને તેમના મંડળે ધાર્યું કે અમે સૌ બંધારણીય રીતે તોફાન કરશું. મારા મિત્રો તોફાન કરી શકે એવા તો હતા પણ મારા સદ્‌ભાગ્યે અમે સૌએ તોફાને ચડવાને બદલે નમીને છૂટા થવાનું સ્વીકાર્યું; પણ અમારાં રાજીનામાં સ્વીકારવાં એ ધારીએ એટલું સહેલું ન હતું. અમારાં રાજીનામાં સ્વીકારીને સંસ્થા ચલાવવા માટે મારા ગુરુભાઈઓએ ઘણાઘણા વિચારો કર્યા, ઘણીઘણી યોજનાઓ ઘડી, કોઈ મોટા પદવીધરને લાવવાના મનોરથો કર્યા પણ દક્ષિણામૂર્તિ જે સ્વરૂપે ઊભી હતી તે સ્વરૂપે તેને જાળવવા માટે અમે પણ અનિવાર્ય હતા એમ સૌને લાગ્યું; એટલે આખરે અમે બન્ને પક્ષોએ સમાધાન કર્યું અને સમાધાન પર મહાત્મા ગાંધીજીની મહોર પડી. સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠની માન્યતા મેળવી શાળાનાં બારણાં હરિજનો માટે પણ ખુલ્લાં રાખે; માત્ર છાત્રાલયને રસોડે હરિજનો એક પંક્તિએ બેસીને જમી ન શકે.

પોરબંદર મુકામે સંસ્થાના હિતસ્વી સ્વ. ગોવિંદજી ડાહ્યાભાઈને બંગલે વ્યવસ્થાપકમંડળમાં આ સમાધાન સ્વીકારવામાં આવ્યું અને અમારા પક્ષ તરફથી મેં તેમાં મારી સહી મૂકી. મહારાજશ્રીએ પોતે આ સમાધાનનો સ્વીકાર કર્યો અને ગૂજરાત વિદ્યાપીઠ સાથે જોડાવા ન જોડાવાનો નિર્ણય અમારી સદ્‌બુદ્ધિ પર છોડ્યો.

દક્ષિણામૂર્તિ મોટી ઘાતમાંથી ઊગરી. અમે સૌ સંસ્થામાં હતા તેવા જ રહ્યા. મહારાજશ્રીએ, મુ. ઓધવજીભાઇએ, મુ. મોટાભાઇએ, મુ. માણેકલાલભાઈએ પોતાનાં રાજીનામાં આપ્યાં અને નવા વર્ષના જાનેવારીની પહેલી તારીખે રૂ. ૦–૦–૦ ની ચાલુ મૂડીથી દક્ષિણામૂર્તિ અમારા હાથમાં આવી.

દક્ષિણામૂર્તિના આ હવાલા વખતનું ચિત્ર ખડું કરવા માટે નથી મારી પાસે શબ્દો, નથી મારી પાસે શક્તિ; અને તેમાં ય સ્વ. મોટાભાઈ કેટલા બધા કંતાઈ ગયા એ તો વર્ણવી પણ ન શકાય. રાત અને દિવસ એની એ વાત. પૂજા કરે ત્યાં એ વાત ડોકિયું કરે, દૂધ પીએ ત્યારે ઘૂંટડા ઉતારતાં ઉતારતાં થંભી જાય, બપોરના પણ એની એ વાતો, રાતે તો ઉજાગરો હોય જ હોય. બરાબર આ દિવસોમાં સ્વ. મોટાભાઇએ અને સ્વ. વિશ્વનાથભાઇએ ચાતુર્માસ કરેલા પણ માળામાં ધ્યાન શી રીતે રહે? ચોવીસેય કલાક એક જ જપ—દક્ષિણામૂર્તિ! દક્ષિણામૂર્તિ! દક્ષિણામૂર્તિ કોઈ રીતે જીવે એ જ મોટાભાઈની વાસના. એમને અમારી જુવાનોની વાત તો સાચી લાગી પણ મહારાજશ્રીની સાથેના જીવનભરના સંબંધો એમ થોડા જ છૂટે છે? આખરે સમાધાન થયું એ મારે મન તો એમના જ પુણ્યપ્રતાપે થયું સમાધાન થયા પછી એમણે પણ વ્યવસ્થાપકમંડળમાંથી રાજીનામું આપ્યું પણ જીવનની છેલ્લી ઘડી સુધી એમણે સંસ્થાની સેવામાંથી રાજીનામું આપ્યું નથી. સમાધાન થયા પછી એ વ્યવસ્થાપકમંડળમાં નથી આવ્યા, સમાધાન થયા પછી વિદ્યાસભાની એક પણ બેઠકમાં તેમણે હાજરી આપી નથી, સમાધાન થયા પછી ટ્રસ્ટીઓના ચોપડામાં તેમણે એક

પણ સહી કરી નથી પણ સંસ્થાના ફંડ માટે મારી સાથે રખડવામાં, સંસ્થાના કોઠાર માટે ચીજ-વસ્તુઓ ખરીદ કરવામાં, સંસ્થા માટે મકાનો વગેરેની દેખરેખ રાખવામાં, સંસ્થાના વિદ્યાર્થીઓની માંદગી વખતે સેવા કરવામાં એમણે કદી પાછી પાની કરી નથી અને મને એમના ખોળાથી દૂર કર્યો નથી. એમનું સૌજન્ય હજી આજે પણ મારા જીવનમાં મને માર્ગદર્શક રહ્યું છે અને હું ભાવનગર છોડીને આંબલા આવ્યો છું ત્યાં મને અનેક રીતે હૂંફ આપી રહ્યું છે.

આ આખાયે પ્રશ્ન પરત્વે જેવી મારી સ્થિતિ હતી તેવી જ લગભગ મારા મિત્રોની હતી એમ કહી શકાય; પણ મારા મિત્રોને એક અનુકૂળતા હતી; તેમને પોતાને મારી માફક કોઈ એક ધર્મ કે સંપ્રદાયમાંથી પોતાની જાતને મૂળ સાથે ઉખેડી લેવાનો પ્રશ્ન ન હતો; કેટલે જે વેદનામાંથી હું પસાર થયો તે વેદનામાંથી મારા મિત્રોને પસાર થવું પડ્યું નહીં; પણ સાથેસાથે આ પગલાને અંતે મને પોતાને મારા અંગત જીવનમાંથી જે ધાર્મિક તેમ જ આધ્યાત્મિક પ્રસન્નતા ઊભી થઈ તેનો અનુભવ પણ મારા મિત્રોને કદાચ નહીં થયો હોય. ધર્મ વિષે અને ખાસ તો સનાતન ધર્મ વિષે મારી આજ સુધીની જે જે માન્યતાઓ હતી તે તમામ માન્યતાઓને નવેસરથી વિચારવાનો અને તેમને નવી એરણુ પર ટીપવાનો મને જે લાભ મળ્યો તેથી હું વધારે નીડર, વધારે સ્વતંત્ર તેમ જ વધારે ધર્મનિષ્ઠ થયો એમ હું માનું છું.

હરિજન પ્રશ્નને અંગે સંસ્થાના વ્યવસ્થાપકમંડળમાં જે મોટો મતભેદ ઊભો થયો હતો તેમાં આખરે અમે આજીવનસભ્યો સફળ થયા એટલે સંસ્થા અમારા હાથમાં આવી. સંસ્થાની કેળવણીવિષયક સત્તા અને જવાબદારી તો અમારી હતી જ પણ હવે તો આર્થિક સત્તા અને જવાબદારી પણ અમારા ખોળામાં આવી પડી. પહેલાં તો અમારે કેળવણીનાં સ્વપ્નો સિદ્ધ કરવાં હોય ત્યારે પણ અમારી વાત સદ્ગત ઓધવજીભાઈ જેવાને ગળે ઉતારવી પડતી અને ઘણી મહેનત છતાં જો અમે ગળે ન ઉતારી શકીએ તો અમારી યોજનાને અમારે

જતી કરવી પડતી. આ પ્રમાણે સાથીઓને ગળે ન ઉતારી શકાય તેવી યોજનાઓને જતી કરવામાં આખી સંસ્થાને અને ખાસ અમને જે તાલીમ મળતી હતી તે હવે અમને મળતી બંધ થઇ હવે અમારાં સ્વપ્નોને તેમ જ અમારા બજેટને રોકટોક કરનાર કોઇ ન રહ્યું એટલે અમે વેગથી પ્રગતિ કરવા લાગ્યા અને આ પ્રગતિની સાથે જ મારી બહારની રખડપટ્ટી પણ ઠીકઠીક વધી.

સંસ્થાએ અસ્પૃશ્યતાનિવારણનું આ પગલું ભર્યું તે આજે મહત્ત્વનું ન લાગે કારણકે આજે તો એ દિશામાં આપણે ઘણા આગળ વધ્યા છીએ; પણ એ કાળમાં એની ભારે મહત્તા હતી. દક્ષિણામૂર્તિ સંસ્થા વધારે મોટી થઇ અને તેના વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઠીકઠીક વધી ત્યારે તો અમે કરેલું આ સમાધાન પણ ઘણું મોળું જણાયું અને આ સમાધાનને બાજુ પર મૂકીને હરિજનોને એક રસોડે જમાડવા એવો આગ્રહ પણ જોરથી થવા લાગ્યો. આગળ ઉપર જ્યારે દક્ષિણામૂર્તિએ અધ્યાપનમંદિર શરૂ કર્યું અને આ અધ્યાપનમંદિરમાં હરિજનો પણ આવ્યા ત્યારે રસોડાનો આ પ્રશ્ન વધારે ઉગ્ર બન્યો અને મારા મિત્રોએ પણ હવે સમાધાનથી આગળ વધવાનો આગ્રહ કરવો શરૂ કર્યો. મને બહુ સ્પષ્ટ યાદ છે કે અમારા વિદ્યાર્થીસંમેલનોમાં વિદ્યાર્થીઓએ લગભગ સર્વાનુમતીથી આવો ઠરાવ પણ કર્યો; અને હું એ ઠરાવને બહાલી આપું એવું મારા પર દબાણ કર્યું; પણ મારો માર્ગ સ્પષ્ટ હતો. વ્યવસ્થાપકમંડળ નવો ઠરાવ કરી શકતું હતું. મેં પોતે એક જવાબદાર વ્યક્તિ તરીકે જૂના સમાધાન પર સહી મૂકી હતી એટલે મારા વિચારોમાં ગમે તેવું પરિવર્તન થયું હોય તોપણ મહારાજશ્રીની હયાતીમાં પવિત્ર બુદ્ધિથી કરેલા એ સમાધાનમાં મારે પોતે ફેર કરવો એ મને મારો ધર્મ ન લાગ્યો. મારી આ ઝીણી ધર્મ-અધર્મની વાત જુવાન વિદ્યાર્થીઓ ન સમજે એ પણ હું જાણતો હતો પણ મેં મારી વાતને પકડી રાખી અને વિદ્યાર્થીઓ તેમ જ મિત્રો મારી ઉપરવટ થઈને કશું કરવા ઇચ્છતા ન હતા.

પણ મને એક વાતનો વસવસો રહી ગયો. મહારાજ શ્રીમાન્ નથુરામ શર્માના અવસાન પછી તરત જ અમારી એક સભામાં મેં આ વાતનો ઉલ્લેખ કર્યો અને મારા તરફથી હરિજન વિદ્યાર્થીઓ રસોડે જમે એવો ઠરાવ પેશ કર્યો ત્યારે મારો ઠરાવ મોટી બહુમતીથી ઊડી ગયો; અને જે એક વાત માટે મારા મિત્રોએ અને મારા વિદ્યાર્થીઓએ, ગિજુભાઈના શબ્દોમાં, "મારે માથે માછલાં ધોયાં હતાં" એ જ વાતમાં સંસ્થાએ આગેકદમ લેવાની હિંમત ન બતાવી. ખરી રીતે તો અમે પહેલાં કરતાં કેમ જાણે વધારે ડાહ્યા થયા હતા, વધારે વ્યવહારુ થયા હતા, વધારે ગણતરીબાજ થયા હતા. દક્ષિણામૂર્તિએ પોરબંદરના આનંદાશ્રમમાં સમાધાનની જે કલમ નોંધી તે કલમ ભાવનગરમાં દક્ષિણામૂર્તિ રહી ત્યાં સુધી કાયમ રહી. એ કલમનો અને એની પાછળ રહેલા ભાવનો અસ્વીકાર કરવાનો મોકો મને આંબલામાં મળ્યો.

હરિજનભાઈઓને અમારી શાળામાં દાખલ કરવાનો અમારો નિર્ણય અમલમાં આવતાં થોડોએક વખત ગયો; પરંતુ અમારા નિર્ણયથી સંસ્થાના જીવનને તેમ જ મારા પોતાના જીવનને થોડાએક આંચકા લાગ્યા. જે સનાતન આચારના આગ્રહી ભાઈઓ સંસ્થામાં શિક્ષકો તરીકે કામ કરતા હતા તેઓ છૂટા થયા અને અમારા એક આજીવન-સભ્ય મિત્રે પણ રાજીનામું આપ્યું. પટવારી કુટુંબના ભાઈ પ્રભુદાસ જેવા વિદ્યાર્થીઓને માબાપોએ સંસ્થામાંથી ખેંચી લીધા. કોઈ કોઈ વિદ્યાર્થીએ તો પોતાની રીતે માબાપોના આ પગલાનો વિરોધ કર્યો હતો. મને યાદ છે ત્યાં સુધી ભાઈ પ્રભુદાસ ભાવનગરથી નીકળી ટ્રેઈનમાં વીરમગામ તો ગયા પણ વીરમગામથી ઠેઠ પાટડી સુધી પગે ચાલીને ગયા—પોતાનો વિરોધ દર્શાવવા ખાતર.

એ જ પ્રમાણે જે જે સનાતની ભાઈઓ આજ સુધી સંસ્થાને આર્થિક તેમ જ બીજી અનેક પ્રકારની મદદ કરતા હતા તેઓ મદદ આપતા બંધ થયા અને એક દિવસ એવો આવ્યો કે જ્યારે તળ ભાવનગરમાં ભાવનગરની પ્રજા પાસે અમારી અકિંચન સ્થિતિ અને

૧૦

મૂકી ત્યારે મહાજનના અગ્રેસર જેવા ભાઈઓ અમને મદદ કરતાં અચકાયા.

મારી પોતાની જ્ઞાતિમાં હું સૌની સાથે એક પંક્તિએ બેસીને જમું એ સામે છૂપો અણગમો ઊભો થયો એટલે મેં પોતે એ રીતે બેસવું છોડ્યું. જે નીલકંઠ મહાદેવની જગ્યામાં હું નાનપણમાં રમ્યો-કૂદ્યો હતો અને જ્યાંથી મેં મારા ધાર્મિક જીવનની પ્રેરણા લીધી હતી ત્યાં જ ભાવનગરની સનાતની બ્હેનોની એક જંગી સભા મળી અને આ સભામાં મારા પિતાની પવિત્રતાની સામે મારા જેવા કુલાંગારની અધર્મપ્રવૃત્તિ તોળવામાં આવી. આ સભાનું પ્રમુખસ્થાન મારાં સાવકાં માતા ગં. સ્વ. કાશીબાને આપવામાં આવ્યું હતું.

મહારાજશ્રી નથુરામ શર્માના આનંદાશ્રમમાં તો હું અસ્પૃશ્ય થઈ ચૂક્યો હતો; પણ ખુદ મારા મોટા ભાઈના ઘરમાં પણ હું અસ્પૃશ્ય જેવો થયો. મારા મુરબ્બી સ્વ. દેવશંકરભાઇએ મારી સાથે એક પંક્તિએ બેસીને જમવાનું છોડ્યું.

પરંતુ જ્ઞાતિભાઇઓના અને કુટુંબીજનોના આવા ખારા દરિયામાં પણ પ્રભુએ મારા માટે થોડીએક મીઠી વીરડીઓ રાખી હતી. એ દિવસોમાં ઉગ્ર ગણાય એવું આ પગલું ભર્યા છતાં મને ન છોડ્યો એક મારા નાના ભાઇ માનશંકરે, બીજા મારા સસરાએ, ત્રીજી મારી સ્ત્રીએ અને સૌથી વધારે ન છોડ્યો મારા મુરબ્બી સદ્દગત મોટાભાઈએ. મારી સ્ત્રી મારા પગલાને યોગ્ય માનતી હતી એમ નહીં. તે દિવસે તો શું હજી આજે પણ હરિજનોને સ્પર્શ કરવામાં બાધ ન હોવો જોઇએ એમ મનથી સ્વીકારવા છતાં હરિજનો તરફનો એનો આચાર એવો જ સનાતની છે; પરંતુ મને અને મારે લીધે મારા પગલાને એ કોઇક ધર્મબુદ્ધિથી વળગી રહી છે. આજે મારી સામે, મારા પુત્રો સામે, મારી પુત્રીઓ સામે અને મારી પુત્રવધૂ સામે એનો સ્પષ્ટ આચાર-વિરોધ હોવા છતાં એના હાડમાં એ હિંદુ સ્ત્રી છે. જે ધર્મબુદ્ધિથી એ અસ્પૃશ્યતાને વળગી રહી છે એ જ ધર્મબુદ્ધિથી એ આજે મને પણ વળગી રહી

છે અને પાપપુણ્યનો બધો ભાર મારે માથે નાખી મારી સાથે પગલાં મેળવીને ચાલવાની મહેનત કરે છે. પરમેશ્વરે આપેલી આ અનુકૂળતાનું મને અજીર્ણ ન થાય તે માટે મારે કાળજી રાખવી પડે છે.

આ સ્થળે મારા કુટુંબજીવનની થોડીએક વાતો જણાવી દેવી જોઈએ. મારા પિતાના અવસાન પછી અમે ત્રણ ભાઈઓએ અમારો વારસો વહેંચી લીધો. આ વહેંચણીમાં અનેક સંજોગો એવા ઊભા થયા કે જેને લીધે મારા નાના ભાઈ માનશંકરને ઠીકઠીક આર્થિક નુકસાન થયું; પરંતુ તે દિવસે અમારા કુટુંબમાં પરસ્પરનો અવિશ્વાસ એટલો બધો ઘર ઘાલીને બેઠો હતો કે એનો કશો ઉપાય ન હતો. ત્યાર પછી થોડાંએક વર્ષો સુધી મારાં સાવકાં બા અને મારો નાનો ભાઈ માનશંકર મારી સાથે રહ્યાં; પરંતુ મારાં મુરબ્બી કાશીબાના સ્વભાવમાં કાંઈક એવું હતું કે જે એમને લાંબો વખત બીજાની સાથે મેળ ખાવા ન દે. પાછળથી તો મારો નાનો ભાઈ મુંબઈ ગયો, આકોલા ગયો; પણ છેવટે સંજોગો તેને ભાવનગર ખેંચી લાવ્યા અને તેણે ભાવનગર રેલ્વેમાં નોકરી લીધી.

મારો નાનો ભાઈ માનશંકર મારો સાવકો ભાઈ છે એમ આજ સુધી અમે માન્યું નથી. વધારે નવાઈની વાત તો એ છે કે મારા સ્વ. મોટા ભાઈ મને ઘણીવાર મહેણું મારતા કે 'તારે મારા કરતાં વામન (માનશંકર) વધારે છે.' મારાં સાવકાં બા આજે મારા નાના ભાઈ માનશંકરની સાથે રહે છે. એમના સમગ્ર જીવન ઉપર આજે નજર ફેંકું છું ત્યારે મનમાં કેવળ દુઃખ થાય છે. એ મારા પિતાનો હાથ ઝાલીને અમારે ઉંબરે આવ્યાં ત્યારથી આજ સુધીમાં કોઈ દિવસ મેં એમને સુખી જોયાં નથી. આવ્યાં ત્યારે સાસુ, નણંદ અને શોકયનાં છોકરાં અને એમની વચ્ચે એ પિલાયાં. મોટાં થયાં ત્યારે સાવકા દીકરા-ની વહુઓ અને સાસુઓએ એમને ઠીકઠીક પજવ્યાં. મારા પિતાના અવસાન પછી એક વૈધવ્યનું દુઃખ અને બીજું નવું દુઃખ ઊભું થયું પુત્રવધૂનું. એમને સુખી કરવાના કેટકેટલા પ્રયત્નો મારા પિતાએ કર્યા

તેનો હું સાક્ષી છું. એમને સુખી કરવા માટે અમારી સ્ત્રીઓએ કેટ-કેટલા પ્રયત્નો કર્યા તેનો પણ હું સાક્ષી છું. એમને સંતોષ આપવા માટે મેં પોતે શું શું કર્યું અને શું શું સહ્યું તે મારું મન જાણે છે. છતાં એમના જીવને શાન્તિ નથી. પ્રભુએ કેમ જાણે દુઃખી થવા માટે એમને દેહ નહીં આપ્યો હોય? પણ આખરે એ મા છે. નાનીશી ખાટલીમાં પડ્યાંપડ્યાં પણ એ માનશંકરને એક બાળક થાય એની માળા ફેરવે છે. ખાટલીમાં પડ્યાંપડ્યાં પણ માનશંકરનું આંખમાથું દુખવા આવે તો તેની ચિંતા કરે છે. આજે લગભગ ૭૦ વર્ષની ઉંમરે ફળીમાં અડવડિયાં ખાતાંખાતાં ફૂલઝાડના કયારા સાફ કરે છે; અને ઘરમાં નાનુંમોટું કોણ આવ્યું, કોણ ગયું, શું લાવ્યું, શું લઇ ગયું તેની આંધળી આંખે પણ તપાસ રાખે છે. આ મારાં મુરબ્બી માતુશ્રી આજે જીવનને આરે બેઠાં છે અને ગયા યુગના દૂધ–ઘીની સાક્ષી પૂરતો પોતાનો દૂબળો દેહ ટકાવી રહ્યાં છે. અમારા સમગ્ર કુટુંબજીવનમાં મારાં માતુશ્રીનો અનેકગણો ફાળો છે એમ કહી શકાય. મને પોતાને એમની પાસેથી ઘણું શીખવાનું મળ્યું છે. એક રીતે મારા ઘરમાંથી મારા કેળવણીના સિદ્ધાંતોનો વ્યવહારુ અમલ કરવાનો કેમ જાણે પરમાત્માએ મને લાભ આપ્યો હોય એમ હું સમજું છું.

મારા મોટા ભાઈ દેવશંકરભાઈ થોડાં વર્ષ પહેલાં જ દેવ થયા. પોતાની પાછળ લીલી વાડી મૂકીને એઓ ગયા છે. વર્ષો સુધી એ પાલી-તાણાની હાઇસ્કૂલના હેડમાસ્તર રહ્યા અને ત્યાં રાજ્યનો તેમ જ વિદ્યાર્થી-ઓનો ચાહ મેળવ્યો. પાછળથી તેઓ પેન્શન પર નિવૃત્ત થયા અને એ જ સ્થિતિમાં તેમણે દેહ છોડ્યો. સદ્ગત દેવશંકરભાઈ મારા મોટા ભાઈ હતા પરંતુ વ્યવહારમાં અમે બન્ને સમાન ભાઈઓ તરીકે રહ્યા છીએ એમ મારે કહેવું જોઈએ. મુરબ્બી દેવશંકરભાઇ સ્વભાવે લોભી હતા પણ મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માના સત્સંગથી એમણે લોભવૃત્તિને જીતવાનો થોડોઘણો પ્રયત્ન કર્યો હતો. એઓ પોતે ચુસ્ત પ્રશ્નોરા હતા, આચાર–વિચારના આગ્રહી હતા અને વેદવેદાંતના શોખીન હતા. પાલી

તાણા રાજ્યમાં નોકરી કરતા હતા તે દરમિયાન અને પાછળથી નિવૃત્ત થઇને ભાવનગર રહ્યા ત્યારે પણ એમણે પોતાનું શાસ્ત્રવાચન ચાલુ રાખ્યું હતું. મારા તરફનો તેમનો ભાવ કોઈને પણ મુગ્ધ કરે તેવો હતો; પણ આ ભાવમાં મારા મોટાભાઈથી પણ આગળ જાય એવાં તો મારાં મુરબ્બી ગોદાવરી ભાભી. એ તો જૂની પ્રશ્નોરા સ્ત્રીનો નમૂનો જોઈ લ્યો. આભડછેટની એ ચીડ, ગંદવાડની એ સૂગ, બ્રાહ્મણ સિવાયનાં બધાં કોળીનાળી હોય એવી રૂઢ માન્યતા, ઠામવાસણ ઊટકવાની, પાણી ભરવાની, રાંધવાની, ચોકા કરવાની, ગીતો ગાવાની, અવસાન પ્રસંગે શોક દર્શાવવાની એ જ પ્રશ્નોરાશાહી ઢબ, એ જ પ્રશ્નોરાશાહી લહેકા, અને એ જ પ્રશ્નોરાશાહી રણકો. પરણીને આવ્યાં ત્યારથી આજ સુધી મારા તરફ તેમણે એક માતાની જેવી મમતા દર્શાવી છે એટલું જ નહીં પણ તેમના આખાય પિયેરમાં મને પોતાના નાના ભાઈ તરીકે સ્થાન અપાવ્યું છે. હજી આજે પણ એ મૂંઝાય છે ત્યારે મને બોલાવે છે અને નાનપણનો એ જ દિયર હોઉં એમ પોતાના પુત્રોથી પણ છાની એવી વાતો કરી મનની મૂંઝવણ ટાળે છે. જૂના જમાનાનાં આ ગોદાવરીભાભી નવા જમાનામાં શી રીતે બંધબેસતાં થાય ? એ પોતે એવાં તેજ અને કડક છે કે તૂટીને કટકા થાય પણ કદી વળે નહીં. આજે પણ મને ઘણીવાર કહે છે, "તમે પહેલા હતા એ નથુભટ્ટ જ નહીં, નહીંતર આવું હોય ? ગાંધીએ તમને ફેરવી નાખ્યા. પહેલેથી જ લીંબુના રસ જેવા તો ખરા જ; જ્યાં પડો ત્યાં ભળી જાવ; પણ આવું તે હોય ? આ તો નંખ્ખોદ નીકળવા બેઠું છે. આમાં તે જિવાય શી રીતે ? હવે ભગવાન ખેંચી લે તો સારું !"

હવે રહ્યો મારો પોતાનો સંસાર. મારી સ્ત્રી અજવાળી પછેગામની દીકરી. પછેગામ એટલે ચુસ્ત પ્રશ્નોરાઓની વિલાયત. મારી સ્ત્રીનું મોસાળ ચુસ્ત પ્રશ્નોરા કુટુંબમાં. હું પરણ્યો તે અગાઉ કહે છે કે મારી સ્ત્રીને એક મરજાદીની આભડછેટ વળગી હતી. તેમાંથી એ મહામહેનતે છૂટી. મારા સસરા જગજીવનદાસ વિદ્વાન હતા, સારા વૈદ્ય હતા; આચારમાં

ઘણા ચુસ્ત હતા. આ રીતે મારી સ્ત્રીને પાણીની, વાસણોની, કપડાંની, ચીજવસ્તુની સ્વચ્છતા વારસામાં મળી છે. આવી સ્વચ્છતાનો ભંગ તે આજે પણ સહન કરી શકતી નથી. આપણા આજના નવસમાજમાં સામાન્ય રીતે રસોઈની, પાણીની, વાસણોની સ્વચ્છતાનો આગ્રહ ઘણો શિથિલ થઈ ગયો છે એટલે આપણા નવસમાજમાં એને ભારે અકળામણ થાય છે. પોતાનો સાચી સ્વચ્છતાનો આગ્રહ નવા સમાજમાં કેવી રીતે ઊભો કરવો એની એનામાં આવડત નથી તેમ એ માટેનું આવશ્યક જ્ઞાન નથી એટલે ઘણીવાર એ મૂંઝાઇને બેસી રહે છે અને પરિણામે નવા સમાજમાં ભળતાં અચકાય છે. સંસ્થાએ હરિજનોને અપનાવ્યા ત્યારે મારી સ્ત્રીએ એ મૂંગે મોઢે સહી લીધું. એ વખતે તો એના મનમાં એકમાત્ર બીક હતી તે એ કે મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્મા પોતાના યોગબળથી મને મારી નાખશે. પાછળથી એકવાર જ્યારે હું રીતસર હરિજનવાસમાં જઈને ઘેર આવ્યો ત્યારે મારી સ્ત્રીએ મને સ્નાન કરવાનો આગ્રહ કર્યો. હું સ્નાન કરું એ એના મનથી મોટી વાત ન હતી પણ મેં સ્નાન કરવાની ચોખ્ખી ના પાડી એટલે અમારી રકઝક વધી પડી અને પરિણામે તે રાતે મેં ઓટલા પર સૂઈ રહેવાનું ઠરાવ્યું. પણ પતિને બહાર ઓટલા પર સુવાડી કઈ હિંદુ સ્ત્રી ઘરમાં ખાટલા ઉપર સૂઈ શકે? એટલે અજવાળી પણ બહાર ઓટલા પર જ સૂતી અને વાતનો બંધ વળ્યો. તે દિવસથી માંડીને આજ દિવસ સુધીમાં ફરીથી કોઈવાર મારી સ્ત્રીએ મને આવો આગ્રહ કર્યો નથી; અને છતાં અમને સૌને અસ્પૃશ્યતાનો ત્યાગ કરવાની છૂટ આપીને પોતે કોઈ દિવસ એવી છૂટ લીધી નથી. ઘણી વાર મને કહે છે, 'તમે વાત કરો છો ત્યારે સમજાય છે પણ આચરણમાં મૂકવા જાઉં છું ત્યારે કેમ જાણે રૂંવાડાં ઊભાં થઈ જાય છે.'

અહીં અમારા બાગાયત વ્યવસ્થાપક ઉદવાડાના આંબાની કલમો ચોપતી વખતે એ આંબાની કલમ સાથે આવેલી માટીને પણ બરાબર જાળવી રાખે છે અને કલમનાં મૂળ ઉઘાડાં ન પડીજાય એ

રીતે કલમને ચોંપ્યા પછી તેને અનુકૂળ ખાતર પાણી આપે છે. આ કલમને નવી ભૂમિમાં પાન ફૂટે ત્યારે સમજવું કે આંબાની કલમ ચોંટી ગઈ અને આંબો જીવી ગયો. મારી સ્ત્રીને શુદ્ધ સનાતન હવામાંથી હું દક્ષિણામૂર્તિમાં લાવ્યો. દક્ષિણામૂર્તિનાં હવા ને માટી તે દિવસે પચરંગી હતાં; અને આંબલાનાં અમારા હવા માટી તો એથી-યે વધારે પચરંગી છે. આવા પચરંગી વાતાવરણમાં શુદ્ધ સનાતની આંબાની કલમને ચોંટવા દેવી હોય તો મારે રાહ જોવી જોઈએ. આજ સુધી એક મહેતાજીની ધીરજથી મેં આવી રાહ જોઈ છે અને મારી સ્ત્રીને પોતે ન સમજે એવી રીતે નવાં હવાપાણી અનુકૂળ કરી લેવાનું ફાવી ગયું છે એવો મારો સ્પષ્ટ અનુભવ છે.

કોઈપણ સનાતની સ્ત્રીની જેમ તે મારા તરફ ભક્તિભાવ રાખે છે. દક્ષિણામૂર્તિ જે દિવસોમાં તૂટું તૂટું થઈ રહી હતી તે દિવસોમાં જ્યારે મોટા એવા પગારથી મારી માગણી થઈ અને મારાં સગાંવહાલાં-ઓનું દબાણ થયું ત્યારે મારી સ્ત્રીએ મને કહ્યું : ‘ આપણાથી દક્ષિણા-મૂર્તિને કેમ છોડાય ?’

ફરીથી એકવાર ભાવનગર રાજ્યના કેળવણીખાતાના ઉપરી તરીકે મારી માગણી થઈ અને મારી પાસે ઘણાંઘણાં પ્રલોભનો ધરવા-માં આવ્યાં ત્યારે પણ મારી સ્ત્રીનો એક જ સૂર હતો, ‘ આપણાથી દક્ષિણામૂર્તિને ન છોડાય. ’ દક્ષિણામૂર્તિના મારા કામમાં તેનો મને હંમેશા સાથ મળ્યો છે. અમારી સ્થિતિથી તેણે અસંતોષ દાખવ્યો નથી. મારા જેવા વિદ્વાન અને લાજઆબરૂવાળા પતિની પાસેથી તે ઘણીઘણી સગવડોની આશા રાખે એ હું સમજું છું પણ છતાં મારી સ્થિતિથી તે કદી મૂંઝાઈ નથી તેમ જ એના જીવે કોઇ દી ઝખ મારી નથી. ઈ. સ. ૧૯૨૮ની સાલમાં હું સખ્ત બીમાર પડ્યો અને લાગલાગટ એક વર્ષ સુધી ખાટલે રહ્યો; એ દિવસોમાં મારા ઘરનો ખર્ચ અનહદ મોટો થઇ ગયો; આવે અણીને વખતે પણ એક બે મિત્રોએ મને મોટી એવી રકમ આપવાની વાત કરી તેમને મારી

સ્ત્રીએ જવાબ આપ્યો, 'હજી મારું ઘરેણું મારી પાસે પડ્યું છે. મારાં ઘરેણાંને સંઘરીને હું તમારા રૂપિયા લઉં એનો અર્થ તો એ થયો કે એમના જીવ કરતાં મને ઘરેણું વધારે વહાલું છે. જરૂર પડયે તમારી પાસેથી જરૂર મદદ માગીશ.'

આનો અર્થ કોઇ એવો ન કરે કે અમે બહુ ગરીબીમાં જીવન ગાળીએ છીએ. મારાથી પણ વધારે ઉચ્ચ કોટિના પણ મારાથી વધારે ગરીબાઈમાં જીવન ગાળનારા મારા મિત્રોને જોઉં છું ત્યારે મને મારી સ્થિતિ એક તવંગરની સ્થિતિ લાગે છે.

મેં મારા કુટુંબનો અને ખાસ તો મારી સ્ત્રીનો સહેજ વિસ્તારથી ચિતાર આપ્યો છે. મારા પોતાના જીવનની પાછળ અને તેને લઈને દક્ષિણામૂર્તિના કલેવરની પાછળ જે ભૂમિકા પડી હતી તેનું સ્વરૂપ જો હું ન ઓળખું તો મને અને દક્ષિણામૂર્તિને સમજવામાં એટલી ઊણપ રહી જાય. હું પોતે જેમ મારી કેળવણીથી ઘડાયો છું તેમ જ મારી જ્ઞાતિથી, મારાં સગાંવહાલાંઓથી, મારી સ્ત્રીથી ઘડાયો છું અને આખા મારા આ પ્રકારના ઘડતરથી હું પોતે દક્ષિણામૂર્તિને ઘડવા ઊભો થયો એ વાત સૌના ખ્યાલમાં આવવી જોઈએ. આ ચિત્રોમાં મારા પોતાના જીવનનાં બળાબળો સૌને ખ્યાલમાં આવે એ જ મારો ઉદ્દેશ છે.

આ પ્રમાણે શાળામાં હરિજનોને સ્થાન આપીને સંસ્થાએ પોતાનું સામાજિક પાસું બદલ્યું તે વખતે કેળવણીના ક્ષેત્રમાં પણ અમે ઠીક-ઠીક આગળ વધ્યા હતા. અમારું વિનયમંદિર રાષ્ટ્રીય શિક્ષણના એ જમાનામાં સૌનું ધ્યાન ખેંચી રહ્યું હતું. અમારા નવા બાલમંદિરે અમારી પ્રતિષ્ઠામાં મોટો વધારો કર્યો. અમારા નવા બાલમંદિરનું મકાન બાંધવા માટે અમારા સૌના મિત્ર અને ગાંધીજીના નવા આંદોલનને ઝીલવાના ઉત્સાહવાળા શેઠ હીરાલાલ અમૃતલાલે પોતાના પિતાના સ્મરણમાં રૂપિયા વીશ હજારની ઉદાર સખાવત કરી અને એ મકાનનું ઉદ્‌ઘાટન પૂ. કસ્તુરબાના પવિત્ર હાથથી થયું. તે દિવસથી માંડીને હજી સુધી શ્રી. હીરાલાલભાઈ બાળકેળવણીના અને મોન્ટીસોરી પદ્ધતિના

હિમાયતી રહ્યા છે અને મોન્ટીસોરી સિદ્ધાંતોનો મોટા પાયા પર પ્રચાર થાય તેની પાછળ તેમણે ઠીકઠીક દ્રવ્ય ખરચ્યું છે.

બરાબર આ જ અરસામાં મેં મુખ્ય ગૃહપતિનું પદ છોડયું. સંસ્થાના પહેલા દિવસથી માંડીને આજ સુધી હું વિદ્યાર્થીઓનો મુખ્ય ગૃહપતિ હતો અને એ વિભાગને કેન્દ્રમાં રાખીને સંસ્થાનું કલેવર મેં ઘડયું હતું. હવે સંસ્થાનો વિસ્તાર વધ્યે જતો હતો. એક અમારું ગૃહ, બીજું વિનયમંદિર અને ત્રીજું અમારું બાલમંદિર. આ ત્રણેય રીતસરના વિભાગો ઉપરાંત નવાં મકાનો ચણાવવાનું કામ તો ચાલતું જ હતું. અમે નાના પાયા ઉપર પુસ્તકો પણ બહાર પાડયે જતા હતા અને સંસ્થાનો વિસ્તાર જેમજેમ વધતો ગયો તેમતેમ નાણાં મેળવવાનું તેમ જ મેળવેલાં નાણાંના વહીવટનું કામ વધતું જ ગયું. આ સર્વને પરિણામે હું મુખ્ય ગૃહપતિ મટયો અને એકલો સંસ્થાનો નિયામક બન્યો. વર્ષો પછીથી મને પોતાને સ્પષ્ટ જણાયું કે મેં ગૃહપતિપદ છોડયું એ મારી ગંભીર ભૂલ હતી. સંસ્થાની સ્થાપના કરી ત્યારે એક વાત સ્પષ્ટઅસ્પષ્ટ રૂપમાં પણ મારા મનમાં હતી કે વિદ્યાર્થીઓનું જીવન સુધારવું એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. જીવન સુધારવાના કેળવણીના એકમાત્ર માર્ગ તરીકે અમે સંસ્થાનું છાત્રાલય ઊભું કર્યું અને ગૃહજીવન મારફત કેળવણીના પ્રશ્નને પહોંચવાનો ઇરાદો રાખ્યો. વિદ્યાર્થીઓ માત્ર શિક્ષણથી જ નહીં પરંતુ વિચારપૂર્વક જીવન જીવીને જ જીવનની તાલીમ મેળવી શકે છે એવી મારી પોતાની દૃઢ માન્યતા હતી; પણ મારા સાથીઓ આ બાબતમાં મારા જેટલા આગ્રહી ન હતા એ મને ઘણું મોડું સમજાયું. અમે વિનયમંદિરમાં નવાનવા પ્રયોગો કરવા તરફ વળ્યા. એને લઈને પણ અમારું લક્ષ ગૃહ તરફ ઓછું થયું. ઉપરાંત સંસ્થાનાં નાણાં એકઠાં કરવા માટે મારે અવારનવાર બહાર દોડવું પડતું હતું અને સાથેસાથે સ્થાનિક વિભાગોનું સામાન્ય સંચાલન પણ મારો વખત રોકતું હતું. આ સર્વનું પરિણામ એ આવ્યું કે હું ગૃહપતિપદથી છૂટો થયો અને વિદ્યાર્થીઓના સીધા પરિચયથી વિખૂટો પડેલો

એવો એકલો નિયામક થયો.

પાછળથી કેમ જાણે સંસ્થાનો આ ફેરફાર સંસ્થાને બંધબેસતો ન આવ્યો હોય તેમ હું અવારનવાર મુખ્ય ગૃહપતિ થયો છું–મારે થવું પડ્યું છે. પરંતુ એ સ્થાન પરથી મારો પગ તો એકવાર ઊઠ્યો તે ઊઠ્યો જ. મને પાછળથી સમજાયું તેમ તે દિવસે જ સ્પષ્ટ સમજાયું હોત તો હું મારા મુખ્ય ગૃહપતિના સ્થાન પર રહીને જ નિયામક બન્યો હોત અને એ રીતે જેટલું સંચાલન થઈ શકે એટલી જ મેં સંસ્થાને પહોળી કરી હોત. પરંતુ મેં અજાણ્યે જીવનની એક ભૂલ કરી નાખી અને આ ભૂલને માટે કેળવણીની આલમે મને માફી ન આપી એ હું બરાબર સમજું છું.

આજ સુધી હું ગૃહના ગૃહપતિ તરીકે એડોએડો અમારા ગૃહ-જીવન અને ગૃહ મારફત આખી સંસ્થાનું જીવન ઘડયે જતો હતો. મેં ગૃહપતિપદ છોડ્યું એનો સાચો અર્થ તો એ થાય કે સંસ્થાના મુખીએ ગૃહના અને સમગ્ર સંસ્થાના જીવનવ્યવહાર ઉપરથી પોતાની દૃષ્ટિ ઉઠાવી લીધી અને જે સંસ્થાને જીવનપ્રધાન સંસ્થા તરીકે ઊભી કરવી હતી તે જ સંસ્થાને કેમ જાણે શિક્ષણપ્રધાન સંસ્થા બનાવી મૂકી. મારી આ નાનીશી ભૂલને પરિણામે અમારું ગૃહ આશ્રમજીવન તરફ વળવું જોઈતું હતું તેને બદલે એકાદ બોર્ડિંગહાઉસ જેવું થવા તરફ વળ્યું અને અમે સૌ ઉચ્ચ જીવનના પૂજકો થવાને બદલે ઉચ્ચ શિક્ષણના અને અક્કલહોશિયારીના પૂજકો બન્યા. હું ગૃહપતિ મટ્યો ત્યારે મને આવા પરિણામનો સ્વપ્ને ય ખ્યાલ ન હતો. પાછળથી જ્યારે મને પોતાને આ વાત સ્પષ્ટ સમજાઈ ત્યારે પણ મારા મિત્રોને ન સમજાઈ.

બરાબર આ વખતે અમે અમારા કેળવણીવિષયક સિદ્ધાંતો બહાર પાડ્યા. આ રહ્યો એનો ખરડો :

સંસ્થાના કેળવણીવિષયક સિદ્ધાંતો

૧. સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ અને પરિણામે વિદ્યાર્થીઓની જવાબદારી.

૨. શિક્ષા અને ઇનામ તેમજ કોઈપણ જાતના ભય અને લાલચનો સદંતર અભાવ.

૩. પરીક્ષાના ત્રાસમાંથી મુક્તિ.

૪. વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને શિક્ષણની યોજના કરવી.

૫. માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવું.

૬. કેળવણીમાં ઔદ્યોગિક તાલીમને સ્થાન આપવું.

૭. કલાના શિક્ષણને મહત્ત્વનું સ્થાન આપવું.

૮. રમતો, પ્રવાસો, ચર્ચાસંઘો, નાટકો અને ઇતરવાચનને અભ્યાસના વિષયો જેટલું જ મહત્ત્વ આપવું.

૯. હિન્દીનું શિક્ષણ ફરજિયાત રાખવું.

૧૦. સંસ્થાને રાષ્ટ્રીય રાખવી એટલે કે સરકારી સંસ્થાઓથી સ્વતંત્ર રાખવી.

૧૧. સહશિક્ષણ એટલે છોકરાછોકરીઓને સાથે ભણાવવાં.

૧૨. શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય એવા શિક્ષકો દ્વારા શિક્ષણ આપવું.

૧૩. શિક્ષકો અને ગૃહપતિઓ વિદ્યાર્થીઓના નિકટ પરિચયમાં રહે તેવી યોજના કરવી.

૧૪. સંસ્થાએ પોતે રચેલાં પાઠ્યપુસ્તકો વાપરવાનો આગ્રહ રાખવો.

૧૫. માનસશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતો ઉપર શિક્ષણની યોજના કરવી.

કેળવણીની કોઈપણ સંસ્થાને શોભે તેવો આ ખરડો છે. આજે પણ આપણી કોઈ સંસ્થા આ સિદ્ધાંતો અનુસાર ચાલતી હોય તો તેને આપણે પ્રથમ પંક્તિની સંસ્થા કહીએ. અમે જૂની પદ્ધતિની શાળાઓના ખોખાને ક્યારનું ફગાવી દીધું હતું અને સમગ્ર સંસ્થામાં કેટલાક

મૌલિક ફેરફારો સિદ્ધ કરી દીધા હતા. શારીરિક સજાને અમે સંસ્થામાંથી તદ્દન હાંકી કાઢી હતી એમ કહી શકાય. અમારા ગૃહમાં કોઈ વિદ્યાર્થીનો દૂધ કે શાકનો દંડ થતો નહીં, કોઈ વિદ્યાર્થીને અપરાધના પ્રાયશ્ચિત તરીકે સૂર્યનમસ્કાર કે ઊઠબેસ કરાવાતાં નહીં, કોઈ વિદ્યાર્થીને આપણને ન શોભે એવા શબ્દો અમે સંભળાવતા નહીં. અમારી શાળામાં અમે કોઈને ઠોઠ કે મૂર્ખ ન કહેતા, કોઈને નંબર ન ઉતારતા, કોઈને ઊભો ન રાખતા, તો સોટી મારવાની તો વાત જ ક્યાંથી હોય? અમારું બાલમંદિર બાળકો માટે નંદનવન હતું. આ રીતે આખી સંસ્થામાંથી ભયનું વાતાવરણ અમે દૂર કર્યું હતું અને પરિણામે આખી સંસ્થા વિદ્યાર્થીઓના અને શિક્ષકોના કલ્લોલથી ગુંજી ઊઠતી હતી.

વિદ્યાર્થીના વ્યક્તિત્વને અમે આદર આપ્યો એ એક જ વસ્તુથી વિદ્યાર્થીઓમાં નવો પ્રાણ ચમકવા લાગ્યો અને તેમના પોતાનામાં એક પ્રકારનું આત્મભાન જાગ્યું. સંગીત તેમ જ ચિત્રકામના શિક્ષણને અમે વિનયમંદિરમાં તેમ જ બાલમંદિરમાં સ્થાન આપ્યું. એ બંને વિષયોના ખાસ શિક્ષકોને અમે રોકયા અને સંસ્થાના રોજબરોજના જીવનમાં, સંસ્થાનાં પ્રદર્શનોમાં, સંસ્થાનાં સંમેલનોમાં, સંસ્થાના ઉત્સવોમાં આ બન્ને કલાના શિક્ષણે કોઈ અનોખી ભાત પાડી. અમે કાંતણ–પીંજણને પણ શાળામાં રીતસર દાખલ કર્યાં અને એ કામ માટે એક ખાસ શિક્ષકભાઈને રોકયા. રૂપિયા સાડાસાત હજારના ખર્ચે મોટું ખાદીશાળાનું મકાન ચણાવ્યું અને ઠીકઠીક વર્ષો સુધી અમે અખંડ રેંટિયાના ઉત્સવોને પણ ઊજવ્યા. એ જ રીતે અમારા વિનયમંદિરમાં સહશિક્ષણ દાખલ કર્યું અને વિનયમંદિરમાં ભણેલી આ બહેનોએ અમારી આખી સંસ્થામાં એક જાતની ભાત પાડી.

આ સિદ્ધાન્તોને જાહેરમાં મૂકયા ત્યારે અમે ઠીકઠીક વિચારો કર્યા હતા. આ સિદ્ધાન્તોને જે રીતે સમાજ પાસે રજૂ કરવામાં આવ્યા તેમાં અમે સૌ એકમત હતા. શરૂઆતનાં વર્ષોમાં આ સિદ્ધાંતોના અમલથી અમારી સંસ્થામાં નવો પ્રાણ આવ્યો અને અમારી રાષ્ટ્રીયતાને એક

બાજુ પર મૂકીએ તો પણ નવી કેળવણીની આલમમાં અમારી સંસ્થાએ અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું; કારણ કે જેમ આપણા દેશમાં આ વખતે રાષ્ટ્રીય કેળવણીનો પવન ફૂંકાતો હતો તેમ સુધરેલી દુનિયામાં નવીન કેળવણીનો પવન ફૂંકાતો હતો. નવીન કેળવણીનું હાર્દ અમે અમારા સિદ્ધાંતોમાં મૂકયું અને તેને મૂર્તિમંત કરવાના અમે પ્રયત્નો કર્યા. મને આજે પણ લાગે છે કે અમે આપણા દેશની કેળવણીમાં બીજો કશો ય ફાળો આપ્યો છે કે નથી આપ્યો એ વાતને એક બાજુ પર રાખીએ તો પણ દેશના તંગ વાતાવરણમાં નવીન સિદ્ધાંતોને લક્ષમાં રાખીને રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા અમે ઊભી કરી અને તે પણ અમારા પોતાના જ બળ ઉપર ઊભી કરી એ એક જ વસ્તુ ગુજરાતમાં દક્ષિણામૂર્તિના અસ્તિત્વને સાર્થક કરવા માટે બસ છે.

પણ અમે દુનિયાના અજાણુ હતા. અમે માનસશાસ્ત્ર જાણ્યું પરંતુ તે પુસ્તકોમાંથી જાણ્યું અને એ પુસ્તકો પણ પરદેશીઓના અનુભવોમાંથી ઊતરેલાં. અમે આ સિદ્ધાંતો તારવ્યા, એને ઘાટ આપ્યો, એને સ્વીકાર્યા અને તે પ્રમાણે સંસ્થામાં લાગુ પણ કર્યા; પરંતુ આ સિદ્ધાંતોના અર્થો અમે સૌ અમારી પોતપોતાની રીતે કરતા હતા અને એ અર્થોમાં જે અમે એકબીજાથી જુદા પડતા હતા એ વાતનો અમને તે દિવસે ખ્યાલ ન રહ્યો. અમે સૌ વિદ્યાર્થીના સ્વાતંત્ર્યમાં માનતા હતા; અમારામાંથી કોઇ સ્વચ્છંદમાં માનતા નહોતા અને છતાં મારી પોતાની સ્વાતંત્ર્યની મર્યાદા એક હતી, ગિજુભાઈની બીજી હતી, હરભાઇની ત્રીજી હતી, ગોપાળરાવની ચોથી હતી, ગિરીશ–માધવજીની વળી સૌથી જુદી હતી. સ્વાતંત્ર્યનો અમારો અર્થ એક રીતે તો અમારા સ્વભાવથી તેમ જ અમારી આજ સુધીની ઉછેરથી રંગાયો હતો; એટલે આ સિદ્ધાંતોનો અમલ શરૂઆતમાં કરતી વખતે અમે સૌ ઉત્સાહભર્યા હતા; પરંતુ પાછળથી અમારા અર્થભેદો જ્યારે અમને વધારે સ્પષ્ટ સમજાયા ત્યારે સંસ્થાનું વાતાવરણ થોડુંઘણું ડહોળાવા લાગ્યું અને અમને પોતાને પણ અમારા મતભેદો વધારે ઝીણવટથી સમજાવા લાગ્યા.

દક્ષિણામૂર્તિ જેવી કેળવણીની સંસ્થાએ એક વાત ધ્યાનનાં રાખવી જોઈએ. જે સંસ્થા કેળવણી મારફત જીવનના આદર્શો ઊભા કરવા માગતી હોય તે સંસ્થાનું ધ્યેય અને તેનો અમલ એકધારાં હોવાં જોઈએ. દક્ષિણામૂર્તિ સંસ્થા પાસેથી સૌ કોઈ એક પ્રકારના ઉચ્ચ જીવનની આશા રાખતું હતું. અમે પોતે પણ गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः। એ અમારા ધ્યાનમંત્રથી એ જ વસ્તુને અમારા ધ્યેય તરીકે સ્વીકારી હતી. આવી સંસ્થાઓમાં જ્યારેજ્યારે નવા કાર્યકરોને લેવામાં આવે ત્યારે આ બધા કાર્યકરોનાં જીવન સંસ્થાના ધ્યેયની સાથે બરાબર બંધબેસતાં છે કે કેમ તે તપાસવું જોઈએ. દક્ષિણામૂર્તિની શરૂઆતનાં વર્ષોમાં હું એક જ કાર્યકર્તા હતો અને અમે સૌ મહાત્મા શ્રીમાન્ નથુરામ શર્માના શિષ્યો હતા એટલે અમારાં જીવન લગભગ એક રંગે રંગાયેલાં હતાં. પાછળથી જ્યારે ગિજુભાઈ સંસ્થામાં દાખલ થયા ત્યારે તેમને દાખલ કરતી વખતે ઉપરનો વિચાર કરીને જ તેમને દાખલ કર્યા એવું નહોતું થયું પણ સામાન્ય રીતે ગિજુભાઈ સદ્‌ગત મોટાભાઈના ઘરમાં લાંબો કાળ રહેલા એટલે મારા અને તેમના પાસા બંધબેસતા થઈ જશે એવી શ્રદ્ધાથી અમે ચાલ્યા; પણ પાછળથી હરભાઈ આવ્યા, માધવજી આવ્યા, દાણીભાઈઓ આવ્યા ત્યારે નવીન કેળવણીનો ઉલ્લાસ એ એક વસ્તુ ઉપર અમે સૌ તલ્લીન હતા એટલે બીજી કોઈ વાતનો વિચાર કરવાનું અમને સૂઝ્યું પણ નહીં. મેં પોતે કોઈપણ મોટી સંસ્થા આજ સુધીમાં ચલાવી નહોતી એટલે સંસ્થાના સંચાલનમાં કેવીકેવી મુશ્કેલીઓ ઊભી થાય છે, આશ્રમ જેવી સંસ્થાઓમાં દાખલ કરવાનાં જીવનધોરણ કેવાંકેવાં હોવાં જોઈએ, જીવનમાં વૈવિધ્ય હોવા છતાં એ દેખીતા વૈવિધ્યની પાછળ એકતા કેવી રીતે છુપાઈને રહે છે એ બધી વસ્તુઓ તે દિવસે મારા ખ્યાલમાં ક્યાંથી હોય ? ભલભલા મિત્રો પણ જ્યારે એકબીજાની સાથે ખભેખભો અડાડીને કામ કરવા બેસે છે ત્યારે સ્વભાવભેદે, પદ્ધતિભેદે, ઉછેરભેદે એક બીજાની સાથે ગોઠવાઈ શકતા નથી અને એકબીજાની સાથે અથડાવાને

લીધે લાંબા વખતની મૈત્રીને પણ ગુમાવી બેસે છે. એવા અનુભવોમાંથી હું પસાર જ થયો ન હતો; એટલે આ વખતે અમે વેગથી વહ્યા જતા હતા પણ વર્ષો પછી જ્યારે અમારા વેગની નીચે છુપાયેલી આ વિષમતાઓનો મને ખ્યાલ આવ્યો ત્યારે જ મને થયું કે અમે લોકો, ખાસ તો હું, આવડી મોટી સંસ્થાનું સંચાલન કરવા માટે જે લાયકાત જોઈએ તે લાયકાત ધરાવતા ન હતા.

મારો અનુભવ તો એવો છે કે એક જ સંસ્થામાં કોઈપણ એક અદના માણસના મુખીપણા નીચે સૌએ ગોઠવાઈ જવું અને સંસ્થાના ગમે તેટલા વિભાગો હોય તો પણ તમામ વિભાગોએ એકબીજા સાથે ગાઢ સંબંધથી ગોઠવાઈને એક જ એકમ તરીકે કામ આપવું એ તાલીમ અમારે માટે નવી તો હતી જ પણ આપણા આખા દેશને માટે હજુ આજે પણ નવી છે. આપણા સમાજની આ મોટી ખામીને લઈને આપણે જીવતીજાગતી મોટી સંસ્થાઓને ઊભી કરી શકતા નથી અને પરિણામે આપણે સૌ શક્તિને છિન્નભિન્ન કરી નાખીએ છીએ.

પરંતુ તે દિવસે આ દિશામાં હું પોતે જ બાળક હતો એટલે મેં જેમ સૂઝયું તેમ અમારું ગાડું ચલાવ્યું અને આડાંઅવળાં પગલાં ભરવા માંડ્યાં.

સામાન્ય રીતે સંસ્થાઓ બે પ્રકારની હોય છે. એક પ્રકારની સંસ્થા એવી કે જેમાં કામ કરનારા ભાઈઓની વચ્ચે ઉપરી અને નોકરનો સંબંધ હોય; અને બીજા પ્રકારની સંસ્થા એવી કે જેમાં કામ કરનારા તમામ ભાઈઓ વચ્ચે પરસ્પર ભાઈભાઈનો સંબંધ હોય. પહેલા પ્રકારની સંસ્થામાં મુખ્ય માણસના હુકમને આધીન થવું એ દરેક સેવકની ફરજ છે. આ ફરજને અદા કરવામાં સેવક શિથિલતા બતાવે તો તેને તે સ્થાન પરથી મુખીએ હટાડી દેવો ઘટે. આવી સંસ્થાઓનું સંચાલન એક રીતે સહેલું છે અને તેની સફળતાનો આધાર મુખ્ય માણસની વ્યવસ્થાશક્તિ અને કડકાઈ ઉપર હોય છે.

બીજા પ્રકારની સંસ્થા એક તંત્ર હોવાથી તેનામાં તંત્રના તમામ

ગુણો તો હોવા જ જોઇએ. મુખ્ય માણસની વ્યવસ્થાશક્તિ અને નિર્ણય શક્તિનો તેમાં પણ પૂરેપૂરો ઉપયોગ છે જ; પરંતુ સાધારણ સંસ્થાઓમાં મુખ્ય માણસને પોતાના નિયમોનું પાલન કરાવવામાં કેવળ શિસ્તની ઉપર આધાર રાખવો પડે છે ત્યારે આ બીજા પ્રકારની સંસ્થાઓ એક મોટા કુટુંબ જેવી સંસ્થાઓ હોવાથી મુખી પોતે હુકમ કરતાં છતાં હુકમ કરે છે એમ માનતો નથી અને તેના મિત્રો હુકમને આમાદ઼ ઉઠાવતા હોવા છતાં પોતે કોઇ બીજાના હુકમને આધીન થાય છે એવું મનમાં પણ સમજતા નથી. આ બીજા પ્રકારની સંસ્થાઓ કાર્યકર્તાઓના પરસ્પરના હૃદયના સહકાર ઉપર અને આત્મવિલોપન ઉપર રચાયેલી હોય છે. દક્ષિણામૂર્તિ જેવી કેળવણીની સંસ્થાઓ આ બીજા પ્રકારની સંસ્થાઓ છે.

પરંતુ આ બીજા પ્રકારની સંસ્થાઓનો મુખ્ય આધાર તેના મુખ્ય સંચાલક ઉપર રહે છે. પોતાની સાથે કામ કરતા તમામ મિત્રોને પોતાના આદર્શથી રંગવા, તેમના હૃદયના છૂપા ખૂણાઓમાં પોતાના દિલના નાનામોટા સ્નેહતંતુઓને વીંટાળી દેવા, પોતાના બુદ્ધિપ્રભાવથી મિત્રોની બુદ્ધિને નિરંતર પ્રસન્ન રાખવી, પોતાના મિત્રોના જ્ઞાત-અજ્ઞાત તમામ ભાવોને સમજી લેવા અને આ રીતે પોતાના મિત્રોના દિલમાં પોતાના જીવનની સુવાસથી કાયમનું સ્થાન મેળવી લેવું એ આવી સંસ્થાના મુખીનું પહેલું લક્ષણ છે. જેનામાં આ પ્રકારની શક્તિ ન હોય તેણે આવી મિત્રોની સંસ્થા ચલાવવાની હામ ન ભીડવી જોઇએ. હું પોતે ઉપર જણાવેલી શક્તિવિહોણો હતો તે છતાં આવા આદર્શની પાછળ સંસ્થાને રચવાના મેં મનોરથો સેવ્યા એમાં જ મને મારી મૂર્ખતા લાગે છે. સાથેસાથે અત્યંત નમ્રતાથી એટલું પણ કહેવું જોઈએ કે ઉપર જણાવ્યા તેવા તમામ ગુણો મુખીમાં હોય તો પણ તેની સાથેના મિત્રોમાં આવી સંસ્થાના વાહકો તરીકે જે લાયકાત જોઇએ તે ન હોય તો પણ સંસ્થા નભી શકતી નથી. આ બધું ભાન મને તે દિવસે ન હતું. તે દિવસે તો પૂરપાટ અમે સૌ દોડયે જતા હતા

અને નાની જણાતી પણ અત્યંત જરૂરી એવી ઘણી વસ્તુઓના ઉકેલ તરફ બેદરકાર પણ એટલા જ હતા.

આ સ્થળે થોડુંએક વિષયાંતર કરીને પણ અમારી સંસ્થાના રાજ્ય સાથે કેવા સંબંધો બંધાયે જતા હતા તે મારે જણાવવું જોઈએ. અગાઉ જણાવી ગયો છું તેમ સંસ્થાની શરૂઆતના દિવસોથી માંડીને આખર સુધી પટ્ટણીસાહેબે મારા તરફ અને સંસ્થા તરફ કેવળ સદ્‌ભાવ જ વરસાવ્યો છે. ઘણી વખત રાજદ્વારી પુરુષોના સદ્‌ભાવો પણ રાજદ્વારી હોય છે. પટ્ટણીસાહેબનો સદ્‌ભાવ આવો રાજદ્વારી સદ્‌ભાવ ન હતો એ હું જાતઅનુભવ પરથી કહી શકું છું. તેઓ જબ્બર રાજદ્વારી પુરુષ હતા છતાં પણ રાજદ્વારી વેશ ક્યારે ધારણ કરવો અને ક્યારે એ વેશને ફગાવી દેવો એનો ઝીણો અને જાગતો વિવેક એમણે કેળવ્યો હતો.

હું અંગ્રેજી છઠ્ઠી ચોપડી ભણતો હતો એ અરસામાં પટ્ટણીસાહેબના પુત્ર અનંતરાય ભાઈને જનોઈ દેવાનો મંગળ પ્રસંગ આવ્યો. પટ્ટણીસાહેબ આ વખતે મહારાજા ભાવસિંહજીના ખાનગી સેક્રેટરી હતા. આ શુભ પ્રસંગે પ્રશ્નોરા જ્ઞાતિના થોડાએક આગેવાનોએ એક નાનો એવો મેળાવડો ગોઠવ્યો હતો અને આ મેળાવડામાં 'વૂલ્ઝીનું પતન' એ મથાળાવાળી કવિ જોનસનની કવિતા મારે બોલી સંભળાવવાની હતી. હું આ કવિતા બોલવા ઊભો થયો ત્યારે પટ્ટણીસાહેબ ઝંડુભટ્ટજીના પુત્ર અને શીઘ્રકવિ શંકરલાલજીના પગ પાસે લપાઈને બેઠા હતા. હું મારી પોતાની ઢબે કવિતા બોલ્યે જતો હતો અને આગેવાનો પટ્ટણીસાહેબના મોઢા ઉપરના ભાવો ઉકેલવા મથતા હતા; એવામાં કવિતાનો છેલ્લો ભાગ મારા મોઢામાંથી સર્યો : "મેં જેટલા પરિશ્રમથી મારા રાજાની સેવા કરી તેટલા પરિશ્રમથી મારા પ્રભુની સેવા કરી હોત તો એ પ્રભુ આ પળિયાં આવ્યાં છે તે વખતે મને છોડી ન દેત." મારા મોઢામાંથી આ શબ્દો પડ્યા ત્યાં તો પટ્ટણીસાહેબ સડાક કરતા ઊભા થયા, તેમણે અંગરખું ઠીકઠાક કર્યું, ખેસને ખભાપર ગોઠવ્યો અને તેઓ બોલ્યા; "એ વૂલ્ઝીને ભલે એવો અનુભવ થયો હોય. એનો રાજા અને એના ભગવાન જુદા

હશે; મારે તો રાજસેવા અને પ્રભુસેવા એક જ છે." આટલું બોલી પટ્ટણીસાહેબ ચાલતા થયા અને સમારંભ પણ ધીમી ગતિથી વિખેરાયો.

ત્યારપછી તો અમારો સંબંધ ધીમેધીમે વધતો ચાલ્યો. સંસ્થા શરૂ ગઈ ત્યારે જેમ મારો અને પટ્ટણીસાહેબનો સંબંધ ઠીકઠીક વધ્યો હતો તેમ સદ્‌ગત હરગોવિંદભાઈનો અને એમનો સંબંધ પણ વધ્યો હતો. સદ્‌ગત મોટાભાઈને પટ્ટણીસાહેબ એક સાધુપુરુષ તરીકે ઓળખતા હતા. સંસ્થાની શરૂઆતથી સંસ્થાના અને રાજ્યના સંબંધો મીઠાશથી ઘડાયા. રાજ્યે અમને વાપરવા માટે ધર્મશાળા આપી. રેલ્વે અમલદારોએ અમને નાનીમોટી સગવડો આપી અને વખત જતાં તો રાજ્યે ઉદારભાવથી સંસ્થાને જમીન વગેરે આપ્યાં.

પણ શરૂઆતનાં વર્ષોમાં આવી મીઠાશ કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં સુલભ હતી. ઈ. સ. ૧૯૨૦માં મહાત્મા ગાંધીએ દેશના રાજકારણમાં પગ મૂક્યો અને આપણી મહાસભાએ વિરાટ સ્વરૂપ ધારણ કરવા માંડ્યું ત્યારથી દેશી રાજ્યમાં પણ એક જાતની ભડક ઊભી થઈ અને અંગ્રેજ અમલદારોએ જેમ ખાદી તરફ અને મહાત્મા ગાંધીજીનાં કાર્યો તરફ સૂગ કેળવી તેમ દેશી રાજ્યના અમલદારોએ પણ એક પ્રકારની સૂગ કેળવી. કાઠિયાવાડમાં કહેવાય છે: 'સૂર્ય તપે એના કરતાં સૂર્યના તાપથી તપેલી રેતી વધારે તપે.' સૂર્યના તાપથી માણસ રીતસર દાઝે નહીં પણ તપેલી રેતી પર ચાલનાર આદમીના પગમાં ફોડલા પડે. એ જ રીતે ભડક અને સૂગ કેળવનારા અંગ્રેજો તો આપણને સ્વતંત્રતા સોંપીને ચાલતા થયા પણ આપણાં રજવાડાંઓની ભડક અને સૂગ તો આજે પણ ગયાં દેખાતાં નથી.

એવી ભડક અને સૂગ દક્ષિણામૂર્તિએ ભાવનગર રાજ્યમાં નથી અનુભવ્યાં એટલાં દક્ષિણામૂર્તિનાં અને અમારાં સૌનાં અહોભાગ્ય; એટલાં પટ્ટણીસાહેબનાં સૌજન્ય અને કુશળતા. ઈ. સ. ૧૯૨૦ની સાલ પહેલાં દેશી રાજ્યમાં પ્રજા જેવી કોઈ વસ્તુ છે એવો ભાગ્યે જ કોઈને ખ્યાલ હતો. લોકોની મહાજન નામની એક સંસ્થા વર્ષોથી ચાલી

આવતી હતી અને મહાજનને રાજ્યથી જુદું વ્યક્તિત્વ જેવું કશું ય હતું જ નહીં. ઈ. સ. ૧૯૨૦ પછીના લોકોને પોતાની અસ્મિતા પ્રગટી ત્યારે જ રાજ્યના અમલદારોને એ ખટકવા લાગી.

અમે સૌ ખાદીધારીઓ હતા. અમારી સંસ્થા ઉઘાડી રીતે રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા હતી. મહાસભાના કાર્યક્રમમાં અમે સૌ ભાગ લેતા અને છતાં પણ અમારી સંસ્થાને રાજ્ય તરફથી કોઈ દિવસ રુકાવટ થઈ હોય એમ મને સાંભરતું નથી. કાઠિયાવાડનાં દેશી રાજ્યોનો સામાન્ય અનુભવ તો એવો છે કે એ ધરતીમાં કોઈ સ્વતંત્ર જીવ ઊછરી શકે જ નહીં અને તેમ છતાં ઊછરવાની મહેનત કરે તો રાજ્ય એ ન ઊછરે તે માટે પણ પૂરી તકેદારી રાખે. જો આ અનુભવ સાચો હોય તો દક્ષિણામૂર્તિ એનો એકલો અટૂલો અપવાદ ગણાવો જોઈએ. આ રીતના અપવાદનો યશ હું તો ભાવનગરના અમલદાર વર્ગને અને ખાસ તો મર્હૂમ પટ્ટણીસાહેબને આપું. અમે દક્ષિણામૂર્તિના કાર્યકર્તાઓએ કોઈ દિવસ અમલદારોની ખોટી દખલગીરી અનુભવી નથી અને જ્યારે-જ્યારે એ આવી છે ત્યારેત્યારે અમે તેને વધાવી નથી.

પણ દક્ષિણામૂર્તિ આવી સફળતાથી આગળ વધે છે એ જોઈને સહેજે વિચાર તો આવે જ કે દક્ષિણામૂર્તિના કાર્યવાહકો અને તેમાં ય ખાસ તેના મુખી નાનાભાઇ રાજ્યના અમલદારોની ખુશામતથી તો આ બધું નહીં ચલાવતા હોય! આવી શંકા આવે તો આવે પણ ખરી. પરંતુ સંસ્થાએ અને મેં આટલાં વર્ષો દરમિયાન કોઈ દિવસ રક્ષણ માટે ખુશામતનો આશરો લીધો હોય એવું યાદ નથી. ઊલટું જ્યારેજ્યારે રાજ્ય તરફથી કોઇ પણ અંતરાય ઊભો થયો છે ત્યારે-ત્યારે સંસ્થા તેમ જ હું સત્યને વળગી રહ્યાં છીએ અને દેખીતી રીતે સંસ્થાને તેમ જ મને થયેલું નુકસાન સહી લીધું છે. દક્ષિણામૂર્તિના ઓગણત્રીસ વર્ષના જીવન ઉપર નજર કરું છું ત્યારે કેટલાય પ્રસંગો નજરે તરે છે કે જ્યારે સ્વમાનની ખાતર સંસ્થાએ મોટા લાભોને જતા કર્યા છે અને પરિણામે એ જ લાભો પાછા સંસ્થાના ખોળામાં આવીને પડયા છે.

દક્ષિણામૂર્તિના શરૂઆતના એ દિવસો હતા. અમારા છાત્રાલયના વિશાળ ચોગાનામાં ગણ્યાંગાંઠ્યાં મકાનો હતાં. મારું રહેવાનું ઘર તાજું તૈયાર થયું હતું અને હું, મારાં બા અને મારી સ્ત્રી ત્યાં રહેતાં હતાં.

એક દિવસ સાંજે હું ગામમાંથી ઘેર આવતો હતો ત્યાં અમારા ચોગાનમાં ૪૦–૫૦ રાતાફેંટાવાળા માણસો ફરે. તે દિવસે સંસ્થાને કમ્પાઉન્ડની દીવાલ કે દરવાજો ન હતાં. હું રસ્તા પર ચાલ્યો આવતો હતો; મારો ફેંટો મારા હાથમાં હતો; હું નજીક આવ્યો એટલે એક આદમી બોલ્યો: " માસ્તર, કૂતરી કાઢી નાખો, કૂતરી. "

હું આ માણસનું બોલવું સમજ્યો નહીં અને સીધો મારા ઘર તરફ આવ્યો. ડેલીને બારણે જ મારાં બા ને મારી સ્ત્રી ઊભાં હતાં. મારી બાએ કહ્યું: " આ રોયા કયારના ન બોલવાનાં વેણ બોલે છે ને હરઘડીએ આ બાજુ આંટા મારે છે. એને કાઢ, નહીંતર અમને બીજે મૂકી આવ. "

વાત એમ હતી કે દક્ષિણામૂર્તિમાં એક કાળી કૂતરી રહેતી હતી. આ કૂતરીને સાડાત્રણ પગ હતા; પણ એનાં ગલૂડિયાં ભારે સરસ! ખાસ્સાં રાભડા જેવાં લાગે. કોઈવાર રસ્તા પર ભાવસિંહજી મહારાજ નીકળ્યા હશે ત્યારે તેમણે આ કૂતરીનાં ગલૂડિયાં જોયાં ને તેઓ ખુશ થઈ ગયા. એમને પોતાને કૂતરાં પાળવાનો ભારે શોખ એટલે એમનાં ગલૂડિયાંને ધવરાવવા માટે આવી સારી કૂતરી મળે એવો એમનો મનોરથ. કૂતરીને જોઈને મહારાજ બંગલે ગયા ને તેમણે માણસોને એ કૂતરીને પકડી લાવવાનો હુકમ છોડ્યો.

હુકમ છૂટ્યો કે વાઘરીઓ બધા આવ્યા દક્ષિણામૂર્તિમાં અને કૂતરીને પકડવા, જાય છે ત્યાં તો કૂતરી નાઠી અને વિદ્યાર્થીઓએ કૂતરીને એક ચૂલ નીચે સંતાડી દીધી ને ઉપર મોટો એવો પટારો ગોઠવી દીધો. વાઘરીઓ મહારાજાને નામે જે તે બોલવા લાગ્યા ને દક્ષિણામૂર્તિના વાંદરા તેમને જવાબ આપવા લાગ્યા.

આ પ્રમાણે ચાલતું હતું ત્યાં હું આવી પહોંચ્યો. મેં માણસોને સમજાવવા માંડ્યા પણ મહારાજાના એ વાઘરીઓ શી રીતે સમજે? એ લોકો તો મને પણ ધમકાવતા હોય એમ એલફેલ બોલવા લાગ્યા. એમનો મુખી તો બોલ્યો : "માસ્તર, કૂતરી સોંપી દો નહીંતર જોયા-જેવી થશે."

મને ચાટી ગઈ! હું લાગલો જ ત્યાંથી શહેરફોજદારને ઘેર ગયો. આ વખતે નવનિધરાય નામના ફોજદાર હતા. મેં એમને બધી વાત સમજાવી ને વાઘરીઓ મારી હદ છોડી ચાલ્યા જાય એમ કરવા સૂચવ્યું. નવનિધભાઈ પણ મૂંઝાયા; પણ મારું કામ કરી આપવું જોઈએ એવી એમની બુદ્ધિ ખરી. તેમણે તરત જ ભાવસિંહજી મહારાજને મારી દેખતાં ફોન કર્યો.

"તો માસ્તરને કહો ને કે કૂતરી સોંપી દે. એના માગે એટલા રૂપિયા આપશું." મહારાજે ફોન પર જણાવ્યું.

"પણ માસ્તર તો કહે છે કે પહેલાં આ વાઘરીઓ જાય પછી બીજી વાત કરું."

"કૂતરી સોંપી દે એટલે એ બધા ય જશે." મહારાજા બોલ્યા.

"પણ માસ્તર તો કહે છે કે કૂતરીની વાત જ પછી; પહેલાં વાઘરીઓને આપ બોલાવી લ્યો. મહારાજાને કૂતરી જોઈતી હોય તો મહારાજા ખુશીથી માગે; તે કૂતરી એમની જ છે; પણ આ વાઘરીઓ શા માટે આવ્યા છે?" ફોજદારે ફોનમાં કહ્યું.

"તો ફોજદાર, એ વાઘરીઓને તગડી મૂકો ને તમે મારી પાસે આવો." મહારાજાએ જણાવ્યું.

તરત જ ફોજદારે પોલીસના માણસો મોકલ્યા ને વાઘરીઓને કાઢી મુકાવ્યા.

ત્યારપછી તો મોડામોડા ફોજદાર મારે ઘેર આવ્યા ને કહે :

"મને મહારાજાએ બોલાવ્યો હતો. મેં કહ્યું : 'આપ માગો ને માસ્તર કૂતરી ન આપે એ કેમ બને? પણ આપ કૂતરી લેશો તો માસ્તરના વિદ્યાર્થીઓ બધા રડશે. એ કૂતરી વિદ્યાર્થીઓની છે.' મારી વાત સાંભળી તરત જ મહારાજા બોલ્યા : 'તો મને કહેવું હતું ના! વિદ્યાર્થીઓની કૂતરી હોય તો મારે ન જોઈએ. જાઓ, માસ્તરને કહી આવો કે મારે કૂતરી નથી જોઈતી."

હું રાજી થયો, વિદ્યાર્થીઓ પણ રાજી થયા ને ફોજદાર ઘેર ગયા.

આવું એ દિવસોમાં કાઠિયાવાડના કોઈપણ રાજ્યમાં બને તો તે ભાવનગરમાં જ બને. મહારાજા માત્ર ઈચ્છા કરે એટલે ઇચ્છેલી ચીજ એમના ખોળામાં પડવી જ જોઈએ એવું દેશી રાજ્યોનું વાતાવરણ. આ આખાય કિસ્સાનો અંત ભાવનગરના મહારાજાએ ભાવનગર રાજ્યને શોભે એમ આણ્યો એમાં જ મહારાજા ભાવસિંહજીની મોટાઈ મેં જોઈ છે.

દક્ષિણામૂર્તિ આ ધરતીમાં જ ઊગે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીની સગીર ઉમ્મરમાં ઍડમિનિસ્ટ્રેશન કાઉન્સિલ રાજ્યનો વહીવટ કરતી હતી. સર પ્રભાશંકર તેના પ્રમુખ હતા અને મેજર બર્ક નામના અંગ્રેજ ઉપપ્રમુખ હતા. એકવાર અને દક્ષિણામૂર્તિ માટે જમીનના પ્લોટોની માગણી કરી અને રૂબરૂ મળવા માટે મને બોલાવ્યો હોવાથી હું મેજર બર્કને કાઉન્સિલમાં મળવા માટે ગયો. સર પ્રભાશંકર બીમાર હતા ને બોડતળાવ ઉપરના સુંદરાવાસના બંગલે રહેતા હતા. મીટિંગ પણ સુંદરાવાસમાં હતી એટલે હું ત્યાં ગયો. મીટિંગના વખત પહેલાં હું પાએક કલાક વહેલો હોઈશ. જઈને હું બેઠો એટલે બર્કસાહેબના સેક્રેટરી આવ્યા ને તેમણે મને પૂછ્યું :

"તમે કેમ આવ્યા છો?"

"બર્કસાહેબે મીટીંગ વખતે બોલાવ્યો છે એ માટે આવ્યો છું." મેં જણાવ્યું.

સેક્રેટરીએ મારી સામું જોઈને જણાવ્યું: "તમારો આ વેશ

કાઉન્સિલની મીટિંગમાં નહીં ચાલે. તમારે થોડી એટિકેટ તો જાણવી જોઈએ કે નહીં? તમને હું દાખલ ન કરી શકું."

હું ઊઠ્યો ને સુંદરાવાસનાં પગથિયાં ઊતર્યો. મને જતાં પટ્ટણી-સાહેબે જોયો હશે પણ તેઓ કાંઈ બોલ્યા નહીં. હું તો પગે ચાલીને આવ્યો હતો એમ જ પાછો ચાલતો થયો.

હું વિકટોરિયા પાર્કના દરવાજા પાસે પહોંચ્યો ત્યાં મારી પાછળ ભોં ભોં કરતી બર્કસાહેબની મોટર આવી, મારી પાસે ઊભી રહી ને અંદરથી કોઈ બોલ્યું : 'નાનાભાઈ, તમને મીટિંગમાં બોલાવે છે.'

હું મીટીંગમાં ગયો, બર્કસાહેબને મારી વાત સમજાવી ને માગેલા તમામ પ્લોટો સસ્તી કિંમતે દક્ષિણામૂર્તિ માટે લાવ્યો.

દક્ષિણામૂર્તિ આ ધરતીમાં ઊગે.

અમારા પર એજન્સીનો ડોળો હતો; એજન્સીના પોલીસ અધિકારીઓ એક યા બીજે બહાને કેટલીયે વાર અમારી સંસ્થામાં આવતા. સી. આઈ. ડી.નો તો પાર જ ન હતો. મેજર પિયર્સન પોતે પણ એકવાર આવેલા. આ બધાય પ્રસંગોએ ભાવનગર રાજ્યે એટલે રાજાએ અને અમલદારોએ અમારી ઢાલ બનીને અમને રક્ષ્યાપોષ્યા છે. એક વખત તો રાજ્યની પરવાનગી લીધા વિના એજન્સી અમલદાર અમારી સંસ્થાની મુલાકાતે આવ્યા તે માટે રાજ્યે એજન્સી સામે વાંધો પણ ઉઠાવ્યો હતો એમ મને યાદ છે.

દક્ષિણામૂર્તિ આ ધરતીમાં જ ઊગે.

પણ મારું કહેવું તો યથાર્થ જ છે કે ભાવનગરમાં દક્ષિણામૂર્તિ જેવી સ્વતંત્ર કેળવણીની સંસ્થા ઊગી અને ફૂલીફાલી તેનો યશ પહેલે નંબરે મહૂમ પટ્ટણીસાહેબને અને બીજે નંબરે જાય છે ભાવનગરની કેળવાયેલી અને સંસ્કારી પ્રજાને. આ બન્ને તત્ત્વો ન હોત તો દક્ષિણામૂર્તિ ઊગી જ ન હોત અથવા તો ઊગીને તરત જ કરમાઈ ગઈ હોત.

આ ઉપરથી કોઈ એવું ન સમજે કે મર્હૂમ પટ્ટણીસાહેબ પોતે લોકશાસનવાદી હતા અને તેથી જ દક્ષિણામૂર્તિ જેવી સંસ્થાને પોષણ આપતા. ખરી રીતે તો પટ્ટણીસાહેબ લોકશાસનવાદમાં માનતા જ નહીં. એમની તો એવી માન્યતા બંધાઈ હતી કે અનેક પ્રકારના રાજ્યતંત્રોના અનુભવ પછી જ આપણા શાસ્ત્રકારોએ રાજશાસનને વધારે આદર આપ્યો છે અને સારા રાજશાસનથી જ પ્રજા વધારે સુખી થવાની છે. પશ્ચિમના દેશોનો પ્રવાસ કર્યા પછી એમની આ માન્યતા વધારે દૃઢ થઈ હતી; એટલે એ પોતે ચુસ્ત રાજશાસનવાદી હતા; પણ લોકશાસન કે રાજશાસન ગમે તેમાં પણ માણસાઈનાં મૂલ્યો એ જ સાચાં મૂલ્યો છે એવી એમની દૃઢ પ્રતીતિ હતી અને આવી માણસાઈભર્યાં માણસોમાં તેમને શ્રદ્ધા હતી. અમારા સદ્‌ભાગ્યે અમારામાં એમને આવી થોડીઘણી માણસાઈ લાગી હશે એટલે અમે ફાલ્યાફૂલ્યા. ભાવનગર રાજ્યની ધરતીમાં એવું કાંઈક પડ્યું છે કે લોકો ઇચ્છે કે ન ઇચ્છે, અમલદારો ઇચ્છે કે ન ઇચ્છે પણ માણસાઈ પોતાનો માર્ગ કરે છે અને માણસાઈનો આવો કોઈક અંશ ભાવનગરની પ્રજાને ટકાવી રાખે છે. દક્ષિણામૂર્તિને પોષીને પટ્ટણીસાહેબે ભાવનગરની અને કાઠિયાવાડની માણસાઈ પોષી છે. વિચારકે વિચાર કરવો ઘટે : ‘ દક્ષિણામૂર્તિ ભાવનગરમાં જ કેમ ઊગી ? ભાવનગરની ભૂમિમાં એવાં કયાં બળો પડ્યાં છે કે ત્યાં આવી સંસ્થાઓ ઊગી નીકળે ? ’ ભાવનગરનાં બળાબળોનો પારખનાર શું બોલશે એની મને ખબર નથી.

દક્ષિણામૂર્તિના ભાવનગર રાજ્ય સાથેના સંબંધો જેમ મેં વર્ણવ્યા તેમ જ ભાવનગરની પ્રજા સાથેના સંબંધો પણ મારે વર્ણવવા જોઈએ. દક્ષિણામૂર્તિની સ્થાપના થઈ તે દિવસે રાજ્ય અને પ્રજા એ બે જુદીજુદી વસ્તુઓ છે એવો ખ્યાલ ન હતો રાજ્યને તેમ ન હતો પ્રજાને. એ વખતનું રાજ્ય એટલે રાજ્યતંત્ર અને પ્રજા એટલે મહાજન. તંત્રની તેમ જ મહાજનની બહાર જે અફાટ જનતા પડી છે તે જ સાચી પ્રજા છે અને તંત્રના તેમ જ મહાજનના ખુદ અસ્તિત્વનો ઉગમ

ત્યાંથી જ થવો જોઈએ એ હકીકત તે દિવસે તો શું, આજે પણ નથી પ્રજા પાસે સ્પષ્ટ તેમ નથી તંત્ર પાસે સ્પષ્ટ. આપણા આખા દેશ પાસે આ વિચાર સ્પષ્ટ રૂપમાં રજૂ કરીને તેને સિદ્ધ કરવાનો સૌથી મોટો યશ મહાત્મા ગાંધીજીને જવો જોઈએ. મારા પોતાના માનસમાં પણ આ વિચાર જેવો આજે સ્પષ્ટ છે તેવો ઈ. સ. ૧૯૨૦માં ન હતો; અને ઈ. સ. ૧૯૨૦માં હતો તેવો ઈ. સ. ૧૯૧૦માં તો બિલકુલ ન હતો.

સંસ્થા શરૂ કરી ત્યારે સંસ્થાના વ્યવસ્થાપકમંડળ ઉપર અમે બે ભાઈઓને ખાસ મૂકયા હતા: એક ભાવનગરના પ્રસિદ્ધ વકીલ ગુલાબરાયભાઈ અને બીજા ભાવનગરના એ જમાનાના મૂંગા સેવક ગોપાળજીભાઈ. એ બન્ને ભાઈઓ રાજ્યમાન્ય પણ હતા અને મહાજન-માન્ય પણ હતા.

પણ બીજી રીતે જોઈએ તો દક્ષિણામૂર્તિ કોઈ દિવસ ભાવનગરની સંસ્થા બની શકી નથી. દક્ષિણામૂર્તિનાં મકાનો ભાવનગરની ભૂમિ પર ઊભાં થયાં એ વાત સાચી; દક્ષિણામૂર્તિના કાર્યકર્તાઓ ભાવનગરના વતનીઓ બન્યા એ વાત સાચી; પણ અમારા વિદ્યાર્થીઓ ગુજરાતમાંથી અને બૃહદ્ ગુજરાતમાંથી આવતા; અમારાં નાણાં મોટે ભાગે ભાવનગરની બહારના કાઠિયાવાડીઓ અને ગુજરાતીઓ પાસેથી આવતાં; ભાવનગરના પ્રજાજનોએ અમારી સંસ્થા જોઈ છે તેના કરતાં ભાવનગર બહારના પ્રજાજનોએ ઘણી વધારે સંખ્યામાં જોઈ છે; ભાવનગરના શિક્ષકોએ અને વિદ્યાપ્રેમીઓએ અમને ઓળખ્યા છે તેથી ઘણા વધારે ઓળખ્યા છે બહારના શિક્ષકોએ અને વિદ્યાપ્રેમીઓએ.

ઈ. સ. ૧૯૨૦માં જ્યારે મહાત્મા ગાંધીજીએ દેશના રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યારે દેશને જેમ વીજળીનો એક આંચકો લાગ્યો તેમ કાઠિયાવાડને પણ લાગ્યો. એ વર્ષોમાં અમે ભાવનગરમાં પણ બાપુનો સંદેશ ફેલાવવા માટે કોંગ્રેસ કમિટી સ્થાપી. ખાદીનો પોશાકમાં પ્રવેશ થયો. નાનામોટા રાષ્ટ્રીય પ્રસંગો વખતે લોકજાગૃતિનાં મોજાં ઊછળવા લાગ્યાં. મને

યાદ છે કે દક્ષિણામૂર્તિના એક વાર્ષિક મેળાવડા પ્રસંગે જ ગાંધીજીને સરકારે પકડયાના સમાચાર આવ્યા એટલે સ્વ. મણિશંકર રતનજી ભટ્ટ જેવા સદ્‌ગૃહસ્થે અમારી પાસે મેળાવડો બંધ રાખવાની માગણી કરી અને મેળાવડો બંધ રહ્યો. આવા જ એક પ્રસંગે સ્વ. ચંદ્રશંકર પંડ્યા જેવા રાજ્યના સંમાનિત મહેમાન દરબારગઢ પાસેની જાહેરસભામાં હાજર થયા અને તેમણે દેશની રાજકીય પરિસ્થિતિ પર વ્યાખ્યાન આપ્યું. આવાઆવા નાનામોટા પ્રસંગોએ ભાવનગરની અને આખાય કાઠિયાવાડની પ્રજામાં એક જાતની જાગૃતિ ઊભી થઈ અને આખરે આ જાગૃતિએ ભાવનગરમાં પ્રજાપરિષદનું રૂપ લીધું ને રાજકોટમાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું રૂપ લીધું. આ બન્ને સંસ્થાઓ શરૂ થઈ ત્યારે એ જમાનાના ધુરંધર વૃદ્ધોએ તેમને ઘાટ આપ્યો; પણ દરમિયાન કાઠિયાવાડમાં જુવાનોનો એક નાનોએવો વર્ગ બાપુના અને સરદારના રંગે રંગાયે જતો હતો. કાળ પાકે છે ત્યારે જેમ જીર્ણ થયેલાં પાંદડાં ઝાડ પરથી આપોઆપ ખરી પડે છે તેમ વૃદ્ધો આ સંસ્થાઓમાંથી ખરી ગયા અને આ સંસ્થાઓ બાપુની અમીદૃષ્ટિથી સરદારની દોરવણી પ્રમાણે પોતાનો માર્ગ કાપતી રહી.

આ બન્ને સંસ્થાઓ તો કાઠિયાવાડની રીતસરની રાજકીય સંસ્થાઓ. દક્ષિણામૂર્તિ આવી રાજકીય સંસ્થા ન હતી. દક્ષિણામૂર્તિ કેળવણીની સંસ્થા હતી; પણ દક્ષિણામૂર્તિની કેળવણી એ સરકારી કેળવણી નહીં પણ રાષ્ટ્રીય કેળવણી. દેશમાં મોટા રાજકીય બનાવો બને, અંગ્રેજ સરકાર બાપુને કે સરદારને કેદમાં નાખે, પંજાબમાં મોટા હત્યાકાંડ થાય કે સરકાર તરફથી દમનનું મોટું મોજું ફેલાવાય ત્યારે સરકારી–દરબારી નોકરો કે સરકારી કેળવણી લેતા વિદ્યાર્થીઓ તેમાં રીતસર ભાગ ન લઈ શકે અને છતાં ભાગ લેવા જતા. તેમની અને સરકાર–દરબારની વચ્ચે નાનીમોટી અથડામણો ઊભી થાય જ. અમારા વિદ્યાર્થીઓ આ બાબતમાં વધારે ભાગ્યશાળી હતા. અમે પોતે જ આવા પ્રસંગોએ આવા પ્રસંગોમાં રીતસર ભાગ લેતા એટલું જ નહીં

પણ આવા પ્રસંગોને જ કેળવણીની દૃષ્ટિથી અમારી સંસ્થામાં ઉજવતા અને એ રીતે અમને પોતાને તેમ જ અમારા વિદ્યાર્થીઓને જીવંત રાજકારણની એક પ્રકારની તાલીમ મળતી. પરિણામ તો એ આવતું કે જ્યારે સરકારી–દરબારી શાળાઓમાં બારીબારણાં અને કાચ તૂટતાં, જ્યારે સરકારી–દરબારી શિક્ષકો વિદ્યાર્થીઓનાં આવાં તોફાનોથી અકળાઈ-ને દેશનેતાઓને અને સ્થાનિક નેતાઓને ભાંડતા, જ્યારે સરકારી–દરબારી શાળાઓના વિદ્યાર્થીઓનો આખોય દિવસ રજા મેળવવી અને બીજી શાળાઓને બંધ કરાવવાની ભાંજગડમાં પસાર થતો ત્યારે અમારી સંસ્થામાં ન તો કાચ તૂટતા, ન તો અમારે કોઈને ભાંડવા પડતા, ન તો અમારા વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડતો.

પણ અમારી સંસ્થા રાષ્ટ્રીય હતી તેમ આખરે તો કેળવણીની સંસ્થા હતી. અમે સૌ ચુસ્ત રાષ્ટ્રવાદીઓ હતા પણ આખરે શિક્ષકો હતા. પરિણામે અમારી અને રાજકીય ક્ષેત્રમાં કામ કરતા અમારા મિત્રો વચ્ચે ઘણીવાર ગેરસમજૂત થવા પામતી. આવી ગેરસમજૂતના કેટલાય પ્રસંગો મને આજે પણ યાદ છે. અહીં તો માત્ર વાનગી તરીકે એ પ્રસંગો નોંધું છું.

બારડોલીમાં આપણી લડત ઊપડી ત્યારે સરદારે ગુજરાતના જુવાનોને હાકલ કરી. દક્ષિણામૂર્તિમાં જુવાનો પડ્યા હતા. તેમણે એ સાંભળી અને પરિણામે મારા મિત્ર ભાઈ ગોપાળરાવ કુલકર્ણી સંસ્થામાંથી છૂટા થવાને બદલે નિયમ પ્રમાણેની રજા પર ઊતરી બારડોલી પહોંચી ગયા. બરાબર આ વખતે હું બહારગામ હતો. બે દિવસ પછી હું પાછો આવ્યો ત્યારે મને આ વાતની ખબર પડી. મેં આ પગલા સામે વાંધો લીધો અને મારું દૃષ્ટિબિંદુ રજૂ કરતો એક કાગળ બાપુને લખ્યો. બાપુએ મારા દૃષ્ટિબિંદુને યથાર્થ ગણ્યું એટલે મેં ભાઈ કુલકર્ણીને તાર કર્યો અને સંસ્થામાંથી છૂટા થઈને ત્યાં રહેવાનો અથવા તો તરત જ પાછા આવવાનો વિકલ્પ આપતો તાર કર્યો. આ તારના પરિણામે

ભાઈ કુલકર્ણીએ સંસ્થામાં પાછા ફરવાનો વિકલ્પ સ્વીકાર્યો અને તેઓ તરત જ પાછા આવ્યા; પણ કુલકર્ણી પાછા ફર્યા પછીનું તળ ભાવનગરનું તેમ જ ગુજરાતનું વાતાવરણ ભારે ગરમ થઈ ગયું. આ ગરમીને મારે સહન કર્યે જ છૂટકો હતો. હું 'બીકણ' ઠર્યો, હું 'દ્રોહી' ઠર્યો. ગુજરાતમાં કલ્યાણજીભાઈ જેવા મિત્રો પણ મારી સામે ઊખળી પડ્યા; પણ હું મારી વાતને વળગી રહ્યો.

એકવાર બપોરેના જમીને હું સૂતો હતો ત્યાં ભાવનગરના એક મિત્રે આવીને મને જગાડ્યો અને કહ્યું : "મણિભાઈ કોઠારીએ કહેવરાવ્યું છે કે આવતી કાલે સવારે દક્ષિણામૂર્તિમાં ધ્વજવંદન કરવાનું છે એટલે નાનાભાઈ તૈયારી કરે."

હું જાગીને બેઠો થયો અને બોલ્યો : 'મણિભાઈ કોઠારી કોણ ?'

'અરે આપણા મણિભાઈ; મણિભાઈ આજે મેલમાં આવે છે; મને આગળ મોકલ્યો છે.'

'દક્ષિણામૂર્તિના વ્યવસ્થાપકમંડળમાં એવો કોઈ માણસ નથી.' મેં જણાવ્યું.

'અરે આપણા મણિભાઈ, વઢવાણવાળા !'

'પણ ભાઈ, એ મણિભાઈ મને કહેવરાવે શી રીતે ? દક્ષિણામૂર્તિમાં ધ્વજ ચડાવવો ન ચડાવવો એ તો નક્કી કરે દક્ષિણામૂર્તિનો નિયામક અથવા તો વ્યવસ્થાપકમંડળ. મણિભાઈ શી રીતે કહેવરાવે ? હું એ માનતો નથી. હું વ્યવસ્થા કરવાનો નથી.' મેં જણાવ્યું.

'ત્યારે એમ કહો ને કે તમે ધ્વજ ચડાવવાના નથી.'

'હા; એમ સમજો તો એમ.'

સાંજ પડી; મણિભાઈ ભાવનગર સ્ટેશને ઊતર્યા. તેમને મારો તાર તો ક્યારનો પહોંચી ગયો હતો એટલે તેઓ મારી સાથે રિસાયા, તેમણે ધ્વજવંદન બીજે કર્યું. ધ્વજવંદનમાં હું ગયો ત્યારે મારી સાથે બોલ્યા પણ નહીં.

મણિભાઈની ધરડી રીસ ઠીકઠીક ચાલી. બાપુ જ્યારે હરિજન-કામ માટે કાઠિયાવાડમાં આવ્યા ત્યારે મણિભાઈ કોઠારી વઢવાણથી તેમની સાથે થયા અને બાપુની સાથે જ ઊતર્યા; પણ બાપુના આ આશ્રમમાં મણિભાઈએ મારી સામે ઉપવાસ આદર્યા. આખરે બાપુએ તેમને સમજ પાડી અને મણિભાઈની રીસ ઉતારી.

આવી નાનીમોટી ગેરસમજૂતો એ દિવસોમાં જ આવતી એમ નથી; હજી આજે પણ આવી ગેરસમજૂતો ચાલુ છે અને મને લાગે છે કે હું જીવીશ ત્યાં સુધી ચાલશે.

આવી ગેરસમજૂત થાય તેમાં હું મિત્રોને બહુ દોષ દેવા માગતો નથી. એક તો સર પ્રભાશંકર સાથેના મારા સંબંધો એટલા નિકટ હતા કે મારાં આવાંતેવાં પગલાં હું એમને ખાતર ભરતો હોઈશ એમ મિત્રોને સહેજે લાગે. પછીથી પણ હું શ્રીમાન અનંતરાય પટ્ટણી સાથે ઊઠું-બેસું એટલે મિત્રોને સહેજે એમ લાગે કે અનંતરાય પટ્ટણીને હું તેમનાં પગલાંઓમાં સાથ તો નહીં આપતો હોઉં ? પણ સમગ્ર પટ્ટણી-કુટુંબ સાથેના મારા સંબંધોમાં મેં કોઈ દિવસ મારું વિચારસ્વાતંત્ર્ય વાણીસ્વાતંત્ર્ય કે ક્રિયાસ્વાતંત્ર્ય ગુમાવ્યું નથી.

પણ મારા વિષેની આવી ગેરસમજણ માટે હું પોતે પણ ક્યાં જવાબદાર નથી ? મારા પોતાના મનના બંધારણમાં જ એવું કંઈક પડ્યું છે કે મારા મિત્રોને મારા પગલા વિષે જ્યારે શંકા પડે ત્યારે એ શંકાથી અકળાઈને તેમને સમજાવવાને બદલે આવી શંકાથી મને એક પ્રકારનો આનંદ થાય છે અને 'આપણે પોતે ચોખ્ખા હોઈએ તો આવી ખોટી નિંદા તરફ શા માટે હસવું નહીં ?' એવા વિચારથી હું મારા મનને વધારે ટટ્ટાર રાખું છું. જ્યારેજ્યારે મિત્રો મારા હેતુઓ વિષે ગેરસમજ ઊભી કરે છે ત્યારેત્યારે હું વધારે જાગૃત થાઉં છું અને મિત્રોના વિરોધથી વધારે નિર્મળ થાઉં છું.

પણ હું દક્ષિણામૂર્તિ સંસ્થાનો અને આજે આંબલાની ગ્રામ

દક્ષિણામૂર્તિ સંસ્થાનો મુખી રહ્યો એટલે મારા વિષેની આ ગેર-સમજણનાં પરિણામો મારી સંસ્થાને પણ કોઈવાર ભોગવવાં પડે; પણ મને તો પૂરો વિશ્વાસ છે કે મારો દેહ પડ્યા પછી એક દિવસ મારા મિત્રોને મારી વાતો સમજાશે અને બધી ગેરસમજણ ધોવાઈ જશે.

ઈ. સ. ૧૯૨૦થી અમે રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાનું રૂપ પકડ્યું. આ દિવસોમાં ખાદી એ રાષ્ટ્રીયતાનું એક મોટું ચિહ્ન હતું. દક્ષિણા-મૂર્તિએ ગૂજરાત વિદ્યાપીઠની માન્યતા લીધી તેને પરિણામે અમારી સંસ્થામાં ખાદીનો પ્રવેશ થયો. દક્ષિણામૂર્તિના કેળવણીના સિદ્ધાંતોનો ખરડો અમે બહાર પાડ્યો તેમાં ઉત્પાદક શરીરશ્રમને મહત્ત્વનું સ્થાન આપ્યું એટલું જ નહીં પણ અમારા જ એક વિદ્યાર્થી ભાઈ અમી-ચંદને ખાદી માટેની ખાસ તાલીમ લેવા માટે મોકલ્યા અને પાછળથી તેમને જ અમારા ખાદીવિદ્યા શિક્ષક તરીકે રોકીને અમારા વિનયમંદિરના શિક્ષણક્રમમાં દરરોજનો કાંતવાનો ચોક્કસ વખત આંક્યો. મને બરાબર યાદ છે કે એ દિવસોમાં અમે સૌ શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓ ખૂબ કાંતતા. પાછળથી તો અમારી પોતાની વણાટશાળાનું મકાન પણ ઊભું થયું. રાષ્ટ્રીય ઉત્સવોના દિવસોમાં જ્યારે અમારી વણાટશાળામાં અખંડ રેંટિયા ગુંજતા અને રામભાઈ પાઠક જેવા અઠંગ વિદ્યાર્થી ૨૪ કલાકમાં એક મિનિટ પણ રેંટિયો અટકે ત્યારે આંખ કાઢતા ત્યારે તો પૂર્ણાહૂતિના પ્રસંગો ભૂલ્યા ન ભુલાય એવા ભવ્ય બનતા.

પણ કાળ વહેતો ગયો તેમ, દેશમાં જેમ ખાદીનાં પાણી ઊતર્યાં તેમ અમારે ત્યાં પણ ઊતર્યાં. શરૂઆતનો જુસ્સો ઓસર્યો એટલે દેશમાં, વિદ્યાપીઠના શિક્ષક–વિદ્યાર્થીવર્ગમાં તેમ જ દક્ષિણામૂર્તિના શિક્ષક-વિદ્યાર્થીવર્ગમાં ખાદી તરફનો ભાવ ઓછો થતો ગયો એટલે અનાયાસે ખાદી પણ ઓછી થઈ. દક્ષિણામૂર્તિમાં વિદ્યાર્થીઓ કાંતવાના વખતમાં સંતાવા લાગ્યા, ખોટીખોટી હાજરી પુરાવવા લાગ્યા, સત્રને અંતે કાંતેલું સૂતર તોડવા લાગ્યા, રેંટિયા બગાડવા લાગ્યા અને ભાઈ અમી-

ચંદને ખાદીશિક્ષક મટીને છૂપી પોલીસ થઇ ને હરભાઇ પાસે ફરિયાદો લઈ જવાનો એક ધંધો ઊભો થયો. એ દિવસો આજે યાદ કરીએ ત્યારે હસવું આવ્યા વગર રહેતું નથી. આ દિવસોમાં અમારી સંસ્થામાં માનસશાસ્ત્રના અભ્યાસની ઠીકઠીક પ્રગતિ થઈ હતી અને વિદ્યાર્થીઓના અભ્યાસમાં જ્યારેજ્યારે ખામી દેખાય ત્યારે એ ખામીઓનો માનસ-શાસ્ત્રની દષ્ટિએ ઉકેલ શોધવાનો રિવાજ ઊભો થયો હતો. એવું થાય કે કોઈ એક વિદ્યાર્થી કાંતવાના વખતે વણાટશાળામાં જઈને હાજરી પુરાવે અને તરત જ રેંટિયાને સહેજ બગાડે એટલે અમીચંદ ચિડાય, વિદ્યાર્થીને આચાર્ય હરભાઈ પાસે ઘસડી જાય અને હરભાઈ વિદ્યાર્થીની સાથે વાતો કરી વિદ્યાર્થીએ રેંટિયો શા માટે બગાડ્યો તેની પાછળ તેના મનમાં રહેલા કારણને શોધવા મથે અને એ દિવસની ૪૫ મિનિટને અંતે વિદ્યાર્થીને પાછો મોકલે. પાછળથી હરભાઈ શિક્ષક-મંડળમાં આવા વિદ્યાર્થીઓના માનસનું પૃથક્કરણ પણ ચર્ચે અને એ શાસ્ત્રીય ચર્ચાને પરિણામે વિદ્યાર્થી ન કાંતે તે ન જ કાંતે ને અમી-ચંદની રીસ દિવસેદિવસે વધતી જાય. દરમિયાન દક્ષિણામૂર્તિમાં મરજિ-યાત–ફરજિયાતની ફિલસૂફી ઊભી થઈ એટલે કાંતવું ફરજિયાત શા માટે હોવું જોઈએ એ મહાપ્રશ્ન ઊભો થયો. માનસશાસ્ત્રની ભાષામાં કહેવું હોય તો હું કહી શકું કે અમારા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓનો મોટો ભાગ કાંતવા માગતો ન હતો પણ કાંતવાનું બંધ કરીએ એટલે અમે રાષ્ટ્રીય ટળી જઈએ; રાષ્ટ્રીય ટળી જવું એ અમને પ્રતિષ્ઠાની દૃષ્ટિથી પોસાય તેમ ન હતું એટલે અમે ખાદીને કોઇપણ રીતે ટકાવી રાખવા માટે અનેક તરકીબો ઊભી કર્યા કરતા. વિદ્યાર્થીઓને રસ નથી પડતો કારણ કે અમીચંદભાઇને પોતાને રસ ઓછો છે એમ અમે ઠરાવ્યું અને પરિણામે ખાદીકામનું સુકાન અમારે ત્યાં બાપુભક્ત તરીકે પંકાયેલા ભાઈ ગોપાળરાવ કુલકર્ણીને સોંપ્યું. પાછળથી જ્યારે અધ્યા-પનમંદિરો શરૂ થયાં ત્યારે તો વાત જ મૂકો. અધ્યાયનમંદિરના વિદ્યાર્થીઓએ કાંતવું કે કેમ એ પ્રશ્ન ઊભો થયો. પ્રશ્નની તત્ત્વચર્ચા તો

બાજુ પર રહી; પરંતુ જો ગિજુભાઈના વિદ્યાર્થીઓ ન કાંતે તો હરભાઈના વિદ્યાર્થીઓનો કયો એવો ગુનો છે કે એમણે કાંતવું જ જોઈએ? એવું સ્વરૂપ આખાય સવાલે ધારણ કર્યું. સંસ્થાનું શાસ્ત્ર સૌના મનમાં ગણગણતું હતું કે ન કંતાય તો વાંધો નથી પણ એ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કે અંગત માન્યતા પ્રમાણે આચાર કરવાની અમારામાં નૈતિક હિંમત ન હતી. પરિણામે ખાદીને ટકાવી રાખવાના અમે જે જે પ્રયત્નો ઊભા કરતા તે તે પ્રયત્નોને અમે જ લૂલા પણ બનાવતા.

કારણ? કારણ સ્પષ્ટ છે. અમને પોતાને જ ખાદીમાં શ્રદ્ધા ન હતી. ખરી વાત તો એટલી કે ખાદીજીવનની સ્પષ્ટ કલ્પના વિના અને ખાદી એ તો માત્ર ખાદીજીવનનું પ્રતીક છે એવી સ્પષ્ટ સમજણ વિના કોઈ પણ શાળામાં ખાદી ટકે શી રીતે? ખાદી, અસ્પૃશ્યતા-નિવારણ, ઉત્પાદક શ્રમ, બ્રહ્મચર્ય એ બધાંય ખાદીજીવનનાં અવિભાજ્ય અંગો છે એવી થોડી પણ સ્પષ્ટ કલ્પના મને થઈ ત્યારે તો હું ભાવનગર છોડીને આંબલા આવ્યો. મને પોતાને ખાદીજીવન તરફ તે દિવસે પણ ન સમજાય તેવું આકર્ષણ તો હતું જ પણ મિત્રો પાસે સ્પષ્ટ શબ્દોમાં મૂકવા જેટલી અને તેમને ગળે ઉતારવા જેટલી સ્પષ્ટતા મને પણ ન હતી. આ તૂટતી પરિસ્થિતિમાં થોડો ઉમેરો થયો. દક્ષિણામૂર્તિના જે વિદ્યાર્થીઓ ગૂજરાત વિદ્યાપીઠમાં આગળ અભ્યાસ માટે ગયા હતા તેઓ લાંબીટૂંકી રજાઓ દરમિયાન આવતા ત્યારે ખાદીની ખુદ વિદ્યાપીઠમાં કેવી દશા છે તેનાં રમૂજી ચિત્રો હરભાઇ પાસે મૂકતા અને હરભાઈ રસથી એ વર્ણનો સાંભળતા એટલે વિનયમંદિરમાં ખાદીને ટકાવવાનાં હરભાઈનાં મોટાંમોટાં પ્રવચનો પણ અંદરથી કેમ જાણે પોલાં થઈ જતાં. અમે સૌ વિદ્યાસભાની બેઠકમાં હાજર થતા ત્યારે અનેકવાર ખાદીના પ્રશ્નને ચર્ચતા અને એને કેવી રીતે વેગ આપવો એ વિચારતા ત્યારે દોષ ક્યાં અને કોને માથે ઓઢાડવો એ જ અમારો મુખ્ય વ્યવસાય બની જતો હતો. ગિજુભાઈના અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓએ નથી કાંત્યું એ પ્રશ્ન આવે ત્યારે હરભાઈ પોતાના હસ્તક

ચાલતી વણાટશાળામાંથી એ વિદ્યાર્થીઓને સાધનો પૂરાં પાડતા નથી એવો આખો ય કેસ ગિજુભાઈએ એક વકીલની હોશિયારીથી તૈયાર જ રાખ્યો હોય એ રજૂ કરે અને બિચારા કાંતવાની ધગશવાળા એ વિદ્યાર્થીઓને કેમ જાણે હરભાઈની અવ્યવસ્થાથી કાંતવું બંધ રાખવું પડતું હોય એવી હવા ઊભી કરવા મહેનત કરે. આવો જ પ્રશ્ન વિનય-મંદિરના વિદ્યાર્થીઓ માટે આવે ત્યારે હરભાઈ અમીચંદભાઈને માથે ટોપલો ઓઢાડે; પણ 'ખાટલે ખોટ, તો કહે પાયો જ નથી' એવી વાત હતી. સાથેસાથે અમારી સંસ્થાનો વિસ્તાર, અમારી વિદ્વત્તા, અમારી પ્રતિષ્ઠા, અમારી સમૃદ્ધિ, અમારું ખર્ચાળપણું, અમારી વાક્ચાતુરી એવી રીતે વચ્ચે જતાં હતાં કે એ સર્વનો ખાદીની સાથે મેળ ખાવો મુશ્કેલ હતો.

આ રીતે પાછલાં વર્ષોમાં ખાદી અને દક્ષિણામૂર્તિ વચ્ચે કેમ જાણે મોટી વિસંગતિ ઊભી થઈ. આ પરિસ્થિતિ મારા મિત્રોના મનમાં કેવી સાલી હશે એ હું કહી ન શકું પણ મને પોતાને તો ખૂબ જ સાલતી હતી. આવી વિસંગતિ વિષે એકવાર મારી ભારે માંદગી દરમિયાન મારા એક મિત્રે બાપુ પાસે ફરિયાદ કરી ત્યારે મેં પોતે દુખાતે હૈયે એનો સ્વીકાર કર્યો અને ખુદ વિદ્યાપીઠ તરફથી અસ્વીકાર લેવાની તૈયારી બતાવી. આ સ્થિતિ દક્ષિણામૂર્તિમાં જ હતી એમ ન હતું. ગુજરાતની તમામ રાષ્ટ્રીય શાળાઓમાં અને ખુદ વિદ્યાપીઠમાં પણ આ જ પરિસ્થિતિ હતી. આવી વિસંગતિને વ્યવહારની ભાષામાં આપણે એક જાતનો ઢોંગ જ કહી શકીએ પણ હું પોતે એને ઢોંગ તરીકે ચલાવતો ન હતો. હું પોતે પ્રામાણિકપણે ખાદી દક્ષિણામૂર્તિમાં ટકે અને સૌના રસથી ટકે એવી મુરાદ સેવતો હતો અને ખાદીને રજા આપીને દક્ષિણામૂર્તિના જીવનમાં એકધારાપણું લાવવાને બદલે જીવનનાં બીજાં પાસાંમાં ફેરફાર કરીને ખાદીને ટકાવવાનાં સ્વપ્નો સેવતો હતો; પણ ગાંધીજીએ વર્ધાયોજનાની પહેલવહેલી જાહેરાત કરી તે પહેલાં મારા મનમાં ચાલતા વિચારોને હું પોતે પણ સ્પષ્ટ પારખી નહોતો શકયો. વર્ધાયોજના બહાર

પડી કે તરત જ મારાં આકાર વિનાનાં સ્વપ્નો આકાર પકડવા લાગ્યાં અને દક્ષિણામૂર્તિમાં ધરમૂળથી ફેરફારો કરવાનો મારો નિર્ધાર થઇ ચૂક્યો.

આ અમારી સંસ્થાનો ખાદીનો ઇતિહાસ. દક્ષિણામૂર્તિના જીવનમાં ખાદીએ જે પ્રાણ પૂર્યો છે તેને આજે પણ હું ગૌરવથી યાદ કરું છું અને અમે સૌ મિત્રો વધારેઓછા રસથી પણ પ્રામાણિકપણે ઠેઠ સુધી ખાદીને વળગી રહ્યા એ માટે હર્ષ અનુભવું છું. મારા જે મિત્રો એ દિવસે મારી સાથે હતા તેઓના જીવનમાં આજે ખાદીનું કેવું અને કેટલું સ્થાન છે એ હું જાણતો નથી પણ દક્ષિણામૂર્તિમાં આદરેલી આ ભાંગીતૂટી ખાદીપૂજાએ મારા માટે ભવિષ્યના જીવનનો અને ગ્રામ-સેવાનો માર્ગ ઉઘાડ્યો એમાં મને શંકા નથી.

અમારી રાષ્ટ્રીયતા બતાવનારાં આવાં બીજાં બેત્રણ લક્ષણો ગણાવી શકાય. એક તો અમે અમારી શાળામાં હિંદુ–મુસલમાનો સૌને દાખલ કર્યા. દક્ષિણામૂર્તિ શરૂ થઈ ત્યારે એ એક રીતે હિંદુસંસ્થા હતી પણ ગૂજરાત વિદ્યાપીઠની સાથે જોડાણ થયા પછી જેમ હરિજનો આવી શક્યા તેમ જ મુસલમાન ભાઈઓ પણ આવી શકે એવો અમે ઠરાવ કર્યો. જો કે દક્ષિણામૂર્તિમાં કોઈ મુસલમાન વિદ્યાર્થી ભાગ્યે જ અભ્યાસ માટે રહ્યો પણ અમારા મનથી અમારો નિર્ણય પાકો હતો. દક્ષિણામૂર્તિના જાહોજલાલીના દિવસોમાં મુંબઈના એક શ્રીમંત વેપારીએ દક્ષિણામૂર્તિમાં હું માત્ર હિંદુઓને જ દાખલ કરવાનું સ્વીકારું તો ઘણી મોટી સખાવત આપવાનું જણાવ્યું પણ મેં એ મોટી સખાવતને જતી કરી.

એવી જ રીતે અમે હિંદીને રીતસર અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું અને એટલા માટે તો જેમની માતૃભાષા હિંદી હતી એવા સ્વ. શ્રી. મણિભાઇ દુબેને ખાસ સારા પગારથી રોક્યા.

એ સિવાય અંગ્રેજી કેળવણીની અસરમાંથી મુક્ત થયાનાં બીજાં બાહ્ય ચિહ્નો તરીકે અમે અઠવાડિક રજાનો દિવસ રવિવારને બદલે

સોમવાર રાખ્યો; સૌને બેસવા માટે આસનો અને બાજોઠ દાખલ કર્યા, રાષ્ટ્રીય તહેવારો, ધ્વજવંદન, લોકનાયકોની જયંતીઓ વગેરેને રીતસર સ્થાન આપ્યું અને ભાવનગરમાં જ નહીં પણ કાઠિયાવાડમાં બાપુના એક કેન્દ્ર તરીકે અમને સ્થાન મળ્યું.

પણ રાજકીય સેવકોના મનમાં અને લોકમાનસમાં રાષ્ટ્રીયતાની બીજી બાજુ હતી. એમાં દક્ષિણામૂર્તિએ પોતાની વિશિષ્ટ મર્યાદાઓ આંકી અને આવી વિશિષ્ટ મર્યાદાને લીધે કાઠિયાવાડ–ગુજરાતમાં અમે ટીકાને પાત્ર પણ થયા. રાષ્ટ્રીય સેવકોના મનમાં અને સામાન્ય લોકોના મનમાં તે દિવસે તો હતું જ અને આજે પણ હોય તો નવાઈ નહીં કે દેશમાં જ્યારેજ્યારે સરકારની સામે ઝુંબેશ ઊપડે ત્યારે રાષ્ટ્રીય-શાળાના તમામ શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ તેમાં કૂદી પડવું અને આ ઝુંબેશ પતી જાય ત્યારે નવી ઝુંબેશ ઊપડે ત્યાં સુધીમાં ભણવું શક્ય હોય તો ભણવું. બીજી બાજુએ સ્થાપિત સરકારની અને એ સરકારના તમામ શિક્ષકોની નીતિ એવી હતી કે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય હિલચાલમાં જરા જેટલો પણ ભાગ લે કે સભામાં જાય કે સૂત્ર પોકારે કે હોઠ ફફડાવે તો વિદ્યાર્થીને, તેનાં માબાપને અને તેના વાલીને, જે મળે તેને દમડાવવાં અને સરકારી તંત્રનું એ રીતે રક્ષણ કરવું.

અમે દેશી રાજ્યમાં પડ્યા હતા. અમે દક્ષિણામૂર્તિની સ્થાપના કરી એની પાછળ સીધો કે આડકતરો કોઈ પણ રાજકીય ઉદ્દેશ ન હતો. કેળવણી સમગ્ર જીવનવ્યાપી પ્રવૃત્તિ તરીકે જેટલો રાજકીય ક્ષેત્રનો સ્પર્શ કરે તેટલો કરે જ. ઉપરાંત બાપુના રચનાત્મક કાર્યના નિયમો મુજબ અમે રાજકારણથી સંસ્થાને અલગ રાખી હતી અને તેથી જ એ દિવસોની નાનીમોટી ઊથલપાથલોમાં પણ અમે ટકી રહ્યા. સરકાર સામેની લડતે જ્યારે ઈ. સ. ૧૯૩૦માં વિરાટ સ્વરૂપ ધારણ કર્યું ત્યારે હું લડતમાં ગયો પણ સંસ્થામાંથી છૂટો થઈને ગયો; વિદ્યાર્થીઓ ગયા તે પણ સંસ્થામાંથી છૂટા થઈને અને માબાપોની

સંમતિ મેળવીને ગયા અને એ રીતે અમે સંસ્થાની સીધી રાજકીય હિલચાલથી અલિપ્તતા જાળવી રાખી. આ મોટી લડત પછી ખુદ કાઠિયાવાડમાં નાનીનાની ઘણી લડતો થઈ પણ તેમાં અમે કોઈ રીતસર ન પડ્યા તે ન જ પડ્યા. મને યાદ છે ઈ. સ. ૧૯૩૦ની સાલમાં હું, ભાઈ ભાસ્કર અને ૧૫ જેટલા અમારા વિદ્યાર્થીઓ વીરમગામમાં કામ કરતા હતા અને ગિજુભાઈ તારાબેન લડતમાં પડવા માટે ઘડીઓ જોતાં હતાં ત્યારે એક પ્રસિદ્ધ રાષ્ટ્રીય શિક્ષક દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં આવ્યા અને ગિજુભાઈને કહે, 'જે વખતે દેશ આખો ય સળગી રહ્યો છે તે વખતે આ સંસ્થાને ચાલતી જોઇને હૈયું ઊકળી ઊઠે છે. આજે તો દેશમાં ડોશીઓ જ ઘેર હોય.' આ ભાઇને ગિજુભાઇએ કહ્યું : " તમે 'કેળવણીની ડોશીઓ' એવો એક લેખ અમારી વિરુદ્ધ લખો એટલે હું તેને દક્ષિણામૂર્તિ ત્રૈમાસિકમાં છાપું." એ જ ગિજુભાઈ અને તારાબેન વખત પાક્યો ત્યારે લડતમાં પડ્યાં. જેઓ ઉપલકિયા દૃષ્ટિથી રાજકારણમાં પડ્યા હોય છે તેઓ સમજતા નથી કે રચનાત્મક કાર્ય એ દેશના ઉત્થાનનું સાચું કાર્ય છે અને રાજકીય લડત એ તો આવા કાર્યકર્તાનો એક જાતનો આપદ્ધર્મ છે. કોઇપણ સ્થાપિત સરકાર જ્યારેજ્યારે સાચા લોકઉત્થાનના કાર્યને મુશ્કેલ અથવા તો અશક્ય બનાવી મૂકે ત્યારે તેની સામે અહિંસક પ્રતિકાર ઉગામવો એ બાપુની લડતનું હાર્દ છે. આ કારણોને લઈને અમે અમારી મર્યાદાને વળગી રહ્યા, તેમજ પ્રસંગે તેને તોડી.

આટલું દક્ષિણામૂર્તિ સંસ્થાનું રાષ્ટ્રીય પાસું. પણ દક્ષિણામૂર્તિ જેમ રાષ્ટ્રીય સંસ્થા હતી તેમ જ તે કેળવણીની સંસ્થા હતી. દક્ષિણામૂર્તિ સંસ્થા રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા હતી તે છતાં તેમ જ સરકારના સમગ્ર કેળવણીતંત્રની સામે અમે પોકાર કરતા તે છતાં સરકારી શાળાઓ અને સરકારી કેળવણીખાતાનો અમે આદર મેળવી શક્યા કારણ કે સરકારી કેળવણીખાતામાં તો ન હતી રાષ્ટ્રીયતા કે ન હતી કેળવણી. દક્ષિણામૂર્તિએ પોતાનો જન્મ થયો ત્યારથી જ ધીમેધીમે ખુદ કેળવણી-

ના ક્ષેત્રમાં ઠીકઠીક વિશિષ્ટતાઓ મેળવી હતી અને કેળવણીના ક્ષેત્રમાં મેળવેલી આ થોડીઘણી વિશિષ્ટતાઓથી જ અમારું અને દક્ષિણામૂર્તિનું જીવન સાર્થક ગણાય.

દક્ષિણામૂર્તિની આ વિશિષ્ટતાઓ અને એની પાછળ રહેલાં બળાબળોને મારે હવે જોવાં જોઈએ.

પણ હવે તો હું આપણા મૂળ પ્રવાહથી ઘણો દૂર ચાલ્યો ગયો. આજે હવે પાછો મૂળ પ્રવાહને કાંઠે કાંઠે ચાલવા લાગું છું.

અમે ગૂજરાત વિદ્યાપીઠ સાથે જોડાયા ત્યાર પછીનાં થોડાંએક વર્ષો આર્થિક મુશ્કેલીનાં આવ્યાં અને ઈ. સ. ૧૯૨૩ની સાલ આખરે અમે પૈસાની ઠીકઠીક ભીડમાં પડ્યા. આ અરસામાં અમારા જૂના મિત્ર અને આફ્રિકાના શાહસોદાગર શેઠ નાનજી કાલિદાસ મહેતાએ મને ફંડ માટે આફ્રિકા આવવાનું આમંત્રણ આપ્યું. શેઠ નાનજીભાઈ સાથેનો દક્ષિણામૂર્તિનો પરિચય જૂનો હતો. થોડાં વર્ષો ઉપર જ્યારે સંસ્થા શ્રીમાન્ નથુરામ મહારાજની છાયામાં ચાલતી હતી તે વખતે સદ્ગત ગોવિંદજી ડાહ્યાભાઈ વકીલના અનુરોધથી શેઠ નાનજીભાઈ અને તેમનાં પત્ની સૌ. સંતોકબહેન લગ્ન કરીને તરત જ દક્ષિણામૂર્તિમાં આવેલાં અને તેમણે દક્ષિણામૂર્તિને પુસ્તકાલયના ઉપયોગ માટે રૂપિયા દસ હજારની મોટી સખાવત કરેલી. તે દિવસથી માંડીને ઠેઠ છેલ્લી ઘડી સુધી દક્ષિણામૂર્તિનું પુસ્તકાલય એ “શેઠ નાનજી કાલિદાસ પુસ્તકાલય” તરીકે ઓળખાયું છે અને શેઠ નાનજીભાઈની રૂપિયા દસ હજારની રકમ મકાનમાં વાપરવાને બદલે અમે તેનો ઉપયોગ પુસ્તકો ખરીદવામાં કરી શક્યા છીએ એ અમારા આનંદની વાત છે. આજે દક્ષિણામૂર્તિનું એ પુસ્તકાલય કોઈપણ અદ્યતન કેળવણીની સંસ્થાને અભિમાન લેવા જેવું પુસ્તકાલય ગણી શકાય.

શેઠ નાનજીભાઈના આમંત્રણને મેં ઝડપી લીધું અને હું આફ્રિકા જવા તૈયાર થયો. ઈ. સ. ૧૯૨૪ના ફેબ્રુઆરી માસમાં હું આફ્રિકા

જવા ઊપડ્યો અને મેં પૂરું એક વર્ષ આફ્રિકામાં ફંડ કરવામાં ગાળ્યું. અમે બીલખા આશ્રમની છાયામાંથી બહાર આવ્યા પછી અમારે અમારા પોતાના જ પગ ઉપર ઊભા રહેવાનું આવ્યું એટલે સંસ્થામાં ધીમેધીમે પોતાના પગ ઉપર ઊભા રહેવાની તાકાત કેળવાવા લાગી. એની સાથેસાથે જ આશ્રમની છાયા નીચે હતા ત્યાં સુધી અમે સૌ આશ્રમના વિરોધમાં એક હતા તે વિરોધ દૂર થતાં અમે પરસ્પર એક છીએ કે કેમ તે તપાસવાનો પ્રશ્ન પણ ઊભો થયો.

અમે સૌ કેળવણીના સામાન્ય સિદ્ધાંતોમાં અને ઉપરછલા વ્યવહારમાં એક હોવા છતાં વસ્તુત: એકબીજાથી જુદા હતા એનું ભાન અમને હવે ધીમેધીમે થવા લાગ્યું અને આજ સુધી જે પ્રશ્નો અમારી સામે ઊભા થયા જ ન હતા તે પ્રશ્નો એક પછી એક ડોકિયાં કરવા લાગ્યા; પણ અમારી આર્થિક ભીંસ એવી હતી કે આવા પ્રશ્નો ડોકિયાં કરે તો પણ તેના તરફ ધ્યાન આપવાની ફુરસદ અમને ન હતી.

સંસ્થાનો મુખ્ય કોણ? સંસ્થાનો બાહ્ય મુખી કોણ અને સાચો મુખી કોણ? સંસ્થાની આર્થિક જવાબદારી કોને શિરે? સંસ્થાના કાર્યવાહકોના પરસ્પર સંબંધો કેવા હોવા જોઈએ? સંસ્થાના આજીવન સભ્યો સૌ એક કોટિના કે ચડતી ઊતરતી કોટિના? સંસ્થાના કાર્યકર્તાઓનાં કુટુંબોનો સંસ્થા સાથેનો સંબંધ કેવો હોય? સંસ્થાના જુદાજુદા વિભાગોનું એકીકરણ કોણ કરે? આજીવનસભ્યો અને અન્ય શિક્ષકોની વચ્ચે કેવા સંબંધો હોવા જોઈએ? આ અને આવા સિદ્ધાંતોના તેમ જ વ્યવહારના અનેક પ્રશ્નો એક પછી એક ઊઠતા જતા હતા અને અમે સહુ ઉપરથી એક દેખાતા હોવા છતાં અંદરથી ખરેખર કેટલા જુદા હતા તે હવે અમને સમજાવા લાગ્યું. હું આફ્રિકા જવા તૈયારી કરતો હતો ત્યારે પણ મારા કોઈકોઈ મિત્રોને હું ખરેખર આફ્રિકા જઈશ કે જવાની તૈયારી બતાવીને છેવટ જવાનું માંડી વાળીશ એવી શંકાઓ પડેલી. છેલ્લે જ્યારે મુંબઈથી સ્ટીમરમાં ચડ્યો ત્યારે જ

એ શંકા દૂર થઈ; પણ આ બધી વાતોનો વિચાર મૂકવાનું આગળ ઉપર વધુ ફાવશે માટે આજે તો હજી મૂળ પ્રવાહને વળગી રહું છું.

હું આફ્રિકા જવા તૈયાર થયો ત્યારે મારા કુટુંબના સંજોગો જોઈએ તેવા અનુકૂળ ન હતા. મારે મારી સ્ત્રીને તથા બે નાનાં બાળકોને એકલાં મૂકીને જવું પડે તેમ હતું. ઉપરાંત આટલો લાંબો વખત અજાણ્યા પ્રદેશમાં અને તે પણ આફ્રિકા જેવા દેશમાં ગાળવો પડે એ મારાં કુટુંબીજનોને ચિંતાનો વિષય હતો. સંસ્થાની રીતે બોલીએ તો સંસ્થાનું સ્થાનિક મારા હસ્તકનું કામ વહેંચી દેવું પડે તેમ હોવાથી તેની એકધારી વ્યવસ્થા કરી શકાય તેમ ન હતું. પરંતુ આવી તમામ મુશ્કેલીઓ સામે સંસ્થાની આર્થિક ભીંસ ડોળા કાઢીને પડી હતી એટલે મારે ગયા સિવાય બીજો રસ્તો ન હતો. સંસ્થાના મુખ્ય રસોઈયા ભાઈ ગૌરીશંકરને મેં મુસાફરીમાં મારી સાથે લીધા. હું ભાવનગર છોડી મુંબઈ આવ્યો ત્યારે મારા મન ઉપરના ભારમાં થોડોએક વધારો થયો. મુંબઈમાં મને શેઠ નાનજીભાઈનો તાર મળ્યો કે તેઓ કોઈ અનિવાર્ય સંજોગોને લઈને દેશમાં પાછા આવે છે અને મારે તેમની ગેરહાજરીમાં આફ્રિકામાં ફરવું પડશે. આ સમાચારથી મને આઘાત તો થયો પણ આઘાત થવા દીધે પાલવે તેમ ન હતું એટલે હું મારા વિચારને વળગી રહ્યો. બરાબર આ જ વખતે એક બીજો કિસ્સો બન્યો. મુંબઈમાં મારા એક મિત્ર શ્રી. નર્મદાશંકર રામજી રહેતા હતા. બહુ નાની અવસ્થાથી એ મારા ઘરના દીકરા જેવા થઈ રહ્યા હતા. મુંબઈમાં તે ઇવાન્સ ફ્રેઝરની પેઢીમાં કામ કરતા હતા. તેમને પોતાના ધંધાના જ્ઞાન ઉપરાંત જ્યોતિષનો સારો એવો અભ્યાસ હતો અને શાસ્ત્રીય અભ્યાસ ઉપરાત ઠીકઠીક ટોકાવિદ્યા પણ હતી. હું મુંબઈ ગયો ત્યારે ભાઈ નર્મદાશંકર મને મળવા આવ્યા અને મેં સહેજે પૂછ્યું: "કેમ નર્મદ! હું આફ્રિકા જાઉં છું. જોષમાં શું આવે છે?" ભાઈ નર્મદાશંકર મનમાં થોડુંએક ગણિત ગણવા લાગ્યા અને ડોકું ધુણાવીને મને કહે, "નાનાભાઈ, ન જાઓ તો સારું. આફ્રિકાથી થોડા વખતમાં

માંદા પડીને ઘેર આવવું પડશે." મેં ભાઈ નર્મદાશંકરની વાતને મશ્કરી જેવી માની અને તેમ કહ્યું પણ ખરું; પણ ભાઈ નર્મદાશંકર તો પોતાની વાતમાં મક્કમ હતા અને મને ન જવા માટે તેમણે આગ્રહભરી સલાહ આપી. અમારી વાતચીતને અંતે મેં કહ્યું : "નર્મદ! જવું છે એ ચોક્કસ છે અને કામ કર્યા વિના પાછો ફરવાનો નથી એ પણ એટલું જ ચોક્કસ સમજજે." ભાઈ નર્મદાશંકરે હાથ ખંખેર્યા અને હું આફ્રિકા ગયો.

ભાઇ નર્મદાશંકરનો જોષ સાચો પડ્યો અને સાથેસાથ મારો નિર્ણય પણ સાચો પડ્યો. આફ્રિકા પહોંચ્યા પછી ચોથે મહિને જ્યારે હું નૈરોબી આવ્યો ત્યારે એક દિવસ એક ભારે અકસ્માત બન્યો. નૈરોબીમાં એક દિવસ બપોરના હું જમવા બેઠો ત્યારે ભોજનને અંતે નિયમ પ્રમાણે મેં ગરમ દૂધ પીધું અને પીધું કે તરત જ મને ખૂબ ઊલટી થઇ. ઊલટી થયા પછી તરત જ હું બેભાન થઈ ગયો અને મિત્રોએ મને બેભાન અવસ્થામાં જ પલંગમાં સુવાડી દીધો. તરત જ મને ૧૦૪ ડિગ્રી તાવ ચડ્યો અને ડૉકટરે મારા માટે ચિંતા દેખાડી. આ દિવસે અગાઉથી નક્કી કર્યા પ્રમાણે મારે નૈરોબીમાં એક જાહેર ભાષણ કરવાનું હતું. સાંજના ૭ વાગે ડૉકટરની ના હોવા છતાં હું નૈરોબીના અવીદીના હોલમાં ભાષણ કરવા ગયો અને રાત્રે આવીને પાછો પડ્યો તે પડ્યો. મારી માંદગીએ ઠીકઠીક જોર પકડયું અને ડૉકટરોએ મને દેશમાં પાછા ફરવાની સલાહ પણ આપી. પલંગમાં પડ્યો ત્યારથી જ ભાઇ નર્મદાશંકરનો જોષ મને સાંભરતો હતો. ડૉકટરની દેશમાં જવાની સલાહને મેં જરાય સ્વીકારી નહીં. નૈરોબીની આ માંદગી પૂરેપૂરો એક માસ ચાલી અને એક માસ પછી હું ઝપાટાબંધ સાજો થવા લાગ્યો. મારી માંદગીની આ હકીકત વર્ષને અંતે જ્યારે હું મુંબઇને કિનારે ઊતર્યો અને જ્યારે ભાઇ નર્મદાશંકર ફરીથી મને મળવા આવ્યા ત્યારે મેં તેમને કહી અને આનંદ સાથે કહી. મારી માંદગીના સમાચાર ભાવનગરમાં મારાં કુટુંબીઓને તેમ જ મિત્રોને ભાવનગર પહોંચીને જ મેં કહ્યા.

આફ્રિકાનો મારો પ્રવાસ, પ્રવાસ દરમિયાન કરેલા ફંડના પ્રયાસો, આફ્રિકામાં થયેલા નવાનવા અનુભવો, આફ્રિકાની નવી મૈત્રીઓ, આ બધું આજે પણ જ્યારે સંભારું છું ત્યારે રોમાંચક લાગે છે. આફ્રિકામાં શેઠ નાનજીભાઇનો મહેમાન હતો. હું ગયો તે દિવસથી તે મેં આફ્રિકાનો કિનારો છોડયો ત્યાં સુધી મારી સગવડની તમામ નૈતિક જવાબદારી નાનજીભાઇએ પોતાને માથે સ્વીકારી હતી. હું યુગાન્ડામાં ફર્યો તે ત્રણ માસ દરમિયાન શેઠ નાનજીભાઈના ભાઈ શ્રી. મથુરાદાસભાઈ કાયમ મારી સાથે જ ફર્યા અને ખાસ મારે માટે ખરીદેલી એક મોટરમાં મને તમામ સ્થળોએ લઇ ગયા. યુગાન્ડા છોડવા પછી કેનિયામાં, જંગબારમાં, ટાંગાનિકામાં, હોડેશિયામાં, એ બધાં સ્થળોએ પણ શેઠ નાનજીભાઇએ પોતાના ખાસ મિત્રોને કાગળો લખીને મારા માટે વ્યવસ્થા કરી હતી.

આફ્રિકાના મારા આ પ્રવાસને હું બેત્રણ દૃષ્ટિથી વર્ણવી શકું છું. આફ્રિકા જવાનો મારો મુખ્ય ઉદ્દેશ સંસ્થા માટે ફંડ મેળવવાનો હતો. શેઠ નાનજીભાઇએ એવી ગણતરી કરી હતી કે આફ્રિકામાંથી મને એક લાખ રૂપિયા ઓછામાં ઓછા મળશે. પણ એમની ગણતરીમાં થોડોએક તફાવત પડયો—સ્થાનિક સંજોગોમાં ફેરફારને લઈ ને; એટલે સરવાળે એક લાખ રૂપિયાને બદલે મને રોકડા સાઠ હજાર રૂપિયા જેટલી રકમ મળી. આ ફેરફારનાં બીજાં કારણોની સાથે એક મોટું કારણ એ બન્યું કે હું ફંડ કરવા ગયો તે પહેલાં જ થોડા દિવસોએ મુંબઇના વનિતાવિશ્રામવાળી બે બહેનો આ જ પ્રદેશમાં ફંડ કરવા નીકળેલી અને આ બહેનોની વાક્ચાતુરી, એમનો બહેનો તરીકેનો પેગામ, વનિતાવિશ્રામવાળાં નાનીબહેન ગજ્જરની લાગવગ, એ બધાં કારણોને લીધે આ બહેનોને સારી એવી રકમ મળી અને એથી મારા પ્રયત્નમાં ઠીકઠીક ઊણપ રહી એમ આફ્રિકાના મિત્રો કહેવા લાગ્યા

હું ફંડ કરવા નીકળ્યો ત્યારથી જ સંસ્થાના મારા મિત્રોએ સારા એવા ફંડની આશા રાખેલી એ હું જાણું છું. આવી આશાને પરિ-

ણામે સંસ્થામાં, ખાસ કરીને તે વર્ષે, ઘણે છૂટે હાથે ખર્ચ થયો એ પણ નોંધવું જોઈએ. પૈસાદાર લોકોનાં છોકરાંઓ સાવ નિર્દોષ જણાતી રીતે પણ શા માટે વધારે ખર્ચ કરવા તરફ ખેંચાય છે એનું મને એ વખતે પહેલું દર્શન થયું. પોતાની પાસે વધારે પૈસા હોવા એ ભાન જ પૈસા ખર્ચવાની એક જાતની બિનજરૂરી છૂટ ઊભી કરે છે એવો મારો આજ સુધીનો અનુભવ છે. સંસ્થામાં અમે સહુ એટલા બધા જાગ્રત ન હતા કે પૈસા ગમે તેટલા હો કે ન હો પણ બિનજરૂરી ખર્ચ એક પાઈનો પણ ન થવો જોઈએ. અમારું આ માનસ ધીમેધીમે એવી રીતે કેળવાતું જતું હતું કે જતે દિવસે અમે અમારી યોજનાઓને માટે પૈસા ન મળે તો અધીરા થવા લાગ્યા, શ્રીમંતો તરફ અસહિષ્ણુતા રાખવા લાગ્યા અને પૈસા લાવનાર વ્યક્તિ પૂરેપૂરો પ્રયત્ન કરતી નથી એવી જાતની શંકાકુશંકાઓ સેવવા લાગ્યા. મધ્યમ પ્રકારની ગરીબાઇથી મનુષ્યના જીવન ઉપર જે એક જાતનો કાબૂ અનાયાસે ઊભો થાય છે એ અમે ગુમાવી બેઠા હતા. હું આફ્રિકા ગયો ત્યાર પછી અમે સંસ્થામાં થોડાંએક નવાં સાહસો ઊભાં કર્યાં. 'દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિક શરુ કર્યું, જુદાજુદા વિભાગોમાં નવીનવી યોજનાઓ શરૂ કરી અને વધારે કાર્યકર્તાઓની ભરતી પણ કરી. આ તમામ નવાં પગલાંઓના સંબંધમાં મારે કાને વાત નાખવા જેવી સભ્યતા પણ અમારે પાછળથી કેળવવી પડી એમ મને યાદ છે. મને અમારા સંસ્થાગત જીવનના આ ચિહ્નથી ક્રોધ ન ચડ્યો પણ દુઃખ થયું અને એ દુઃખ આફ્રિકાથી પાછા આવીને મેં મારા મિત્રો પાસે સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કર્યું. આ દુઃખને પરિણામે થોડાએક વખત સુધી અમારા નવા ત્રૈમાસિકમાં લેખ લખવાની પણ મારી કલમ ન ચાલી એ મને ચોક્કસ યાદ છે; પરંતુ મેં ઉપર જણાવ્યું તેમ આવા ડોકિયાં કરતા પ્રશ્નોને જોવા જેટલી ફુરસદ પણ અમને ન હતી એટલે અમે આગળ ચાલ્યા.

સીધી રીતે ફંડ સાથે સંબંધ નહીં રાખતી અને છતાં ફંડની

સાથે ગાઢ સંબંધથી જોડાયેલી એક વાત મારે અહીં જણાવવી જોઇએ. સંસ્થાનું ફંડ કરવાનું કામ મારી પાસે આવ્યું તેની સાથેસાથે જ સંસ્થાને જનસમાજની પાસે રજૂ કરવાનું કામ પણ મારી પાસે જ આવ્યું. લોકો (જનસમાજ) સંસ્થાને મારી મારફત ઓળખવા લાગ્યા; એટલે સંસ્થાનો આદર્શ મારે સમાજ પાસે રજૂ કરવો હોય તો રજૂ કરવાની રીતમાં જ એ આદર્શનું પ્રતિબિંબ પડવું જોઈએ એમ હું સમજું છું. એટલે સંસ્થાની હકીકતો રજૂ કરવામાં હું લેશપણ અતિશયોક્તિ ન કરું એ મારો ધર્મ થઈ પડ્યો. એવી જ રીતે સંસ્થાના ફંડ માટે હું આગ્રહ કરું તેમાં પણ મારા આગ્રહની એક હદ મારા મનથી મેં બાંધી દીધી હતી. કોઈપણ દાતાના પૈસા એની મરજી વિરૂદ્ધ મેળવવાનો પ્રયાસ મેં નથી કર્યો અને એકબે પ્રસંગોએ જ્યારે પાછળથી ખબર પડી છે કે દાતા ભાઈએ મરજી વિરૂદ્ધ દાન કર્યું છે ત્યારે એવાં દાનો મનમાં જરા ય ઓછું લાવ્યા વિના મેં પાછા મોકલ્યાં છે એમ મને યાદ છે.

જેમ સંસ્થાને રજૂ કરવામાં મારે એક જાતની નૈતિક કક્ષા જાળવવી પડી તેમ જ બીજી બાજુથી સામાન્ય જનસમાજ સંસ્થાના સંબંધમાં શું વિચારે છે તે જાણવાની પણ મને તક મળી. સંસ્થાના હિતસ્વીઓ, સંસ્થાના નિંદકો, સંસ્થાના સામાન્ય કોટિના ટીકાકારો, સંસ્થાના મિત્રો—આ બધા વર્ગો સંસ્થા સંબંધમાં શું શું વિચારે છે એ જાણવાનું મારી પાસે એક મોટું સાધન આવી પડ્યું અને એનો લાભ મારા અંગત જીવનમાં તેમ જ સંસ્થાના જીવનમાં નાનોસૂનો ન હતો એમ મારે કહેવું જોઈએ. જે માણસને કે જે સંસ્થાને પોતાના વિરોધીઓનો વિચાર જાણવાની અને તે જાણીને પોતાની જાતને તપાસવાની તક મળતી નથી એ વ્યક્તિ કે સંસ્થા દુર્ભાગી છે એમ હું દૃઢપણે માનું છું. આવું દુર્ભાગ્ય મને સાંપડ્યું નથી એને હું ભગવાનનો મારા ઉપર મોટો આશીર્વાદ સમજું છું.

આફ્રિકામાં જ્યાં જ્યાં હું રખડતો ત્યાં ત્યાં સામાન્ય જણાતાં

માણસોએ મને વિચારમાં નાખી દે એવા પ્રશ્નો પૂછ્યા છે, દેશજન તરીકે મારા ઉપર અસાધારણ ભક્તિ બતાવી છે, કાઠિયાવાડી ભાવથી મારું અતિથ્ય કર્યું છે અને પરદેશમાં વસતા કાઠિયાવાડીઓ ખુદ કાઠિયાવાડમાં પડેલાં પોતાનાં ભાઈબહેનો તરફ કેવા સ્નેહથી અને કેવી લાગણીથી જોયા કરે છે એનું ભાન કરાવ્યું છે. આ આફ્રિકાવાસી ભાઈબહેનોએ કાઠિયાવાડની દક્ષિણામૂર્તિ જેવી સંસ્થાઓ ઉપર વાસ્તવિકતાનો જે આખો પ્રકાશ નાખ્યો તે માટે હું એ ભાઈબહેનોનો સદાનો આભારી છું.

આફ્રિકાના પ્રવાસ સંબંધમાં ત્રીજી વાત ખુદ આફ્રિકાના પરિચયની.

આફ્રિકા એ મારા માટે પહેલવહેલો જ પરદેશ હતો. આજ સુધી હું આફ્રિકા જતી સ્ટીમરો જેવડી સ્ટીમરમાં પણ કોઈ દિવસ ફરેલો નહીં. આપણા દેશમાં પણ કાઠિયાવાડી ગુજરાતીભાઈઓ સિવાય બીજાઓનો પરિચય મને ઓછો. દેશનો કિનારો છોડીને પરદેશમાં પગ મૂક્યો કે તરત જ મારી આંખ ખુલી ગઈ. મુંબઈ છોડીને બરાબર અગિયારમે દિવસે હું મોમ્બાસા પહોંચ્યો. સ્ટીમર ઉપર તો અનેક નવા-નવા અનુભવો થયેલા. મોમ્બાસા ઊતરીને તરત તો યુગાન્ડા ઊપડી ગયો પણ યુગાન્ડામાં જઈને બીજે દિવસે નજર ફેરવી ત્યાં જ કેમ જાણે હું કોઈ નવી જ દુનિયામાં ઊતરી આવ્યો હોઉં એમ સ્પષ્ટ ભાન થયું. માણસના જીવનમાં ઘણીવાર બને છે કે માણસ નવી દુનિયામાં જાય ત્યારે પણ નવી દુનિયાને જીરવી શકતો નથી એટલે છાનોમાનો પોતાના ખિસ્સામાં સંઘરી રાખેલી જૂની દુનિયામાં પેસી જાય છે અને પોતાની જાતને સાચવે છે. મારા માટે આ દૃષ્ટિથી વિચારતાં બે જ માર્ગો હતાઃ કાં તો મારો દેહ આફ્રિકામાં ફરે ત્યાં સુધી ફરવા દેવો અને મારી માનસિક દુનિયાને બહુ જ કાળજીથી અને આગ્રહપૂર્વક જાળવી રાખવી; અથવા તો મારે મારા સ્વત્વને બરાબર જાળવીને આફ્રિકાની દુનિયાને ગ્રહણ કરવી અને મારા સ્વત્વની સાથે તેને વણી

દેવી. આ બીજો માર્ગ હું ગ્રહણ કરું તેને માટે મેં રીતસરના પ્રયત્નો કર્યા. મારે કહેવું જોઈએ કે સંસ્થા માટે ફંડ કરવાનું કામ એટલું બધું રસહીન છે કે માણસ લાંબા વખત સુધી એ કામ કરતાં કંટાળી જાય છે. મને પોતાને આ કામ માટે કોઈ દિવસ કંટાળો આવ્યો નથી એનું એક કારણ એ પણ છે કે ફંડ કરવાના કામની સાથે અને દાતાઓની પાસેથી દાન મેળવવાના કામની સાથે પણ મેં આ દાતાઓના માનસનો અભ્યાસ કરવાની અને તેમાંથી મારા પોતાના માટે સાર ખેંચવાની એક ટેવ પાડી છે અને આ ટેવને લઈને ફંડ કરવાનું કામ મને રસહીન લાગ્યું નથી. આફ્રિકામાં આપણા કાઠિયાવાડીઓ, આપણા ગુજરાતીઓ, આપણા હિંદીઓ, એ સહુને મળવાને મને મોકો મળ્યો અને આપણો દેશ, આપણા દેશભાઈઓ પરદેશમાં કઈ રીતે પથરાય છે અને કઈ રીતે જીવન ગાળે છે એ જોવાની મને સુંદર તક મળી. સાથેસાથે જ મેં આફ્રિકા જોયો, આફ્રિકાની ભૂમિ જોઈ, આફ્રિકાના લોકો જોયા, આફ્રિકાના સિંહો જોયા, આફ્રિકાની નદીઓ જોઈ, આફ્રિકામાં વસતા અંગ્રેજો જોયા અને આ બધા અનુભવ મારા પોતાના જીવનમાં કેમ વધારે ઉપયોગી થાય એ જોવાની દષ્ટિ પણ હું કેળવવા લાગ્યો. આફ્રિકા ખંડે મને ખરેખર મુગ્ધ કરી નાખ્યો. આફ્રિકાના હબસી લોકોનું જીવન જોવાની મને સુંદર તક મળી અને એ જીવનમાં પણ માનવીહૃદય કેવું ધબકે છે એ જોવાનું સદ્‌ભાગ્ય મેં મેળવ્યું. આફ્રિકામાં હું આ હબસીઓનો મહેમાન પણ થયો, મારા લંગડાતા પગને કારણે તેમની મશ્કરીનું પાત્ર પણ થયો, તેમના દેશના રીતરિવાજો મેં જોયા, કેળવાયેલા હબસીઓનો મને સંસર્ગ પણ થયો, તેમના દિલમાં સ્વતંત્ર આફ્રિકાની ભાવના ધીમેધીમે કેમ જોર પકડતી જાય છે તે મેં જોયું, નાઇલ નદીના મૂળ જેવા રિપનફૉલ્ઝ જોયા, ઝેમ્બેસી નદીમાં લાખો ઝૂંપડાંઓ તણાયે જતાં હતાં ત્યારે હું પણ એક હોડીમાં તણાયો, જંગબારના અને સુલતાન બર્ગશના લવિંગના શામ્બાઓમાં ललित-लवंगलतापरिशीलनकोमलमलयसमीरे જેવી પંક્તિઓ યાદ કરતોકરતો

રખડયો, અને આફ્રિકાએ ફંડ તો ધાર્યા કરતાં ભલે ઓછું આપ્યું હોય પણ જીવતરના નવાનવા અનુભવોનું મને જે દાન કર્યું તે માટે હું શેઠ નાનજીભાઈને અને આફ્રિકાને જેટલો આભાર માનું તેટલો ઓછો છે. આફ્રિકાના આ દર્શન પછી મને સુદાનનું દર્શન થયું, જાપાનનું દર્શન થયું, અરબસ્તાનના થોડાએક ભાગનું દર્શન થયું પણ આ બધા ભાગોનાં દર્શન કરવાની ચાવી મને આફ્રિકાએ જ આપી.

આફ્રિકા જવા માટે રવાના થયો ત્યારે સ્વર્ગસ્થ મોટાભાઈ (સ્વ. હરગોવિંદ અ. પંડયા) એ આંસુ પાડયાં અને કહ્યું : 'નાનાભાઈ! હું આવી શકતો નથી તેનું દુઃખ છે. આ મસ્તની બા મને કહે છે કે હું નાનાભાઇની સાથે રોટલા કરી દેવા જાઉં.' મોટાભાઈને ભાવનગરમાં મૂકીને હું રવાના થયો પણ ભાવનગર પાછો ફર્યો ત્યારે એ મોટાભાઈ જોવા ન મળ્યા. આફ્રિકામાં એક દિવસ હું એક મિત્રને ત્યાં જમવા ગયો. મારા મિત્રે મારી સાથે બીજા વીસપચીસ મિત્રોને જમવાનું આમંત્રણ આપ્યું હતું. અમે સહુ પાટલા પર બેઠા અને ભોજન પિરસાયું ત્યાં જ મારા હાથમાં એક તાર આવી પડયો. તારમાં લખ્યું હતું : "Motabhai passed away Vadi Ekadashi" તાર મારા હાથમાં રહ્યો, ભોજન થાળીમાં રહ્યું, હું અસ્વસ્થ બની ગયો; પણ વિવેકની મર્યાદા જાળવીને કશું બોલ્યો ચાલ્યો નહીં. ભોજન-સમારંભ શાન્તિથી પસાર થઈ ગયો. અમે જમી ઊઠયા પછી મેં સહુને બનેલી હકીકત જણાવી. મારા માટે આફ્રિકાના આખા પ્રવાસ દરમિયાન કોઈપણ વધારે આઘાત આપનારો પ્રસંગ બન્યો હોય તો તે આ છે. વરસને અંતે આફ્રિકાથી જ્યારે હું ઘેર આવ્યો અને જ્યારે વિદ્યાર્થીઓ મને હર્ષપૂર્વક વધાવવાને માટે એકઠા થઈ રહ્યા હતા ત્યારે સંસ્થામાં પ્રવેશ કર્યા પહેલાં હું ગં. સ્વ. ત્રિવેણીબેન પાસે ગયો અને સ્વર્ગસ્થ મોટાભાઈનું સ્મરણમાત્રનું પણ ઋણ પતાવીને પછી જ મેં સંસ્થામાં પગ દીધો.

આ આફ્રિકા ખંડની કથા. આફ્રિકા ગયો ત્યારે જે દક્ષિણામૂર્તિ મૂકતો ગયો હતો તેનાથી બીજા પ્રકારની દક્ષિણામૂર્તિમાં મેં પ્રવેશ કર્યો એમ મને લાગ્યું.

ઈ. સ. ૧૯૨૫ના ફેબ્રુઆરીમાં હું આફ્રિકાથી પાછો આવ્યો. અગાઉના કાર્યક્રમ પ્રમાણે મારે મોમ્બાસામાં પંદરેક દિવસ રોકાઈને પછી દેશ તરફ આવવાનું હતું; પરંતુ મોમ્બાસામાં બરાબર આ વખતે રોગચાળો ફાટી નીકળ્યો એટલે સ્ટીમરના ઉતારુઓની આવજાવ સદંતર બંધ થઈ હતી. મારે પણ આ કારણથી મારો કાર્યક્રમ બદલવો પડ્યો અને ઠેઠ બેલાગોઆ બેટથી બેઠેલો હું મોમ્બાસા ઊતરવાને બદલે એ જ સ્ટીમરમાં મુંબઈ તરફ જવા નીકળ્યો. સ્ટીમર ઉપરથી જ મારા સીધા મુંબઈ આવવાના સમાચાર મેં ભાવનગર તેમ જ મુંબઈ આપી દીધા.

મુંબઈ બંદરે ઊતર્યો ત્યારે મારા મિત્રો શેઠ હીરાલાલ અમૃતલાલ, ભાઈ પરમાનંદ કાપડિયા વગેરે બંદર પર હાજર હતા. દક્ષિણામૂર્તિ તરફથી ભાઈ માધવજી મને લેવા માટે આવ્યા હતા. મુંબઈ બંદરે ઊતર્યા પછી ઘેર જઈને ભાઈ માધવજીની સાથે મેં સંસ્થા સંબંધી વાતો કરી ત્યારે જ મારા ખ્યાલ ઉપર આવ્યું કે સ્ટીમર ઉપરથી મોકલેલા મારા તારે ભારે ગોટાળો કર્યો છે. મોમ્બાસા ઊતરવાનું એકાએક બંધ રાખીને હું સીધો દેશમાં આવું છું એ સમાચારથી દક્ષિણામૂર્તિમાં મારાં કુટુંબીજનોને તેમ જ મારા મિત્રોને મોટી દહેશત ઊભી થઈ અને અમારા બેમાંથી એક જણને કેમ જાણે કાંઈ ન બનવા જેવું બન્યું છે એવાં અનુમાનો ઉભરાવા લાગ્યાં. કોઈએ મારા જન્માક્ષર જોવરાવ્યા, કોઈએ મુહૂર્તો પૂછ્યાં, કોઈએ બાધા રાખી, કોઈએ માનતા માની અને મુંબઈને બંદરે બેમાંથી કોણ ઊતરે છે તેની તપાસ કરવા અને તાબડતોબ સમાચાર આપવા ભાઈ માધવજીને મુંબઈ મોકલવામાં આવ્યા હતા એમ મેં જાણ્યું.

મુંબઈ એક દિવસનો આરામ લઈ હું અમદાવાદ જવા નીકળ્યો.

અમદાવાદમાં મારો ઉતારો વિદ્યાપીઠમાં હતો. વિદ્યાપીઠમાં ભાઈ ભાસ્કર વગેરે અભ્યાસ કરતા હતા તેમની સાથે એક દિવસ મેં ગાળ્યો અને બાપુની તેમ જ વિદ્યાપીઠની અવનવી પ્રવૃત્તિઓ પણ મેં જાણી. સાંજે આશ્રમમાં ગયો અને બાપુના ચરણમાં નમસ્કાર કરી બેઠો ત્યારે બાપુએ હાસ્ય કરી એક જ વાક્ય ઉચ્ચાર્યું : 'કેમ, આવી ગયા ને? કેવડીક ફાંટ બાંધીને આવ્યા?' આ શબ્દોથી મારા વાંસામાં એક ધબ્બો મારી મને વિદાય કર્યો અને બીજે કોઈ વખતે નિરાંતે મળવા કહ્યું.

અમદાવાદથી રાતની ગાડીમાં નીકળી સવારે હું ભાવનગર પહોંચ્યો. અમદાવાદ સુધી હરભાઈ મને લેવા માટે સામા આવ્યા હતા. અમે સૌ ગાડીમાં ભાવનગર જતા હતા ત્યારે વઢવાણ સ્ટેશને સ્વ. ગિજુભાઈ અને તેમની મંડળી અમારી સાથે થઈ. થાકયાપાકયા નાનાભાઇને મધરાતે ન જગાડવા એવો માધવજીનો અને હરભાઈનો વિચાર હશે પણ ગિજુભાઈને મને જગાડયા વિના સોરી વળે તેમ ન હતું એટલે રીતસર મારા ડબ્બામાં આવી મને જગાડયો અને રાતના દોઢથી સવારના ૭ સુધી સૌએ સાથે મળીને કંઇકંઈ વાતો કર્યા જ કરી. વઢવાણથી ભાવનગર પહોંચતાં સુધીના એ છ--સાત કલાકો અને તોફાનમસ્તી હજી આજે પણ મારી આંખ આગળ તરે છે.

ભાવનગરમાં સ્ટેશન પર દક્ષિણામૂર્તિની હમે મિત્રોએ મારો સત્કાર કર્યો. ભાઈ ગોપાળરાવ અને વિદ્યાર્થીઓ સંસ્થાની અંદર જ મારું સ્વાગત કરવાને માટે રોકાયા હતા. સ્ટેશનથી ઘેર આવી હું ગં. સ્વ. ત્રિવેણીબહેનની પાસે ગયો અને ત્યાં સ્વ. મોટાભાઇના સ્મરણમાં મારું દુઃખ વ્યક્ત કર્યું. સંસ્થામાં આવ્યો. દક્ષિણામૂર્તિના મિત્રોએ અને વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓએ મારું ભવ્ય સ્વાગત કર્યું. સાદી ભવ્યતામાં અને પ્રેમના ઉમળકામાં મોટા રાજામહારાજાઓ પણ આ સ્વાગતની ઈર્ષ્યા કરે એવું એ થયું.

દક્ષિણામૂર્તિ દેવને ચરણવંદન કરીને હું સંસ્થાના તમામ મિત્રોને

તેમ જ વિદ્યાર્થીઓને મળ્યો અને બહુ જ ટૂંકા અને મુદ્દાસર શબ્દોમાં સભા પતાવીને અમે સૌ છૂટા પડ્યા. દક્ષિણામૂર્તિના સરસ્વતીમંદિરમાંથી હું મારે ઘેર ગયો. મારાં બે બાળકોને અને મારી સ્ત્રીને પૂરા બાર મહિના પછી મેં જોયાં. મારી સ્ત્રી માટે આ લાંબો કાળ તપશ્ચર્યાનો અને વ્રતોનો હતો એમ પણ મેં જોયું. આપણા આર્યસંસારમાં દેખીતા અભણપણાની નીચે કેટલી ભારે શ્રદ્ધા છુપાઈ રહેલ છે તેનું સૌથી વધારે ભાન મને અહીં તે દિવસે થયું. મારાં સગાંસંબંધીઓ સૌને મળ્યો. ત્યાર પછી રીતસરના વ્યવહારમાં પડ્યો. છેલ્લા બાર મહિનાની કડવીમીઠી મેં સાંભળી તેમ જ સંભળાવી અને ચોવીસ કલાકમાં તો કેમ જાણે આફ્રિકા ગયો જ નથી એવો જૂનો થઇ ગયો.

આ વર્ષનાં બે એંધાણો મારે નોંધવાં જોઈએ. હું આફ્રિકાથી પાછો ફર્યો અને ત્રણચાર દિવસ સંસ્થામાં આંટા માર્યા કે તરત જ એક સૂક્ષ્મ બાબત મારી નજરે ચડી. મેં આફ્રિકા જવા માટે જેવી દક્ષિણામૂર્તિ સંસ્થા છોડી હતી તેથી કંઈક અંશે જુદી જાતની દક્ષિણામૂર્તિ આ વખતે મારી નજરે ચડી. સંસ્થાઓને અને માણસોને પારખવાની જુદાજુદા લોકોની જુદીજુદી રીતો હોય છે. મારી પોતાની પણ મિત્રોને અને મિત્રસંસ્થાઓને પારખવાની એક અલાયદી રીત છે એમ હું માનું છું. મિત્રો અને સંસ્થાના કાર્યવાહકોનાં નાનાંનાનાં સાવ અજાણતાં દેખાઈ આવતાં ચિહ્નો હમેશાં મારી આંખ પકડી લે છે અને તે ઉપરથી માણસનો કયાસ બાંધવા માટે મને પ્રેરે છે. આવાં ચિહ્નો સામાન્ય રીતે હવામાં પણ મળી આવે છે અને ઘણીવાર તો તંદુરસ્ત જનાવરોને જેમ શિકારી પ્રાણીઓની દૂરથી પણ એક પ્રકારની ગંધ આવે છે તેમ મને કેમ જાણે ગંધ આવે છે અને છતાં આ લક્ષણો ઉપરથી જે છાપ મને બંધાય છે તેને રીતસરની હકીકતોથી રજૂ કરવી તે લગભગ અશક્ય હોય છે. અંગત જીવનમાં માણસ આવી છાપ ઉપર પોતાના વ્યવહારુ માર્ગને ગોઠવી શકે છે પણ સંસ્થામાં અથવા કોઈ જાહેર કામમાં આવી માનસિક છાપ ઉપર નિર્ણયો લેવા એ ભારે

જોખમકારક છે એમ મેં પહેલેથી જ માન્યું છે અને છતાં જીવતરનો આજ સુધીનો અનુભવ એવો થયો છે કે આ પ્રમાણે હવામાંથી ઊડેલી છાપો લગભગ સાચી જ પડી છે અને જતે દિવસે હકીકતો રીતસર પુરવાર થઈ શકે એવાંએવાં સ્વરૂપો એમાંથી ઊભાં થયાં છે.

આવ્યા પછી એક જ અઠવાડિયાની અંદર મને ભાસ થયો કે દક્ષિણામૂર્તિનું ઐક્ય ચૂંથાયું છે; અને નાનાભાઈ આજ સુધી સૌને સમાન હતા એને બદલે હવે એક પક્ષકાર હોય તેવી માન્યતા ઊભી થઈ છે. જે દિવસે મને આ ભાસ થયો તે દિવસે જ મારા મિત્રો સમક્ષ આ વાત છેડી હોત તો મને ખાતરી છે કે સંસ્થાનો એકેએક કાર્યવાહક મારી વાતને હસી કાઢત; અને છતાં મારી આ વાત આખરે સો ટકા સાચી હતી—છે એમ મેં જોયું છે. આવાં એકએ ચિહ્નો હું વાનગી તરીકે અહીં મૂકી શકું છું.

હું આફ્રિકા ગયો ત્યારે મારા હસ્તકનો સંસ્થાના મુખીનો અધિકાર સ્વ. ગિજુભાઈને આપી ગયો હતો અને મારા હસ્તકનો મેનેજિંગ ટ્રસ્ટીનો અધિકાર ભાઈ ગોપાળરાવ વિદ્વાંસને સોંપી ગયો હતો. હું પોતે નિયામક અને મેનેજિંગ ટ્રસ્ટી બન્ને અધિકારો ભોગવતો હતો છતાં બન્ને અધિકારોની મર્યાદા હું પૂરેપૂરી જાણતો હતો અને અત્યંત કાળજીથી તેને પાળતો હતો. ગિજુભાઈ નિયામક થયા તો પણ પૈસાની લેવડદેવડ વગેરે ગોપાળરાવ પાસે રહ્યાં. ગિજુભાઈ સ્વભાવે ઓલિયા હતા. એમની શિક્ષણપદ્ધતિ પણ એક રીતે ઓલિયાપદ્ધતિ જ કહી શકાય. ઓલિયાઓનો એક ખ્યાલ એવો હોય છે કે તેમના મોઢામાંથી નીકળે તે જ થવું જોઇએ. મને લાગે છે કે જગતમાં ઘણાખરા પ્રતિભાશાળી (Geniuses) લોકો પણ આવા જ હોય છે. ગિજુભાઈનો આ ઓલિયા જેવો સ્વભાવ ગોપાળરાવની ચીવટ અને વ્યવસ્થિતપણા સાથે અથડાયો અને પરિણામે મારી ગેરહાજરીના વર્ષ દરમિયાન નાનીનાની અનેક તકરારો સંસ્થામાં થઈ ગઈ. આ તકરારો તો આવી અને ગઈ; પરંતુ આવી તકરારો ઘણીવાર પોતાની પાછળ એક જાતના સંસ્કારો મૂકી જાય છે. એ

સંસ્કારો સહેજે ભૂંસાતા નથી. આનું એક સૂક્ષ્મ પરિણામ એ થયું કે સ્વ. ગિજુભાઈ અને ગોપાળરાવના સ્નેહસંબંધોમાં ઝીણી એવી તરડ પડી. અમસ્તા તો ભાઈ ગોપાળરાવ ગિજુભાઈના પોતાના જ પટ્ટ-વિદ્યાર્થી. દક્ષિણામૂર્તિની શરૂઆત પણ થઈ ન હતી તે વખતે વળાનાં એ કચરિયાણ ઘરોમાં ગિજુભાઈ ગોપાળરાવને ભણાવતા હતા અને ગિજુભાઈને ચરણે બેસીને ભાઈ ગોપાળરાવ ચીવટ અને વ્યવસ્થાના પાઠો શીખ્યા છે. બન્નેનાં કુટુંબો એકબીજાની સાથે અત્યંત નિકટનો સંબંધ ધરાવતાં હતાં અને તે દિવસથી માંડીને આજ સુધી ભાઈ ગોપાળરાવનો ગિજુભાઈ તરફનો આદર અને ભક્તિભાવ એવાં જ અખંડ રહ્યાં છે એ હું જાણું છું. છતાં કોણ જાણે કેમ સંસ્થામાં દુર્દૈવથી એવી સૂક્ષ્મ હવા ઊભી થઈ કે મારી ગેરહાજરી દરમિયાન ગિજુભાઈના અને હરભાઈના કામ ઉપર ચોકી રાખવા માટે મેં ભાઈ ગોપાળરાવને સૂચન કર્યું હોય !

ભાવનગર આવ્યા પછી થોડા દિવસો ગયા એટલે એક દિવસ ગિજુભાઈ મારી પાસે આવ્યા અને કહ્યું : " નાનાભાઈ, આ ગોપાળ-રાવને તમે ટ્રસ્ટી બનાવ્યા છે પણ તેમને અભિમાન આવી ગયું છે તે જોજો." મારા સ્વભાવ પ્રમાણે હું આ વાત ગળી ગયો. સંસ્થાની આ નવી હવાથી મને ભારે આઘાત થયો અને ત્યાર પછી તો જેમજેમ દિવસો જતા ગયા તેમતેમ મને સંસ્થાની ચિંતા વધવા લાગી.

પરંતુ આ તો બધાં સૂક્ષ્મ ચિહ્નો હતાં. મારા બીજા કાર્યકર મિત્રોની દૃષ્ટિએ તેમ જ સમાજની દૃષ્ટિએ આમાંનું એક પણ ચિહ્ન ચડ્યું હોય એમ હું માનતો નથી. અમે સૌ અમારી ધૂનમાં અને ધૂનમાં આગળ વધ્યે જતા હતા અને બહારથી જનતા અમારા વેગથી તેમજ અમારા નવીન પ્રયોગોથી ચકિત થઈને પૂરતો સહકાર આપતી હતી. બરાબર આ જ વખતે બાપુનું અમરેલી આવવાનું થયું અને મને તેમણે અમરેલી તેડાવ્યો. બાપુનો અમરેલીનો કાર્યક્રમ ભરચક હતો તોપણ તેમણે મને પૂરો અર્ધો કલાક આપીને વાતચીત દરમિયાન

એક જ વાત તેમણે ભાર દઈને મારા ધ્યાન પર મૂકી : "નાનાભાઈ, તમે તમારી શક્તિ ફંડ કરવા પાછળ રોકો છો એ બરાબર નથી. તમારે એ ભાર તમારા મિત્રો ઉપર નાખી દેવો જોઈએ. તમારે તો સ્થાન પર જ રહીને સંસ્થાને તેમ જ વિદ્યાર્થીઓને ઘડવામાં જ તમારો વખત ગાળવો જોઈએ. બહારની આળપંપાળ બીજા કોઇને સોંપો." બાપુનાં આ વેદવાક્યો હજી આજે પણ મારા હૃદયમાં ગુંજે છે. પરંતુ તે દિવસે આ વસ્તુ શક્ય ન હતી તેથી જ હું બાપુને મારી અને સંસ્થાની અશક્તિ જાહેર કરી ન શક્યો. મેં સ્પષ્ટ શબ્દોમાં કબૂલ કર્યું હતું કે રીતસર કામ કરવામાં અને પ્રયોગો કરવામાં મારો મોહ મને જરૂર પડયે પૈસા મેળવવા માટે પણ ધકેલે છે. ઉપરાંત મેં જણાવ્યું : "બાપુ, હું પૈસા મેળવવા માટે બહાર ફરીશ ત્યારે પણ મારા મિત્રો મારી સંસ્થાને જફા પહોંચવા નહીં દે એવો મારો વિશ્વાસ છે." બાપુ મારી બધી વાત સાંભળી રહ્યા, પોતાની લાક્ષણિક રીતે હસ્યા અને એક પણ શબ્દ બોલ્યા વિના મારી વાત સ્વીકારતા ન હોય એમ તેમણે ડોકું ધુણાવ્યા કર્યું. ત્યાર પછી તો આવતાં બે વર્ષ સુધી મારે બહાર ન જવું અને આર્થિક પ્રશ્નનો ઉકેલ બાપુ પોતે જ લાવે એવો વિચાર ઊભો થયો; અને હું આવતાં બે વર્ષ માટે નચિંત થઈને સંસ્થામાં પગ બાંધીને રહું એવું મેં બાપુને વચન આપ્યું. આટલી સંસ્થાની એક બાજુની હકીકત.

બીજી તરફ સંસ્થા પોતાના વિચારોનો સમાજમાં પ્રચાર કરવા માટે થનગની રહી હતી. આવા પ્રચાર માટે હું આફ્રિકા હતો તે દરમિયાન સંસ્થાએ મને પૂછવાની પણ રાહ જોયા વિના 'દક્ષિણામૂર્તિ ત્રૈમાસિક' શરૂ કર્યું હતું અને આ ત્રૈમાસિકના લેખોએ ગુજરાતની કેળવણીની આલમમાં એક જબ્બર ધડાકો કર્યો હતો. ગુજરાતીમાં આજ સુધી 'ગુજરાત શાળાપત્ર' સિવાય કેળવણીનું કોઈ માસિક કે ત્રૈમાસિક ચાલતું ન હતું. ગુજરાત શાળાપત્ર પોતાની શાંત, ધીમી ગતિથી ગુજરાતના પ્રાથમિક શિક્ષણના પ્રશ્નોને પોતાની ઢબે સ્પર્શતું હતું અને

શિક્ષકોને વ્યવહારુ ઉપાયો સૂચવતું હતું; પરંતુ દેશભરમાં આજે ક્રાન્તિના વિચારો ફેલાઈ રહ્યા હતા તે વખતે આમજનતા કેળવણીમાં પણ ક્રાન્તિના વિચારો ઝીલવા માટે અધીરી થઈ રહી હતી. દક્ષિણામૂર્તિ ત્રૈમાસિકે બરાબર આ વખતે દેખાવ દીધો એટલે લોકો, શિક્ષકો, માબાપો, કેળવણીકારો ઘણી આતુરતાથી અમારું આ પત્ર જોવા લાગ્યા.

આવા પ્રચારની સાથેસાથે દક્ષિણામૂર્તિએ આ વર્ષે પહેલું મોન્ટીસોરી સંમેલન ભર્યું. આ સંમેલનના પ્રમુખ તરીકે શ્રીમતી સરલાદેવી સારાભાઈને અમે નોતર્યાં. શ્રીમતી સરલાદેવી પોતે કેળવણીના પ્રદેશમાં અને ખાસ કરીને મેડમ મોન્ટીસોરીએ પ્રચલિત કરેલી નવીન કેળવણીની દિશામાં કેટલાં આગળ વધેલાં હતાં તેનો અમને દક્ષિણામૂર્તિના ભાઇઓને પૂરેપૂરો ખ્યાલ હતો; પરંતુ ગુજરાત–કાઠિયાવાડના સમાજને તે દિવસે આવો ખ્યાલ ન હતો. એટલે શરૂઆતના દિવસોમાં અમે શ્રીમતી સરલાબહેનને અમદાવાદનાં એક શ્રીમંત બહેન તરીકે નોતર્યાં છે અને એ રીતે દક્ષિણામૂર્તિએ એક ધનવાન કુટુંબનું પડખું સેવ્યું છે એવા આક્ષેપને અમે પાત્ર બન્યા હતા. આ આક્ષેપ કેટલો પાયા વિનાનો હતો તે આજે આખું ગુજરાત સમજી શકે તેમ છે.

અમારું આ મોન્ટીસોરી સંમેલન ઘણું સફળ થયું. સંમેલનમાં શ્રીમતી સરલાબહેનની સાથે આખું સારાભાઈ કુટુંબ અમારે આંગણે આવ્યું અને અમારા સંમેલનને એમણે પોતાની રીતે દીપાવ્યું. તે દિવસથી માંડીને આજ સુધી મારો અને શ્રીમતી સરલાદેવીનો એક જ દિશામાં કામ કરતાં ભાઇબહેન જેવો સંબંધ જળવાઈ રહ્યો છે અને છેલ્લા થોડા વખતથી તો અમારાં બન્નેનાં કુટુંબો એકબીજાની ઘણી વધારે નજીક આવ્યાં છે એમ પણ કહી શકાય. આ સંમેલનને અંતે અમે મોન્ટીસોરી સંઘની સ્થાપના કરી અને સરલાદેવીબહેન તે દિવસથી માંડીને આજ સુધી એક પણ દિવસના ગાળા વિના તેનાં પ્રમુખ રહ્યાં છે. સદ્‌ગત ગિજુભાઈ જીવ્યા ત્યાં સુધી મોન્ટીસોરી સંઘના મંત્રી તરીકે તમામ ભાર તેમણે જ વહ્યા અને મોન્ટીસોરી સંઘના મુખપત્ર તરીકે

'શિક્ષણપત્રિકા' નામના માસિકને તેમણે પોતાના સ્વાભાવિક વેગથી શરૂ કર્યું.

આ પ્રમાણે દક્ષિણામૂર્તિના પેટામાં કહો તો પેટામાં અને સ્વતંત્ર રીતે કહો તો સ્વતંત્ર રીતે મોન્ટીસોરી સંઘ પણ થયો અને દક્ષિણામૂર્તિ ત્રૈમાસિકની સાથેસાથે સંઘ તરફથી ચાલતું 'શિક્ષણ પત્રિકા' નામનું માસિક પણ શરૂ થયું. આ બધી પ્રવૃત્તિઓ શરૂ કરતી વખતે દક્ષિણામૂર્તિએ નાનીમોટી કાયદાબંધનની વિગતોનો વિચાર કર્યો ન હતો અને આવો વિચાર ન કર્યો એનો આજે પણ મને પશ્ચાત્તાપ નથી. દક્ષિણામૂર્તિનું મંડળ કેળવણીની કોઈ પણ કલ્યાણકારી પ્રવૃત્તિમાં સાથીદાર થઈ શકે તો થવાનો અમારો મનોરથ હતો અને આવા મનોરથની પ્રેરણાથી જ મોન્ટીસોરી સંઘ અને 'શિક્ષણ પત્રિકા' એ બન્ને ખુદ દક્ષિણામૂર્તિની પ્રવૃત્તિઓ ન હોવા છતાં દક્ષિણામૂર્તિએ તેને પોતાની જ પ્રવૃત્તિ તરીકે ચલાવી અને સદ્‌ગત ગિજુભાઇના અવસાન પછી 'શિક્ષણ પત્રિકા'ની આવકના દસેક હજાર રૂપિયા જેટલી રકમ મોન્ટીસોરી સંઘના નવા વ્યવસ્થાપકમંડળને સોંપી. મોન્ટીસોરી સંઘના અને 'શિક્ષણ પત્રિકા'ના આ કાર્યમાં ગિજુભાઈની પડખે રહીને પ્રેરણા આપનાર શ્રી. તારાબહેન મોડક હતાં. શ્રી. તારાબહેન મોડક દક્ષિણામૂર્તિમાં જોડાયાં તે પહેલાં બાર્ટન ફીમેલ ટ્રેઈનિંગ કોલેજનાં પ્રિન્સિપલ હતાં. દક્ષિણામૂર્તિની વાતો સાંભળી એક વખત તેઓ દક્ષિણામૂર્તિની મુલાકાત લેવા આવ્યાં અને પોતે શોધતાં હોય એવું જ ક્ષેત્ર કેમ જાણે પોતાને મળી ગયું છે એવા વિચારથી તેમણે દક્ષિણામૂર્તિમાં જોડાવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી અને આખરે રાજકોટ છોડીને તેઓ દક્ષિણામૂર્તિમાં આવ્યાં. શ્રી. તારાબહેનના આવવાથી દક્ષિણામૂર્તિમાં અને દક્ષિણામૂર્તિના કાર્યકર્તામંડળમાં એક નવી જાતની ભાત પડી અને અમારા સમગ્ર પ્રયોગોમાં એક નવા પ્રકારની મીઠાશ, કોમળતા અને આદર ઊભાં થયાં. શ્રી. તારાબહેનનો દક્ષિણામૂર્તિના સમગ્ર જીવનમાં આ ફાળો મારા મનથી નાનોસનો નથી. દસેક વર્ષ સુધી દક્ષિણામૂર્તિને અખંડ સેવ

આપીને તારાબહેન એક દિવસ જ્યારે છૂટાં પડ્યાં ત્યારે કેમ જાણે દક્ષિણામૂર્તિની મીઠાશ, કોમળતા અને આદર દક્ષિણામૂર્તિમાંથી અલોપ થયાં અને ઈ. સ. ૧૯૩૯માં જ્યારે દક્ષિણામૂર્તિ ક્ષણભર થંભી ગઈ ત્યારે કેમ જાણે ઉપરનાં તત્ત્વોને અભાવે જ તે થંભી ગઈ એમ મને લાગ્યું.

છતાં પણ દક્ષિણામૂર્તિ તરફની તારાબહેનની ભક્તિ અને સદ્‌ભાવ આજે પણ એવાં જ અખંડિત છે. હજુ આજે પણ દક્ષિણામૂર્તિનાં એ આલેશાન મકાનોમાં એમનું વહાલું બાલમંદિર અને બાલઅધ્યાપનમંદિર ફરી વખત ચાલુ થયેલાં જોવાના એમના કોડ છે * અને કાઠિયાવાડના કેળવણીના ક્ષેત્રમાં દક્ષિણામૂર્તિએ કરેલી સેવાના સ્થૂળ રૂપને પણ ઝાંખપ ન આવવી જોઈએ એવા એમને કોડ છે.

આ રીતે જોતાં મોન્ટીસોરી સંમેલન એ માત્ર દક્ષિણામૂર્તિના સાધારણ બનાવોમાંનો એક બનાવ ન હતો પરંતુ ઘણાં મોટાં પરિણામો ઉપજાવી શકે એવી એક પ્રવૃત્તિનું એ બીજ હતું. આ મોન્ટીસોરી સંમેલન પછી ખુદ દક્ષિણામૂર્તિમાં છાત્રાલય સંમેલન ભરાયું અને ગુજરાત–કાઠિયાવાડમાં બીજાં છાત્રાલય સંમેલનો ઊભાં થયાં; અને આ સર્વના શુભ પરિણામરૂપે દક્ષિણામૂર્તિમાં અધ્યાપનમંદિરની એક વ્યાપક પ્રવૃત્તિનો જન્મ થયો. દક્ષિણામૂર્તિની નાની દેખાતી પ્રવૃત્તિઓનો એક ખાસ ગુણ એ હતો કે એ પ્રવૃત્તિ શરૂઆતમાં નાની દેખાતી હોવા છતાં તેના ગર્ભમાં વિસ્તારની મોટી શક્યતા પડેલી હતી; અને તેથી જ એવી નાની પ્રવૃત્તિઓની પણ કેળવણીની દૃષ્ટિથી અમને ઘણી ઉપયોગિતા જણાઈ.

આફ્રિકાથી પાછા ફર્યા પછી બેત્રણ વર્ષો ફંડ માટે બહાર જવું ન પડ્યું. આફ્રિકાથી આણેલી સંપત્તિ ભાવનગર પહોંચી તે પહેલાં જ સદ્‌ગત ગિજુભાઈએ સંસ્થાના ખર્ચનો પારો એટલે સુધી ચડાવી દીધો હતો કે 'વાસી વધે અને કુત્તા ખાય' એવી સ્થિતિ જ નહોતી.

* આજે એ બન્ને વિભાગો એમની જ દોરવણી નીચે ચાલુ થઈ ચૂક્યા છે તેની સહર્ષ નોંધ લઉં છું.

પરંતુ પૂ. બાપુજી તેમ જ સરદાર વલ્લભભાઈ પટેલે સંસ્થા તરફના સદ્ભાવથી પ્રેરાઈને ગુજરાત પ્રાંતિક સમિતિ પાસેથી રૂપિયા અઢાર હજાર જેટલી રકમ સંસ્થાને મદદમાં મળે એવી જોગવાઈ કરી આપી અને એ રીતે અમને પૈસા સંબંધમાં નચિંત કર્યા.

આ વર્ષો એ જ મારાં ગૂજરાત વિદ્યાપીઠમાં કુલનાયક તરીકેનાં વર્ષો હતાં. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકેનાં આ બે વર્ષોએ મારા જીવનમાં એક જુદી જ ભાત પાડી છે. મારી કુલનાયક તરીકે રીતસર વરણી થઈ તે પહેલાં શ્રી. કિશોરલાલ મશરૂવાળાએ એક કાગળમાં તેનો ઉલ્લેખ કર્યો હતો અને જો બાપુ તે વાત ઇચ્છતા હોય તો મારે તે પદનો સ્વીકાર કરવો એવો મિત્ર તરીકે મને આગ્રહ કર્યો હતો. ત્યાર પછી તો એક દિવસ અચાનક બાપુએ તાર કરી મને અમદાવાદ બોલાવ્યો. અમદાવાદ જઈને હું સીધો બાપુને મળ્યો. ત્યારે ગૂજરાત વિદ્યાપીઠની ચાલુ સ્થિતિ વિષે મને થોડીક વાત કર્યા પછી તેમણે કહ્યું : 'તું જઈને આચાર્ય કૃપાલાણીને તેમજ આચાર્ય ગિદવાણીને મળ અને તને જો કુલનાયક તરીકે મૂકવામાં આવે તો તેઓ તને કેવો સાથ આપશે તે જાણી લે. સાથેસાથે ભાઈ રામનારાયણ પાઠકની મંડળીને પણ મળજે અને તેમની નાડ પણ તપાસી લેજે." મારે કુલનાયક થવું હોય તો મારે આ બધા મિત્રોનો સક્રિય સહકાર શોધવો એ યોગ્ય ગણાય પણ મને પોતાને જો કુલનાયક થવાની ગરજ ન હોય તો મારે આવો સહકાર ભીખવા શા માટે જવું તે હું સમજી શકેલો નહીં; પરંતુ આ આખાય પ્રશ્નની નૈતિક બાજુ અને વ્યવહારબાજુ બાપુએ પોતાની દૃષ્ટિથી મને સમજાવી અને તે સમજણ પ્રમાણે ચાલવાનો મને અનુરોધ કર્યો એટલે તે મેં માથે ચડાવી અને હું આચાર્ય કૃપાલાણીને મળવા ગયો. કૃપાલાણીજી ગૂજરાત વિદ્યાપીઠમાં જ રહેતા હતા. હું આ પહેલાં તેમને ઓળખતો હતો ખરો પણ અમે બન્ને નજીક આવેલા નહીં. હું ગયો ત્યારે આચાર્ય કૃપાલાણી, આચાર્ય મલ્કાણી અને વિદ્યાપીઠના મહા-

માત્ર નંદલાલ શાહ વિદ્યાપીઠના એક ઓરડામાં બેઠાબેઠા ચાપાણી પીતા હતા. હું તેમને મળ્યો એટલે તેમણે મારો આદર કર્યો, મને ચાપાણી આપ્યાં અને તેમના પોતાના પૂરેપૂરા સહકારની ખાતરી આપી. એજ પ્રમાણે આચાર્ય ગિદવાણીજીનો પણ મને સહકાર મળ્યો. ભાઈ રામનારાયણ પાઠકની સાથેનો મારો સંબંધ તો એટલો બધો જૂનો હતો કે તેમના સહકારનો સવાલ જ ન હતો; છતાં તેમને મળીને તેમનો સહકાર પણ મેળવી શક્યો. આ રીતે વિદ્યાપીઠના બધા પક્ષોના મતો (Votes) મારા ખિસ્સામાં લઈ ને હું બાપુ પાસે ગયો અને મતો (Votes) બાપુ પાસે રજૂ કર્યા. આ સાંભળીને તેઓ પ્રસન્ન થયા. હું ઉપરના ભાઈઓની સાથે વાતો કરતો ફરતો હતો તે દરમિયાન એવો સૂર ઊઠેલો ખરો કે સહકાર તો સરદાર વલ્લભભાઈનો લેવો પડશે, બીજાના સહકાર–અસહકારનું વજન ઓછું જ રહેવાનું છે.

બાપુ પાસે મેં આ વાત પણ રજૂ કરી અને બાપુએ હસતાં-હસતાં જવાબ દીધો: "સરદારનો સહકાર તો મારા અને તારા ખિસ્સામાં જ સમજજે."

ત્યારપછી મારી ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે બે વર્ષ માટે વરણી થઈ અને ગૂજરાત વિદ્યાપીઠે દક્ષિણામૂર્તિ પાસેથી મારી સેવા ઉછીની માગી. એ વખતે જ દક્ષિણામૂર્તિએ વિદ્યાપીઠ પાસેથી કોઈપણ જાતનું વળતર માગ્યા વિના (વિના વેતને) મારી સેવા ઉછીની આપી એમ મને યાદ છે. મને આ વખતે દક્ષિણામૂર્તિમાં માસિક રૂ. ૮૦)નો પગાર મળતો હતો; એટલે હું વિદ્યાપીઠમાં રહું તે દિવસોનો મારો ખાવાપીવાનો ખર્ચ વિદ્યાપીઠ તરફથી રસોડાને ચૂકવી દેવાય એવી સમજણ થઈ હતી.

વિદ્યાપીઠમાં ગાળેલાં આ બે વર્ષો મારા જીવનનાં મોંઘાં વર્ષો હતાં. આજ સુધી હું કેળવણીના ક્ષેત્રમાં દક્ષિણામૂર્તિમાં પડ્યોપડ્યો જે વિચારો કર્યા કરતો હતો તેને હવે મારે સમગ્ર દેશની દૃષ્ટિથી તપાસવાના આવ્યા; કારણકે ગૂજરાત વિદ્યાપીઠનો પ્રદેશ ગુજરાત પૂરતો

મર્યાદિત હતો તે છતાં બીજા પ્રાંતોની વિદ્યાપીઠો, જેવી કે મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ વગેરે પોતાનાં નવાં પગલાંઓ માટે ગૂજરાત વિદ્યાપીઠ તરફ હમેશાં મીટ માંડતાં હતાં. ગૂજરાત વિદ્યાપીઠમાં આવ્યો ત્યારે શરૂઆતના દિવસોમાં મારા મનની એવી ઉમેદ હતી કે વિદ્યાપીઠના કાર્યક્ષેત્રને વિકસાવવાને માટે અને વિદ્યાપીઠના મૂળભૂત વિચારોનો વિસ્તાર કરવાને માટે મને મોટી તક મળશે; પરંતુ થોડા જ દિવસોમાં મને સમજાઈ ગયું કે વિદ્યાપીઠમાં આજે મુખ્ય સવાલ આગળ વધવાનો નથી પણ જે કાંઈ થયું છે તેને વધારે સ્થિર કરવાનો છે; કારણકે વિદ્યાપીઠમાં વિદ્યાપીઠના અધ્યાપક-વર્ગમાં જોઈએ એવો સુમેળ ન હતો.

વિદ્યાપીઠનો અધ્યાપકવર્ગ વ્યક્તિગત રીતે ઘણો સમર્થ અને પ્રતિભાસંપન્ન ગણાય. આચાર્ય ગિદવાણીજી, આચાર્ય કૃપાલાણીજી, પ્રાધ્યાપક રામનારાયણ પાઠક, પંડિત સુખલાલજી, પંડિત જિનવિજયજી, પંડિત ધર્માનન્દ કોસંબી, આચાર્ય કાલેલકર, આ સર્વમાંની એક એક વ્યક્તિ એક એક સમર્થ સંસ્થા ચલાવી શકે એવી પ્રતિભાસંપન્ન હતી; પણ, મેં આપણાં શાસ્ત્રોમાં વાંચેલું કે કોઈપણ એક દેશમાં બે ચક્રવર્તી રાજા રહી શકે નહીં. એ જ પ્રમાણે આપણા કવિઓ કહે છે કે એક જ વનમાં બે કેસરીસિંહો જીવી શકે નહીં. વિદ્યાપીઠમાં આ બધા કેસરીસિંહો એકબીજા સાથે ગોઠવાઈ ન શકયા હોય એને લીધે તો આમ ન બન્યું હોય? એટલે વિદ્યાપીઠનાં મારાં બે વર્ષો નવી યોજના-ઓમાં જવાને બદલે વિદ્યાપીઠની અંદર જે વિક્ષેપો અને ભાંજગડો ચાલતાં હતાં તેને દૂર કરવામાં ગયાં.

છતાં આ સ્થાન ઉપરથી મને સૌથી મોટા બે લાભો થયા: (૧) ગુજરાતના તેમ જ સમગ્ર દેશના કેળવણીના ક્ષેત્રમાં પડેલા તેમજ એના જેવા જ રચનાત્મક ક્ષેત્રમાં પડેલા ભાઈઓનો પરિચય; (૨) ગુજરાતનાં અનેક જુદાંજુદાં ક્ષેત્રોમાં કામ કરતા ભાઈઓનો પરિચય.

વિદ્યાપીઠના મિત્રોનો પરિચય મારે માટે મહામૂલો હતો. હું

વિદ્યાપીઠમાં જોડાયો તે પહેલાં ઘણા લોકોએ મને સરદાર વલ્લભભાઈ પટેલ માટે ઠીકઠીક બિવડાવેલો. મને કહેવામાં આવેલું કે મારે સરદારની જોહુકમીને વશ રહીને જ વર્તવું પડશે; પરંતુ મારે કબૂલ કરવું જોઈએ કે સરદાર વલ્લભભાઈ પટેલનો મારો અનુભવ આના કરતાં સાવ જુદો જ થયો. વિદ્યાપીઠના કુલનાયક તરીકે મેં જ્યારેજ્યારે સરદારની સલાહ લીધી છે ત્યારેત્યારે મને એમના મીઠા જ અનુભવ થયા છે. તે ઉપરાંત પણ તે દિવસથી માંડીને છેક સુધી એમની સાથેના મારા સંબંધો કેવળ મીઠાશવાળા જ અને મમતાવાળા જ રહ્યા છે. વિદ્યાપીઠમાં હતો ત્યાં સુધી મારી કોઈપણ યોજનાને સરદારે નકારી હોય એવું મારા ધ્યાનમાં નથી. વિદ્યાપીઠને રૂપાન્તર આપવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે પણ સરદારે તેમજ પૂજ્ય બાપુએ મારાં સૂચનોને પૂરેપૂરું વજન આપ્યું છે અને વિદ્યાપીઠથી હું છૂટો થયો ત્યારપછી પણ સરદારે મને પોતાના એક નાના ભાઈ જેવો ગણીને પોતાની પાસેનું સ્થાન આપ્યું છે. સરદાર ઉગ્ર રાગદ્વેષવાળા આદમી છે, તેમના રાગો તેમ જ દ્વેષો જલદી ઘડાતા નથી અને ઘડાયા પછી જલદી દૂર થતા નથી એવી તેમને વિષે લોકવાણી હતી તે હું જાણતો હતો. હું પોતે શિક્ષણના ક્ષેત્રમાં અને બાપુના રચનાત્મક કાર્યક્રમમાં થોડુંઘણું સમજતો હોવા છતાં રાજકારણમાં બિલકુલ સમજતો નથી અને સમજવાનો પણ નથી એ વાત સરદારના ધ્યાન બહાર ન હતી. છતાં પણ મારા તરફ તેમની મમતા તે દિવસથી છેક સુધી ચાલુ જ રહી.

ગૂજરાત વિદ્યાપીઠમાંથી છૂટયા પછી અનેક પ્રસંગોએ મને સરદારના નાનામોટા અનુભવો થયા છે અને આવા અનુભવોમાં એમનો કડક ટીકા કરવાનો સ્વાદ પણ મને નથી મળ્યો એમ કહી ન શકાય. એક વખત અમે સૌ તીથલમાં બાપુને નિવાસે એકઠા મળ્યા હતા. નરહરિભાઈ, કિશોરલાલભાઇ, મહાદેવભાઈ, મગનભાઈ, જુગતરામભાઈ, સ્વામી આનંદ, સરદાર, હું, શ્રી. ઘનશ્યામદાસ બિડલા વગેરે સૌ હાજર હતા. આ પ્રસંગે પ્રાથમિક શિક્ષણની અને ગૂજરાત વિદ્યા-

પીઠની ચર્ચા ચાલતી હતી. ચર્ચા દરમિયાન સરદારે પોતાની લાક્ષણિક શૈલીથી એક ટીકા કરી: ' આ દક્ષિણામૂર્તિએ પણ ટંકશાળની છાપ મારીમારીને બાલમંદિરના શિક્ષકોને ગુજરાતમાં ચલણી નાણાં તરીકે મોકલી દીધા છે.' આ ટીકા સાંભળી મારું મન તો દુખાયું જ પણ અમારી સભા પણ ઘડીભર ટાઢી થઈ ગઈ; અને થોડીવારે અમે સૌ છૂટા પડ્યા. સરદારની આ ટીકાનું હાર્દ સાચું હતું. કારણકે અમદાવાદનાં બાલમંદિરો વેપારીની હાટડીઓ જેવાં બનતાં જતાં હતાં. પરંતુ એવી એચાર વ્યક્તિઓના દોષોની ખાતર દક્ષિણામૂર્તિ ઉપર અને તેના બાલ અધ્યાપનમંદિરના પ્રયોગ ઉપરની આ ટીકા મને જ વસમી લાગી એમ નહીં પણ સ્વામીને, શ્રી કિશોરલાલભાઈને અને ખાસ તો શ્રી મહાદેવભાઈને વસમી લાગી; અને તે સૌએ આ વસમી ટીકા સંબંધમાં સરદારનું ધ્યાન ખેંચ્યું. મારે આ સંબંધે કશું કહેવાપણું હતું નહીં. છતાં આ પ્રસંગ પછી તરત જ હું જોઈ શક્યો કે સરદાર પોતે જ મારા દુ:ખથી દુ:ખી થયા હતા.

આવા બીજા ત્રણચાર નાનામોટા પ્રસંગોએ સરદારની ઉપરથી દેખાતી કડકાઈના હાડમાં કેટલી કોમળતા ભરી હતી તે મેં અનુભવ્યું છે.

વિદ્યાપીઠ કાળનો એવો જ બીજો પરિચય શ્રી. કિશોરલાલભાઈ મશરૂવાળાનો. વિદ્યાપીઠના આદિકાળથી કિશોરલાલભાઈ સાથેનો મારો સંબંધ આશ્રમના બીજા ભાઈઓના કરતાં વધારે નિકટનો તો હતો જ. શરૂઆતનાં વર્ષોમાં જ્યારેજ્યારે મારે આશ્રમમાં જવાનું બનતું ત્યારે મારો ઉતારો શ્રી. કિશોરલાલભાઈને ત્યાં જ રહેતો. એનું એક કારણ એ હતું કે મારા સનાતની આચારને શ્રી. કિશોરલાલભાઈને ઘેર રહેવું વધારે ફાવતું. તદુપરાંત હું વિદ્યાપીઠમાં આવ્યો તેની પાછળ કોઈનો વધારે હાથ હોય તો તે શ્રી. કિશોરલાલભાઈનો હતો એમ હું સમજું છું. દક્ષિણામૂર્તિ સંસ્થાની કાર્યપદ્ધતિથી અને તેની સંચાલનપદ્ધતિથી કિશોરલાલભાઈ ઘણા પ્રસન્ન હતા અને આ જાતની કાર્યદક્ષતાથી વિદ્યાપીઠમાં પણ એક જાતનો મોટો લાભ થશે અને વિદ્યાપીઠનાં અંદર-

અંદરનાં તત્ત્વો વચ્ચે વધારે સુમેળ ઊભો થશે એવી એમની આશા હતી. હું વિદ્યાપીઠમાં આવ્યો ત્યારથી તે મેં વિદ્યાપીઠ છોડી ત્યાં સુધી કિશોરલાલભાઈએ અનેક નાનામોટા પ્રસંગોએ વિદ્યાપીઠના આંતર વહીવટમાં મને માર્ગસૂચન કર્યું હતું અને અજાણપણે પણ મને ભૂલ કરતો બચાવી લીધો હતો. પરંતુ આ સંબંધ કેવળ વિદ્યાપીઠ પૂરતો જ ન રહ્યો. જે વધારે નિકટતા વિદ્યાપીઠમાં ઊભી થઈ તે ઉત્તરોત્તર વધતી ગઈ અને તે દિવસથી છેક સુધી કિશોરલાલભાઈના જીવનની ઉગ્ર સુવાસમાં એમણે નિરંતર મને ભાગીદાર બનાવ્યો હતો. જીવનને ઉગ્ર વિવેકબુદ્ધિથી તપાસનાર અને એ વિવેકબુદ્ધિની આડે આવતી સૂક્ષ્મ છતાં ભ્રામક જાળોને નીડરતાથી કાપનાર શ્રી. કિશોરલાલભાઈ જેવા સાથી બહુ થોડા માણસોના પ્રારબ્ધમાં હોય છે. એમના જેવાની મૈત્રી માણસને ભાગ્યશાળી બનાવે છે.

આવા જીવનને પ્રેરણાદાયી સંબંધો કેટલાક ગણાવું? શ્રી કાકાસાહેબ કાલેલકર, આચાર્ય કૃપાલાણી, આચાર્ય મશ્કાતી, બીજા નાના મોટા પ્રાધ્યાપકો—એ બધાનો સબંધ હજી આજે પણ આટલા કાળને વીંધીને મને પ્રફુલ્લ બનાવે છે.

પણ મારે અહીં બીજા એક બે સંબંધોનો નિર્દેશ કરવો જ જોઈએ. શ્રી નરહરિભાઈને તે દિવસે હું પૂરેપૂરો ઓળખી નહીં શક્યો. એમનું ઝવેરાત મને પાછળનાં વર્ષોમાં સમજાયું. પણ ત્રાજવામાં શ્રી. કિશોરલાલભાઈની સાથે જ મૂકી શકાય તેવો બીજો પરિચય મને પંડિત સુખલાલજીનો થયો. હું વિદ્યાપીઠમાં રીતસર દાખલ થયો એ પહેલાં ભાઈ રામનારાણ પાઠક સાથે એમને જોવાનો મને પ્રસંગ મળ્યો. હું રહ્યો ત્યારે ગૂજરાત વિદ્યાપીઠમાં જે બે વર્ગો જેવું દેખાતું હતું તેમાંના એક વર્ગના મોવડી શ્રી. રામનારાયણ પાઠક હતા એમ મારે કાને વાત આવેલી. ભાઈ રામનારાયણ પાઠકની સાથેનો મારો પરિચય વર્ષોજૂનો ગણાય. એમના પિતા સદ્ગત વિશ્વનાથભાઈ મારા વડીલ ગુરુભાઈ હતા. અમારા આખા બીલખામંડળની અંદર જે બેચાર

ડાહ્યા અને વિદ્વાન ભક્તો હતા તેમાં સદ્ગત વિશ્વનાથભાઈનો નંબર મોખરે હતો. ઉપરાંત જ્યારે હું ભાવનગર કોલેજમાં ફેલો તરીકે કામ કરતો હતો ત્યારે ભાઈ રામનારાયણ અને ગિજુભાઈ મારા વિદ્યાર્થીઓ હતા. ઉપરાંત રામનારાયણભાઈ જ્ઞાતિએ પ્રશ્નોરા હતા એ પણ અમારા સંબંધનો એક તાંતણો ગણાય. ત્યારપછી તો ભાઈ રામનારાયણ વિદ્યાપીઠના એક આગળ પડતા પ્રાધ્યાપક થયા અને એમની કુશાગ્ર બુદ્ધિ તેમ જ ગુજરાતી સાહિત્યની ઉપાસના એ બન્નેથી વિદ્યાપીઠમાં તેમનું અનેરું સ્થાન સિદ્ધ થયું. પંડિત સુખલાલજીને મેં જોયા ત્યારે સાવ સાદા રૂપમાં અને લેશ પણ આડંબર વિનાના રૂપમાં મેં જોયા. તેમની ઊંડી પ્રતિભાનો પરિચય મને થોડા દિવસો પછી થવા લાગ્યો; અને મારા સદ્ભાગ્યે તે દિવસથી માંડીને આજ દિવસ સુધી આવા પ્રતિભાશાળી વિદ્વાનનો સ્નેહ હું અનુભવી રહ્યો છું. માત્ર જૈનધર્મના જ નહીં પણ સમગ્ર માનવધર્મના તેઓ મોટા અભ્યાસી છે અને ગાંધીજીએ માનવધર્મનો જે મહામૂલો માર્ગ દેશ આગળ અને દુનિયા આગળ જાહેર કર્યો છે તેના એક સમર્થ આચાર્ય જેવા છે.

આટલા તો ગુજરાતના પરિચય. પણ ગુજરાતની બહાર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ વગેરેના સંચાલકોનો પણ આ કામમાં મને પરિચય થયો અને ગુજરાત વિદ્યાપીઠ કઈકઈ વિચારસરણીની માતા છે અને કયા કયા નવશિક્ષણના પ્રવાહો વિદ્યાપીઠમાંથી વહ્યા છે અને વહેવાના છે એનું ઝાંખુંએવું દર્શન મને આ સ્થળેથી થયું. વિદ્યાપીઠમાં રહ્યો તે દરમિયાન નાનામોટા અનેક પ્રસંગોમાંથી હું પસાર થયો. એ પ્રસંગોનું વર્ણન આપવું અત્યારે બહુ ઉપયોગી ન ગણાય. એક વસ્તુ જ સ્પષ્ટ કરવાની જરૂર છે કે હું આવ્યો ત્યારથી વિદ્યાપીઠનાં પાણી ઊતરતાં હતાં. વિદ્યાપીઠની સ્થાપના થઈ ત્યારે લોકમાનસમાં અને કામ કરનાર ભાઈઓના માનસમાં જે વેગ હતો તે વેગ ધીમેધીમે ઓસરવા લાગ્યો હતો અને પૂ. બાપુના વિચારો માત્ર કેળવણીમાં જ નહીં પણ સમગ્ર જીવનમાં ક્રાન્તિ લાવનારા વિચારો

છે અને એ વિચારોથી સમાજના પાયામાં જ મોટામોટા ફેરફારો થવા જોઈએ એ વસ્તુ તેના ખરા સ્વરૂપમાં સમજાવવાને બદલે લોકો, માબાપો, વિદ્યાર્થીઓ અને ખુદ પ્રાધ્યાપકો કેમ જાણે ફરીથી જૂની ઢબની કેળવણીનો અને જીવનની જૂની રસમનો આશરો લેવા તૈયાર થઈ રહ્યા હોય એવું દેખાતું હતું. એક દિવસ હતો કે જ્યારે અમદાવાદની ગુજરાત કૉલેજ આજ ખાલી થશે કે કાલ થશે તેની ખુદ કૉલેજના પ્રોફેસરો અને સરકારી અમલદારો રાહ જોતા હતા અને આચાર્ય ગિદવાણીનાં વ્યાખ્યાનનો એકએક શબ્દ ગુજરાત કૉલેજની એકએક ઈંટને ખોદી રહ્યો હોય એવું સર્વત્ર ભાન થતું હતું. આજે એ જ આચાર્ય ગિદવાણી કેમ જાણે અરણ્યરુદન કરતા હોય, એ જ પ્રાધ્યાપકો કેમ જાણે નાસીપાસીનો સૂર કાઢતા હોય, એ જ વિદ્યાર્થીઓ કેમ જાણે ગૂજરાત વિદ્યાપીઠમાં આવવાથી કેળવણીમાં મોટું કાંઇ ગુમાવ્યું હોય એમ માનતા થયા અને ગૂજરાત વિદ્યાપીઠની આખી દીવાલ કેમ જાણે ખળભળતી હોય તેમ પ્રાધ્યાપકો એક પછી એક વિદ્યાપીઠથી અસંતોષ અનુભવી વિદ્યાપીઠ છોડવા માગતા હોય એવી હવા ઊભી થઈ.

બે વર્ષની સેવા બાદ હું ગૂજરાત વિદ્યાપીઠના કામમાંથી છૂટો થયો અને ફરીથી દક્ષિણામૂર્તિના કામમાં મારું મન મેં પરોવ્યું. વિદ્યાપીઠમાં હતો તે દરમિયાન દક્ષિણામૂર્તિને બાહ્યદૃષ્ટિથી તપાસવાનો પણ મને સારો લાગ મળ્યો અને એ રીતે જોતાં દક્ષિણામૂર્તિનું નવવિધાન કરવાના કેટલાય મનોરથો મારા મનમાં ઊભા થયા.

આ વર્ષો દરમિયાન અમે દક્ષિણામૂર્તિને આંગણે એકબે સંમેલનો ભર્યાં. પહેલા મોન્ટીસોરી સંમેલન વિષે તો હું અગાઉ જણાવી ગયો છું. આવું એક બીજું સંમેલન તે છાત્રાલય સંમેલન હતું. પહેલું છાત્રાલય સંમેલન અમે ઈ. સ. ૧૯૨૬માં ભર્યું.

ગુજરાત–કાઠિયાવાડમાં જે અનેક જુદાંજુદાં બોર્ડિંગહાઉસ ચાલતાં હતાં તેમાં એક જાતનું એકધારાપણું લાવવું અને બોર્ડિંગહાઉસ

માત્ર વીશીઓ ન રહેતાં વિદ્યાર્થીના ચારિત્રઘડતરની પ્રયોગભૂમિઓ બને એ આ સંમેલન ભરવાનો ઉદ્દેશ હતો. દક્ષિણામૂર્તિએ છાત્રાલય મારફત આવા ચારિત્ર્યઘડતરની ભૂમિકા વર્ષો થયાં વિચારી હતી એમ કહેવાનો મને અધિકાર છે. બાપુએ રાષ્ટ્રીય શાળાની સ્થાપના કર્યા પછી પોતાના સત્યાગ્રહ આશ્રમમાં વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરનો એક નવો જ પ્રયોગ ઊભો કર્યો હતો અને બાપુના આ પ્રયોગની પાછળ એમના વર્ચસની મોટી છાપ હતી. આ દિવસોમાં આપણા સૌની પાસે આશ્રમજીવનનો એક તદ્દન નવો અને આકર્ષક ખ્યાલ બાપુએ રજૂ કર્યો અને આ આશ્રમજીવનના માપથી જુદાંજુદાં છાત્રાલયો પોતાના પ્રયોગોને માપવા લાગ્યાં. આનું એક પરિણામ એ આવ્યું કે ધીમે-ધીમે છાત્રાલયોમાં આશ્રમજીવનનાં બાહ્ય અંગો પ્રવેશ કરતાં ગયાં અને છતાં બાહ્ય જીવનની પાછળ જે અંગત જીવનની ભૂમિકા હોવી જોઈએ તે આવી શકી નહીં. બાપુના આશ્રમજીવનના આદર્શથી પ્રેરાઈને લગભગ બધાં છાત્રાલયોએ પોતાની સંસ્થામાં સમૂહપ્રાર્થના દાખલ કરી; પણ આ પ્રાર્થનાની પાછળ બાપુના પ્રાર્થના માટેના આગ્રહની તાલાવેલી ન હતી એટલે ચાલુ દિવસોમાં કરવામાં આવતી પ્રાર્થનાને રજાના દિવસે રજા મળતી અને એ રીતે પ્રાર્થના એક 'અફીશલ' (Official) પ્રાર્થના બની ગઈ. આશ્રમજીવન જેમ એક રીતે આકર્ષક અને આદર્શરૂપ હતું તેમ બીજી રીતે છાત્રાલયના સંચાલકોના પોતાના જીવનમાંથી એ ઊભું થવું જોઈએ એ વસ્તુ પણ એટલી જ જરૂરની હતી. આશ્રમજીવનનો ઉગમ પ્રત્યેક આશ્રમવાસીના વ્યક્તિગત જીવનમાંથી ઊભો થાય છે તે વસ્તુ સંચાલકોના ધ્યાન બહાર જતી હોય એમ સૌને લાગતું હતું. એ રીતે જોઈએ તો છાત્રાલયો આશ્રમજીવનની હદ સુધી પહોંચી શકે તેમ ન હતું. ખુદ દક્ષિણામૂર્તિનું છાત્રાલયજીવન પણ આશ્રમજીવનની તેજસ્વિતા પાસે ઝાંખું ગણાવું જોઈએ; પણ દક્ષિણામૂર્તિના છાત્રાલયજીવનની એક વિશિષ્ટતા એ હતી કે અમારા છાત્રાલયજીવનમાં અમે વધુપડતા આગ્રહથી કોઈ અમુક ઢબને ઊભી કરી ન હતી.

અમારા છાત્રાલયજીવનમાં અમારા સંચાલકોના જીવનનું યથાર્થ પ્રતિબિંબ પડતું અને અમારી વિશિષ્ટતા તેમજ અમારી નબળાઈ બન્ને અમે છાત્રાલયજીવનમાં જોઈ શકતા. માત્ર અમારી મોટામાં મોટી ત્રુટી હોય તો તે એ હતી કે અમે શિક્ષણશાસ્ત્રના પ્રયોગો કરતા હતા તેવી રીતે અને તેટલા આગ્રહથી જીવનશાસ્ત્રના પ્રયોગો કરતા ન હતા. આનું પરિણામ એ આવ્યું કે જેમજેમ માણસ જીવનશાસ્ત્રની દૃષ્ટિથી વધારે-વધારે ઊંચી કક્ષાએ પહોંચતો જાય તેમતેમ છાત્રાલયજીવન કેળવણીની દૃષ્ટિથી વધારે ઊંચી કક્ષાએ જવું જોઇએ એવું દક્ષિણામૂર્તિમાં ન બન્યું.

પરંતુ છાત્રાલયજીવનની આ અને આવા પ્રકારની શાસ્ત્રીય મીમાંસા કરવાને માટે અને આવી મીમાંસા દ્વારા માત્ર વીશી જેવાં બોર્ડિંગહાઉસોને થોડી પણ ઊંચી કક્ષાએ લઈ જવાશે એવી આશાથી અમે પહેલું છાત્રાલય સંમેલન ભર્યું. આ સંમેલનમાં અમને કાઠિયાવાડ–ગુજરાતના અગ્રગણ્ય પુરુષોનો સહકાર મળ્યો. તે ઉપરથી એક વાત સ્પષ્ટ હતી કે આપણા લોકો છાત્રાલયજીવન મારફત વિદ્યાર્થીઓના ચારિત્ર્યને ઊંચું લાવવા માગે છે. આ સંમેલનમાં શ્રી. નરહરિભાઈ પરીખ, શ્રી. જુગતરામ દવે, શ્રી. છગનલાલ જોષી વગેરે ભાઈઓ તો હતા જ; ગુજરાતના છાત્રાલયજીવનના પહેલી પંક્તિના ઘડવૈયા અને પોતાના છાત્રોના દિલમાં જેમણે અમર સ્થાન પ્રાપ્ત કર્યું હતું એવા મોતીભાઈ અમીન પોતાની મંડળી સાથે હાજર હતા; અને તળ ભાવનગરમાં આ સંમેલનને કળશ ચડ્યો મર્હૂમ સર પ્રભાશંકર પટ્ટણીની હાજરીથી. હું અગાઉ જણાવી ગયો છું તે પ્રમાણે સર પ્રભાશંકર દક્ષિણામૂર્તિનાં શરૂઆતનાં સ્વપ્નોમાં મારા ભાગીદાર હતા. એ જ સર પ્રભાશંકર છાત્રાલય સંમેલનના દિવસોમાં ત્રણેય દિવસ સુધી દક્ષિણામૂર્તિમાં જ રહ્યા, અમારી સાથે જ જમ્યા, અમારી સાથે જ સૂતાબેઠા અને તેમણે સંમેલનના કાર્યક્રમમાં પૂરેપૂરી હાજરી આપી. સંમેલનનું સંચાલન પ્રમુખ તરીકે શ્રી. રામનારાયણ પાઠકે કર્યું હતું અને તેમની કુશાગ્ર બુદ્ધિનો તેમ જ ઝીણવટભરી વ્યવહારદક્ષતાનો લાભ સંમેલનને પૂરેપૂરો

મળ્યો. સંમેલનમાં આદર્શનાં ભાષણો તો થયાં, અને ઠીકઠીક થયાં, પરંતુ મોતીભાઇ અમીનની વ્યવહારદક્ષતા સંમેલનમાં પૂરેપૂરી ઝળકી ઊઠી અને રામનારાયણભાઈ જેવા પ્રમુખે પણ છાત્રાલયોનાં રાંધવા-પીરસવાનાં વાસણોમાં કેવી રીતે આપણી શાસ્ત્રદૃષ્ટિનો ઉપયોગ કરવો ત્યાં સુધીના વિચારો રજૂ કર્યા. બાકી તો બીજાં સંમેલનોની માફક અમે પણ ઠરાવો કર્યા, અમે પણ એકબીજાને હળ્યામળ્યા, અમે પણ સાથે ખાધુંપીધું અને રંજન કાર્યક્રમો પાર પાડ્યા.

આ સંમેલને છાત્રાલયના પ્રશ્નો પર તો પ્રકાશ નાખ્યો જ પરંતુ બીજી રીતે જેમ દક્ષિણામૂર્તિને માટે બનતું આવ્યું હતું તેમ નાનીનાની વસ્તુઓમાં પણ અમે ભાત પાડી. દાખલા તરીકે ત્રણેય દિવસો દરમિયાન સંમેલન નક્કી કરેલ વખતે (મિનિટેમિનિટ) શરૂ થયું અને નક્કી કરેલ વખતે પૂરું થયું. નાસ્તાપાણી વખતે પણ તેમ જ ભોજન સમયે પણ અમે નિયમિતતાને આબાદ જાળવી શક્યા. માત્ર એક બાબતમાં અમે પહોંચી ન શક્યા અને તે ટાઢ. અમે ટાઢના દિવસોમાં સંમેલન ભર્યું હતું અને આવનાર મહેમાનોને પાથરવા-ઓઢવાનો પૂરતો સામાન લઈને આવવાનું જણાવ્યું હતું છતાં આપણા ભાઈઓ તે આપણા ભાઈઓ. અધૂરામાં પૂરું આ જ દિવસોમાં હિમ પડ્યું અને શિયાળે પણ માઝા મૂકી; એટલે કેટલાએક મહેમાનોએ ઠંડીથી બચવા ગાદલાં ઓઢયાં અને કેટલાએક મહેમાનોએ એકમે દિવસ નહાવાના કાર્યક્રમને સમૂળગો ફગાવી દીધો. બાકી આખું સંમેલન આબાદ રીતે પાર ઊતર્યું અને ચારિત્ર્યનું ઘડતર એ જ કેળવણીનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ એવી ભાવના લઈને સૌ છૂટા પડ્યા.

સંમેલન પતી ગયું. માંડવો છોડીને અમે સૌ પાછા રીતસરને કામે લાગી ગયા. ત્યારબાદ થોડા સમયે મારા જીવનમાં એક નવો જ ધડાકો થયો. છેલ્લાં થોડાંએક વર્ષો થયાં મારા ઘરનો કારભાર શાંતિપૂર્વક ચાલતો હતો. મારો મોટો દીકરો બાબુ બાલમંદિરમાં ભણતો હતો અને બાલમંદિરની રંગભૂમિ ઉપર મારા ચાળા પાડીને તેણે સારી

એવી નામના મેળવી હતી. મારો નાનો દીકરો બચુ પણ બાલમંદિર જતો હતો. મને બરાબર યાદ છે કે આ બન્ને દીકરાઓને પશુપંખી ઉપર બાળકોને હોય છે તેવો મોટો પ્રેમ જામ્યો હતો. બાબુએ એક ગલૂડિયું પાળ્યું હતું અને તેનું નામ 'રાભડો' પાડ્યું હતું. રાભડાને દૂધ પાવું, રાભડાને ખવરાવવું, રાભડાને સાબુથી નવરાવવો, શિયાળાના તડકામાં રાભડાને તડકે બેસીને રમાડવો—આ બધી બાબુની પ્રવૃત્તિઓ હતી. આ બન્ને પુત્રોની ઇચ્છાથી મેં મારા ઘરમાં બેએક કૂકડી વસાવી હતી અને આ કૂકડીનાં પીલાં બન્ને અમારા બાળકોની માફક આખા ઘરમાં વિહરતાં હતાં. પરંતુ આ પીલાંને સાચવવાની જવાબદારી મારા પુત્રોને માથે હતી તેના કરતાં અમારે માથે વધારે હતી. એક દિવસ રાતના કૂકડીને ઢાંકીને સુવાડી દીધી હતી ત્યાં ઓરડાનું બારણું ભૂલથી એક મહેમાને ઉઘાડું મૂકી દીધું એટલે બિલાડીએ આવીને કૂકડીને પૂરી કરી. એ જ રીતે એક વખત બાબુ-બચુ બાલમંદિર ગયા હતા, હું સંસ્થામાં કામે ગયો હતો અને બાબુની બા જમતી હતી ત્યાં બિલાડીએ પીલાંને પકડવા માટે છલંગ મારી અને બન્ને પીલાં છલંગમાંથી છટકી તો ગયાં છતાં ઘાયલ થયાં અને મરી ગયાં. આ બન્ને પ્રસંગ વેળાનું મારા બન્ને પુત્રોનું આક્રંદ આજે સંભારું છું ત્યારે પણ રૂંવાડાં ઊભાં થાય છે. આ બનાવ પછી લગભગ પાંચદસ દિવસ સુધી બન્ને પુત્રો અસ્વસ્થ રહ્યા અને ઘરમાં પણ કેમ જાણે શૂન્ય જેવા ફરતા હતા.

લગભગ આ અરસામાં બાબુની બા સુવાવડ પ્રસંગે ગામમાં જ પોતાના પિતાને ઘેર ગઈ અને ત્યાં જરૂર જેટલા દિવસો રહીને પાછી આવી. બાબુની બા પાછી ફરી ત્યારપછી એકબે દિવસે બાબુને તાવ આવ્યો અને બેત્રણ દિવસના તાવમાં બાબુ ચાલ્યો ગયો. તેને તાવ આમ તો સાધારણ દેખાતો હતો. તાવને લઈને મોઢું થોડુંએક સૂઝી ગયું હતું અને અમે તેની દવા કરતાં હતાં. એક દિવસ સાંજે બાબુને થોડી ઊલટી થઈ અને ઊલટીમાં લોહી જેવું પાણી નીકળ્યું; એટલે હું

તરત જ મારા સસરા પાસે દવા લેવા ગયો. મારી ગેરહાજરીમાં બાબુની બા, શ્રી. બળવંતભાઈ અને બીજા મિત્રો બાબુના ખાટલા પાસે બેઠા-બેઠા વાતો કરતા હતા અને બાબુ મજાથી ઊંઘતો હતો. તેવામાં બાબુને ઉધરસ આવી અને ઊલટી થવા જેવું થયું; એટલે ઊલટી કરીને પાછો તે સૂતો. આ સૂતો તે સૂતો. તેની આંખો મીંચાઈ ગઇ. બાબુની બા તેના શરીર પર હાથ ફેરવતી હતી પણ તેને ખબર નહીં કે બાબુ ચાલ્યો ગયો. થોડી વાર પછી બાબુને હલ્યાચલ્યા વિનાનો પડેલો જોઇને બાબુની બા મૂંઝાઇ અને તેણે મારા મિત્રોને બોલાવ્યા. ભાઇ માધવજીએ આવીને જોયું તો તેઓ મૂંઝાઇ ગયા પણ મારી ગેરહાજરીમાં બાબુની બાને શું કહેવું તે નક્કી ન કરી શક્યા. મને તેડવા માટે વિદ્યાર્થીઓ ગામમાં દોડ્યા. દરમિયાન ડૉ. કાણે આવી ચડ્યા અને તેમણે બાબુ ગુજરી ગયો છે તે વાત નક્કી કરીને જણાવી. બાબુની બા હેબતાઇ ગઈ અને મારા આવવાની રાહ જોતી બેસી રહી. દરમિયાન વિદ્યાર્થીઓએ ગામમાં મને શોધી કાઢ્યો અને હું ઘોડાગાડી કરીને ઉતાવળે ઘેર આવી પહોંચ્યો. મારા મનમાં ફડકો તો પેસી જ ગયો હતો એટલે ઘરમાં આવીને મેં પરિસ્થિતિ નિહાળી અને બાબુ ગયો છે એમ મારા મન સાથે નક્કી કર્યું.

રાત પડી ગઈ હતી એટલે અમે સૌ દુઃખી થતાં, કલેશ કરતાં, વાતો કરતાં અને વચ્ચેવચ્ચે ભગવદ્ગીતાનો પાઠ કરતાં બેસી રહ્યાં; અને સવારે જેના ખભા ઉપર ચડીને આખરી યાત્રા કરવાનો વિચાર માબાપો રાખતાં હોય છે એવા પુત્રને ખભા ઉપર લઇને અમે શ્મશાને ગયા. આ અવસાન પ્રસંગે અમે રડવાકૂટવાના રિવાજને બિલકુલ બંધ કરી શક્યા. બાબુની બાએ પણ અંતરની અસાધારણ વેદના સહન કરતાં છતાં રડવાકૂટવાના રિવાજને બિલકુલ બંધ રાખ્યો અને સવારે જ્ઞાતિનાં ઓળખીતાં તેમ જ સગાંવહાલાંઓ આવ્યાં ત્યારે આ સામાજિક વ્યવહાર તો બંધ જ રહ્યો.

મારા માટે તેમ જ બાબુની બા માટે જીવતરના નિચોડ સમા

ફુરજંદને વળાવવાનો આ પહેલવહેલો જ પ્રસંગ હતો એટલે આ પહેલો આઘાત ઘણો સખત હોય એમાં શંકા નથી. શ્મશાનથી ઘેર પાછા આવીને અને સગાંકુટુંબીઓને વળાવીને અમે બેઠાં ત્યારે અમે બન્નેએ બારણું બંધ કરીને નિરાંતે રોઈ લીધું અને તેની સાથે મારા નાના દીકરાઓ બચુ–બટુકનો વિચાર કરીને, એ લોકો હેબતાઈ ન જાય એ ખાતર અમારાં આંસુ પણ અમે જાતે જ લોહી લીધાં. છતાં એક વાત તો ઊભી જ હતી. મને પોતાને મારા માટે એક જાતનું છૂપું અભિમાન હતું કે આવાઆવા બનાવો જગતમાં બન્યા જ કરે છે એટલે તેનાથી માણસે કલેશ કરવો ન જોઈએ. હું પોતે ગીતા–ઉપનિષદનો અભ્યાસી હતો અને ધર્મને સમજનારો ગણાતો હતો એટલે મારા મનમાં મૃત્યુ સંબંધી અને જીવન સંબંધી જે કાંઈ વેદાંતજ્ઞાન ભર્યું હતું અને જે જ્ઞાનનો મેં આજ સુધી દાવો કર્યો હતો તે જ્ઞાનનો મારા પોતાના જીવતરમાં ઉપયોગ કરવાનો વખત આવે ત્યારે મારે ટકી રહેવું જોઈએ અને સાધારણ વ્યવહારના માણસની માફક કલેશ કરવાને બદલે જ્ઞાનીની માફક વર્તવું જોઇએ આવી જાતનું છૂપું અભિમાન મારા મનમાં ઘોળાતું હતું. એને લઈને મેં રોકકળનો કલેશ તો ન જ કર્યો પરંતુ મારી પાસે ખરખરો કરવા આવનાર માણસની સાથે વાતચીતમાં પણ મારા મનને અડગ રાખવાનો મેં આગ્રહ રાખ્યો.

દરરોજ સાંજે અમે ભગવદ્ગીતા વાંચવાનું શરૂ કર્યું અને દસ દિવસને અંતે બાળાભોળાંને જમાડવાની તેની બાની ઇચ્છા થઈ તેનો પણ મેં વિરોધ કર્યો. સામાજિક દૃષ્ટિથી આ ફેરફારો મારે કરવા જ જોઈએ એમ મને લાગ્યું. પરંતુ આ સામાજિક ફેરફારોની પાછળ અમારા મનમાં જે પરિવર્તન થવું જોઈતું હતું તે થયેલ નહીં તેની ખબર મને ઘણી મોડી પડી; જો કે ઘણી વહેલી પડવી જોઈતી હતી. મારો દીકરો બાબુ ગુજરી ગયો તે પહેલાં થોડે વખતે ગિજુભાઈનો દીકરો શર્તુ ગુજરી ગયો હતો. મારી માફક જ જ્ઞાનના અને કડકાઈના અભિમાનથી ગિજુભાઈએ એ દિવસોમાં રોકકળ બંધ કરેલી અને મનને

કઠણ કરીને એ અવસરને ઝીલવાનો પ્રયત્ન કરેલો. આ કડકાઈનું પરિણામ એ આવ્યું કે શર્તુ ગયાને દસ-અગિયાર દિવસ થયા ત્યાં એક દિવસ રાતે ગિજુભાઈ પોતાના ઘરમાં એકાએક પડી ગયા. પડી જતાંની સાથે જ જડીબ્હેને મને સાદ પાડ્યો અને હું પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં તો ગિજુભાઈને ઝાડોપેશાબ છૂટી ગયાં અને તેઓ બેભાન થઈ ગયા. મેં તુરતોતુરત ડૉ. કાણેને બોલાવ્યા. પંદરેક મિનિટ પછી ગિજુભાઈને ભાન આવ્યું એટલે તેમને સાફ કરીને અમે ખાટલામાં લીધા અને ત્યાર પછી ડૉક્ટર આવ્યા પહેલાં અને તે પછી ગિજુભાઈ મનને મોકળું મૂકીને ધ્રુસકેધ્રુસકે રડ્યા. આ પ્રસંગે મેં જ મિત્રોને જણાવ્યું હતું કે અંતરના દર્દને આ પ્રમાણે રોકવું એમાં જોખમ છે અને રોઈને હળવું કરવાની દરેક માણસને જરૂર છે. શર્તુના અવસાન વખતે આવા ડહાપણના શબ્દો બોલનારો હું જ મારી શિખામણ ભૂલી ગયો અને બાબુના અવસાન પ્રસંગે મારા મનને કઠણ રાખીને વર્ત્યો.

બાબુને ગયાં દસ દિવસ થયા ત્યાં મારા નવા અવતરેલા જગદીશને શીળી નીકળ્યાં. જગદીશની ઉંમર આ વખતે બે અઢી માસની હશે. મારું અને બાબુની બાનું મન જગદીશની સારવારમાં રોકાયું એટલે ઘડીભર બાબુ વિસારે પડ્યો; પણ જગદીશનાં શીળી આખરે જીવલેણ નીકળ્યાં અને શીળી નીકળ્યાને અઢારમે દિવસે જગદીશ પણ ઊડી ગયો. આ રીતે માળામાંથી એકીસાથે બે પંખી ઊડી ગયાં તેનો આઘાત ભારે લાગ્યો. જગદીશ ગયા પછી બાબુની બા બે દિવસ માટે ખોળો વિસામવા એને પિયર ગઈ અને હું એક રાતના તાવની બીમારીમાં સપડાયો. મારા આ તાવે મારા મિત્રોને ગભરાવ્યા. ડૉ. કાણે પણ ગભરાયા અને તેમણે રાતે ને રાતે બાબુની બાને પાછી બોલાવી લીધી. મને પોતાને આ તાવ જીવલેણ જેવો લાગ્યો એટલે હું જાઉં તો મારી પછી સંસ્થાની અને કુટુંબની કેવી જાતની વ્યવસ્થા કરવી તેની આખી યોજના હું ગિજુભાઈને લખાવવા બેઠો અને ગિજુભાઈ પણ ભયભીત થઈને લખવા બેઠા. કહે છે કે મારા શરીરની ગરમી આ વખતે લગભગ

૯૬° જેટલી થઈ ગઈ હતી. ત્યાર પછી ડૉ. કાણેની દવાથી અને કૉફી વગેરે પીવાથી શરીરમાં ગરમી વધવા લાગી અને સવારે તો રીતસર તાવ શરૂ થયો. આ દિવસથી મારીલાંબી–પૂરા એક વર્ષની–માંદગી શરૂ થઈ.

મારા જીવનમાં કોઈ પણ વખત મને લાંબી માંદગી આવી હોય તો તે આ પહેલવહેલી હતી. આ પહેલાં જુદેજુદે વખતે હું પડી ગયેલો ત્યારે વારાફરતી હાથ અને પગ બન્ને ભાંગ્યા હતા અને એ બધા પ્રસંગોએ ત્રણત્રણ મહિના સુધી મારે ઘરમાં રહેવું પડ્યું હતું. પણ આખાય શરીરને વલોવી નાખે એવી તો આ પહેલવહેલી જ માંદગી હતી. નવાઈ જેવું તો એ ગણાય કે હું માંદો પડ્યો તે દિવસથી ભાવનગરના સારામાં સારા ડૉકટરો તેમ જ વૈદ્યો મારી સારવારમાં હતા, જેને ઊંચામાં ઊંચી દવા કહી શકાય એવી દવાઓનો પ્રયોગ મારા શરીર ઉપર થયો હતો, કોઈ પણ ભાગ્યશાળી માણસને જ મળી શકે એવી સ્નેહભરી સારવાર મારી સ્ત્રી, દક્ષિણામૂર્તિનો આખો કુટુંબ–વિસ્તાર અને દક્ષિણામૂર્તિનાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ ખડે પગે કરતાં હતાં પણ મારા રોગનું ખરું નિદાન દસ મહિનાને અંતે હું જ્યારે મુંબઈ ગયો અને જ્યારે હું માંદગીથી કંટાળીને દેહ છૂટી જાય તો સારું એવા વિચારો ઘડતો હતો ત્યારે જ મારા મિત્ર ડૉ. એસ. કે. વૈદ્યને હાથે થયું અને તેમની સૂચના પ્રમાણેના એક જ ઈન્જેક્શનથી મારી લાંબી માંદગી ગઈ.

આ માંદગી દરમિયાન મારી કેટલીયે વિચિત્રતાએ ઠીકઠીક જોર કર્યું એમ કહેવું જોઈએ. મને હજી આજે પણ યાદ છે કે આ માંદગી દરમિયાન મારું મન પણ માંદું જ થઈ ગયું હતું. આ દિવસોમાં મારું માનસ કેવું થઈ ગયું હતું એ જણાવનારા થોડાએક કિસ્સાઓ મને યાદ છે.

એકવાર સવારમાં ઊઠીને હું આરામખુરસીમાં પડ્યો હતો ત્યાં ડૉકટર કાણે આવ્યા. ડૉકટર કાણેને અમે સૌ આજે પણ દાજીકાકા કહીને બોલાવીએ છીએ. દાજીકાકાની સાથેના મારા પોતાના સંબંધો

પણ જૂના હતા. હું મહુવામાં હેડમાસ્તર હતો તે વખતથી અમારી મૈત્રી શરૂ થઈ ગણાય. ત્યારપછી દક્ષિણામૂર્તિમાં દાજીકાકા અમારા જેવા જ એક આજીવનસભ્ય સમા થઈ ગયા હતા અને દાજીકાકાનું ઘર એ આખી સંસ્થાને માટે કેમ જાણે પોતાનું ઘર થઈ ગયું હતું. એક દિવસ સવારે રોજની માફક દાજીકાકા મને તપાસવા માટે આવ્યા. મને સવારમાં ચા-કૉફી વગેરે પીણાં ભાવતાં ન હતાં એટલે દાજીકાકાએ ઓવલ્ટાઇનની ભલામણ કરી હતી. એટલે મેં ઓવલ્ટાઈન લેવું શરૂ કર્યું. જે દિવસે સવારે ઓવલ્ટાઈન લીધું તે વખતે જ મને ઓવલ્ટાઇનમાં કંઇક નવી જાતની વાસ આવી; પણ તે તો પી ગયો. આ વખતે મારા વિદ્યાર્થી છોટાલાલ ભટ્ટ જે આજે કોલંબોમાં એક જાણીતા આગેવાન વેપારી છે તેઓ મારી સારવારમાં હતા. મારા કહેવાથી તેમણે મને ઓવલ્ટાઈનમાં કયા કયા પદાર્થો હોય છે એની એક છાપેલી યાદી મેળવી આપી. આ યાદી પરથી હું તરત જ જોઈ શક્યો કે ઓવલ્ટાઇનમાં ઈંડાંનો રસ પણ હોય છે. આ જાણ્યા પછી બીજે દિવસે સવારે મેં ઓવલ્ટાઇન લેવાની ના પાડી. દાજીકાકાએ આવીને તરત જ બાબુની બાને પૂછ્યું: "કેમ, આજે નાનાભાઇએ શું લીધું?" બાબુની બાએ કહ્યું: "કશું લીધું નથી." દાજીકાકા મારી સામે જોઈને બોલ્યા: "કેમ, ઓવલ્ટાઇન નથી લીધું?" મેં કહ્યું: "ના, એમાં ઇંડાંનો રસ હોય છે માટે હું એ લેવાનો નથી." મારી આ વિચિત્ર જણાતી વાત સાંભળીને દાજીકાકા તાડૂકી ઊઠ્યા: "નાનાભાઈ, જો ઓવલ્ટાઈન લેવાની ના પાડશો તો હું દવામાં Chiken soup આપીશ એમ સમજજો." હું દાજીકાકા ઉપર જરા ઉશ્કેરાઈ ગયો અને બોલ્યો: "દાજીકાકા, હું એ રીતે સાજો થઈને જીવવા માગતો નથી. મારા એકના જવાથી દુનિયાને શું મોટું નુકસાન થઈ જવાનું છે? જાઓ, મારે તમારી દવા જ નથી લેવી." આટલું બોલીને હું આરામખુરસી ઉપરથી ઊભો થયો અને મોઢું ફેરવીને મારી પથારીમાં પડ્યો. દાજીકાકા બાબુની બા સાથે અને મિત્રો સાથે મસલત કરીને થોડીવાર પછી

ગયા હશે. રીસમાં ને રીસમાં મેં બે-ત્રણ દિવસ બિલકુલ દવા ન લીધી અને દાજીકાકા મને સવારે જોવા આવે ત્યારે પણ કટાણું મોઢું કરીને હું હાથ લંબાવતો અને જવાબો આપતો; પરંતુ દાજીકાકાએ પોતાની મમતા કોઈ દિવસ છોડી નહીં. મને બરાબર યાદ છે, એક વખત મેં દાજીકાકાને એક ચિઠ્ઠી લખી અને તેમાં જણાવ્યું કે તમે મને સાજો કરવા માગતા જ નથી અને જાણીબૂઝીને મારું દર્દ લંબાવ્યા કરો છો માટે આવતી કાલથી મારે ઘરે આવશો જ નહીં. આ ચિઠ્ઠીના જવાબમાં કાંઈપણ શબ્દો લખ્યા વિના દાજીકાકા અને કાકુ (તેમનાં પત્ની) બન્ને મારે ઘરે આવ્યાં અને ગમે તેમ સમજાવીને મને અને મારા આખા કુટુંબને એક અઠવાડિયા માટે પોતાને ઘરે રહેવા લઈ ગયાં. મારી આખીયે માંદગી દરમિયાન અનેક નાનામોટા પ્રસંગોએ મેં મિજાજ ગુમાવ્યો અને દાજીકાકાએ જરા ય મિજાજ ગુમાવ્યા વિના મારી દવા અને સારવાર કર્યાં.

માંદગી દરમિયાન સૌની સલાહથી થોડા દિવસો હવાફેર માટે હું સોનગઢ રહ્યો હતો. સોનગઢ સારવાર માટે છોટુભાઈ તો સાથે હતો જ પણ સંસ્થાના બારપંદર વિદ્યાર્થીઓ પણ મારા દિવસો આનંદમાં જાય એ માટે મારી સાથે રહ્યા હતા અને સંસ્થાનો રસોયો પણ સંસ્થા તરફથી મારી સાથે હતો. એક વખત બપોરના હું જમવા બેસતો હતો ત્યારે બાણુની બા માખીઓ ઉડાડતી રોજના નિયમ પ્રમાણે મારી પાસે બેઠી હતી. દરમિયાન એવું બન્યું કે પાણી ભરનારી બાઈને એ જગ્યાએથી પસાર થવું પડે એમ હતું; એટલે મારો પાટલો ત્યાંથી ખસેડીને બાણુની બાએ મૂક્યો. આ પાટલો ખસેડવાની વાત બાણુની બાએ દૂર કરી કે તરત જ હું છંછેડાઈ ગયો અને જમ્યા વિના પાટલા પરથી ઊભો થઈને બહાર હિંડોળે જઈને બેઠો. મેં રીસમાં ને રીસમાં ન જમવાનો સંકલ્પ કર્યો હતો અને બાણુની બા ઉપર ગુસ્સે થઈને એ સંકલ્પ તેને જણાવ્યો પણ હતો. મારા આ ગુસ્સાથી બાણુની બા અકળાઈ ગઈ. તે તરત જ બહાર આવી. હિંડોળા પર પડેલા મને પગ ચાંપીને આશ્વાસન

આપવા લાગી, સમજાવવા લાગી; પણ બન્યું એવું કે જેમજેમ તે વધારે સમજાવે તેમતેમ મારી રીસ વધારે દૃઢ થતી જાય. હું ન જમ્યો તે ન જ જમ્યો અને પરિણામે બાણુની બા પણ હું ન જમું ત્યાં સુધી ન જમવાની પ્રતિજ્ઞા લઈને બેઠી. તે દિવસે બપોરના હું વિદ્યાર્થીઓ સાથે ચોપાટ પણ ન રમ્યો, ગંજીપો પણ ન રમ્યો, અને મનમાં ને મનમાં રીસને ઘૂંટતોઘૂંટતો પડ્યો રહ્યો. મોડી સાંજે કોણ જાણે શાથી રીસ મોળી પડી અને કેમ જાણે બાણુની બા ઉપર ઉપકાર કરતો હોઉં એમ જમવા ચાલ્યો. આ પ્રસંગ આજે પણ મારી આંખ આગળ તરે છે અને આ માંદગી દરમિયાન કેટકેટલા આવા અન્યાયો મેં બાણુની બાને કર્યા છે એની મજાકો મારાં છોકરાંઓની સાથે રાતની વાતોમાં આજે પણ કહું છું.

એક દિવસ સવારે શ્રી. ગજાનનભાઈ મને જોવા માટે આવ્યા. સાથેસાથે તેઓ સ્વ. સર પ્રભાશંકર પટ્ટણી તરફથી સંદેશો પણ લાવ્યા હતા. સ્વ. સર પ્રભાશંકરની મારા ઉપર અંગત મમતા હતી તે તો સુવિદિત છે. મારી માંદગીમાં મને સહાય કરવાની ઇચ્છા સર પ્રભાશંકરે બતાવી અને શ્રી. ગજાનનભાઈની મારફત બતાવી. શ્રી. ગજાનનભાઈની વાત સાંભળી કે તરત જ હું આરામખુરસીમાં બેઠો થઈ ગયો અને બોલ્યો : "એમ પૈસા વગર મારું કશું જ અટક્યું નથી. જોવું હોય તો તમે કહો એવી મોટી રકમનો ચેક આ ઘડીએ ફાડી દઉં." શ્રી. ગજાનનભાઈ મારી વાત સાંભળીને વિચારમાં પડી ગયા અને પટ્ટણી સાહેબને તો તેમણે પોતાની રીતે જણાવ્યું : "નાનાભાઈને જરૂર પડશે ત્યારે તે આપની પાસેથી રૂપિયા મંગાવી લેશે."

માંદગી પૂરી થયા પછી જ્યારે હું પટ્ટણીસાહેબને મળ્યો અને માંદગીની વાતો કરવા લાગ્યો ત્યારે મારા તોછડાઈભર્યા જવાબની તેમને પહેલવહેલી જાણ મેં જ કરી.

માંદગીના છેલ્લા દિવસોમાં હું પંચગની હવાફેર કરવા ગયો હતો. મારી માંદગી સબબે દક્ષિણામૂર્તિનું અર્થતંત્ર ઠીકઠીક ભીંસમાં આવી

ગયું હતું અને મારા માથા પરથી ભાર ઓછો કરવા માટે બાપુએ મારા મિત્રોને સાબરમતી બોલાવી શ્રી. ઘનશ્યામદાસજી બિડલા ઉપર ચિઠ્ઠી લખી હતી. દરમિયાન બાપુનો મારા પર એક કાગળ આવ્યો. દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં અમે ખાદીનો પોશાક બાળકો માટે ફરજિયાત કર્યો નથી એ બાબત તરફ આશ્રમમાં શ્રી. છગનલાલ જોષીએ બાપુનું ધ્યાન ખેંચ્યું હતું. છગનભાઈના મત પ્રમાણે આવી અરાષ્ટ્રીય સંસ્થાને માટે બાપુ બિડલાજીને શી રીતે ભલામણ કરી શકે એવો છગનભાઈના કહેવાનો ધ્વનિ હતો. આ બધી વિગતોનો ઉલ્લેખ કરતો એક કાગળ બાપુએ મને પંચગની લખ્યો અને કાગળ વાંચીને મારા ઉશ્કેરાટનો પાર ન રહ્યો. આ કાગળનો જવાબ મેં બાપુને પંચગનીથી આપ્યો અને ખાદી ફરજિયાત કરવાનો નિયમ કર્યા વિના મરજિયાત ખાદી પણ કેવી રીતે ફરજિયાતનું રૂપ પકડે છે તેની સ્પષ્ટ રેખા બાપુ પાસે રજૂ કરી; પણ સાથે મારા જવાબમાં શ્રી. છગનલાલ જોષી ઉપર મેં મારો રોષ ઠીકઠીક ઠાલવ્યો. આજ હું સમજું છું કે છગનલાલ જોષી તો આ હકીકત તરફ બાપુનું ધ્યાન દોરનાર નિમિત્તમાત્ર હતા અને મારે રોષ કરવાનું કશું કારણ ન હતું; પણ આવા તો કેટલાય પ્રસંગો આ માંદગી દરમિયાન વીતી ગયા છે અને તેથી જ મેં જણાવ્યું તેમ આ માંદગીમાં મારું મન પણ એટલું જ માંદું થઈ ગયું હતું.

અમે પંચગની પહોંચ્યા પછી બીજે દિવસે સાંજના બાળુની બાએ મને કહ્યું: "સૌ ફરવા જાય છે તો તમે પણ ફરવા ચાલો. જરૂર હોય તો હું પણ સાથે આવું." મેં જવાબ આપ્યો: "હું અહીં હવાફેર માટે આવ્યો છું, ફરવા જવા માટે નથી આવ્યો. મને આરામ લેવા દે. તમારે સૌને જવું હોય તો જાઓ." એ જ દિવસ પછી કોઈને પૂછ્યા વિના હું દરરોજ સવારસાંજ બન્ને વખત ફરવા જવા લાગ્યો અને ધીમે ધીમે રોગમુક્ત થવા લાગ્યો. આખીયે માંદગી દરમિયાન બાળુની બાએ મારી સારવાર કરવાની જહેમત ઉઠાવી છે એમ કહેવું એ આજે શોભે નહીં. મારી પાછળ આખું વર્ષ તે હેરાન થઈ ગઈ

અને વર્ષને અંતે હું જ્યારે પંચગનીથી સાજો થઇને ભાવનગર આવ્યો ત્યારે મારા સાજા થયાના હર્ષમાં તેણે મિત્રોને અને સગાંવહાલાંને જમાડી પ્રભુનો પાડ માન્યો. આ માંદગી દરમિયાન મને સાજો કરવામાં મારા અનેક મિત્રોનો-ખાસ ભાઈ છોટુ ઉપરાંત ભાઈ ભાસ્કર અને ભાઈ અમીચંદ એમનો પણ એટલો જ મોટો હિસ્સો છે એમ કહેવું જોઈએ. માંદગી દરમિયાન મેં આખી સંસ્થાને મારી ચિંતામાં મૂકી દીધી અને મને સાજો કરવા માટે સંસ્થાએ પોતાની તમામ સાધનસામગ્રી મારી પાછળ ખર્ચવામાં પાછું વાળી ન જોયું. મારા મિત્ર શ્રી. જીવણલાલ ભાઈએ અને શ્રી. બેચરલાલભાઈએ મને સાજો :કરવા માટે પંચગની સુધી જહેમત ઉઠાવી અને પૂજ્ય બાપુએ પણ પોતાની લાક્ષણિક રીતે મને ઉગારી લેવામાં મણુા ન રાખી.

પંચગનીથી સાજો થઈને હું ભાવનગર આવ્યો ત્યારે દક્ષિણામૂર્તિમાં મને જુદું દર્શન થયું. આજ સુધીમાં અમે છાત્રાલયના પ્રદેશમાં ઠીકઠીક વિચારો કર્યા હતા અને અમારે આંગણે પહેલું છાત્રાલય સંમેલન ભરાયું ત્યારે કેમ જાણે છાત્રાલયના વિષયમાં અમે સમગ્ર ગુજરાતને દોરવણી આપી રહ્યા હોઈએ એવું ગુજરાતના ભાઈઓને લાગ્યું હતું. ઉપરાંત અમારા વિનયમંદિરે પણ ગુજરાતમાં ભાત પાડી હતી. નૂતન કેળવણીના સિદ્ધાંતોનો અમલ કરીને અમે અમારા વિનયમંદિરને ગુજરાતની માધ્યમિક શિક્ષણની સંસ્થાઓને મોખરે મૂક્યું હતું અને અમારી રાષ્ટ્રીયતાને કારણે અમે માથું ઊંચું રાખીને ચાલી શકતા હતા. અમારા બાલમંદિરે તો બાળકેળવણીનો ગુજરાતભરમાં ડંકો વગાડ્યો હતો અને પહેલા મોન્ટીસોરી સંમેલન પ્રસંગે શ્રી. સરલાદેવીબેન જેવાં સુશિક્ષિત અને સૌજન્યશાળી બેનને હાથે તેના પર મહોર પડી હતી. અમારું પ્રકાશનમંદિર પણ ઠીક વિકાસ કરી રહ્યું હતું અને ભાઈ ગોપાળરાવની જહેમતથી એ વિભાગ અમને યશ તેમ જ ધન બન્ને આપી શકે એવી સ્થિતિમાં આવતો જતો હતો.

ખરી રીતે તો ઠેઠ ઈ. સ. ૧૯૨૩ની સાલથી અમે અમારું બાલ

અધ્યાપનમંદિર શરૂ કર્યું હતું; પણ શરૂઆતનાં વર્ષોમાં એ બહુ જ આછુંપાતળું ચાલતું. પણ હવે અમે વિકાસને માટે કેમ જાણે હણહણી રહ્યા હતા; વિનયમંદિરમાં ડોલ્ટન યોજના તો ક્યારની યે શરૂ કરી દીધી હતી અને હવે તો માધ્યમિક શિક્ષક અધ્યાપનમંદિરના કેમ જાણે ભણકારા વાગતા હતા.

હું પંચગનીથી આવ્યો ત્યારપછી મારી ગેરહાજરીમાં બનેલા સંસ્થાના અનેક નાનામોટા બનાવો મારી પાસે રજૂ થયા. એમાંનો એક પ્રસંગ અહીં નોંધું છું મારી ગેરહાજરી દરમિયાન મારા હસ્તકનો નિયામકનો ચાર્જ શ્રી. ગિજુભાઈ પાસે રહ્યો અને મૅનેજિંગ ટ્રસ્ટીનો ચાર્જ શ્રી. ગોપાળરાવ પાસે રહ્યો. ભાઈ જેઠાલાલ વિઠ્ઠલજી મહેતા બન્ને ઑફિસના કારકુન હતા. એકવાર શ્રી ગિજુભાઈએ નાણાંને અંગે શ્રી. જેઠાલાલ પાસે માગણી કરી અથવા તો તેમને હુકમ કર્યો. ભાઈ જેઠાલાલે શ્રી. ગોપાળરાવને પૂછીને તેનો અમલ કરવા નમ્રતાથી જણાવ્યું એટલે ગિજુભાઈ ઊકળી ગયા, અને ભાઈ જેઠાલાલને બરતરફ કરવા તૈયાર થયા. પણ ગોપાળરાવને જેઠાલાલનો દોષ તો ન લાગ્યો પણ શ્રી. ગિજુભાઈની માગણી યથાર્થ ન હતી એમ લાગ્યું, એટલે જેઠાલાલને બરતરફ કરવા સામે ગોપાળરાવે વાંધો ઉઠાવ્યો. આનું પરિણામ એ આવ્યું કે ગિજુભાઈ અને ગોપાળરાવ વચ્ચે આંટી પડી અને ગરમીમાં ને ગરમીમાં તેમનાથી હરભાઈને કહી જવાયું હશે: 'હરભાઈ, ગોપાળરાવનું ત્રૈમાસિક અને પ્રકાશનમંદિર સારું ચાલે છે તેથી ગોપાળરાવ ફાટયા છે. હવેથી આપણે એમને લેખ જ આપવું તો કે?' ગરમી તો બેચાર દિવસે ઓછી થઈ અને એ જ ગિજુભાઈ અને એ જ ગોપાળરાવ ધમધોકાર કામ કરવા લાગી ગયા. પણ કાચના વાસણને તડ પડે છે તે સંધાતી નથી. હું પંચગનીથી પાછો ફર્યો ત્યારે એકવાર ગિજુભાઈ મને એકાંતમાં કહે: 'નાનાભાઈ, તમે ગોપાળરાવને તમારા સી. આઈ. ડી. તરીકે મૂકી ગયા હતા ના?' તે દિવસથી માંડીને ગોપાળરાવ ખુદ દક્ષિણામૂર્તિમાં મારા માણસ ગણાયા. દક્ષિણામૂર્તિમાં નાનુંશું પાપ પ્રગટ્યું. હું પોતે નાનાભાઈ

મટીને મારી સંસ્થામાં પક્ષકાર ગણાઉં એ મારા માટે અસહ્ય હતું. હું પોતે માત્ર આ એક જ વાત પર સંસ્થા છોડવા તૈયાર થયો અને ગિજુભાઈ તથા હરભાઈ બન્નેને તેમ જણાવી પણ દીધું. પણ અમારી ખાનગી બેઠકમાં ગિજુભાઈએ પોતાનાં વિચાર અને વાણી ફેરવી બાંધ્યાં અને સંસ્થાની મમતાને લીધે મેં મારા મિત્રોમાં ફરીથી એ જ શ્રદ્ધા મૂકી.

થોડા વખત પછી કાકાસાહેબ કાલેલકર બીમાર થયા. એમની બીમારી પછી એમને આરામની જરૂર હતી અને અમે મિત્રભાવે આરામ લેવા માટે એમને દક્ષિણામૂર્તિમાં નોતર્યા. કાકાસાહેબને અમે આશ્રમની જ નહીં પણ આખાય ગુજરાતની મોંઘી મૂડી ગણતા હતા અને મિત્રભાવે તેમની સારવાર કરવામાં સંસ્થા પોતાને કૃતાર્થ માનતી હતી. કાકાસાહેબ આવ્યા ત્યારે તેમના આરામ માટે તેમને અમારા દવાખાનાના મકાનમાં ખાસ ઉતારો આપ્યો અને તેમના માટે ખાસ રસોઈ કરવાનું કામ શ્રી. તારાબેન મોડકે પોતે જ ઉપાડી લીધું. રોજ સવાર, બપોર, સાંજ તારાબેન કાકાસાહેબ માટે ભાતભાતની વાનીઓ તૈયાર કરીને લાવે અને કાકાસાહેબ જમતા હોય ત્યારે અમે સૌ વારાફરતી હાજર રહી કાકાસાહેબને આનંદ આપીએ અને થોડોક જમવામાં સાથ પણ આપીએ. શ્રી. કાકાસાહેબ પંદર દિવસ અમારે ત્યાં રહ્યા અને એ અમારા દિવસોનાં ઘણાં મીઠાં સ્મરણો મૂકતા ગયા.

એક વખત દક્ષિણામૂર્તિનો એક વિદ્યાર્થી વીજળીના કારખાનાના હોજમાં મરી ગયો. અમે સૌ આ દિવસોમાં પાવર હાઉસના હોજમાં નહાવા માટે જતા. હું પણ નહાવા તરવામાં સાથે હતો. આ બનાવના દિવસે પણ અમે સૌ સંખ્યા ગણીને નહાવા ગયેલા ને સંખ્યા ગણીને પાછા ફર્યા પણ સંખ્યા ગણતરીમાં કાં તો ભાઇ અમીચંદની ભૂલ થઈ અથવા તો હું જુદું સમજ્યો પણ એક ભાઈ પાછળ રહી ગયો. એનું નામ હતું તુલસીદાસ. એ તરતાં તરતાં થાકી ગયો હશે. અમે ઘર તરફ ચાલ્યા ત્યારે જો અમને ખબર પડી હોત તો અમે એને તરત જ બહાર લીધો હોત ને બચાવ્યો હોત પણ અમે તો ચાલ્યા ગયા! બીજે

દિવસે સવારે તુલસીદાસનું મડદું તર્યું એટલે પાવર હાઉસથી અમને ખબર મળ્યા. હું ત્યાં દોડ્યો, પણ શા કામનો? મને ત્યાં મૂર્છા આવી પણ શા કામની?

તુલસીદાસના અવસાનથી મને જબ્બર ધક્કો લાગ્યો; મેં ગૃહપતિ તરીકેની મારી ગેરલાયકાત સ્વીકારીને દક્ષિણામૂર્તિમાંથી છૂટા થવાનું વિચાર્યું પણ આખરે મિત્રોના અને પૂજ્ય બાપુના સાંત્વનથી મનને શાંત કર્યું. તે દિવસે પ્રાર્થનામંદિરમાં મળેલી શોકસભામાં હું બોલેલો, "તુલસીદાસ તો મને એનાં માબાપે સોંપેલી થાપણ હતી. એ ગયો એના કરતાં મારો પોતાનો બાબુ ગયો હોત તો મને ઓછો આઘાત થાત!" નસીબયોગે બન્યું એવું કે મારા દીકરા બાબુએ મારા ભાષણની વાત એની બાને કરી; ભાષણ પછી થોડા દિવસોમાં એ પોતે માંદો પડીને ચાલતો થયો અને મારા ભાષણના શબ્દો તો બાબુની બાના દિલમાં રહ્યા તે રહ્યા જ. હજી આજે પણ કોઈ કોઈ વાર એ મને એ શબ્દોની યાદ આપીને પોતાનો પુત્ર ગયો એનું મને નિમિત્ત ગણાવે છે જ; મારા તરફ મીઠો રોષ પણ કરે છે.

અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં ભરાયેલું છાત્રાલય સંમેલન પૂરુ કરીને અમે સૌ ઘેર આવ્યા. સંમેલનના દિવસો દરમિયાન મીઠાના સત્યાગ્રહની વાત વિદ્યાપીઠમાં તેમજ આશ્રમમાં ગુંજી રહી હતી. આવા સત્યાગ્રહને વિષે મારે બાપુની સાથે રૂબરૂ પણ વાત થઈ હતી; અને દેશી રાજ્યની રાષ્ટ્રીય સંસ્થાઓ સીધી લડતમાં ન પડે એવો એમનો સ્પષ્ટ અભિપ્રાય તેમણે મને જણાવ્યો હતો. આવી સંસ્થાના કાર્યકરો સંસ્થામાંથી છૂટા થઈને આવી લડતમાં પડી શકે એ પણ એટલું જ સ્પષ્ટ હતું.

અમે સૌ ઘેર પહોંચ્યા ન પહોંચ્યા ત્યાં તો લડતનાં નગારાં વાગવા માંડ્યાં. બાપુએ દેશમાં પગ મૂક્યા પછી ધીમેધીમે પણ મક્કમતાથી અંગ્રેજ રાજ્યશાસન સામે આમપ્રજાનો પુણ્યપ્રકોપ વધારવા માંડ્યો હતો. ઇ. સ. ૧૯૩૦માં જ્યારે બાપુએ મીઠાના સત્યાગ્રહની વાત દેશ

પાસે મૂકી ત્યારે આખા ય દેશે તેને અદમ્ય ઉત્સાહથી વધાવી લીધી; અને તેમાં પણ દેશના નવજુવાનો તો સરકારને લડત આપવા માટે હણહણી ઊઠ્યા. ઈ. સ. ૧૭૮૯માં જ્યારે ફ્રાન્સમાં સ્વાતંત્ર્યયુદ્ધ ફાટી નીકળ્યું ને સરકારનો અભેદ્ય ગણાતો બાસ્ટિલનો કિલ્લો પડ્યો ત્યારે ઇંગ્લેંડના કવિ વર્ડ્ઝવર્થે ગાયું:

Bliss it was on that happy day to be alive,
But to be young was very heaven.

(એ મંગલ દિવસે હયાત હોવું એ તો એક લહાવો હતો જ, પણ તે દિવસે યુવાન હોવું એ તો સ્વર્ગીય સુખ હતું)

ભાવનગરનું વાતાવરણ ઠીકઠીક ગરમ થયું પણ દક્ષિણામૂર્તિની ગરમી ઓર હતી. દક્ષિણામૂર્તિના વિદ્યાર્થિઓ લડતમાં ઝંપલાવવા એકપગે થઈ રહ્યા, શિક્ષકો એકપગે થઈ રહ્યા, ગૃહપતિઓ એકપગે થઇ રહ્યા. દિવસે ને રાતે, વર્ગમાં ને વર્ગની બહાર, જમતી વખતે ને રમતી વખતે એક જ વાત, એક જ ચીત. આવે પ્રસંગે પૂર્વાપરનો વિચાર કરવો ને મનને સમતોલ રાખીને નિર્ણય કરવો એ કેમ જાણે અપરાધ બની જાય છે.

પંદરસત્તર જેટલા મોટી ઉંમરના વિદ્યાર્થીઓ માવતરની પરવાનગી મેળવીને સંસ્થામાંથી છૂટા થયા. ભાઈ ભાસ્કરે ને મૂળશંકરે સંસ્થામાંથી રાજીનામાં આપ્યાં; ને આખી ય મંડળી પહોંચી વીરમગામ.

આ મંડળી રવાના થયા પછી અમે કાર્યકરોની એક બેઠક ગોઠવી. આ બેઠકમાં ગિજુભાઈએ ધડાકો કર્યો: "અમારે લડતમાં જવું છે. સંસ્થા અમને લડતમાં મોકલે. જો સંસ્થા મોકલવા તૈયાર ન હોય તો અમે સૌ એટલે કે હું, તારાબેન, મોંઘીબેન વગેરે સંસ્થાની નીતિના વિરોધમાં રાજીનામાં આપીને છૂટાં થશું." હવા ઘણી ગરમ હતી. સૌ કોઈને લડતમાં ઝંપલાવવાનું મન થાય એવો વખત હતો; પણ અમારે માથે દેશીરાજ્યની મર્યાદાની જવાબદારી પણ હતી. મેં બાપુ સાથે થયેલી વાત ફરીથી સૌના પાસે મૂકી; પણ ગિજુભાઈ ઉગ્ર બની ગયા.

દક્ષિણામૂર્તિ પડી ભાંગે એવી બીકથી હું બાપુના નામની ઢાલને આગળ ધરું છું એવો તેમના કહેવાનો ઝોક હતો. આખરે મેં મક્કમતાથી જણાવ્યું, "જેને જવું હોય તે સંસ્થામાંથી છૂટા થઇને ખુશીથી જાય; સંસ્થા કોઈને મોકલી શકે તેમ નથી" અને સૌ છૂટા પડ્યા. ગિજુભાઈ, તારાબેન, તળાજા મહાલમાં અક્ષરજ્ઞાનપ્રચાર માટે ઊપડ્યાં

બરાબર આ અરસામાં હરભાઈના નાનાભાઈ રામચંદ્રનો પત્ર આવ્યો કે પોતે લડતમાં પડવા માગે છે. એવો જ પત્ર ગિજુભાઈના પુત્ર નરેન્દ્રનો પણ આવ્યો. આ પત્રો હરભાઈ ગિજુભાઈને માટે ભારે હતા. આ બંને ભાઈઓ મારી પાસે આવ્યા ને કહે, "નાનાભાઈ, તમે આ બન્નેને રોકી શકશો, માટે રોકો. તેમને જણાવો કે હરભાઈ–ગિજુભાઈ લડતમાં જવાના છે માટે એ બન્ને બહાર રહે એ જ ઠીક છે." મેં આ પ્રમાણે જણાવીને આ બન્નેને રોક્યા પણ ખરા.

મીઠાનો સત્યાગ્રહ તો ઊપડ્યો! દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓએ વીરમગામની છાવણીમાં એક જાતની ભાત પાડી. દરરોજ વીરમગામથી અવનવા સમાચાર આવે ને દરરોજ દક્ષિણામૂર્તિની હવામાં નવી ગરમી પેદા થાય.

એવામાં એક દિવસ બપોરના મારા પર શ્રી. મહાદેવભાઈનો તાર આવ્યો, "તમે પહેલી ગાડીમાં વીરમગામ પહોંચી જાઓ" મેં હરભાઈને વાત કરી, મિત્રોને વાત કરી. ગિજુભાઈતારાબેન તળાજા તરફ હતાં તેમને બોલાવી લાવવા માણસ મોકલ્યો.

રાતના ત્રણ વાગ્યે ગિજુભાઈતારાબેન આવી પહોંચ્યાં; રાતના સાડા ત્રણ વાગ્યે અમે સભા ભરી; એજ સભામાં મેં સંસ્થામાંથી રાજીનામું આપ્યું ને સવારે નવ વાગ્યે ઊપડતી મેલ ટ્રેનમાં હું વીરમગામ જવા માટે રવાના થયો.

આ પ્રસંગે મારી સ્ત્રીને ભારે આઘાત લગાડ્યો. પૂરું એક વર્ષ હું આફ્રિકા ગયો; અવારનવાર બે વર્ષો અમદાવાદમાં વિદ્યાપીઠ માટે રહ્યો; હજુ તાજેતરમાં જ મેં મારા બે પુત્રોને વળાવ્યા હતા અને એન.

આઘાતની મોટી માંદગીમાંથી છૂટીને હું ચાલ્યો જ આવતો હતો. ત્યાં મારે લડતમાં જવાનું થયું; એટલે પાછલા બધા જ બનાવો એની આંખ આગળ ખડા થયા; અને લડતમાંથી જેલમાંને જેલમાંથી........

એ જાતના વિચારોએ એને બેબાકળી બનાવી મૂકી; પણ મારું જવું એટલું બધું તાત્કાલિક થયું કે એ આઘાતમાંથી છૂટી થઈ ને આઘાતને શબ્દોમાં મારી પાસે રજૂ કરી શકે એટલો પણ વખત મેં એને આપ્યો ન હતો; એટલે તમામ આઘાતોને દબાવીને, બધી ચિન્તાઓને પચાવીને માત્ર હું હેમખેમ પાછો આવું એવી એક જ પ્રાર્થના કરીને તેણે મને વિદાય આપી ને આંખમાંથી પડુંપડું થઈ રહેલાં આંસુને પણ ખાળી રાખ્યાં!

સ્ટેશને મને વળાવવા માટે મોટું મિત્રમંડળ એકઠું મળ્યું હતું. ગાડી ઊપડવાનો વખત થયો, ગાડી ઊપડવાના ડંકા થયા, ગાર્ડે સીટી મારી એટલે હું સૌને વંદન કરી ડબ્બામાં દાખલ થયો પણ ગાડી ઊપડી નહીં. ગાડીને ઊપડવાનો હુકમ અપાઈ ગયા પછી સર પ્રભાશંકર પટ્ટણીનો ટેલિફોન આવ્યો : "ગાડીને રોકો, હું આવું છું."

એ મિનિટે સર પ્રભાશંકર પટ્ટણી આવી પહોંચ્યા. તેઓ ફક્ત મને વિદાય આપવા માટે જ આવ્યા હતા. હું ડબ્બામાંથી ઊતરી તેમને પગે લાગ્યો ને તેમણે મને ઘણા ભાવથી આશીર્વાદ આપ્યા. સર પ્રભાશંકર પટ્ટણી જેવો એક દેશી રાજ્યનો દીવાન સરકાર સામેની આવી લડતમાં જનારા મારા જેવાને વિદાય આપવા માટે ખાસ ટ્રેનને રોકાવીને આવે એ વાતથી ભાવનગરના મારા કોંગ્રેસી મિત્રો ભારે આશ્ચર્યમાં પડી ગયા.

સાંજે ગાડી વીરમગામ સ્ટેશને પહોંચી. સ્ટેશન પર મને લેવા માટે મિત્રો હાજર હતા. એ સૌ મિત્રોની સાથે હું છાવણીમાં પહોંચ્યો. છાવણીમાં પહોંચ્યો ત્યાંસુધી મારા મનમાં અનેક વિચારો ઘોળાતા હતા. એ ઘોળાતા વિચારોથી હું ઠીકઠીક મૂંઝાઈ રહ્યો હતો. દક્ષિણામૂર્તિના હૂંફાળા વાતાવરણમાંથી હું લડતના અજાણ્યા ને ઉગ્ર વાતા-

વરણમાં જતો હતો. દક્ષિણામૂર્તિ આખરે તો મારું પોતાનું ઘર હતું; કુટુંબવિસ્તાર હતો. વીરમગામની છાવણી એ સરકારને લડત આપવા એકઠાં મળેલાં ભાઈબહેનોનું ટોળું હતું. શિક્ષણના કાર્યમાં મને વર્ષોના અનુભવથી ફાવટ આવી ગઈ હતી; લડતમાં, ને સરકાર સામેની લડતમાં, જે કુનેહ, કાવાદાવાની માહિતી, શામ, દામ, દંડ, ભેદની પ્રસંગોપાત્ત આવડત ને તરેહતરેહનાં ભાઈબહેનોને એક તાંતણે પરોવીને કામ લેવાની હિમ્મત એ બધું મારામાં શોધ્યાં ય ન જડે. વળી છાવણીની આટલી મોટી સંખ્યાની જવાબદારીના વિચારથી હું તો આભો જ બની ગયો. અમારી છાવણીમાં આશરે પોણાબસો ભાઈબહેનો હતાં. આ સૌ ભાઈ-બહેનોને ખવરાવવુંપિવરાવવું, તેમને દરરોજ તેમનાં શરીર તેમજ મન રોકાય એવું કામ પૂરું પાડવું, આ સૌ ભાઈબહેનોનો લડત માટેનો ઉત્સાહ જાગતો રાખવો, આ ભાઈબહેનોને દરરોજ સરકારના દમન સામે ધરવાં, ઈજા થાય એટલે તેમની સારવાર કરવી, આ સૌ ભાઈ-બહેનો છાવણીમાં હોય ત્યાં સુધી બાપુના નામને શોભાવે એવી રીતે રહે એવી યોજના કરવી, અને આવી વિકટ પરિસ્થિતિમાં સૌ ભાઈ-બહેનો શિસ્તનું પાલન કરેજ એવી તકેદારી રાખવી–આવાંઆવાં કામોની ટ્રેનમાં બેઠાંબેઠાં મેં કલ્પના કરી અને એ કલ્પનાથી હું ગભરાઈ ઊઠ્યો. વીરમગામ છાવણીમાં પહોંચ્યો ત્યાં પોણાબસો જેટલાં ભાઈબહેનોનો આવકાર મને કેટલો બધો વજનદાર લાગ્યો હશે! પહેલા દિવસની પ્રાર્થનામાં જ મેં સૌ મિત્રો પાસે મારી મૂંઝવણ જાહેર કરી ને મારા ભગીરથ કામમાં પ્રભુની દયા ને મિત્રોની સહાનુભૂતિ માગ્યાં; તરત જ મારું હૈયું હળવું થઈ ગયું.

'કેળવણી એટલે જીવનની તાલીમ' એવાંએવાં અનેક સૂત્રો આજ સુધી જીભથી હું બોલ્યો હતો અને એવાં સૂત્રો ઉપર ભાષ્યો પણ લખ્યાં હતાં; પણ આજે તો હવે એ જીવનની તાલીમ લેવાનો વખત આવવા લાગ્યો. મારે અત્યંત નમ્રતાથી જણાવવું જોઇએ કે જે કેળવણીની ઉપાસના આજસુધી શુદ્ધ ભાવે દક્ષિણામૂર્તિની ચાર દીવાલો વચ્ચે

રહીને કરી હતી એ કેળવણીએ આજે મારો હાથ ઝાલ્યો અને વીરમગામની છાવણીમાં, ધરાસણાના મેદાન પર કે સાબરમતીની જેલમાં કેળવણીના સનાતન સિદ્ધાંત એક જ ને સનાતન છે એ વાત મને વીરમગામના જીવનમાં દૃઢ થઈ ગઈ. વીરમગામ આવ્યો તેને બીજે જ દિવસે હું સરદારના કામ પર ચડ્યો ને બેચાર દિવસોમાં જ મને સમજાઈ ગયું કે છાવણીના સરદાર થવું અને દક્ષિણામૂર્તિના નિયામક થવું એ બંને કામો એકબીજાને મળતાં છે; બલ્કે લગભગ એક જ છે. પણ દક્ષિણામૂર્તિમાં આજ સુધી મળ્યું ન હતું તેમજ મળી શકે એમ પણ ન હતું એવું ઘણું વધારે મને વીરમગામમાં મળ્યું.

વીરમગામની છાવણીના આદિ સરદાર હતા સ્વર્ગસ્થ મણિલાલ કોઠારી. ભાઈ મણિલાલ કોઠારી અને ફૂલચંદભાઈએ શરૂઆતના દિવસોમાં આ છાવણીને ઘાટ આપ્યો હતો. તેઓ બંને શરૂઆતના દિવસોમાં પકડાઈ ગયા હતા પણ એમના મિત્રો ને એમના શિષ્યોએ છાવણીના વાતાવરણનો સારો એવો ઉઠાવ કર્યો હતો.

આ છાવણીમાં કોણ કોણ હતા? ચમનભાઈ વૈષ્ણવ, શંભુશંકર ત્રિવેદી, લક્ષ્મીશંકર પાઠક, ઉમાશંકર જોષી, આત્મારામ ભટ્ટ, માણેકલાલ પારેખ, જોરસિંહ કવિ, ડૉ. મુકુંદ જોષી, હેમુભાઈ રાજગોર, વજુભાઈ ચાતુર્વેદી અને આજે જેમનાં નામો હોઠે ચડતાં નથી એવા કેટલાય નવજુવાનો. આ ભાઈઓ ખરી રીતે તો પોતે જ એક એક સંસ્થા હતા અને કોઈપણ સંસ્થાનું સંચાલન કરી શકે એટલા શક્તિશાળી હતા. આ બધા ચક્રવર્તી રાજાઓ જેવા મિત્રોને એક જ છાવણીમાં ગોઠવવા એ કામ મુશ્કેલ હતું પણ મારા સદ્ભાગ્યે આ બધા જ મિત્રોએ મને સરદાર તરીકે નભાવ્યો એટલું જ નહીં પણ મને શોભાવ્યો અને અમારી છાવણીની કીર્તિને ચારે તરફ ફેલાવી. આ બધા પીઠ સેવકો ઉપરાંત અમારી છાવણીમાં દક્ષિણામૂર્તિની જે નાની મંડળી આવી હતી તેણે પણ મને ઘણો સંતોષ આપ્યો. આ મંડળીમાં ભાઈ જગજીવન, ભાઈ વાડીલાલ, ભાઈ મહેન્દ્ર, ભાઈ

વિનાયક, ભાઈ લાભચંદ, ભાઈ નાનાલાલ, ભાઈ અનિરુદ્ધ અને એવા વિદ્યાર્થીઓને હું ગણાવી શકું.

ભાઈ જગજીવન તો અમારું હસતું પંખી બન્યો. ઠપકો આપો ત્યારે હસે, માર ખાય ત્યારે હસે, ખાતાં હસે, પીતાં હસે, આખો ય દિવસ આનંદ જ કરે. અમે એને હસતું પંખી કહેતા. એને અને એના મિત્ર વાડીલાલને સત્યાગ્રહનો રંગ લાગ્યો હતો. બન્યું એવું કે જ્યારે લડત પૂરી થઈ ને ગાંધી–અર્વિન કરારો થયા ત્યારે જગજીવન પોતાનાં મા-બાપને મળવા માટે મોમ્બાસા ગયો. લડત તો પાછી થોડા જ વખતમાં નવું રૂપ લઈ આવી એટલે જગજીવને દેશમાં આવવાનો વિચાર કર્યો ને પોતાના પિતાને એ વિચાર જણાવ્યો. જગજીવન આ લડતમાં ન જાય એવી એનાં માબાપની ઇચ્છા હતી પણ જગજીવને તો ટિકિટ વગેરે લઈ લીધાં ને દેશમાં આવવાની તૈયારી કરી. સ્ટીમર ઊપડવાનો દિવસ આવ્યો ત્યારે આગલી રાતે જગજીવને ફરીથી માબાપની રજા માગી અને માબાપે તેને જવાની ના પાડી. સવાર પડી; જવાનો વખત થવા આવ્યો. જગજીવને ફરીથી માબાપને વીનવ્યાં પણ માબાપ અણનમ રહ્યાં એટલે જગજીવને પોતાની પાસે નાની એવી રાઇફલ હતી તેનાથી આપઘાત કર્યો અને માબાપ સૂનમૂન થઈ ગયાં! આજે જગજીવન નથી પણ તેનું હસતું મોઢું આજે પણ છાવણીની મેડી પર મારી સામે હું જોઉં છું. એનો પરમ મિત્ર વાડીલાલ પણ આજે નથી પણ એ રખડુ વાડિયાને એના પિતા આજે પણ ગર્વથી સંભારે છે ને છાવણીનાં એનાં પરાક્રમોને પૂજે છે.

જેમ રખડુ જેવા ગણાતા જગજીવન ને વાડીલાલે દક્ષિણામૂર્તિના શિક્ષણને દીપાવ્યું તેમજ મહેન્દ્ર અને વિનાયકે પણ દીપાવ્યું. આ બે ભાઈઓ ભાગીરથીબેનની સાથે સીતાપુરની છાવણીમાં ગોઠવાયા હતા. કેમ જાણે રચનાત્મક કામની એક છાવણી હોય એમ આ સૌએ તેને ગોઠવી અને સીતાપુરનાં ભાઈબહેનોને લડતનો સ્વાદ લગાડ્યો. એવું જ ભાઈ નાનાલાલ ને લાભચંદ માટે કહી શકાય.

આ તો બધા મારા વિદ્યાર્થીઓ. પણ વીરમગામની છાવણીનો ખરો આત્મા તો ચમનભાઈ વૈષ્ણવ. ચમનભાઈ વૈષ્ણવને ઝાલાવાડ બહારના લોકો ઓછા ઓળખે છે. સૌરાષ્ટ્રના વીર સેવક ફૂલચંદભાઈની પાંખમાં જ એમણે હંમેશ કામ કર્યું છે. જન્મે ચમનભાઈ નાગર, પણ એમણે હરિજન થવાનું સ્વીકાર્યું. એ પોતે ગ્રેજ્યુએટ થયેલા ને ત્યાર પછી બાળકેળવણીનો શોખ થવાથી ગિજુભાઈ પાસે મોન્ટીસોરીનો અભ્યાસ કરવા દક્ષિણામૂર્તિમાં આવ્યા. દક્ષિણામૂર્તિમાંથી બાળકોના શિક્ષણની દીક્ષા લઈને ચમનભાઈ વઢવાણ ગયા અને ત્યાં જ તેમણે આસન વાળીને જીવનના અંત સુધી બાળશિક્ષણની ઉપાસના કર્યા કરી. એમના જેવા આદર્શ નિષ્ઠાવાળા કાર્યકરો મેં બહુ ઓછા જોયા છે. ચમનભાઈ સાવ ઓછાબોલા, બોલે તે કરે જ એવા સંકલ્પવાળા ને કોઈ પણ જાતની ધમાલ વિના પોતાના કામને વળગી રહેનારા હતા. વીરમગામની છાવણીમાં પગ મૂક્યો તે દિવસથી માંડીને સરકારે એમને જેલમાં લઈ જવા માટે ઉઠાવ્યા ત્યાં સુધી ચમનભાઈએ મૂંગે મોઢે આખીય છાવણીનું સંચાલન કર્યું છે. તે છતાંય કોઈ દિવસ એ સંચાલનનો યશ માગ્યો તો નથી જ પરંતુ ઇચ્છ્યો પણ નથી. વીરમગામમાં સરદાર તરીકેનો યશ મેં લીધો પણ સરદારનું ખરું કામ અને સરદારની ચિંતા તો ચમનભાઈએ જ સ્વેચ્છાથી સ્વીકાર્યાં હતાં. આવું જબ્બર આત્મવિલોપન સંભારું છું ત્યારે આજે પણ તેમના ચરણમાં મારું માથું ઝૂકે છે.

પણ ચમનભાઈ જેવી કેટલીયે નામાંકિત વ્યક્તિઓ વીરમગામમાં એકઠી મળી હતી. આ જમાનાના રાજકીય કાઠિયાવાડના બે મોટા ઘડવૈયા તે અમૃતલાલ શેઠ અને મણિલાલ કોઠારી. કાઠિયાવાડમાં રાજકીય રંગો પૂરવાના આ બંનેને કોડ; એ રીતે બન્ને મિત્રો પણ ખરા અને હરીફો પણ ખરા. ધંધુકાની છાવણી એ અમૃતલાલ શેઠનો પ્રદેશ, વીરમગામની છાવણી એ મણિલાલ કોઠારીનો પ્રદેશ. અમૃતલાલ શેઠ અને મણિલાલ કોઠારી વિષે ફાવે તેવા વિચારો ભલે સૌ બાંધે પણ

આ બે છાવણીઓમાં પાકેલા જુવાનોએ એ દિવસોમાં કાઠિયાવાડને ઘડ્યું અને આજે પણ નવસૌરાષ્ટ્રને ઘડી રહ્યા છે એમાં શંકા નથી.

પણ આ બધા સૈનિકો એક રીતે વીરમગામમાં પરદેશી જેવા હતા. છાવણીની મોટી સંખ્યા કાઠિયાવાડીઓની હતી પણ તળ વીરમગામના ભાઈઓ પોતાને સ્થાને રહીને મદદ કરતા હતા. વીરમગામમાં બહારના લોકો આવીને સરદારો થઈ પડ્યા છે એ જાતનો રોષ આ ભાઈઓમાં કોઈકોઈ વખત ફાટી નીકળતો ખરો પણ સાથેસાથે બહારના ભાઇઓ આવીને માર ખાય છે, ટિપાય છે, પકડાય છે એનો યશ વીરમગામને મળે છે એ વિચારથી આ લોકો રાજી પણ હતા. દાસભાઈ, લીલચંદભાઈ, દોલતભાઈ, છોટાલાલ પારેખ, મગનલાલ શુક્લ, સકરચંદભાઈ વગેરેએ છાવણીને ઘણો મોટો સાથ આપ્યો. છાવણીનું ખર્ચ વીરમગામના ભાઈઓએ ઉપાડી લીધું ને તે ઉપરાંત ગામની બેનોએ દરરોજની રસોઇમાં જે મદદ કરી તે તો હદ કરી. દરરોજ પોણાબસો જેટલા જુવાનો માટે સવાર, સાંજ, બપોર રોટલારોટલી અને ભાખરીઓ તૈયાર કરવી એ ભગીરથ કામ ગામની બેનોએ ઉપાડી લીધું ને આબાદ પાર પાડ્યું. છેવટે જ્યારે સરકારે છાવણીના મકાનને જપ્ત કર્યું ત્યારે સૌને ઘેરઘેર રોટલા ખાવા જવાનું થયું ત્યારે પણ આ બેનો અમને ઘેર ખવરાવવા માટે પડાપડી કરતી.

દરરોજ કાઠિયાવાડથી મીઠું લાવવું, મીઠાને ત્રીજાવર્ગના ડબ્બામાં સંતાડવું, ત્યાંથી સાબલી સ્ટેશને મીઠું ઉતારવું ને ત્યાંથી હાથમાં અથવા ખભા પર થેલીઓમાં લઈને સૈનિકોએ દોડવું; પાછળ વરસાદમાં ઘોડેસવાર પોલીસોની દોડાદોડ, આગળ ઉઘાડે શરીરે મીઠું લઈને નાસતા સૈનિકો, માથે વરસાદ, દોડતાંદોડતાં વચ્ચે પોલીસની નજર ચુકાવવા માટે મુન્સર તળાવમાં ડૂબકી, ને વીરમગામમાં ઘેરઘેર મીઠાંનાં પડીકાંનું વેચાણ; પાછળ ગારામાં ખૂંચતા, પલળતા, બંદૂકના ભારથી ત્રાસતા, સૈનિકોને તેમજ સરકારને ગાળો ભાંડતા સિપાહીઓ. આ દૃશ્ય તો લગભગ રોજનું હતું.

આવુંજ બીજું રોજનું દૃશ્ય વીરમગામ સ્ટેશન પર જોવામાં આવતું. સાંજે સ્ટેશન પર ચાર ગાડીઓનું જંકશન, કાઠિયાવાડથી આવતા મેલમાં મીઠાની ગુણો, સૈનિકો અને પોલીસ વચ્ચે ઝપાઝપી, સૈનિકોને મૂઢ માર, કોઈ કોઈ ને તો સીધા પાટા પર ફેંકવામાં આવે ને ગાડી નીકળે, ચારેય ગાડીનાં પેસેન્જરો આ બધું જુએ ને જુદીજુદી લાગણીઓ અનુભવે; ગાડીઓ ઊપડે પછી શાંતિ—પોલીસ પોલીસ-ચોકીએ ને સૈનિકો ઘાયલ થઈને છાવણીમાં. ત્યાં રાતે તેમની સારવાર પાટાપીંડી વગેરે થાય પણ કેમ જાણે અમૃતસંજીવની લીધી હોય તેમ એ જ સૈનિકો બીજે દિવસે પાછા એ જ રીતે સ્ટેશન પર હાજર!

આવા રોજબરોજના દેખાવો સાથેસાથે અમારી છાવણીમાં અવારનવાર ઊભા થતા પ્રશ્નો પણ એટલાજ રસદાયી ને જીવનદાયી હતા. કોઈ વખત રાતે પ્રાર્થના પછી સત્ય—અસત્યના ઝીણા ભેદોની ચર્ચા ચાલે, કોઈ વખત હિંસા—અહિંસાની ચર્ચા ચાલે તો કોઈ વખત ખાદી અને રેંટિયા પર ઊહાપોહ થાય. અમે સૌ ભેગા થયેલા લોકો એકબીજાનું માથું ભાંગીએ એવા હતા એટલે અમારી ચર્ચાઓ પણ ગરમાગરમ થતી ખરી. આખરે આખી છાવણીના સરદાર તરીકે મારે આ ચર્ચાને સમેટવી પડતી. ઈશ્વરની કૃપાથી આ બધા મિત્રોને સંતોષ થાય એવો ઉકેલ હું આપી શકતો એટલે અમારી છાવણીમાં એક જાતની ઊંચી હવા ઊભી થઈ અને પૂજ્ય બાપુના રિમાર્ક પ્રમાણે ચાલાક છાવણી તરીકેની પ્રતિષ્ઠા અમને મળી પણ ખરી. ચમનભાઈ વૈષ્ણવની ઊંચી શક્તિવડે અમારો વ્યવહાર તો શુદ્ધ ગોઠવાયો હતો જ. રાતની ચર્ચાઓ આ શુદ્ધ વ્યવહારને વધારે તેજસ્વી કરવામાં ભારે ઉપયોગી થતી.

પણ બધી વખતે હું જણાવું છું એટલી સરળતાથી કામ ચાલતું એમ કોઈ ન માને. અમે સૌ એક રીતે વિચિત્ર લોકો હતા. અમારી આડોડાઈઓ છાવણીમાં પણ નજરે આવે એવી હતી. દાખલા તરીકે

એક વખત શંભુભાઈને વિચાર આવ્યો કે પોતે વાઇસરૉયને એક કાગળ લખે ને તેમની ભૂલોનું તેમને ભાન કરાવે. શંભુભાઈને એકવાર વિચાર આવ્યો પછી થઈ રહ્યું. એ વિચારે મૂર્તરૂપ લેવું જ પડે. પાઠકજી શંભુભાઈના દોસ્ત. તે પણ આવી જ મનોદશાવાળા. બંનેએ મળીને મને વાત કરી. મેં તેમને આવો પત્ર ન લખવા માટે સમજાવ્યા ત્યારે કહે, "ગાંધીજી કેમ લખે છે?"

"ગાંધીજી આપણા દેશના નેતા તરીકે લખે એટલે આપણે લખવાની જરૂર નથી."

"પણ ગાંધીજી કહે છે કે આ લડતમાં દરેક પોતાનો સરદાર છે એટલે આપણે લખી શકીએ ને લખવો જ જોઈએ." એમને અમે ઘણાઓએ સમજાવ્યા પણ તેઓ સમજે શાના? અને એમણે પત્ર લખ્યો પણ ખરો. પાઠકજીએ પણ તેમાં સાથ પૂર્યો. એ પત્રનો જવાબ આજ સુધી આવ્યો જાણ્યો નથી.

એ જ શંભુભાઈ અને પાઠકજીએ એકવાર પોલીસનાં માણસોને ઘેર સત્યાગ્રહ આદરવાનો વિચાર કર્યો ને શરૂ પણ કરી દીધો; પરંતુ પાછળથી જતો કર્યો.

એ જ રીતે સાચના કટકા જેવા આત્મારામ ભટ્ટે અનેક પ્રસંગે સ્હેજ પણ ખોટું પગલું જણાય તો ત્યાં ઉગ્રતા ધારણ કરી છે ને છાવણીને શુદ્ધ માર્ગે રાખવામાં તેઓએ મોટો ફાળો આપ્યો છે.

પણ અમારી છાવણીમાં ગમ્મતના પણ અવનવા પ્રસંગો જુવાનો ઊભા કરતા. પ્રભુભાઈ પટેલની 'હોકલી' તો ભારે રમૂજનો વિષય બની હતી. તે ઉપરાંત રામભાઈ પાઠક, જગજીવનવાડીલાલની જોડી વગેરે આવા ઘણા પ્રસંગો ઊભા કરતી ને સૌને પેટ ભરીને હસાવતી.

અમારી છાવણીને જમવાની વ્યવસ્થા સારી કહેવાય. આ વ્યવસ્થા માટે અમે વારમગામવાળા શ્રી. સકરચંદભાઈને આભારી હતા.

લડત શરૂ થઈ ત્યારથી ઠેઠ સુધી સકરચંદભાઈએ કોઠાર ને રસોડું સંભાળ્યાં ને એક વાણિયાની કુનેહથી ચલાવ્યાં.

પણ આતો જુવાનોનો કાફલો; વાણિયાની નાત જમે તો એ દિવસ રસોડું સંભાળવું પડે પણ આ તો મહિનાઓ સુધી; તેમાંય બધાં તોફાની બારકસોને સંભાળવાં. એક વાર બધા સૈનિકો ખૂબ થાકીને આવેલા ને બપોરના ભોજન વખતે તેમણે ગોળની માગણી કરી ગોળ અઠવાડિયે બે વાર આપવો એવો શિરસ્તો બાંધ્યો હતો. થોડાક ભાઈઓએ ગોળ માગ્યો એટલે સકરચંદભાઈએ જણાવ્યું, " આજે ગોળનો વાર નથી." તરત જ બીજાએ કહ્યું, " પણ આજે અમને થાક લાગ્યો છે માટે આપવો જોઈએ."

"નિયમ પ્રમાણે આજે ગોળનો વારો નથી.' સકરચંદભાઈએ જણાવ્યું."

પછી જોઈ લ્યો ! તમામ વિદ્યાર્થીઓ પીરસેલાં ભાણાં પર એમ જ બેઠા; ન ખાય, ન પીએ; સકરચંદભાઈ મૂંઝાયા ને કોઠાર બંધ કરી ચાવી હાથમાં લઈ મારી પાસે આવ્યા; ચાવી ફેંકીને કહે : " નાનાભાઈ! મને છૂટો કરો." તેમની આંખમાં આંસુ હતાં. મેં બધી વાત જાણી લીધી ને ચાવી હાથમાં લઈને હું છાવણીને રસ્તે ગયો. ત્યાં જઈને મેં કોઠાર ઉઘાડ્યો ને ગોળનું માટલું ને ઘી ભરેલું વાસણ લીધાં ને સૌ જમવા બેઠા હતા તેમની વચ્ચે મૂક્યાં; કહ્યું, " તમારે જેને જેટલું ખાવું હોય તેટલું ખાઈ શકે છે," તરત મેં કોઠાર બંધ કર્યો ને હું ઑફિસમાં ગયો. બધા સૈનિકો ભારે મુંઝવણમાં પડ્યા. સૌએ ગોળઘી લીધા વિના જ ભોજન પતાવ્યું ને એક ભાઈ મારી પાસે કોઠારની ચાવી લેવા આવ્યા. તેમણે મને બધી વાત કરી. સકરચંદભાઈનો બધો રોષ ઊતરી ગયો. સૈનિકોનું સ્વમાન સચવાયું ને બધું "ઘીને ઘડે ઘી થઈ રહ્યું." કેટલા સૈનિકો રાતે અંદરોઅંદર વાતો કરતાં હતા, "આખરે મહેતાજી ખરા ને ?" આવા તો એકસોને એક

નાનામોટા પ્રસંગો આવ્યા ને એ બધા પ્રસંગોમાં મહેતાજી તરીકેની મારી લાયકાતની કસોટી થઈ; પણ પ્રભુકૃપાથી એ બધામાંથી હું પાર ઊતર્યો ને લડતમાંથી જીવનનો પાઠ કેમ લેવાય તે સમજ્યો.

સરદાર તરીકે હું ચાર મહિના રહ્યો. પાછળના ભાગમાં તો દરરોજ સવારે મોટરમાં ગામડાંઓમાં જવા માટે નીકળું ને રાતે પાછો આવું. આ વખતે મારી આંખો સખત દુખવા આવી પણ મારો પ્રવાસ બંધ ન રહ્યો–રહી કેમ શકે?

આખરે સરકારે મને પકડ્યો ને ન્યાયાધીશે સજા ફરમાવી. મારી સાથે પકડાવામાં ભાઈ ભાસ્કર ને બીજા ત્રણચાર મિત્રો પણ હતા. અમને સૌને સાબરમતી જેલમાં લઈ ગયા. મને 'બી' કલાસ મળ્યો.

સાબરમતી જેલે મને જીવનનું નવું દર્શન કરાવ્યું. આજસુધી જેલ વિષે જે કંઈ વાંચેલું સાંભળેલું તેથી જેલનું અમુક જાતનું ચિત્ર તો મારી પાસે હતું જ; પણ વીરમગામની કાચી જેલમાં એક દિવસ મને રાખ્યો ત્યારે પેશાબ કરવાનાં એનાં કાચાં માટલાં, સૂવા માટેની ભેજવાળી ઓરડી, સિપાહીઓની ટકટક વગેરે અનુભવ્યાં એટલે સાબરમતીની ઝાંખી તો મેં કરી લીધી હતી. પકડાયા તેને બીજે દિવસે સવારે અમને જેલને દરવાજે ખડા કર્યા. મોટો તોતીંગ દરવાજો, જાડાજાડા લોઢાના સળિયા, એનાં લોખંડી તાળાં, ભયંકર આંખવાળા એના ચોકીદારો—આ દૃશ્ય જીવનમાં પહેલવહેલું જોયું પણ તરત જ એ પચી ગયું.

હું અંદર દાખલ થયો ત્યાં મારો સત્કાર કરવા માટે ઘણા ભાઇઓ હાજર હતા. મને 'બી' કલાસ મળ્યો હતો. તેમાં અમે સૌ મળીને એંસી જણ હતા. અહીં મને મારા જેવા બીજા અનેક મિત્રો મળ્યા.

આ 'બી' કલાસમાં એટલે કે આ વોર્ડમાં અગાઉ સરદાર પટેલ રહી ગયેલા અને તેમના પાટીદારી કટાક્ષોનાં અનેક સંભારણાં મૂકી ગયેલા. એમાંનું એક સંભારણું એ કે અમારામાંના ઘણાખરા ભાઈઓ

શરૂઆતના દિવસોમાં 'બી' ક્લાસના ખોરાકના હકદાર છતાં 'સી' ક્લાસનો ખોરાક લેતા હતા. સરકારે રાજકીય કેદીઓને 'એ' ક્લાસ, 'બી' ક્લાસ, 'સી' ક્લાસ એમ ત્રણ ક્લાસમાં વહેંચીને અમારી વચ્ચે ભેદો ઊભા કરવા માટે પ્રયત્ન કર્યો હતો. તેની સામે વિરોધ દર્શાવવા માટે 'એ' ક્લાસમાં આવેલા તેમજ 'બી' ક્લાસમાં આવેલા અમે સૌ 'સી' ક્લાસનો ખોરાક જ લેતા. 'બી' ક્લાસના કેદીઓને દાળ, ભાત, રોટલી, શાક, દૂધ વગેરે મળે તે છતાં અમે જેલના સામાન્ય કેદીઓની માફક રોટલા ને દાળ અથવા રોટલા ને શાક જ લેતા હતા. પણ અમારો આ વિરોધ લાંબો વખત ટકયો નહીં. અમે સૌ ધીમેધીમે આ વિરોધમાંથી ખસવા લાગ્યા અને છેવટે તો અમારા ૮૦ જણમાંથી માત્ર બે જ 'સી' ક્લાસનો ખોરાક લેવા માટે આગ્રહી રહ્યા; એક, શ્રી મોરારજીભાઇ ને બીજો, હું. અમે દરરોજ સવારે કાંજી લેતા, બપોરે રોટલા ને દાળ, સાંજે રોટલા ને શાક. અમે બંને ચાવીને ખાવાની ટેવવાળા અને રોટલો પણ ચાવતાં શીખવે એવો ઉસ્તાદ એટલે અમને જમતાં પાકો અર્ધોપોણો કલાક થતો. અમને ઘેરથી ચીજો મગાવવાની છૂટ હતી પણ અમે કશું ય મગાવતા નહીં.

અમારું જેલજીવન પચરંગી હતું. અમારા વોર્ડના બે ભાગ હતા. એક ભાગને કાકાસાહેબના વખતથી "એરંડિયા બ્લૉક" કહેવામાં આવતો હતો. હું અને મોરારજીભાઈ, વાલજીભાઈ દેસાઈ, મણીલાલ ગાંધી, ચમનભાઇ વૈષ્ણવ, અને મોહનલાલ યુદ્ધકવિ—અમે બધા આ બ્લૉકમાં રહેતા. બીજો બ્લૉક "આઝાદ બ્લૉક" કહેવાતો આ બ્લૉકને અમારા મિત્ર જાદવજીભાઈએ ઘણી પ્રસિદ્ધિ આપી હતી. ભાઈ જાદવજી ભારે ઉસ્તાદ આદમી. જેલરને બીક દેખાડવા માટે 'સી' ક્લાસનો ખોરાક લે અથવા ઉપવાસ પર ઊતરે પણ તેમના ઓશીકામાં કાજુ, બદામ, પિસ્તાં વગેરે પડયાં હોય.

અમે લડતમાંથી પાછા દક્ષિણામૂર્તિમાં આવ્યા તે થાકેલા સિપાહી-

ઓ જોવા આવ્યા ન હતા. દુનિયાનું જે દર્શન દક્ષિણામૂર્તિમાં છેલ્લાં વીશ વર્ષથી થયું હતું તેનાથી એક નવું જ દર્શન લઇને હું આવ્યો હતો એમ કહી શકાય. મેં ઈ. સ. ૧૯૨૦માં હરિજનના પ્રશ્નને અંગે દક્ષિણામૂર્તિના આદ્ય સ્થાપક શ્રીમાન્ નથુરામ શર્માની સામે બાથ ભીડ્યા જેવું કર્યું ત્યારે હું એ પ્રશ્નને મારી બુદ્ધિથી સમજી શક્યો હતો પણ એ પ્રશ્નથી મારું અંતર હલી ગયું ન હતું. એ જ રીતે ઈ. સ. ૧૯૨૦ ની સાલથી દેશનાં ગામડાંઓ, ખાદી વગેરેની હું વાતો કરતો ત્યારે એ વાતો બુદ્ધિના પ્રદેશ પરથી થતી.

પણ વીરમગામની લડત વખતે મને આપણાં ગામડાંઓનું અને ગામડાંના પ્રાણપ્રશ્નોનું થોડુંઘણું ભાન થયું અને તેની સાથેસાથે એ ગામડાંઓમાં દટાઇને પડેલી દેશની માનવતાનું પણ ભાન થયું. આ દર્શન જોઈએ તેટલું હાડમાં ઊતર્યું ન હતું છતાં ગામડાંઓ માટે હું જો કાંઈ જ ન કરું તો દક્ષિણામૂર્તિ જેવી સંસ્થા ચલાવવાનો મારા માટે કશો ય અર્થ નથી એવાએવા અસ્પષ્ટ વિચારો મનમાં ઘોળાવા લાગ્યા.

લડત પૂરી થયા પછી અમે દક્ષિણામૂર્તિમાં બાળ અધ્યાપનમંદિર શરૂ કર્યું. ખરી રીતે બાળ અધ્યાપનમંદિરનું કામ તો ઘણા વખતથી ચાલતું હતું અને ચમનભાઈ વૈષ્ણવ આ અધ્યાપનમંદિરના સૌથી પહેલા વિદ્યાર્થી હતા; પણ હવે તો અમે રીતસર અધ્યાપનમંદિર શરૂ કર્યું અને થોડા વખતમાં એકીસાથે ઘણાં અધ્યાપનમંદિરો શરૂ કર્યાં—બાલ અધ્યાપનમંદિર, માધ્યમિક શિક્ષણ અધ્યાપનમંદિર, ડૉલ્ટન અધ્યાપનમંદિર, ગ્રામશિક્ષણ અધ્યાપનમંદિર વગેરે. આ ગ્રામશિક્ષણ અધ્યાપનમંદિરના પરિણામે અમે થોડા વખતમાં ચાર ગામડાંઓમાં ચાર શાળાઓ શરૂ કરી: એક ભડીમાં, એક સરતાનપુરમાં, એક રાજપરામાં અને એક ભાવનગરમાં વાઘાવાડી તરફ કોળી લોકોના કૂબાઓમાં. મને પોતાને કોઈકોઈ વખત આવી એકાદ શાળામાં બેસી જવાનો મનોરથ થઈ આવતો પણ દક્ષિણામૂર્તિનાં સૂક્ષ્મ બંધનો તોડવાની ઉગ્રતા તે વખતે

મારામાં ન હતી; એટલે એ બધી શાળાઓનું નિરીક્ષણમાત્ર કરીને હું સંતોષ માનતો.

પણ ખરી રીતે આ શાળાઓ ગ્રામશાળાઓ હતી નહીં. અમારી સંસ્થાનું મોં ગામડાં તરફ પણ છે એમ મનને મનાવવા પૂરતો જ અમે આ શાળાઓનો ઉપયોગ કર્યો છે. બાલમંદિરમાં કોઈ ખાસ મહેમાન આવે ત્યારે ગિજુભાઈ એને સરતાનપુર દેખાડવા લઇ જાય અને સરતાનપુરમાં ચંદ્રશંકર યાજ્ઞિક રાતે દાંડિયારાસ ગોઠવે એટલે મહેમાન રાજી થાય. ગામની બેનોને પણ અચ્છેર ગોળના ભાવમાં દાંડિયારાસ મોંઘા ન પડે. ભડીના શિક્ષક ભડીથી ગધેડા પર બેસીને બાલમંદિરમાં આવે અને સૌને નવું કૌતુક જોવા મળે. ભડીના લોકોને ભડીનાં બોરનો બમણો ભાવ મળે એટલે એમને પણ એ ભાવની શાળા શા ખોટી?

આ બધું હોવા છતાં દક્ષિણામૂર્તિએ ગામડાં તરફ પાયગી શરૂ કરી એમ તો કહેવું જ જોઇએ.

લગભગ આ અરસામાં ધંધુકાના સત્યગ્રહની છાવણીમાંથી પરવારેલી એક મંડળી દક્ષિણામૂર્તિમાં એક માસ રહેવા માટે આવી. આ સૌ કાઠિયાવાડના નવલોહિયા જુવાનો હતા. એમણે મીઠાના સત્યાગ્રહમાં પોતાનું હીર બતાવ્યું હતું અને કાઠિયાવાડની નવરચનાનાં સ્વપ્નાં રચતારચતા તેઓ દક્ષિણામૂર્તિમાં આવી ચડ્યા. આ વખતે કાઠિયાવાડ–ગુજરાતમાં કેવળ કેળવણી અને રાષ્ટ્રીય કેળવણી એ બે પ્રકારના ભેદો કાર્યકર્તાઓ પાડતા હતા. આ દૃષ્ટિથી જોતાં રાજકીય વેગથી આગળ ધપતા જુવાનો દક્ષિણામૂર્તિને કેવળ કેળવણીની સંસ્થા માનતા. કેવળ કેળવણી એટલે દેશના હિત–અહિતની સાથે જેને લેવાદેવા ન હોય એવી કેળવણી. દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓએ અને મેં પોતે પણ મીઠાના સત્યાગ્રહમાં ઝંપલાવ્યું ત્યારથી આ માન્યતા ધીમેધીમે ઓછી થવા લાગી. સંભવ છે કે કાઠિયાવાડના આ જુવાનો કાઠિયાવાડમાં

નવા પ્રાણનો સંચાર કરવામાં દક્ષિણામૂર્તિ પણ ઉપયોગી થાય એવી અસ્પષ્ટ ઝંખનાથી અમારા તરફ ખેંચાયા હોય. આ બધા ભાઈઓ તો આવ્યા ને ગયા પરંતુ તેઓ દક્ષિણામૂર્તિને બે કાર્યકરો તેમજ બે વિદ્યાર્થીઓ આપતા ગયા. બે કાર્યકરો તે આજના આપણા મનુભાઈ પંચોળી ને કાન્તિલાલ શાહ; બે વિદ્યાર્થીઓ તે રતિલાલ કોઠારી ને સદ્‌ગત ભાઈ નિરંજન. મનુભાઇ પંચોળીને અમે ગૃહપતિ નીમ્યા. એ દિવસોનો તેમનો મારો અનુભવ તો મીઠો જ હતો પણ હજી તો એ એમની રીતે પાકતા જતા હતા. મનુભાઈ અવારનવાર, વખતે કવખતે મને મળતા, વાતો કરતા, પૂછતા ને મને ધ્યાન દઈને સાંભળતા. કોઈ જુવાન કેમ જાણે મારા જીવનની ઊલટસુલટ તપાસ કરતો હોય એમ મને ઘણીવાર થતું પણ મારે આવી તપાસથી ગભરાવાનું કશુંય કારણ ન હતું. ઈ. સ. ૧૯૧૦માં દક્ષિણામૂર્તિની શરૂઆત કરી ત્યારથી તે આજ સુધી મેં મારા જીવનનો કોઇ ભાગ છુપાવવાનો પ્રયત્ન કર્યો હોય એમ મને યાદ નથી.

જતે દિવસે આ જુવાનોએ કાઠિયાવાડના રાજકારણમાં આગળ પડતો ભાગ લીધો અને આજે પણ તેઓમાંના ઘણા કાઠિયાવાડમાં નવા રંગો પૂરી રહ્યા છે.

દક્ષિણામૂર્તિની આર્થિક દશા અત્યારે તંગ થતી જતી હતી. દેશમાં ઉગ્ર વાતાવરણ ચાલતું હોય ત્યારે દક્ષિણામૂર્તિને દોઢિયું પણ કોણ આપે? પૈસાની તંગીને કારણે અમે અમારી ગામડાંની શાળાઓ બંધ કરી, પગારો ઉપર સ્વેચ્છાથી કાપ મૂક્યો ને સાથેસાથે બીજાં ખર્ચો પણ કમી કર્યાં.

બરાબર એ અરસામાં એટલે કે ઇ. સ. ૧૯૩૫માં હું મુંબઈ ગયો ત્યારે મારા મિત્ર શ્રી. દુર્લભજી ખેતાણીએ મને જપાન જવાનો આગ્રહ કર્યો. પણ જવું શી રીતે? ખર્ચનું શું કરવું? મુંબઇથી હું ભાવનગર આવ્યો ને મેં સર પ્રભાશંકર પટ્ટણીને વાત કરી. તેમણે મને

એમના પુત્ર અનંતરાયભાઈને વાત કરવાની સલાહ આપી. હું અનંતરાયભાઈને મળ્યો. એમણે મારી વાતને ઘણા હર્ષથી ટેકો આપ્યો ને માત્ર જપાન જ નહીં પણ યુરોપ જઈને ત્યાંની શિક્ષણસંસ્થાઓનો અભ્યાસ કરવાનું સૂચન કર્યું. મને આ કામ માટે નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહ મદદ કરશે એમ હું અનંતરાયભાઈની વાત પરથી સમજ્યો ને તેથી મેં આ કામ માટે નામદાર મહારાજાને એક અરજી પણ કરી. નામદાર મહારાજાએ મને માત્ર જપાન જ નહીં, યુરોપ પણ જઈ કેળવણીનો અભ્યાસ કરવા માટે રૂા. ૧૦,૦૦૦] આપ્યા અને મારું મુસાફરી ખર્ચ તો આ ઉપરાંત.

આ વાત ચાલતી હતી તે વખતે ગુજરાત–કાઠિયાવાડમાંથી થોડા મિત્રો પોતાનાં કુટુંબોની સાથે જપાન જવાના હતા. મારા મિત્ર શેઠ જીવનલાલભાઈ પણ પોતાનાં પત્ની સાથે જવા માટે તૈયાર થયા. મારું જપાન જવાઆવવાનું મુસાફરી ખર્ચ તો તેઓ પોતે જ આપે એવો એમનો આગ્રહ હતો.

હવે મારે તો જપાન જવાની તૈયારી કરવાની હતી. જપાનમાં દક્ષિણામૂર્તિ માટે ફંડ પણ કરવું એવો મારા મિત્ર દુર્લભજીનો આગ્રહ હતો. મેં કપડાં સિવડાવ્યાં, પાસપોર્ટ તૈયાર કર્યો ને મારી ગેરહાજરીમાં સંસ્થાને અડચણ ન પડે એવી બધી ગોઠવણ કરવા માંડી.

ઈ. સ. ૧૯૩૨ થી ૩૫ ના ગાળામાં દક્ષિણામૂર્તિ સંસ્થા અંદરના કંકાસથી સળગી રહી હતી. ગિજુભાઈ ને હરભાઈને મારી સાથે મેળ ન હતો તેમ અંદરોઅંદર પણ મેળ ન હતો. અમે સૌએ સંસ્થામાં અમારા અખાડા જમાવ્યા. મારે પોતાને અખાડો ન હતો કારણકે [નિયામક તરીકે મારી ફોજમાં એક જેઠાલાલ ને બીજો કારકુન. હરભાઈ તેમજ ગિજુભાઈ એ બન્નેની ફોજો મોટી હતી. તેમની મહત્ત્વકાંક્ષા પણ મોટી હતી અને બન્નેનાં શસ્ત્રો પણ દરરોજ સજાવેલાં હોય એવાં રહેતાં.

અમારા આ કંકાસની વિગતોમાં ઊતરવામાં મને રસ નથી. એ

કંકાસે દક્ષિણામૂર્તિ સંસ્થાને પોલી કરી નાખી એનું મને દુઃખ છે. ઊર્ધ્વબાહુર્વિરૌમ્યેષ : જેવી મારી દશા હતી. મને દક્ષિણામૂર્તિના વિનાશનાં ચિહ્નો દેખાતાં હતાં પણ આ વિનાશનાં ચિહ્નો છે એમ કહેવા છતાં આખીય સંસ્થામાં કોઈ તે માનવા તૈયાર ન હતું. બાલમંદિર તેમજ અધ્યાપનમંદિરને શાસ્ત્રીય બાળશિક્ષણનો કેફ ચડ્યો ને વિનયમંદિરને માનસશાસ્ત્રના પોથીજ્ઞાનનો કેફ ચડ્યો. આ કેફમાં અમે સૌ માનવતાનું પરમ જીવનશાસ્ત્ર ચૂકી ગયા.

ઈ. સ. ૧૯૩૫માં હું જપાન ગયો ને આવ્યો. પાછો આવ્યો ત્યારે સિંગાપોર, મલાક્કા, પીનાંગ, રંગૂન વગેરે સ્થળોએ ફરતો આવ્યો; એટલે સંસ્થાને માટે પૈસા પણ મળ્યા. જપાનથી પાછા ફરીને મેં જપાનની કેળવણી વિશે દક્ષિણામૂર્તિમાં થોડાં વ્યાખ્યાનો આપ્યાં.

જપાનથી પાછો આવ્યો ત્યાર પછી અમે સૌ હરિપુરા કોંગ્રેસમાં ગયા. સામાન્ય રીતે હું કોંગ્રેસના અધિવેશનમાં જતો નહીં પણ હરિપુરામાં ગયો એ બાપુ અને સરદારના આકર્ષણથી. હરિપુરામાં દક્ષિણામૂર્તિની ટુકડી જુગતરામભાઈની સરદારી તળે સફાઈના કામમાં રહી હતી. ત્યાં અમે દક્ષિણામૂર્તિને શોભાવી એમ મારે કહેવું જોઈએ. હું પોતે હરિપુરાના રસોડામાં જોડાયો અને ત્યાં રવિશંકરદાદાની હૂંફમાં રહીને મોટી દક્ષિણામૂર્તિનું રસોડું ચલાવ્યું.

હરિપુરાથી અમે ઘેર આવ્યા એટલે વળી પાછો કંકાસ. અમે ફરીથી વિદ્યાર્થીઓનું એક મોટું સંમેલન ભર્યું અને આ સંમેલનમાં મૂળશંકર તથા ભાસ્કર જૂના વિદ્યાર્થીઓના મંત્રીઓ તરીકે કામ કરવા લાગ્યા.

પણ સંમેલન તો સમગ્ર દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓનું એટલે વિનયમંદિરના તથા અધ્યાપનમંદિરના તમામ વિદ્યાર્થીઓ તેમાં ભાગ લેવા આવ્યા; પણ ભાસ્કર અને મૂળશંકર વિનયમંદિરના શિક્ષકો પણ હતા એટલે બાલ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓએ તેમની સાથે ઝઘડો

ને પગલે ફૂંફું પાડવું શરૂ કર્યું તે એટલે સુધી કે સંમેલન તૂટી પડે તો ના નહીં. વાત અણી પર આવી ત્યારે ગિજુભાઈને મનાવીને સંમેલન જેમતેમ પાર ઉતાર્યું. એ સંમેલનને અંતે ભાસ્કર ને મૂળ-શંકરે કરીથી "ભેંસના શીંગડામાં પગ ન નાખવો" એવો સંકલ્પ કર્યો હશે.

ત્રણચાર વર્ષના આ ગાળા દરમિયાન અમારી સંસ્થામાં કમળા-બેન નામનાં એક બેન બોરતળાવમાં આપઘાત કરી ગુજરી ગયાં. એમની લાશ તરતી બોરતળાવમાંથી હાથ લાગી ત્યારે હું અમદાવાદ હતો. ઠેઠ રાતે હું અમદાવાદથી ઘેર આવ્યો ત્યારે મને તેમના અવસાનના સમાચાર મળ્યા. કહે છે કે તે દિવસે ગિજુભાઈ અત્યંત રડ્યા અને તે દિવસથી ઠેઠ સુધી ગિજુભાઈ કલામંદિરમાં તેમના ચિત્રની ઘણીવાર આરતી ઉતારતા. કમળાબેન અધ્યાપનમંદિરમાં કામ કરતાં અને ત્યાં જ રહેતાં. તેમના આપઘાતનું કારણ હું પોતે કદી કળી શક્યો નથી.

આ ગાળામાં એક બીજા બનાવે પણ અમને અસ્વસ્થ કર્યા. અમારા વિનયમંદિરમાં દિલીપભાઈ કોઠારી નામના એક શિક્ષક હતા. એ પોતાનાં પત્ની તારાબેન સાથે સંસ્થાની નજીકમાં રહેતા. એક વખત હું મારી ઑફિસમાં બેઠો હતો ત્યાં ભાવનગરના પારેખ કુટુંબના એક ભાઈ મારી પાસે આવ્યા ને દિલીપભાઈ પારેખ કુટુંબની એક દીકરી સાથે વધારેપડતો સંબંધ કેળવે છે એવી તેમણે ફરિયાદ કરી. આ દીકરી અમારા વિનયમંદિરમાં અભ્યાસ કરતી હતી એટલે તપાસ કરવી એ મારા માટે અનિવાર્ય બન્યું. તપાસ કરતાં મને સમજાયું કે દિલીપભાઈ અને એ દીકરી મનથી પરસ્પર આકર્ષાયાં છે. દિલીપભાઈ અને એ દીકરી વર્ગમાં પણ પોતાની જ વાતો કરે છે ને તારાબેનથી છૂપી રીતે ઘણીવાર મળે છે. વધારે ઊંડી તપાસ કરતાં જણાયું કે વિનયમંદિરના શિક્ષકોને આ વાતની જાણ નથી અને બધું છૂપુંછૂપું ધુસપુસ ચાલે છે. આથી હું અકળાયો પણ મારી અકળામણ ગિજુભાઈહરભાઈ જેવા

મિત્રો શી રીતે સમજે ? પણ મારા માટે બીજો માર્ગ ન હતો. મેં દિલીપભાઈને બોલાવ્યા, મારી અકળામણ તેમને જણાવી અને સંસ્થામાંથી તેમને છૂટા થવાની આગ્રહભરી સલાહ આપી. દરમિયાન મારે તારાબેનને તો સાંત્વન આપવાનું ચાલુ જ હતું. દિલીપભાઈએ સંસ્થામાંથી રાજીનામું આપ્યું અને અમે છૂટા પડ્યા. દિલીપભાઈ ભાવનગર છોડીને જવાના હતા ત્યારે સંસ્થાના ઘણા શિક્ષકભાઈઓએ તેમને શુભવિદાય આપી અને ઊંડેઊંડે એવી સમજણ પણ ઊભી કરી કે નાનાભાઈ નવા વિચારપ્રવાહને ઝીલી ન શકે એટલે તેઓ બધા લાચાર છે ! આ સમજ ઊભી કરવામાં હરભાઈનો હાથ હશે એવો મને વહેમ ખરો કારણ કે હરભાઈ, પ્રમાણિકપણે માનતા હશે કે નાનાભાઈ આ વિષયમાં वेदाभ्यासजडः અને विषयव्यावृत्तकौतूहलः છે.

ઈ. સ. ૧૯૩૬ ની સાલમાં ગિજુભાઈના આજીવનસભ્યપદનાં વીશ વર્ષ પૂરાં થયાં અને તેમણે નિયમ પ્રમાણે છૂટા થવાની માગણી કરી. અમે લોકોએ તેમને ચાલુ રહેવા માટે આગ્રહ કર્યો પણ એમણે છૂટા થવાનો નિર્ણય રાખ્યો એટલે સંસ્થાએ તેમને છૂટા કર્યા—માસિક રૂા. ૫૦ ના નિવૃત્તિલવાજમ સાથે. એમનો વિચાર અહીંથી છૂટા થઈને રાજકોટમાં એક અધ્યાપનમંદિર કાઢવાનો હતો. તેમના આ પ્રયોગને તેમના મિત્ર પોપટલાલ ચુડગરનો ટેકો હતો.

પણ ગિજુભાઈ છૂટા થયા તે પહેલાં એક બનાવ એવો બન્યો જેણે દક્ષિણામૂર્તિના પાયાને હચમચાવી દીધા.

એક વખત સવારે ટપાલ આવી તેમાં મને કિશોરલાલભાઈનો એક કાગળ મળ્યો. એ કાગળ ચંદનબેન પારેખને અંગે હતો. ચંદનબેન પારેખ અમારા વિનયમંદિરનાં એક વિદ્યાર્થિની. હરભાઈએ જે ત્રણ ચાર વિદ્યાર્થિનીઓ ઉપર પોતાનો હાથ મૂકેલો તેમાં ચંદન પણ એક ખરી. આ વિદ્યાર્થિનીઓને હરભાઈ પોતાની દીકરીઓ ગણતા અને એમના ઉપર હરભાઈએ ઘણી મોટી આશાઓ પણ બાંધેલી.

આ ચંદનબેન કાકા કાલેલકરના દીકરા શંકર (હવે સતીશ) સાથે લગ્નગાંઠથી જોડાઈ અને આ વખતે એ બાપુની સાથે આશ્રમમાં રહેતી હતી.

પોતે ભણતી હતી તે દરમિયાન હરભાઈનો પોતાની સાથેનો વ્યવહાર જોઈએ તેવો શુદ્ધ ન હતો એવી તેની ફરિયાદ હતી; અને તેથી જ સહશિક્ષણ ચલાવતી દક્ષિણામૂર્તિના વિદ્યાલયમાં આચાર્ય તરીકે રહેવાનો હરભાઈનો અધિકાર ન હોઈ શકે એવો એના કહેવાનો ઝોક હતો. કિશોરલાલભાઈનો પત્ર વાંચીને હું હબકી ગયો. મેં પત્ર ગિજુભાઈને વંચાવ્યો ને હરભાઈને પણ વંચાવ્યો.

દક્ષિણામૂર્તિએ સત્યપ્રિય કિશોરલાલભાઈની કોર્ટમાં ખડા થવાનું આવ્યું. મારી અને કિશોરલાલભાઈ વચ્ચે પત્રવ્યવહાર ચાલ્યો. છેવટે કિશોરલાલભાઈએ આખા કેસને ઉપલી કોર્ટમાં એટલે બાપુની કોર્ટમાં મૂક્યો.

આ દિવસો આજે યાદ આવે છે ત્યારે મારા હૃદયમાં પડેલાં કેટલાંય બાણો કેમ જાણે મને ફરીથી વીંધી નાખતાં હોય એવું દર્દ હું અનુભવું છું. પછી તો બાપુએ કેસ હાથમાં લીધો એટલે તપાસ, ઊલટ તપાસ, ફરી તપાસ વગેરે લાંબા વખત સુધી ચાલ્યું. આ કેસની વિગતમાં ઊતરવાનો કશો અર્થ નથી. આવા કેસોની વિગતો સામાન્ય રીતે કોઈપણ કોમળ હૃદયવાળા માણસને સૂગ ઉપજાવે એવી હોય છે. પ્રકરણ દરમિયાન એક વખત એવો પણ આવી ગયો કે જ્યારે ખુદ બાપુએ હરભાઈને નવ્વાણુ ટકા નિર્દોષ જાહેર કર્યા. બાપુનો નવ્વાણું ટકા નિર્દોષ જાહેર કરવાનો ઠરાવ અમે સૌએ જાણ્યો ત્યારે અમારા હર્ષનો પાર ન રહ્યો; અમે સૌ જીત્યા; પણ પેલો એક ટકો જે બાકી રહ્યો તેમાં કેટલી શક્યતા પડેલી હતી તે અમે સૌ ભૂલ્યા. અમારે મન તો અમે જીત્યા.

દરમિયાન મારું મન વધારેવધારે અસ્વસ્થ થતું જતું હતું.

દક્ષિણામૂર્તિમાં છેલ્લે છેલ્લે બનેલા બનાવોએ મારી મમતાને લગભગ હચમચાવી નાખી હતી. હું દક્ષિણામૂર્તિમાંથી છૂટવાનો માર્ગ શોધતો હતો. કયા વિચારથી મેં ઈ. સ. ૧૯૧૦માં સંસ્થાની શરૂઆત કરી, કયા વર્ગને માટે મેં કૉલેજ છોડી અને આજે કયા વર્ગ માટે હું સંસ્થા ચલાવી રહ્યો છું અને મિત્રોની સાથે કઈ સાધના કરી રહ્યો છું—આ બધા વિચારો મારા મનને અસ્વસ્થ કરી રહ્યા હતા. એટલે મારું મન વળી ગામડા તરફ ઢળ્યું. થોડા વખત પહેલાં એક મિત્રની મદદથી મેં બપાડા ગામે કામ શરૂ કર્યું અને મારા મિત્ર મનુભાઈ પંચોળીને ત્યાં કામ કરવા મૂકયા. પણ બપાડાએ મને અને મનુભાઈ બંનેને હાંકી મૂકયા. હું આ વાત તે વખતે તો ગળી ગયો પણ એ વિચાર મનમાં તો પડ્યો જ હતો.

એ વખતે બાપુએ પોતાની પાયાની કેળવણીની યોજના દેશ પાસે રજૂ કરી અને કેળવણીને ગામડાંમાં લઈ જવાની હાકલ કરી.

મને તો "ભાવતું હતું ને વૈદે બતાવ્યું" એવું થયું. મારું મન ભાવનગરની દક્ષિણામૂર્તિમાંથી ઊઠી ગયું હતું પણ હજીયે દક્ષિણામૂર્તિ સંસ્થા જીવવી જોઈએ એ મારી મમતા મેં છોડી ન હતી. મેં દક્ષિણામૂર્તિ સંસ્થાને ગામડામાં ફેરવવાની વાત મિત્રો પાસે મૂકી. એક વખત તો સૌ મિત્રોએ એકઠા મળીને તેની ચર્ચા પણ કરી અને ગામડામાં જવું જોઈએ એ વાતનો સૌએ સ્વીકાર કર્યો. પણ અમારામાંથી એક પણ મિત્ર ગામડામાં આવવા તૈયાર ન થયો. હવે શું થાય ? દક્ષિણામૂર્તિ સંસ્થા તળ ભાવનગરમાં ચાલે છે તેમ જ ભલે ચાલે પણ દક્ષિણામૂર્તિ ગામડામાં પણ એક ભાગ ખોલે અને મારે પોતાને ગામડામાં જઈને એ ભાગનું સુકાન સંભાળવું એવો મધ્યમમાર્ગ મારે કાઢવો પડ્યો. મિત્રોએ અને વ્યવસ્થાપકમંડળે ઘણી ચર્ચાને અંતે આ માર્ગ સ્વીકાર્યો અને ગામડામાં જવાની વાત એ દિવસોમાં હવામાં હતી એટલે દક્ષિણામૂર્તિ પણ ગામડામાં જઇને કેળવણીને મોખરે ઊભી રહી છે એવું છૂપુંછૂપું અમે સૌએ અભિમાન પણ લીધું.

ત્યાર પછી ઈ. સ. ૧૯૩૮ ના જેઠ સુદિ પૂનમના રોજ દક્ષિણામૂર્તિના એક ભાગ તરીકે અમે આંબલામાં પ્રાથમિકશાળા શરૂ કરી. ભાવનગર રાજ્યે ઘણી ઉદારતાથી અમને શાળા આપી, જમીન આપી, કૂવાઓ વગેરે માટે રૂપિયા આપ્યા ને મકાનો બાંધવા માટે મદદ આપવાનું વચન આપ્યું. જેઠ સુદિ પૂનમના રોજ દરબારસાહેબ ગોપાળદાસને હાથે આંબલાનું મુહૂર્ત કર્યું અને તે વખતના કેળવણી ખાતાના ઉપરી શ્રી ગજાનન ભટ્ટે અમને આશીર્વાદ આપ્યા.

હું આંબલામાં બેઠો અને દક્ષિણામૂર્તિમાં જેમ 'ઈંઢોણીથી ઉતરડ' ઊભી કરી હતી તેમ સંસ્થાના પાયા નાખવા લાગ્યો.

ગ્રામ દક્ષિણામૂર્તિ આ રીતે એક વર્ષ દક્ષિણામૂર્તિના ભાગ તરીકે ચાલી. હું પોતે આંબલા રહેવા લાગ્યો ને હરભાઈ ભાવનગરમાં દક્ષિણામૂર્તિના નિયામક તરીકે કામ કરવા લાગ્યા.

બધું સારધાર ચાલતું હતું એવામાં એક દિવસ એકાએક ધડાકો થયો. હરભાઈ-ચંદનબેન કેસમાં બાપુએ હરભાઈને નવ્વાણું ટકા નિર્દોષ ઠરાવ્યા હતા પણ ચંદનબેનના હાથમાં એક ટકો હતો અને તે એક ટકાને સો ટકા કરી શકે તેવી શક્યતા પણ પડી હતી.

ચંદનબેને માગણી કરી કે હરભાઈ આ કેસમાં દૂષિત છે; કાં તો હરભાઈ સહશિક્ષણની સંસ્થા છોડે અથવા તો આખા કેસમાં ચાલેલો પત્રવ્યવહાર જાહેર કરવામાં સંમતિ આપે. બાપુએ આ પત્ર અમને મોકલ્યો. હરભાઈએ મને આંબલાથી તેડાવ્યો ને ગિજુભાઈ પણ આવ્યા. શું કરવું? મારા મનથી પ્રશ્ન સાવ સહેલો હતો. ભલેને પત્રવ્યવહાર છપાય! એમાં હરભાઈને શું ગુમાવવાનું હતું? જો હરભાઇ પોતે નિર્દોષ છે તો પત્રવ્યવહાર છપાવાથી શી રીતે દૂષિત થશે? લોકો છોને બધું જાણે. આ મારો વિચાર.

પણ હરભાઈના વિચારો જુદા હતા. પછી રહ્યો બીજો માર્ગ: તે દક્ષિણામૂર્તિ છોડવાનો. એ માર્ગ હરભાઈ લે તો શું થાય? હરભાઈ

જાય પછી નિયામક થવાની કોઈએ હિંમત ન બતાવી. મેં ભાસ્કર વગેરેને સંસ્થા સંભાળવાનો ઘણોઘણો આગ્રહ કર્યો પણ તે સૌએ છેવટસુધી ના જ પાડયા કરી.

હરભાઈએ રાજીનામું આપ્યું અને તેઓ સંસ્થામાંથી છૂટા થયા. હરભાઈ રાજીનામું આપે એટલે ભાવનગરની દક્ષિણામૂર્તિનું શું કરવું? મારે આંબલા બીજા કોઈ ભાઈને મોકલીને જાતે ભાવનગર પાછા આવવું અને ભાવનગર રહીને ભાવનગર ને આંબલા બંને ચલાવવાં એવો મારા મિત્રોનો અભિપ્રાય પડયો. હું કોઈપણ રીતે આ સ્વીકારી શકું તેમ ન હતું. મારો મૂળ ખ્યાલ તો સંસ્થાને ગામડામાં ફેરવવાનો હતો. તેમાંથી મધ્યમમાર્ગ કાઢેલો. આજે એ માર્ગમાંથી પાછા વળવાનું હું શી રીતે સ્વીકારું? એટલે હું તો આંબલામાં જ રહીને આંબલાનું કામ કરવા માગું છું એવો મારો વિચાર મેં સ્પષ્ટ જણાવ્યો. ભાવનગરની જવાબદારી લેવા કોઈ પણ તૈયાર ન થયું એટલે ભાવનગરની સંસ્થા બંધ કરવી એ વિચાર સ્વભાવિક રીતે ઊભો થયો.

પણ આ બધું ઉપરથી દેખાય છે તેવું સાદુંસીધું ન હતું. અમારી સૌની અંદરઅંદર અનેક નાનામોટાં ચક્રો ગતિમાન થઈ ગયાં હતાં. ભાવનગરના વિભાગો બંધ થાય અને એકલું આંબલાનું જ કામ ચાલે તો ભાવનગરની આ મોટી છઆઠ લાખની મિલકત આંબલા લઈ જાય? કાયદાની રીતે તો એ જ બને અને સ્હેજે મારા ભલભલા મિત્રોને પણ મારા અંતિમ હેતુ પર અવિશ્વાસ ઊભો થયો. આ બધી નાનાભાઈની તરકીબ તો ન હોય? બધું આંબલા ભેગું કરવાની નાનાભાઈની રમત તો ન હોય? મારા વ્યવહારદક્ષ મિત્રોનો આ તર્ક ઠીકઠીક ચેપી બન્યો અને હવામાં મારી દાનત વિષે શંકા ઊભી થઇ. હું ખૂબજ અકળાયો. આજે પણ એ દિવસો યાદ કરું છું ત્યારે આંખે કેમ જાણે અંધારાં આવે છે. મારા માટે બીજો માર્ગ ન રહ્યો. મેં પોતેજ આંબલાની સંસ્થાને દક્ષિણામૂર્તિથી છૂટી કરવાની દરખાસ્ત મૂકી અને

સૌ મિત્રોએ તેને હર્ષથી વધાવી લીધી. ભરસભામાં મેં ટાઢા આવેશમાં જાહેર કર્યું, "દક્ષિણામૂર્તિની મિલકતની એક પાઈ પણ મારે શિવનિર્માલ્ય છે."

હું સભામાંથી ઘેર આવ્યો. સભા છોડી ત્યાર પછી હું પ્રસન્નતા લઈને ઘેર આવ્યો કે કેમ તે અત્યારે યાદ નથી પણ આવીને મેં બાપુનો બાને બધી વાત કરી ત્યારે તે તરત જ બોલી, "સારું થયું આપણે છૂટયાં; છેલ્લાં ચારપાંચ વર્ષોથી તો રાંધ્યાં ધાન ચૂલા પર રહ્યાં છે."

જીવતરનો એક મહાકાંડ પૂરો થયો. મારા આ કાંડ માટે ઈશ્વરના દરબારમાં જઈશ ત્યારે મારો કેવો ન્યાય થશે તેની શી ખબર પડે? પણ એક કોલેજના પ્રોફેસરમાંથી ગામડાનો મહેતાજી થઈ શકયો એ સદ્‌ભાગ્ય દક્ષિણામૂર્તિને આભારી છે. આજે જે કાંઈ હું છું તે બધાનો યશ દક્ષિણામૂર્તિને છે; મારી નબળાઈઓનો યશ મને પોતાને જાય છે.

દક્ષિણામૂર્તિએ પોતાની ઓગણત્રીસ વર્ષની કારકિર્દીમાં કેળવણીના ક્ષેત્રમાં મોટું પરિવર્તન આણ્યું એ તો ગુજરાત જાણે છે; પણ એ બધું મારે હાથે લખાય એ ઉચિત નથી.

પણ દક્ષિણામૂર્તિએ કેળવણીની સંસ્થાઓ વિષે, એમના જુદાજુદા પ્રશ્નો વિષે મને જે શીખવ્યું છે તે મારે ગુજરાતને ચરણે ધરવું જોઇએ. પણ એ બીજો કાંડ હવે પછી.

આજે તો અહીંજ ઇતિશ્રી.

ઇમ્પીરીયલ પ્રિન્ટરી, ઘીકાંટા રોડ–અમદાવાદ.